કામિની ચરિત્ર

પ્રપંચીપ્યાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પટેલ ચીમનલાલ મોતીલાલ.

ઠે. દરીયાપુર ટેકપરી—અમદાવાદ.

કુંડળીયો.

નારી નીચ સ્વભાવની, જગમાં કરી જગીશ;
નર ભૂલી તેમાં ભમે, પામે દુખ વિશેષ.
પામે દુખ વિશેષ, લેશ સુખની નહિ આશા;
પાછળથી પસ્તાય, દેખતાં અજબ તમાશા.
પર પોતાની દાર, ચાર કોટી દુખકારી;
ધાર કટારી ધાર, સ્વભાવે નીચ કુ નારી.

અમદાવાદ.

પીરમશાના રોજા પાસે " શ્રી સત્યસાગર " પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ પોચાભાઈ રકુભાઈએ છાપી.

આવૃત્તિ ૧ લી   સને ૧૯૧૧   પ્રત ૫૦૦

કિંમત રૂ. ૦—૮—૦

गूजरात विद्यापीठ ग्रंथालयं

[गुजराती कॉपीराभिट विभाग]

अनुक्रमांक [illegible] वर्गांक
૩૫૭૩

पुस्तकनुं नाम

विषय

કામિની ચરિત્ર.

યાને

પ્રપંચી પ્યાર.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

પટેલ ચીમનલાલ મોતીલાલ.

ઠે. દરીયાપુર ઢેડપરી—અમદાવાદ.

કુંડળીયો.

નારી નીચ સ્વભાવની, જગમાં કરી જગેર;
નર ભૂલી તેમાં ભમે, પામે દૂખ વિશેષ
પામે દૂખ વિશેષ, લેષ સુખની નહિ આશા;
પાછળથી પસ્તાય, દેખતાં અજબ તમાસા.
પર પોતાની દાર, થાર કોટી દૂખકારી:
ધાર કટારી ધાર, સ્વભાવે નીચ કુ નારી.

અમદાવાદ.

પીરમશાના રોજા પાસે " શ્રી સત્યસાગર " પ્રિન્ટીંગ પ્રેસમાં
પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપી.

આવૃત્તિ ૧ લી સને ૧૯૧૧ પ્રત ૫૦૦

કિંમત રૂ. ૦—૮—૦

[illegible] અનુક્રમણીકા.

3473

વિ...		પૃષ્ટ.
૧	હરિદત્ત અને સુમતિ	૫
૨	જહાંદારશાહ અને રૂપાં પટરાણી	૧૧
૩	રૂડા પટેલ અને હુરમ નુરજાં	૨૧
૪	રાજા સાહિન અને રાણી ચપળાક્ષિ	૨૪
૫	ઠાકોર પ્રેમસિંહ અને તેની સજીવન કરેલી સ્ત્રી રૂપસુંદરી	૩૬
૬	ડિકરો કોળી અને તેની સ્ત્રી ફુકી	૪૦
૭	જયદેવ અને તેની સ્ત્રી જનમતી	૪૪
૮	પ્રેમચંદ અને ધોળી વહુ	૫૦
૯	વ્યભિચાર કરીને ચતુરાઇ કરનારી કુમતિ ...	૫૨
૧૦	મ્હોટી, નાની બે બ્હેનો	૫૪
૧૧	ગુણસુંદરીબાઇનો કપટ	૬૧
૧૨	ધણી સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર પુરૂષ અને કપટ સુંદરી.	૭૧
૧૩	મેહસિંહ રાઠોડ અને મનોહરશાહની સ્ત્રી ચપળામતી...	૭૩
૧૪	પિતાપુત્ર એકજ સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર કપટમતિ	૭૯
૧૫	મઘડો સોની અને તેની સ્ત્રી ગુલાબવંતી ...	૮૦
૧૬	લેણદાર સાથે છીનાળુ કરનાર સ્ત્રી મોહમતી ...	૯૨
૧૭	છબિલભટ અને તેની સ્ત્રી મોહમતી	૯૨
૧૮	છેલસિંહ રાજા અને તેની રાણી છબિલસુંદરી ...	૧૦૧
૧૯	રાજા પ્રેમસિંહ અને તેની રાણી મદનમંજરી ...	૧૦૭
૨૦	ઠાકોર જોરાવરસિંહ અને તેની સ્ત્રી રૂપસુંદરી ...	૧૧૨
૨૧	કણુંબી પાંચો અને તેની સ્ત્રી માનું	૧૧૮

કામિની ચરિત્ર.

ભાગ ૧ લો.

હરીદત્ત અને સુમતી.

પીનસ્તનીચદનચર્ચિતાંડગી । વિલોલનેત્રાતરુણીસુકેશી ॥
નાડલિંગિતાપ્રેમભરેણયેન । વૃથાગતંતસ્યનરસ્યજીવિતમ્ ॥

અર્થ;—હે ! પ્રિય ! જેના સ્તન કઠણ સોનાનાં કમળ બરોબર છે, અંગે ચંદનનો લેપ કરેલ છે, ચક્ષુ જેની લાંબી માછલીના નાકનાં ફેરણા જેવી છે, યુવાન છે, શ્યામ રંગે ફણીધર બરોબર વાળ જેના આવી રહ્યા છે, એવી યુવતી જેણે પ્રેમ સાથે આલિંગી નથી તેણે જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

ગુજરાત પાટણમાં દેવદત્ત નામનો એક નગર શેઠ હતો. જેનો અપાર વૈભવ અને અસંખ્ય સોના મોહોરો ને રત્નનો બે સુમાર ભંડાર હતો. પરંતુ એને પુત્રની ખોટ હતી. દુનીયામાં સર્વ સુખ તો ભાગ્યેજ મળે છે કહેવત છે કે, 'રોટી ત્યાં ચોટી નહીં ને ચોટી ત્યાં રોટી નહીં' એ પ્રમાણે આ શેઠને પણ હતું. કેટલાએક દીવસો વિત્યા પછી અનેક દેવ દેવીની બાધા આખડીથી તે શેઠને એક કન્યા અવતરી, તે કન્યાનુ સ્વરૂપ એવું તો સુંદર હતુ કે સાક્ષાત મૂર્તિમતી રતીજ હોય ! જેવી તે રૂપાળી હતી તેવીજ તે શરીરમાં પણ સબળા અવયવોથી ભરપુર ને ખોડ ખાંપણ વગરની હતી. શેઠ તેને પુત્રની પેઠે લાડથી ઉછેરવા લાગ્યા, અને તે જ્યારે પરણવા લાયક ઉમરે પહોંચી ત્યારે તેના પિતાએ વૈભવમાં અને કુળમાં પોતા બરોબર બીજા શેહેરના એક સાહુકારનો હરિદત્ત નામનો પુત્ર હતો. તેની સાથે તે કન્યાને પરણાવીને જમાઇને પોતાને ઘેર ઘર જમાઇ કરી રાખ્યો. હરિદત્ત પોતાના સસરાના ઘરમાં રહી અનેક પ્રકારનાં આહાર વિહારમાં મોજમજા ભોગવવા લાગ્યો તે પોતાની નવ યૌવના પ્રાણવલ્લભા સાથે નવ નવા વિલાસ અને રંગભોગ ભોગવતો હતો.

એક વખતે બીજા દેશમાંથી કેટલાએક વેપારીઓ ધન કમાવા માટે બીજા દેશમાં જવાને ત્યાં આવેલા જોઇ હરિદત્તને પણ ધન

આપ્ત કરવાની ઇચ્છા થઇ. પોતાના સસરાની આજ્ઞા લઇ તે પણ
તેઓ સાથે સમુદ્રપારની મુસાફરીએ ગયો. પતી પરદેશ ગયાં પછી,
એક સમયે તરૂણાવસ્થામાં આવેલી હરિદત્તની વિલાસ પાત્ર સ્ત્રી
સુમતી, મ્હેલની અગાસીમાં પોતાની પ્રિય સખીઓ સાથે ચોપાટ
ખેલવા લાગી. એવામાં તે ખીલતી ગુલાબની કળી સરખી સુમતિની
મતિ જ્ઞાતયૌવના મુગ્ધા વિપરીત ગતિવાન થઇ—અર્થાત શુદ્ધ મતિ
કોપાયમાન થઇ હોય તેમ દુર નાશી ગઇ; અને જાણે કોઇએ એ
ચપળા છેતરી ના હોય તેમ તે વિપરીત મતિ થઇ વિચાર શુન્ય
મૂઢ બની ગઇ. તે પોતાના મનમાં ઉત્પન્ન થયેલા કામાગ્નિને રોકી
શકી નહીં. એ વખત તેનું શરીર અત્યંત કંપવા લાગ્યું. કામ વિકા-
રથી તારનું લખલખું ભરાઇ આવ્યું, હોઠ ફીકા પડી ગયા ગળે શોષ
પડ્યો. ઉદાસીનતા સર્વાંગે વ્યાપી રહી. તેણીનું તુરતજ ચોપાટમાંથી
ચીત ચોરાઇ ગયું. આવી તેની સ્થિતિ જોઇ કટિમાં પહેરેલી કટિમેખ-
લા ઝણુઝણાટ કરી તેને બોધ આપવા લાગી કે “ અરે ચપળા, તું
તારા શિયળ વ્રતનો ભગ શા માટે કરે છે? નદી જેમ પોતાની
મર્યાદારૂપ કિનારાનો નાશ કરતી નથી, તેમ તારે કુળની મર્યાદાનો
નાશ કરવો ઉચિત નથી. ” આ વિચાર એક ક્ષણ મનમાં રહ્યો,
પણ તેટલામાં તો કામદેવે પોતાનું પુષ્પબાણ એવા તો જોરમાં સચોટ
કુમળી જગ્યાએ મારયું કે તે સુવાસિત વનની લપટની ઝપટમાં સપ-
ડાઇ ગઇ ને તે સાથે ભાન વગરની થઇ પડી. તુરતજ કામાતુર બનેલી
સુમતીએ, પોતાની એક અંતરંગ સખીને બોલાવી. એકાંતમાં લઇ
જઇ પેલા રસ્તા ઉપર જનારા પુરૂષને બતાવીને કહ્યું કે; “ એ રૂપાળા
તરૂણને તેડી લાવ, મારાથી એના વગર રહેવાય તેમ નથી. જો એ
કામદેવની મૂર્તિ મને મળશે નહીં તો હું વિરહાનલમાં બળી જઇશ.”
કામનો વિકાર ઝેર જેવો ઘણો સખ્ત છે, તેને કોઇકજ તરૂણી રોકી
શકે છે કામાગ્નિથી સર્વ પ્રકારે વશ થએલી સુમતી, આ વખતે પો-
તાના મનને કબજે રાખી શકી નહીં. બાઇની આજ્ઞા થએલી જોઇ તે
અધમ સખી તરતજ નીચે ઉતરી, રસ્તા ઉપરથી તે કામદેવને તેડી
લાવી: એ જાર પુરૂષે સ્વતંત્ર રીતે વર્તનારીસુમતીને કામકેલીથી—સુરત
વિલાસથી સહજ પ્રેમ દાખવી, શાંત અને મૃદુ ભાષણથીજ, વળી પરિ
હાસ વચનથી અત્યંત રાજી કરી વશ કરી લીધી પછી તે હમેશાં
તેની જોડે એજ પ્રમાણે રંગભોગ ભોગવવા લાગ્યો,

પરદેશ ગએલો તેનો પતિ હરિદત્ત કે; જેનો પ્રેમ પોતાની

પ્રીયામાં સચોટ હતો. એ રત્નો દીવસ પ્રિયા પ્રિયાજ જપતો પરદેશમાં જઇને અપાર ધન કમાયો, ને એમ પરદેશમાં રહેતાં ઘણા દીવસ વીતી ગયા અને સુમતિ તેને સાંભરી આવી, ને તત્ક્ષણે તેને પોતાની પ્રાણ સમાન સ્ત્રીને મળવાની અતિ ત્વરીત ઇચ્છા થઇ. પોતાનો સઘળો ધંધો આટોપી દઇ કેટલાએક વહાણોમાં માલ ભરી તે પોતાના સંસારના શેહેર તરફ પાછો વળ્યો. વાહાણો સફર કરતાં પોતાના નગર સમીપ આવી નાંગર્યાં કે વહાણમાંનો સઘળો માલ ખાલી કરવાનો સોંપી પોતે શહેરમાં દાખલ થયો એ દિવસે સસરાને ઘેર મહોત્સવ હોવાથી સઘળા કુટુંબીઓ તેમાં રોકાઇ ગયાં હતાં એમાં તે પણ દાખલ થઇ ગયો હરિદત્તના આવવાથી સર્વ કુટુંબીઓ ઘણાં ખુશી થયાં પણ સુમતિ ઘણી નિસ્તેજ થઇ ગઇ તે બેબાકળી જેવી ફરવા લાગી તેનાં મનમાં તો તેનો યાર રમી રહ્યો હતો; તેથી આ નવું લફરું આવ્યું તે ને કંટકરૂપ થઇ પડયું એમ કરતાં રાત્રિ પડી અને શણગારેલા શયનગૃહમાં હરીદત્ત ઘણા ઉમંગ ભેર પોતાની પ્રાણવહાલીને મળવા ગયો ત્યાં ઉત્તમ સફેદ રંગના ઓછાડવાળી શય્યા પાથરી હતી ઉમદાં આતરો ને ધુપેલથી સુગંધી પુષ્પોની મધુર સુગંધી મહેકી રહી હતી ને સ્વચ્છ માંજેલા મણીઓ દીવાની ગરજ સારતા હતા. આવા ઇંદ્રભુવન સરખા રંગમંદીરમાં હરિદત્ત પોતાની પ્રિયાને પુર્ણ પ્રેમથી આલિંગન કરી શય્યા ઉપર બેઠો પરંતુ સુમતીને તે સર્વ કાળ સરખું લાગતું હતું તેનું ચીત્ત તો પોતાના રાખેલા યારમાંજ ચોટયું હતું. સુમતી પોતાની આંખો મીંચી યોગીની પેઠે ધ્યાન ધરતી શુન્ય મુઢ થઇ પડી હતી ને પળે પળે પોતાના માનીતા પ્રીતમનુંજ મનમાં ચિંતવન કરતી હતી તે ક્ષણે ક્ષણે નીશ્વાસ મુકતી કે, " હાય હાય ! હવે તેને ક્યારે મળીશ ! " હરીદત્તે તેને પ્રેમથી બોલવી ચુંબન કરી નાના પ્રકારનાં સૃંગારના હાવ ભાવ બતાવી નમ્ર પ્રેમી વચનોથી વીનવી, તો પણ તે સ્ત્રી એકની બે ન થઇ તેમ તેણે પોતાના સ્વામીને કાંઇ ઉત્તરજ આપ્યો નહી, પણ ઉલટી ભયભીત થઇ હોય તેમ વારંવાર હાંફવા અને કંપવા લાગી પ્રેમાતુર થએલા પતીએ તેના શરીર ઉપરનાં વસ્ત્રને ખેંચવા માંડયા ને બાથ ભીડવા મંડયો, એટલે સુમતીએ પોતાના અંગને સંકોચી દુર ખસી ગઇ કેમકે તેના મનમાં તો પોતાના યારનું ધ્યાન એકતાર થઇ રહેલું હતું મુંઢ હરીદત્ત આમ નખરાં કરતી પરકીયા સુમતી પ્રેમાતુર વચનોથી બોલાવી પ્રણામ કરવા લાગ્યો કે, અરે પ્યારી ! આ તને શું થયું ! તારા ઉપર તો મારી જીવનદોરી છે ને આમ મને કેમ

તરછોડે છે ? અરે મારી આંખની કીકી ને હૈયાનો હાર જરા મારૂં મૃદુવચન માન્ય કરીને એક પ્રેમ ચુંબન તો લેવા દે ? આ દાસ ઘણી વાર થયાં તારા પ્રેમની આશાએ તલપી લટુ બની ગયો છે તેને વગર કારણે નીરાશ કરી કાપવુ એ તને અઘટીત છે વારૂ ? એ પ્રમાણે હરીદતે બહુ વાર સુધી સુમતીની પ્રાર્થના કરી તો પણ પરવશ પડેલા તેના અંતઃકરણમાં લેશ પણ પ્રેમાંકુર ફુટયો નહી કયાંથી ફુટે ! આવી રીતે ઘણા મૂર્ખ પશુઓ, પરપુરૂષમાં આસક્ત થએલી સ્વકીયા જે પોતાના તરફ ઉદાશી બતાવી દુર રહેતી હોય તેને વશ કરવા અને તેની સાગે પ્રેમ કરવા માટે વારંવાર તેની પ્રાર્થના કરી લંપટપણુ દર્શાવે છે પણ તેનુ કપટ કળી શકતા નથી તે બીચારો કામ તો પરતંત્ર છે તે કેટલેક અંશે સ્વતંત્ર પણ છે જેવો પોતાનો મનોવીકાર. જે માટે કહેવત છે કે સ્ત્રી " રહે તો આપશે ને જાય તો સગા બાપસે " તે પ્રમાણે ઘણી વાર સુધી હરીદતે સુમતીને વીનવીને જ્યારે તે વશ નજ થઇ ત્યારે તે થાકીને નીરાશ થઇ બેઠો પણ સુમતીના મનને નીરાંત થઇ નહી.

અર્ધરાત્રી ગઇ ને હમેશનો સમય થયો એટલે સુમતિને યાદ આવ્યું કે હવે મારો વહાલો યાર ઉપવનના લતાકુંજના સંકેગૃહમાં દાખલ થયો હશે. પણ મારાથી ત્યાં આજ જવાશે નહીં તો મુજ પ્રાણપ્યારાના શા હાલ ? હાય હાય ! હવે હું શું કરૂં ? એમ મનમાં બોલી એકદમ મુર્છા ખાઇને પડી ગઇ તે સન્મુખ બેઠેલા પતિને ઝેરના જેવો જોવા લાગી પ્રેમાંધ થએલા પતિએ સારી રીતે આસાસ્વન કીધું ઘણી આજીજી મનાવવા પ્રયત્ન કીધો પણ વ્યર્થ તે પરપુરૂષ કામિનીએ માનેલા પોતાના પતિરૂપ યારને મળ્યા વિના તેના મનને શાંતિ કેમ વળે ?

હરિદત્ત વિનય કરી કરીને જ્યારે થાકયો ત્યારે શય્યામાં એક તરફ સુઇ ગયો, ને તુરતજ નિદ્રાવશ થઇ ગયો પતિ જ્યારે ભર ઉંઘમાં પડયો ત્યારે સુમતિએ સોળ શ્રંગાર સજી બનીઠની હળવે હળવે શયનગૃહમાંથી જવાની તૈયારી કરી તેના ઘરમાં સર્વ માણસો ઉંઘમાં હતાં આગલી રાત્રીએ મહોત્સવ હોવાથી ઘણા માણસોની આવ જાવમાં એક ચોર ભરાઇ બેઠો હતો તે આ બન્ને સ્ત્રી પુરૂષોને જાગતાં હોવાથી ખાતર પાડવા ફાવી શકયો નહોતો.

જ્યારે સુમતિ યારને મળવા આસ્તે સ્ત્રી ઘરથી બહાર નીકળી કે તેના ચરણના ઝાંઝરનો રણઝણાટ પેલા ચોરને કાને પડવાથી તે પણ તેની પચ્છાડે ગયો છુપાતો છુપાતો સ્ત્રી શું ચરિત્ર કરે છે ને ક્યાં જાય છે તે તથા તેનાં ઘરેણાં છીનવી લેવાની આ સારી તક છે તેથી તે પણ તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો.

હવે પેલા વિહારના સંકેતગૃહમાં શું થયું તે સાંભળો. સુમતિનો યાર હમેશની માફક દારૂ અને ગાંજો પી. કેફમાં બહુ લટુ બની પોતાની ઝુંપડીમાં બનીઠની બેઠો ઘણી રાત્રી થઇ ગઇ; તો પણ પોતાની પ્રિયા આવી નહીં એટલે પેલો જાર વીરહામાંથી બળતો મોટી ઉદાસીમાં આવી ગયો તે ચંદ્રમાના કિરણો વડે બળી ભસ્મ જેવો થઇ ગયો ! ! છેવટે કામાગ્નીનો તાપ અને વળી મદ્યપાન એ બન્ને કેમ જીરવી શકાય ? તેથી તે પ્યારીને મળવાની આશા મુકી દઇ એકદમ ગટો બની બેભાન થઇ ગયો.

જ્યારે સુમતિ પોતાના માનીતા યાર સાથે રતીસુખ ભોગવવા માટે ઘણા ઉમંગમાં ધસમસી તે ઉપવનમાં તેની ઝુંપડીએ આવી કમાડ ઠોકવા માંડ્યાં આમ ઘણીવાર કરતાં તેના પ્રાણસમાન યારે ન ઉગાડ્યું ને ઉત્તર પણ ન આપ્યો, ત્યારે તે કાછવાળી અંદર ઉતરી, જુવે છે તો તેનો પ્રિતમ પડેલો દીઠો તેને ઢંઢોળી જગાડ્યો એટલે તે ગુસ્સામાં ઉઠી બોલ્યો કે રાંડ ! આટલી મોડી કેમ આવી ! જા તારૂં કામ નથી અહીંથી ભાગી જા ! તો પણ વિષયા અંધ સુમતિએ બહુ બહુ કાલાવાલા કરીને કહ્યું કે હું શું કરૂં ? મારો પતિ આજરોજ પરદેશથી આવ્યો છે માટે વાર લાગી. તે સાંભળતાં તેજ વખતે યારની આંખમાં ઝેર ભરાયું અને તેના રૂંવેરૂંવાં ઉભાં થયાં પછી તે ક્રોધ કરી બોલ્યો કે જા રાંડ તારૂં મોં આજથી બતાવીશ નહીં; તોપણ કામાતુર થએલી સુમતિ ફરી તેને આજીજીથી ભેટીઉઠાડવા ગઇ: એટલે તેણે કેફના જોસમાં મારવા માંડી તોપણ તેનાથી રહેવાયું નહીં એટલે પાછી જરા રહી વિનવા જાય છે તેરોજ તે ક્રોધના આવેશમાં આવી એકદમ પાસે પડેલા છરાવતે તેનું નાક પકડી કાપી લીધું, તેથી તત્ક્ષણે તે મુર્છા ખાઇને ભુમિપર પડી થોડીવારે તેને ભાન આવ્યું ને ઉઠીને વિલાપ કરવા લાગી અરેરે ઓ નયનાનંદ? ? આ ભંદભાગી દાસી તમારા મુખચંદ્રને જોવા પતિને પણ તરછોડી ગમે તેમ કરીને પણ આવી, ને હાયરે ! તમે મારા વિના અપરાધે નાક કાપી નકટી કરી

હાય હાય ! આપણે સાથે બેસી વિલાસ કરી રતી સુખ ભોગવી મો જમજા કરતાં તેટલી પણ શરમ ન આવી ? ઓ વાહાલા હવે જરા તો બોલો એમ કહી આલિંગન કરતી હતી.

આવી રીતે તે અનાચારવાળી શિયળભંગશાળી સ્ત્રીને તેના અનીચારી કૃત્યનુ ફળ મળ્યું, તે પછી તે ગભરાઇને ત્યાંથી ઝડઝટ પોતાના બાપને ઘેર જવા નીકળી રસ્તામાં પેલો ચોર જે પ્રથમથીજ આ સઘળો તમાસો જોતો હતો તે તેની પુંઠે પડી કહેવા લાગ્યો કે તું કોણ છે ને ક્યાં જાય છે. સુમતિ એનો ઉત્તર ગભરાટમાં ને નાકની વ્યથામાં કાંઇ આપી શકીજ નહીં એટલે ચોરે તેને ધમકાવી લુગડાં ઘરેણાં ઉતારી આપવા કહ્યું કે તરતજ તેને તાબે થઇ સર્વ ઘરેણાં ઉતારી તેને આપી દીધાં અને પોહોંચવાનો વખત નજીક આવવાથી તે તરતજ પોતાના બાપને ઘેર ગઇ ને પતિ સુતો હતો ત્યાં જઇ સુતી થોડીવાર શય્યાપર પડી રહ્યા પછી પોતાનું સ્ત્રી ચરીત કરવા " દોડો ! દોડો ! હાય હાય ! મારૂં નાક કાપી નાંખ્યુ " એવી કારમી ચીસો પાડી સૌને ભયભીત કીધા. સુમતિની ચીસ સાંભળી ઘરના સર્વ માણસો ગભરાઇ જાગી ઉઠયાં, અને હરિદત્ત પણ એકાએક જાગી ઉઠ્યો તે જુવે છે તો ચોમેર માણસોની ગીરદી મચી રહી છે આ સઘળાં મનુષ્યો સુમતિને પુછ્યું કે શું છે બેહેન ! " સુમતિ બોલી અરે શું તમે જોતાં નથી ! આ મારા વરે મારૂં નાક કાપી નાંખ્યું હું નકટી થઇ રે ! ઓ ભાઇઓ મને બચાવો નહીં તો એ તો મારો જીવ લેશે. એવી ભયંકર વાણી સાંભળી નાક દેવદત્ત વિગેરે જનો હરિદત્તને પુછવા લાગ્યા કે તમે આ નિરપરાધી બાળાનું નાક કેમ કાપ્યું ! હરિદત્ત આ પ્રશ્ન સાંભળતાંજ ભયભીત થઇ ગયો તે યદાતદા બોલવા લાગ્યો. તેનુ મ્હોં સિકાચીકા થઇ ગયુ ને પરદેશમાં વેચાએલી ગુલામની માફક એક પણ અક્ષર તેનાથી બોલાયો નહીં, હા કે કાંઇ પણ તે બોલી શક્યો નહી. આ પુષ્કળ કુટુંબ મળી રહ્યુ તેટલામાં પ્રાતઃકાળ થયો એટલે સુમતિના કુટુંબીઓએ આ ફરીયાદ રાજસભામાં જાહેર કરી આ વૃતાંત જાણતાં રાજાને ઘણો ગુસ્સો ચડયો તેથી તેણે હરિદત્ત કે જે નિરઅપરાધી હતો તેને બંધાવી મંગાવ્યો; અને યથાયોગ્ય ન્યાય કરવા તેને કેદ કરી રીતસર કામ ચલાવવા સારૂ કરી છેવટે તેનેકદની તથા દંડની બન્ને શીક્ષા ફરમાવી

પેલા ચોરે આ સર્વ પ્રત્યક્ષ જોયું હતું તેથી તે હરીદત્ત ઉપર થએલો ગેરઇનસાફ જોઇ શક્યો નહિ તેણે તરતજ રાજસભામાં માફી માગી પેહેલેથી તે છેવટ સુધી જે બન્યુ હતું તે કહી બતા

ખ્યુ અને તેની પુરતી તપાસ કરવા રજા સહીત સર્વ સભા પેલા ઉપવનમાં ઝુંપડીએ ગઇ ચોરે સુમતીનુ નાક, તેનો હાર, ને ઘરેણાં સર્વ બતાવ્યાં એ જોઇ રાજા તે ચોર ઉપર અત્યંત પ્રસન્ન થયો, ને સત્કાર કરી પેલાં ઘરેણાં તેને અપી દીધાં અને હરીદત્ત ઉપર નીષ્કારણ આવેલો અપવાદ મીત્રના રૂપે ઉતારી દીધો.

બીઓ અતી ચાલાક; કુટીલ ક્રુર આચરણવાળી નીર્લજ્જ અને ચપળ હોય છે તે પતીનો માતનો બંધુનો સંતાનનો કે સહોદરનો કોઇનો પણ દ્રોહ કરતાં ડરે નહિ.

જહાંદારશાહ અને હુરમ નુરઝાં

कामातुरापूर्णशशांकवक्त्रा । बिंबाधराकोमलनाङ्गगौरा ॥
नांऽऽदोलितास्त्रेहृदयेभुजाल्यां । वृथागतं तस्यजीवितम्

અર્થ—કામથી પીડીત તથા મુખની મનોહરતા ચંદ્ર સમાન સુંદર છે, તેમજ હોઠ લાલ પરવાળાં જેવા અથવા નવ-યૈવનના પલ્લવથી ક્ષોભ પામેલા રાગ સાગરમાંના તરંગ જેવા. શરીર જેનુ ગૌર મૃદુ છે. તેવી સ્ત્રીના છાતી જેણે બાથ ભીડી દાબી નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

મોગલ કુળમાં ઉત્પન્ન થએલા જહાંદારશાહ બાદશાહ આગળ દીલ્હીમાં રાજ્ય કરતો હતો તે કેળવણી પામેલો ન્યાયી અને એવો તે ઉદાર દીલનો હતો કે તે વખતે આખા હીંદુસ્તાનમાં તેના જેવો બીજો કોઇ રાજા ન હતો ઉંચા કુળની રજપુતાણીઓને બેગમોથી તેનુ જનાનખાનુ દીપી રહેતુ હતું એક પાટણ રજપુતાણી તેને પ્યારી હતી. રાજ્યસંબંધી કામથી ફારગત થઇ તે હુરમની પાસે જતો- ત્યાં પોતાની પ્રીયા સાથે હાસ્ય વીનોદ ને શરાબબાજીમાં મશગુલ રહેતો ત્યાં દારના પ્યાલાની વટમાળ, મનની તલપ ને અંખીઓનુ યુદ્ધ ચાલતુ ખરી રજપુતાણી જે હુરમ તેનાથી હારી તથા પ્રેમ યુદ્ધમાં ઘાયલ થઇને બાદશાહ તેની ગોદમાં પ્રેમમય યોદ્ધાની પેઠે અહરનીશ આરામ કરતો.

આખા રાજ્યમાં હુરમ જેવું તેને બીજુ કોઇ વહાલું ન હોતું જ્યારે તે હુરમને પોતાની ગોદમાં લઇને અગાશીમાં બેસતો, ત્યારે આજ ચંદ્ર હશે એક ભુલીને ચંદ્ર મુખી હુરમના સામુ ઘણા લોકો જોતા આ પ્રમાણે બન્નેની મોજશોખને એશઆરામમાં બાદશાહ તલ્લીન

હુરમના પ્રેમની વાતોમાં એવો તો લુબ્ધાઇ ગયો કે હુરમ વિના તેનાથી ક્ષણ પણ રહી શકાય નહી એટલે રાજ્યકામ અને કચેરીમાંથી તેનું દીલ ઉઠી જવા લાગ્યુ પણ દઇવની ગતીને કોઇ પેંચતુ નથી. કુદ્રતી નીયમથી હુરમ બીમાર થઇને રોગે તેને ઘેરી બહુ બહુ પયત્ન અને ઉપાયો છતાં પણ અંતે તેણે સ્વર્ગવાશ કીધો

હુરમ નુરજાં રૂપનું સમકડુ ને હૈયાનો હાર, તેના મરી જવાથી જહાંદારશાહને અતી દુ:ખ થાય તેમાં કાંઇ નવાઇજ નહી તે દીવસથીજ બાદશાહ ઘરમાંથી બહાર નીકળ્યોજ નહી અને રાજ્યકાજમાંથી ચીત ઉઠી એકાંતવાસમાં બેઠુ એમ એક મહીનો થયો બે, ચાર અને છ મહીના થયા. ત્યારે આખા શહેરમાં ત્રાહ્ય ત્રાહ્ય વર્તી રહ્યો બાદશાહ શોકમાં ત્યારે રૈયતને પણ શોક પાળવો પડયો કોઇ ઠેકાણે લગન કે તેવી શુભ ક્રિયા થતુજ નહી અને તેથી ભાટ ચારણો બ્રાહ્મણ વિગેરે બંદીજન ભુખે મરવા લાગ્યાં ને સર્વ જગાએ આધાધુધી ચાલવા લાગી.

પ્રધાને બાદશાહની દીલગીરી કહાડી નાખવાનો ઘણો પ્રયત્ન કીધા પણ કાંઇ ચાલ્યુ નહી અને બાદશાહે કોઇ તેને શોક મુકવાની વાત કરે તેને તોપથી ઉડાડી મેલવાનો નેમ લીધો આખરે બાદશાહને એકનો એક સાહજાદો હતો તે દરરોજ પોતાના પીતા જહાંદાર પાસે સલામ ભરવા જતો હતો તેને એક દીવસ પાસે બોલાવી પ્રધાને સમજાવ્યુ કે બાદશાહ શોક મુકતા નથી તેથી રાજ્યમાં અંધેર ફરી વળે છે માટે તુ જો મારૂ નામ ન દે ને શીખવું તેમ કરે તો કાંઇ ઇલાજ થાય શાહજાદાએ વચન અપ્યુ જે મારૂ શીર ઉડાવશે, તોપણ તારૂ નામ હું કહીશ નહી એટલે પ્રધાને શીખવ્યું કે કાલે સવારે તુ જાય ત્યારે સલામ કરી બે હાથ જોડી રહીને કહેજે જહાંપનાહ ! મારી એક અરજ છે પછી વચન લઇને કહેજે કે એક વખત સ્વારી ચઢીને શહેરમાં ફરો કે રૈયતનો શોક જાય બીજે દીવસે શાહજાદો બાદશાહ પાસે ગયો ને લાગ જોઇ બોલ્યો જહાંપનાહ ! એક અરજ ? બાદશાહે પુછ્યુ મારા પ્યારા ફરજંદ ! કહે તારી કઇ મુરાદ હાંસલ કરૂ આ રાજ્ય તારૂંજ છે બાદશાહના મનમાં કે કાંઇ પૈસા કે વસ્ત્રાલંકાર કે પ્રગણુ જોઇતું હશે તો આખુ રાજ એનુજ છે એ માગીને શું માગવાનો છે ? બાદશાહનુ વચન લઇ તે બોલ્યો-આપ બહાર નીકળતા નથી તેથી આમ અંધેરી નગરી જેવું થઇ પડયુ છે ગામણુ આખી લોક ભુખે મરે છે માટે વધારે નહી. તો એક વખત બહાર નીક-

થી સ્વારીએ ચઢી દહવાર બરો ! બાદશાહ ગુસ્સે થઇ ગયો. એટ્લે તને કોઇએ શીખવીને મોકલ્યો છે તેને હું તોપને મોઢે ઉડાડું. રહમાને કહ્યું જે બાબા ! જોઇએ તો મને ઉડાડો ? એ તો મારીજ અરજ છે. ના સુણો તે તમારું વચન ગયું. ત્યારે બાદશાહે નાખુશીથી કબુલ કીધું, અને આઠ દીવસ પછી ધામધુમથી સ્વારી ચઢાવી. તે જોવાને શહેરનું તમામ માણસ ભેગું થયું. ત્યાં એક ઉંચા દરવાજા ઉપરના સીપાઇ કરણસિંહની છોકરી ઉછરતી જુવાનીએ પહોંચેલી તેના ઘરના મેડી ઉપર આવીને જોવા ઉભી છે. ત્યા બાદશાહની સ્વારી આવ્યો. જહાંગીરે તેના સામું જોયું તો જાણે પાછી મરી ગએલી હુરમ જીવતી થઇ આવી હોય એવું સ્વરૂપ લાગ્યું. બાદશાહે ગમગીન થઇ વજીરને કહ્યું જે આ તો હુરમ આઇ ! વજીરે કહ્યું બાદશાહ સલામત ઓઢી ! હવે હુરમ ક્યાંથી હોય ? એતો કોઇ ગરીબ માણસની છોકરી છે. પણ તેની ઘણી ફુટડી છબી બાદશાહના રુદયમા કોરાઇ રહી.

રસીલા વાંચનાર ! કરણસિંહ બિચારો મુફલિસ સિપાઇ હતો, તેને રહેવાને માત્ર એક નાની સરખી ઓરડી, જુજ સમાન ને પોતાની અમૂલ્ય છોકરી પમી શિવાય તેની બીજી મિલકત કાંઇ નહોતી. બાપડી પમીની વય તેર વર્ષની હતી, તે બાપ ને બેટી બંને એક ઓરડીમાં સુઇ રહેતાં હતાં. બાદશાહે કરણસિંહને બોલાવી મંગાવી તેની છોકરીનું માગું કરયું. વજીરે આડે આવી બાદશાહને સમજાવ્યો કે એ છોડી શાહજાદા લાયક છે, બાદશાહ લાયક નથી તે ન માનતાં લગ્ન મુકરર કરીને કરણસિંહને રાત્રીને વિષે વીદાય કરયો. કરણસિંહ ને તેની સ્ત્રી સુતાં સુતાં લગ્નની વાતો કરે છે, તે પમી બિછાનાપર પડીને સાંભળે છે, ત્યારે હરખથી તેનાં રુવેરુવાં ઉભાં થઇ કામાતુર થઇ જાય છે.

પમીની સાથે તેના બાપનીપણ દશા ફરી અને તેજ દહાડે તેને અમીર બનાવીને એક પાયગાનો રીસાલદાર બનાવ્યો. જેથી તો સગાવહાલાને બીજા લોકો, જે એની તરફ કોઈ દીવસ જોતા નહોતા તે આજે આઠ, કાલે દસ, એમ મળવા આવવા લાગ્યા તેઓ કહેતા જે ભાઇ અમને ભુલતો રખે ? અમે તો તારા દુઃખના ભાગીઆ હતા, તેથી સુખના સમે હવે ભૂલી જાઇશ નહીં પછી બાદશાહ તેની પુત્રી સાથે પરણ્યો અને પમી જનાનખાનામાં રહેવા લાગી. આણી તરફ પમીના સૌંદર્યને લીધે તેની એવી કુચાલ હતી; કેમકે તે બાદશાહના શાહજાદાપર આશક પડી !?

એક દીવસ શાહજાદો દડા દાવ રમતો રમતો પખીના મહેલ પાસે ગયો, ત્યાં રમતાં હાથમાંથી દડો છુટીને તેણીના મહેલમાં પડયો રાણીએ ચપ લઇ લીધો ને પગ નીચે દબાવી દીધો. દવ વાળા બીજા જ્યારે લેવા ગયા ત્યારે તેમને ધમકાવી કહાડયા કે જાઓ તમારા શાહજાદાને મોકલો તો આપુ છોકરાએ શાહજાદાને કહ્યું કે તારી મા અમને દડો આપતી નથી તે તું જઇને લાવ. શાહજાદાને પકડીને દીવાનખાનામાં લેઇ ગઇ ત્યારે શાહજાદાએ અત્યાગ્રહની સાથે કહ્યુ કે મા, મને દડો આપ. એટલામાં તો તે શાહજાદાને વળગી પડી બે ચાર ચુમ્બન લઇને બોલી કે મારા પ્યારા વાહાલા ! તુ મને ચુમ્બન કર ને છાતી સરસી દાબી ભોગવ, તારા વગર મારાથી રહેવાતુ નથી. શાહજાદો કહે અરે ! તુ મા ? તે માથી કેમ થાય ! રાણી તેને કામના આવેશમાં છાતી સરસો દાબીને બોલી કે મા તો જે હશે તે હશે, હુ તો તારી માશુક અને તુ મારો ભોગી ! માટે લે આ ગાલપર ચુમ્બન ! શાહજાદો કહે મને છોડી દે હુ લેઉં છુ એને ગોશે તે હાથ માંથી ઝટ છુંટીને બહાર નાઠો. ફરી મહેલ સામુ જોયુજ નહી.

વાંચનાર ! દુષ્ટ પખીએ એક તરકટ રચ્યુ, તેણે સાંજે પોતાના મહેલમાં દીવા ન પ્રગટવાનો હુકમ કરયો, પોતે એકાદ તુટ મુટ ખાટલી નાંખીને એમને એમજ બેસી રહી. બાદ જ્યારે બાદશાહ આવ્યો । ત્યારે તેની સાથે બોલી નહી. સ્ત્રીનાં ચરીત્ર અપાર છે વળી સ્ત્રીને વશ કોણુ નથી ? બાદશાહ પોતાની વહાલી હુરમને રીસાએલી જોઇને ખિન્ન થયો, તેમાં તેનો વાંક નહોતો. તે તો પ્રેગી હતો. પ્રેમીને માશુકની ઉદાસી સહજ કાળજુ કોરે છે, તે તેણીને મનાવવા લાગ્યો, જહાંદર જે મ્હોટો ભરતખંડનો બાદશાહ તે પેલી મુકોબરની ખુબસુરત કાન્તિ સન્મુખ નોકરની માફક ઉભો રહયો ! મહાપ્રયત્ને અને ઘણી આજીજીથી પેલી પખીએ જાણે દુનીયાનુ સત્ય પોતામાંજ હોયની! તેમ પોતાની કુચાલ ઢાંકીને શાહજાદાને દોષિત કરવા કહ્યુ કે તેણે મારાપર બરજોરી કરી. પોતાની સ્ત્રીનાપર જુલમ કેમ શાંખી રહેવાય ! તેમ પોતાનું એકનુ એક ફરજન તેને સખ્ત શિક્ષા કેમ થાય ? હજી તે એવા વિચારમાં છે. તેવામાં રાણીએ મેણુ માર્યું જે તમે નામરદ છો ને અમને તમારાં છોકરાં માટે પરણી લાવ્યા છો ! આજ તો ઇશ્વરે આબરુ રાખી; પણ તમારા જેવા અમારા ધણી હોય,

ત્યારે તો કાલે સીપાઇઓ પાસે ખેંચી લઇ જમાડવશે, જ્યારે બેવકુફ બાદશાહે શાહજાદાને ફાંસીની શિક્ષા કરવાનું કબુલ કર્યું ત્યારે પછી મનાઇ અને તેઓએ પ્રથમની પેઠે હાસ્યરસથી મોજમજા ભોગવવાની સીમા પેસી ઢોંગી હુકમ જે થોડી વખત પહેલાં કૃત્રીમ શોકમાં ઉભી હતી તે કેમ રખી શકે ? હવે જ્યારે શાહજાદો મહા મહેનતે રાણીથી નાશીને આવ્યો, ત્યારે પોતાના સોબતી છોકરાઓથી વિખુટો પડ્યો તેથી અંતે તેની મા હુરમે બળાત્કાર કર્યો તેથી દીલગીર થઇને થોડે દુર એક મુસાફરખાનું હતું, ત્યાં જઇને થએલી બિના પર વીચાર કરતો, સ્તબ્ધ થઇને બેઠો ત્યાં આગળ અચાનક નજુમી (જોશી) આવી ચઢ્યો. તેની પાસે કેટલાક લોક નશીબ જોવરાવતા હતા; ત્યાં જઇને શાહજાદો બેઠો, ત્યારે બે ચાર મસ્કરા બોલ્યા કે આ છોકરા વિષે નજુમ નાખ. નજુમીએ નજુમ નાંખીને કહ્યું જે આ છોકરાને કાલે ફાંસી દેવાનો છે. આ સાંભળી સઘળાને તેના ઉપર અનાસ્થા થઇ ને કહેવા લાગ્યો કે જાને ગપ્પી. દાસ ગપ્પુ ફેંકે જાય છે તે. આ રાજપુત્ર આખા રાજ્યનો ધણી તેને ફાંસીની સજા આપનાર કોણ છે ? માટે તું જુઠો છે એમ કહી તેને કાઢી મેહેલ્યો. લોકો તેના પર હસ્યા પણ શાહજાદાના મનમાં તે વાત ખટકી.

ખરેખાત બીજે દિવસે કાંઇ પુછપરછ કર્યા શિવાય બાદશાહે મારાને બોલાવી શાહજાદાને ફાંસી દેવા હવાલે કર્યો તેઓ તેને મારવા નદી કિનારે લઇ ગયા, ત્યાં ત્રાહે ત્રાહે બોલતું લોકોનું ટોળું મળ્યું. વજીરની ગાડી સામીમેરથી આવે છે તે લોકોનું ઠઠ્ઠ અને વચ્ચે શાહજાદાને જોઇને પુછ્યું.—અરે ! આ શું ? દીલ્લીમાં કોઇ કુતરાને પણ મારી શકતું નથી; તો આ શાહજાદાને કોણ મારે છે, ? તે સાંભળી તેમણે બાદશાહનો સવિસ્તર હુકમ કહી સંભળાવ્યો, વજીરે કહ્યું બાદશાહ ગાડો થયો હશે, છોડ શાહજાદાને હું લઇ જાઉં છું. ત્યારે ઢેડો આગળ આવીને બોલ્યો—બાપજી ! મારો હક રહી જાય છે, વજીર કહે તારો હક લે. એમ કહી શાહજાદાનાં કપડાં ઉતરાવી ઢેડાને આપી દીધાં નવો પોશાક પહેરાવી સાથે લઇને પોતે કચેરીમાં ગયો, ને બાદશાહને સલામ કરી. બાદશાહે પુછ્યું, હે વજીર ! જે દારે પોતાની માની જોડે જબરાઇ વાપરી તેને તું કેમ ઉગારી લાવ્યો ? વજીરે કહ્યું બાદશાહ સલામત ! વાત ખોટી છે, શાહજાદો એવો હોય નહિ ને રાણીને ફાંસી દેવી જોઇએ, બાદશાહ કહે જે રાણીએ પોતે મને

કહ્યું છે, ત્યારે વજીર કહે બાદશાહ ! જ્યાં એક સ્ત્રી એક મરદ છે તે મરદ ઉપર કાંઈ આળ લગાડે ત્યારે તે મરદની યોગ્યતાથી તપાસ કરતિ સ્ત્રીનું માનવું સ્ત્રી જાત બેવફા, નીરદય અને ઢોંગી તે ઘડીકમાં સતી થાય છે, ને ઘડીકમાં વંઠી જાય છે, હું વાત કહું તે સાંભળો. પછી ફરીઆદ કરો.

કોઈ એક પાદશાહને એકની એક છોકરી હતી, તે સુંદર ને નવયૌવની હતી, પણ તે પરણવાને ના કહેતી અને બાળપણાથીજ ફકીરી લીધી હતી સદા તે એક દાસીની સાથે બહાર ફર્યા કરે, મસીદ વિગેરેમાં પડી રહે ને પોતાની દેહને દમે, તેને વાસ્તે શહેરની બહાર બાગ હતો તેમાં તે એક દીવસ સુવાને ગઈ, ત્યાં તે પુષ્પસેજમાં લસલસાટ ઉંઘી ગઈ તેવખતે તેને સ્વપ્નુ આવ્યું તેજ સમયે તેણે કોઈ યારને ભોગ આપ્યો, આણીગમ તેને સ્વપ્નું આવ્યું. તેજ વખત પેલી ગમથી અચાનક તેના સ્તનની ડીટી ઉપર એક ભમરે ડંસ દીધો કે લોહીની ધાર વહેવા લાગી ને સ્વપ્નું પુરૂ થયું તે સ્વતઃ જાગી ઉઠી ને દાંસીને બોલાવી. તે યારનું વર્ણન કરી કરી કહેવા લાગી, બાઇ ! મારો યાર ક્યાં નાઠો ? તેને લાવ ? દાસી કહે–બહેન તું ગાંડી થઇ છે કે શું ? વાડીમાં તો તું ને હું બન્ને એકલાં છઇએ, ત્યાં યાર શો અને વાત શી ? શાહજાદી તો ઝુરવા લાગી, તેને એકે વાતની સુજ પડે નહિ સવારમાં દાસી તેને સાથે લઇને શહેરમાં ગઇ. તેવામાં એક દીવાનનો છોકરો વર્ષ અઢારએકની ઉમરનોને ખુબસુરત હતો પણ નબળી સ્થિતિનો હતો, તેના બાપદાદા તો આગળ દિવાન હતા, પણ બે એક પહેડીથી નોકરીથી બરતરફ હતો, તે દરરોજ નોકરીની આશા-એ કચેરીમાં સલામ ભરવા આવતો હતો તે સલામ ભરીને ઘેર જતો હતો. ત્યારે તેને દીઠો કે શાહજાદીનું મન ચમક્યું ને સ્વપ્નામાં આવેલો આશક આજ છે એમ તેને ભાસ્યું પછી તે દાસીને કહેવા લાગી– દાસી ! દાસી ! આ રહ્યો મારો યાર, એને તું ગમે તેમ કરી મારી પાસે લેઇ આવ હું તને ખુશી કરીશ તે સાંભળી દાસી તેની પછવાડે પછવાડે ગઇ પણ પેલો તો ઘોડા ઉપર બેઠેલો તેથી આગળ નીકળી ગયો અને દાસી પછવાડે રહી ગઇ પેલે દિવાનના છોકરાને ઘોડેથી ઉ-તરી ઘરમાં જતાં દીઠો પણ અંદર ગયો તેવુંજ બારણું અટકાવી દીધું, ત્યારે દાસીએ પાનની પીચકારીથી ઘરને નીશાની કરીને પાછી વળી અને કુંવરી પાસે આવી કહ્યું કે બાઇ ! એ તો ઘરમાં પેસી ગયો. ત્યારે શાહજાદીએ પુછયું જે કાંઇ એંધાણી રાખી છે ? દાસી

મ્હેલ્લા. પછી શાહજાદીને પોતાની સાથે લઇ તેના ઘર આગળ ગઇ. તો તેમણે કમાડ વાસેલું જોયું. તેમણે કમાડ ઘણાં ઠોક્યાં પણ કોઇએ જવાબ આપ્યો નહિ, ત્યારે ત્યાંજ થોભ્યાં. એવામાં કોઇ દળનારી દરણું આપવા અંદર ગયેલી, તે દરવાજો ઉઘાડી બહાર નીકળી, તે લાગ જોઇને શાહજાદી અંદર પેઠી, ને દાસી બહાર રહી. ત્યારે વાણીઓ કચેરીમાંથી આવીને એ શરીના પડથાર ઉપર બેઠો દાતણ કરે છે. તેણે ચડપ ઉભો થઇને શાહજાદીનો સત્કાર કર્યો ને બોલ્યો ધણી ચાકરને ઘેર ક્યાંથી ? તે સાંભળી શાહજાદીએ તરતજ તેનો હાથ પકડ્યો ને કહ્યું કે યાર હું તારા ઉપર ફીદા (આશક) છું વાણીયા ભાઇ બીકણ એટલે ના ના કહેવા લાગ્યો કે તમે તો અમારા માવીતર જેવાં, શાહજાદી બોલી પિટયા હું રંગ રમવાને આવી છું તે પાછી જનાર નથી, માટે જો તું મારૂં મન નહિ મનાવી મને નહિ ભોગવે તો તારૂં માથું કપાવીશ. વાણિઆની સ્ત્રી ચતુર હતી, તે બોલી જે એમાં શું છે ? જાઓ જે થનાર હશે તે થશે; પણ શોખ તો કરી લ્યો ? પછી વાણીયો શાહજાદી-નો હાથ પકડી ઉપર લેઇ ગયો તે વખતે વાણીયાએ કહ્યું:—એન રંગ રમવા આવ્યાં છો. તો આવો અપશુકનીયાત પોશાક કેવો ? એમ કહી પોતાની પેટીમાંથી જરીયનના તરેહવાર પોશાક તથા હીરા; મોતી વીગેરેનાં ઘરેણાં તેને પહેરાવી ખુબ સૂંગારીને બંનેને શહનગૃહમાં મોકલ્યાં. તેમણે ત્યાં ખાઇ પી આખી રાત એશઆ-રામ અને રંગ ભોગમાં ગુજારી. એમ તે બે ચાર દીવસ સુધી રહી ત્યાં સુધી શાહજાદીનો કોઇએ ભાવ પુછ્યો નહિ, કેમકે એવી રીતે તે ઘણીવાર બાગમાં કે મસજીદોમાં પડીજ રહેતી હતી- પણ પાંચ, સાત દીવસ થયા, ત્યારે પુછપરછ થવા લાગી કે શાહજાદી ક્યાં ? વાણીયો રોજ સવારમાં કચેરીમાં જતો હતો તે આ ચરચા સાં-ભળે અને જે વાત થાય તે પોતાની સ્ત્રીને કહે, તોપણ તે ગણકારે નહીં. ૮–૧૦ દીવસ થયા પછી કચેરીમાં રાજા બોલ્યો કે પાસેના ગામથી નજુમીને બોલાવો, તે વાણીયાએ સાંભળ્યું ને ઘેર જઇ સ્ત્રીને કહ્યું કે હવે તો ઝડપાઇ જશું; કેમકે બાદશાહ કાલથી ન-જુમીને બોલાવનાર છે એટલે પછી આપણું તો આવી રહ્યું. વાણિ-યણ કહે ફિકર નહિ તેનો હું ઇલાજ કરીશ. રાજાને નજુમીને બો-લાવતાં બે ચાર દીવસ વીતી ગયા. વાણીયાના ચોકમાં પ્રથમના વખતનું એક હોજ હતું, તે હાલ પુરી મુકેલ હતું. એ વાણીયાએ ખોદી નખાવી સાફ કરી અંદર પાણી ભરાવ્યું, પછી એક હોડી વે-

ચાતી મંગાવી અને હોજમાં તરતી મુકાવી અને ચારે બાજુએ, એટલે એક બાજુ મક્કા બીજી બાજુએ દ્વારકાં, ત્રીજી બાજુએ કલકત્તા, અને ચોથી બાજુએ મુંબઈની એમ ચારે શહેરની તરફી- તે મુકાવી પેહેલી હોડીમાં શાહજાદીને બેસાડી, તેના હાથમાં હલેસું આપીને કહ્યું કે હોડી ચારે ઘડી ઘડીએ ફરતી રાખ્ય. અહીં શાહજાદી હોડીમાં બેઠી છે તે પણ નજુમી નજુમી નાંખી જુવે છે. તે પ્રથમ નજુમી નાંખી બોલ્યો—જે બાઇ પાણી ઉપર છે. બાદશાહે પુછ્યું કયાં ? નજુમી બોલ્યો કે મુંબાઇ. દીવાન બોલ્યો જે હજ કરવા જવાની હતી, તે ગઇ હશે, પણ ગાંડી તે કહ્યા વગર ગઇ, જો કહીને ગઇ હોત તો ખજાનો આપીને મોકલત. પા કલાક પછી હોડી મક્કાની બાજી તરફ ગઇ ને પણે ફરી નજુમી નાંખી જોવરા- વ્યું તો મક્કા તરફ છે ત્યારે પંડિત કહેવા લાગ્યા કે ગઇ. બાદ થોડીવાર પછી હોડી ફેરવાને પણે વળી ફરીને નજુમી નાંખ્યો. ત્યારે નજુમી બોલ્યો જે કલકત્તા તરફ છે, ત્યારે કાંઇક શક પડ્યો, તે થી કહે ફરી નાંખો. ચોથી વાર નજુમીએ કહ્યું જે દ્વારકાં તરફ છે, તે સાંભળી બધા હસવા લાગ્યા અને તેના ઉપરથી વિશ્વાસ ઉઠી ગયો, અને તેને ગાંડામાં ખપાવીને હાંકી મેલ્યો ? પછી તો બાદશાહે તેની ઘણી ઘણી રીતે શોધ કરવા માંડી. પોતે એક બીડું ફેરવ્યું કે જે મારી શાહજાદીને ખોળી આપે તેને મોહોટું ઇનામ આપીશ. તે બીડું તેના કોટવાળે ઝડપ્યું અને શાહજાદીની તપાસ કરવાને નીકળ્યો બે ચાર દીવસ અહિ તહિ ફર્યાં પછી તે પેલા વાણીયાની ગલી આગળ આવ્યો. તે ગલીને નાકે બે તંબોળી રહેતા હતા તે ઘણા ચતુર હતા. તેમણે આની નેત્ર ચિકિત્સા જોઇ પુછ્યું જે કેમ ફેરા મારો છો ! કોટવાલે વાત નિવેદન કરી. ત્યારે તંબોળી કહે અમે બ- તાવીએ તો શું આપશો ! કોટવાલ કહે—પાંચસેં રૂપીઆ આપું. તંબોળી કહે, તે પહેલાં આપો તો બતાવું પછી તમને કયાં પુછવા આવીએ તમે અમલદાર પડયા ! તે કોટવાલે કબુલ કર્યું ત્યારે એક તંબોળી સાથે આવ્યો ને રૂપૈયા પાંચસેં ગણી આપ્યા. એટલે તેણે બતાવ્યું કે પેલું રાતું ઘર છે તેમાં છે. કોટવાલે ઘોડો વાળીને વાણીયાના ઘર તરફ આવ્યો વાણીયેણ જાણતી હતી કે વાત ફેલાઇ છે તેથી તેણે ડેલા બારીનું કમાડ આગળું કરીને દરજાવા પાસેજ ઉભી હતી તે પેલો કોટવાલ તેના ઘર આગળ આવ્યો ત્યારે સ્ત્રી ચરીત્ર કરી નેત્ર મારતી અર્ધાં અર્ધાં શબ્દ બોલી મોહ ઉપજાવી કહેવા લાગી જે હું—હું મુવો મારી ઉપર શોકય-

લાવ્યો છે. માટે તમે આવો આપણું સાથે રહિયે કે પિટયો જલદીથી ઠેકાણે આવે. વાણિયણ પણ મહા સ્વરૂપવાન હતી, તેમ તેના હાવભાવ અને ચાળા ચરકા જોઇને કોટવાળ લલચાયો. તે અંદર ગયો એટલે વાણિયણે તેના હથમાંથી ઘોડો લઇને બાંધ્યો અને તેના હાથ પકડી એક ઓરડા ભણી આંગળી કરીને બોલી કે પણે ? બેઠા છે, તમે અંદર જાઓ ! જો હું આવું તો મને મારો શેઠ મારશે પેલો અધીક દુર થયો કે નીચે ખાડો ખોદી ઉપર પાટિયું મેલ્યું હતું તે ખેંચી લીધું કે કોટવાળ અંદર કેદ થયો ? આસરે પાંચ સાત દિવસ થયા. પણ કોટવાળ જણાયો નહિ, ત્યારે ગામમાં બુમ પડી કે કોટવાળ ક્યાં-કોટવાળ ક્યાં ? જેથી બાદશાહે વિચાર્યું કે શાહજાદી શેહેરમાંછે ને જેણે શાહજાદીને રાખી છે તેણે કોટવાળને કેદ કર્યો છે. તેથી બાદશાહે હુકમ કરો, જેથી દિવાન શોધવા નીકળ્યો. તે પણ બે-ત્રણ દિવસ રખડતો રખડતો તંબોળીની દુકાને આવ્યો તેને પણ તંબોળીએ કોટવાળથી વધારે ખંખેરીને સ્થાનક બતાવ્યું એટલે તે ત્યાં ગયો ત્યારે વાણીયણે તેને પણ તેવી રીતે હાવભાવ અને પ્રેમી વચનોથી ફસાવીને બીજા ખાડામાં કેદ કરો ! ચોથે દીવસે હજુરીઓ તપાસ કરવાને નીકળ્યો તેની પણ તેજ દસા થઇ પછી રાજા પોતે શોધ કરવાને નીકળ્યો, અને આંખમાં ઘણી ખુનસ વરસી રહી. તેને તંબોળીએ મુકામ બતાવ્યું કે ત્યાં આવ્યો વાણીયણે રાજાને સારૂ આગમચ થોજ એક સરસ ઓરડો શણગારી, તેમાં ગાદી તકીઆ પાથરી મેલ્યા હતા, ત્યાં આગળ રાજાને સત્કાર કરી પોતે તેડી ગઇ. પછી પોતે કહ્યું કે હું બારણું વાસીને નાની બારીમાંથી તમને દેખાડું. નહિ તો મને માર પડશે. રાજાએ કહ્યું, ઠીક. પછી તેણે તાળું મારી બારી ખુલ્લી રાખી અને શાહજાદી. પાસે જઇ કહ્યું કે જા તારા પિતા આવ્યા છે, તેમને તું કરગરીને પગે પડી સાચે સાચી વાત કહી દે કે હું આશક થઇ આવી છું. તેણે આનાકાની કરી ત્યારે વાણિયણ બોલી કે ત્યારે શું તું મારૂં ગરીબનું નખોદ વાળવા આવીછું. માટે જા બાદશાહને મળ, મા બાપને કહેતાં શરમ રાખીએ નહિ, તે સાંભળી શાહજાદીએ જઇ કાલાવાલા કરી બાપને વિનતી પડી ને કહ્યું કે વાણીયાનો વાંક નથી, માટે માફી આપો. બાદશાહને દયા આવી તે બોલ્યો કે જા માફ છે. શાહજાદી કહે લખી આપો ! બાદશાહ કહે કે મારી મોહોર તો હજુરીઆ પાસે છે તે તુ જાણે છે ને દસ્તાવેજ દિવાન લખે છે. કુંવરી કહે તેઓ પણ અહીં છે. પછી

તેઓને ઝડીને હાજર કર્યાં, પછી દિવાન કલમ ખડીઓ આપી દસ્તાવેજ કર્યો, ને હજુરીઆ પાસે મ્હોર કરાવી આરીપંત વાણિયાના હાથમાં આપ્યું. પછી વાણીયાણે બાદશાહને કહ્યું કે આપ હુરમોને અત્રે આજે એકથી શાહજાદીને લેઇ જશો તો વાત ક્યાંઇ ફાટશે નહી. તેમાં આબરૂ છે. પછી બાદશાહ મેહેલમાં ગયો અને સાંઝરે રાણી પાસે કુંવરીને બોલાવી લેઇ તેનું લગ્ન લેઇ પરણાવી આપવા નકી કરયું.

માટે હે બાદશાહ ! તું ફરીઆદ કર કે એવો મ્હોટી શાહજાદી હતી, તોપણ તેણે એક વખત આવું તરકટ ઉઠાવ્યું, તો આ ગરીબ કંગાલ હલકા કુળની છોકરી શું નહિ કરે માટે એવી સ્ત્રીના શીખ-વ્યાથી નિરપરાધી કુંવરને મારવાની હિમ્મત તમે હરગેજ કરસો નહી શાહજાદો તદન નિર્દોષ છે. અને રાણીજ ગુન્હેગાર છે;

આથી બાદશાહને પોતાના અઘટિત કૃત્યનો ઘણો પસ્તાવો થયો અને આમાં શું હકીકત બની છે તે શાહજાદાને મોઢેથી જાણ-વા ફરમાવ્યું. ત્યારે તે બોલ્યો.

માલિની છંદ.

નથી નથી નથી સ્વપ્ને ક્રુર સંકલ્પ કીધો,
નથી નથી નીતી રીતી ઉપરે પાય દીધો;
દિલ દુઃખ અતી થાયે તાત આ શું કહો છો,
મુજ નીતી રીતી જાણી વ્હેમ ક્યાંથી લહોછો ?

આ સાંભળી સઘળી સભા છક થઇ ગઇ ને વજીરે કહ્યું કે જહાંપનાહ ! મેં આપ નામદારને પહેલાંજ કહેલું કે મોટી વયે ન્હાની બેરી સાથે લગ્ન કરશો તો ખતા ખાશો. બાદશાહે વજીરનો ઉપગાર માન્યો અને કહ્યું કે મારા શાહજાદાને તેં બચાવ્યો છે. પછી બાદશાહે કુવરને નિરદોષ ઠરાવી કહ્યું કે;—

માલીની છંદ,

વચન ખરત સાચાં પુત્રરે પ્રિય તારાં,
શ્રવણ યુગલ કાચાં કામથી ભાત મારાં.
વગર સમજ આ મેં કેર કુડો કરાવ્યો.
દિલિપ નૃપતિ ભુલ્યો ભામીનીનો ભરમાવ્યો.

પછી બાદશાહે હુરમને કહાવ્યું. કે ફરીને આવું તરકટ કરીશ તો તને તોપને ગોળે ઉડાડી મુકીશ.

રૂડા પટેલ અને રૂપાં પટલાણી.

विचित्रवेषानवयौवनाऽऽढ्या । लवंगकर्पूरसुवासिदेहा ॥
नाऽऽलिंगितायेनदृढंभुजाभ्यां । वृथागतंतस्यनरस्यजीवितम्॥

અર્થ—વેશમાં વિચિત્ર અને નવયોવના છે, શરીર ઉપર કસ્તુરી, લવીંગ, કપુરની વાસ મ્હેકી રહી છે. એવી સ્ત્રી જેણે બાથ ભરી આલીંગી નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

પૂર્વે નારણપુર નામે ગામમાં રૂડા પટેલ રહેતો હતો, તેની વહુનું નામ રૂપાં હતું, તે બન્ને ભરજોબન અવસ્થામાં હતાં. તેમને પરસ્પર ઘણીજ પ્રીતી હતી, તેથી તે હાસ્ય વિનોદ અને એશઆરામમાં દિવસ નિરગમન કરતાં હતાં. કેટલાએક દિવસે કોઇ કવિને મોઢેથી સ્ત્રીઓના ચરિત્રનાં વખાણની વાત રૂડા પટેલે સાંભળી. જેથી તેના મનમાં તે વાતનો સંદેહ થવાથી પોતાની પ્યારી સ્ત્રી રૂપાં આગળ કહેવા લાગ્યો કે, સ્ત્રીઓનાં ચરીત્રોને વખાણે છે, એ વાત મને ખરી લાગતી નથી. રૂપાં બોલી કે, સ્ત્રીઓનાં ચરીત્ર અપાર છે એને કોઇ કળી શકતું નથી. એ ચરીત્રોથી મ્હોટા મ્હોટા મહાત્માએ છેતરાયા છે. તે કોઇની અકલમાં આવતું નથી. સ્ત્રીઓ ભરથારને મારના ચાકર તરીકે તેડવા મોકલે અને તેમના દેખતાંજ પરપુરૂષથી જાર કર્મ કરે છે ને ભરથાર તે સ્ત્રીને પતીવ્રતા માને છે. બધી સ્ત્રી એવી નથી. તેમ બધી સ્ત્રી પતિવ્રતા પણ નથી, એજ પ્રમાણે જગત વ્યવહાર ચાલ્યો જાય છે, એટલે સ્ત્રી ચરીત્ર ખરૂં છે. રૂડા કહે એ વાત મને તો ખરી લાગતી નથી ને જો ખરી હોય તો એ ચરીત્રો તારા વિસેજ બતાવી મારો સંદેહ ભાંગ, એ બાબત હું રીશ કરીશ નહીં, ગમે તે પ્રપંચ કરી નિશ્ચિંત મારી સમક્ષ પરપુરૂષ સાથે જાર કર્મ કર, ને મારા મનમાં એવો વ્હેમ એ કૃત્ય કરવાનો રહે નહીં તોજ હું એ સ્ત્રી ચરીત્ર ખરૂં માનું. રૂપાં કહે—કે કોઇ દિવસ બતાવીશ તારી સાથેજ યારને તેડાવી તેની સાથે હાસ્ય વિનોદથી રંગ રમી આખી રાત નિગમન કરી સવારે જાય ત્યારે વળાવવા પણ તુંનેજ સાથે મોકલું, એવી રીતે ચરીત્ર કરી બતાવીશ. આ પ્રમાણે વાત થયા બાદ થોડા દીવસ જવા દઇ એક દિવસ રૂપાં પાણી ભરવા ગઇ ત્યાં તેજ ગામના વાણીયા મુળચંદ મેહેતાનો દીકરો નાથો તળાવને કિનારે બેઠો હતો, તેને રૂપાંએ ઘડો ચડાવવાનું કહી નેત્ર કટાક્ષ કર્યા

ને તેની સાથે પ્રિતી કરીને આઠ દિવસમાં મળવાનો વાયદો કર્યો ને રૂપાં પાણી ભરી ઘેર ગઇ. તે વાતને બે દિવસ થયા તેવામાં નારણ પરથી ગાઉએક અમીપર ગામમાં કણબીમાં ખરચ હતું, ત્યાં ઘણા ગામમાં પટેલીઆઓને તેડવ્યા હતા, તેમાં રૂડા પટેલને પણ તેડવ્યો હતો, તેથી તે ત્યાં જમવા ગયો. ત્યાં તેના શાળાની વહુ કે જેનું નામ ચોથી હતું તે ત્યાં એનું મોશાળ હોવાથી કામ કરવા આવેલ હતી, તેને રૂડો ઓળખતો નહોતો, પણ ચોથી વહુ રૂડા પટેલને ઓળખતી હતી, તેને પોતાની નણંદનો વર જાણી લાજ કાઢતી હતી. રૂડાએ તે સ્ત્રી કોણ છે એમ જેને ત્યાં પોતે ગયો હતો તેને પુછ્યું તેણે કહ્યું કે એ બાઇ અમારી ભાણેજ થાય છે ને તમારા શાળાની વહુ છે, એમ જાણતાં રૂડો રાજી થયો. હવે જ્યારે ખરચ સમાપ્ત થયુ કે; સરવે પટેલો વિગેરે ઘેર ગયા ગયા. તેમાં રૂડો પણ રજા લઇ ઘેર આવ્યો ને પોતાની સ્ત્રી રૂપાં પાસે તેની ભાભી ચોથી વહુ ત્યાં આવી હતી તે વિશે વાત કરી કહેવા લાગ્યો કે તારી ભાભીને આંહી તેડી લાવી મીજબાની આપી પરોણાગત કરવી જોઇએ, માટે તેને તેડવા તુ જઇશતોજ આવશે. માટે ઉતાવળથી જઇ તેડી લાવ. રૂપાં પટલાણી પોતાના ધણીના અતી આગ્રહથી પોતાની ભાભીને તેડવા અમીપર ગઇ અને જેને ત્યાં પોતાની ભોજાઇ હતી ત્યાં ગઇ ત્યારે માલમ પડ્યું કે એ તો પાછી ઘેર ગઇ. એટલે તે ત્યાંથી પાછી વળી ઘેર આવતાં રસ્તામાં વિચાર થયો કે નાથાને મળવાનો આઠ દિવસનો વાયદો કરયો છે ને તે આઠ દિવસ હમણાં વહી જશે માટે કાંઇ યુક્તિ કરી આજજ પ્રિતમને ઘેર તેડી જવો, એમ વિચારતાં ગામમાં પોહોંચી એટલામાં નાથો સામો મળગો તેને રૂપાંએ બોલાવી કહ્યુ કે તુ આ પોશાક ઉતારી સ્ત્રીનાં લુંગડાં તથા હાથમાં ચુડીઓ અને ઘરેણાં વિગેરે સર્વ પોશાક સ્ત્રીઓનો પહેરી અહી પાસેના વડ નીચે બેસ અને હુ મારે ઘેર જઇ મારાં ધણીને સાથે લઇ મારી ભભીને તેડવાને બહાને તુને મારે ગેર તેડી જઇશ, પણ મારો ધણી આવે ત્યારે ઘણી લાંબી લાજ (ઘુંઘટો) કાઢજે, એમ નાથાને શીખવી રૂપાં ગેર આવી ત્યારે તેના ધણી રૂડાએ પુછ્યુ કે તારી ભાભીને તેડવા ગઇ હતી ને એકલી કેમ આવી ? રૂપાં બોલી કે, હુ તેડી લાવીછુ પણ તમારા તેડવા ગયા વીના ગેર આવી નહી ને પાદર વડ નીચે હબી છે માટે મારી સાથે તેને તેડવાચાલો રૂડો કહે હુ તારી સાથે તારી ભોજાઇને તેડવા આવું તો લોકમાં મારી લાજ જાય લોકો કહેશે કે રૂડા પટેલ સાળાની વહુને

તેડવા ચાલ્યા માટે તું સોગન દઈ તેડી આવ. રૂપાં રોવા ને કળકળાટ કરવા લાગી કે મને મોકલીને હવે નાક કપાવા ધારો છો, માટે તમારે તેડી આવવાની ગરજ હોય તો ચાલો ! હું આગળ જાઉં છું, ને તમે પાછળ પાછળ ચાલ્યા આવજો. રૂડે બીચારે તેમ કરવા કબુલ કર્યું ને પોતાની સ્ત્રી પાછળ તેડવા ચાલ્યો ને જ્યાં નાયો સ્ત્રીને વેશે ઉભો હતો ત્યાં આવી રૂડો પોતાના સમ દઇ ઘેર આવવાનું કહ્યું એટલે આગળ રૂડો પટેલ ને પાછળ રૂપાં પોતાના યારને સ્ત્રીને વેશે લઈ ચાલી. ઘેર જતાં રસ્તામાં રૂડાને પોતાની સ્ત્રીએ ચરીત્ર બતાવવા વિશે કહેલી વાત યાદ આવી તેમજ મીજમાનની ચાલચલત જોતાં તે સ્ત્રી નહીં પણ પુરૂષ હોય એવો સદેહ રૂડાના મનમાં થયો; જેથી ઘેર પહોંચ્યા પછી પોતાની પ્યારી સ્ત્રી રૂપાંને પાસે બોલાવી એકાંતે કહ્યું કે તું જે તહારી ભાભીને તેડી લાવી છે, તે ચાલચલગત ઉપરથી મરદ છે એમ મને ખરી રીતે જણાય છે, માટે ખરૂં બોલ ! રાંડ તહારી ભાભી છે કે તહારો યાર છે ? રૂપાં પોતાના ધણીનું આમ ક્રોધમાંથી બોલવું સાંભળી મનમાં તો સમજી ગઇ પણ સ્ત્રીચરીત્ર કરી આંસુ આણી ક્રોધથી હાય હાય ! શું મને તો વેશ્યા જાણી, આજ ઘણાં વર્ષે મારી ભાભી મને મળવા આવી ત્યાં લાજ ખોવાને શરમ વગરનાં વચન બોલીને ભાંડ્યા કરો છો ! શું મારો જીવ લેવા તૈયાર થયા છો ! આવો ભુંડો ધણી મારા ભોગ છે, મારો કાળ પાસે આવ્યો છે. વિગેરે બોલી કાગામુંડા કરવા લાગી. રૂડો કહે ચુપ રહે રાંડ ! હું આપણી દાસી શણુકીને તેડી લાવું છું તેને તારી ભાભી સાથે રાત આખી સુવાડી મુકું ને સવારે પારખું જોઉં, જો કાંઇ કપટ જણાય તો તારૂં ને એનું બન્નેનું માથું છેદન કરૂં, હે રાંડ ! હું ઝાઝા ભેદ ભણ્યો છું, તારો છેતર્યો છેતરાઉં તેમ નથી. આવી રીતે રૂડાનું બોલવું સાંભળી રૂપાંને ચિંતા થઇ ને જાણ્યું કે જો શણુકીને તેડાવી પારખું જોશે તો નક્કી મારૂં પોગળ વર્તાયા વિના રહેશે નહીં, ને નક્કી મોત આવ્યું. આથી રૂપાં ઘણીજ ફિકર અને ચીંતાથી શોકાતુર થઇ વિચાર કરી બોલી કે ભલે તમારે સંશય થયો હોય તો ખાત્રી કરો અને બીજે કાને વાત જાય તો આપણી ફજેતી થાય માટે તમારે પારખું જોવું હોય તો અમે સુતા પછી મારી ભાભી ભરનિદ્રામાં હશે ત્યારે હું તમને બોલાવીશ એટલે હાથ ફેરવી ખાત્રી કરજો. આ વાત રૂડા પટેલને ગમી. પછી સુતી વખતે રૂડો બારણે સુતો,

રૂપાં બારણાં દઇ ઓરડામાં પોતાની ભાભી બનાવેલ યારની સાથે એશઆરામથી ખુબ રંગ રમી રહ્યા પછી પોતાના વહાલા યાર નાથાને બીજા ઓરડામાં સુવારી પોતે ઓરડાની કોરકર પોતાનો દીયેર બેઠો રહેતો હતો, તેના ઘરમાં જાવઆવ કરવા માટે એક બારી હતી. બેનો ધણી કરી વાડીએ વાસો રહેતો હતો. રૂપાંએ તે બારી ઉઘાડી પોતાની દેરાણીને ઉઠાડી આંખે આંસુ ભરી રોઇ પડી ને રડવડતી કહેવા લાગી કે ત.રે જેઠ મને વગર વાંકે ઘણી મારી ને મારાં હાડકાં ખોખરાં કરી નાંખ્યાં અને વળી બારણાં દઇ બાહાર સુતો છે. મારાં હાડકાં મારથી કળે છે. એટલે નિંદ્રા આવતી નથી. એથી કુવે પડવુ નક્કી કરી તારી પાસે આવીછું. દેરાણી બોલી ઘર હોય ત્યાં વઢવું પડે. ઘર હોય ત્યાં વાંક પણ આવે, માટે તેનો ધોખો રાખીએ નહી. ચાલો હું તમારી સાથે સુવા અવુંછું, એમ કહી તેની દેરાણી રૂપાંની સાથે સુવા આવી ને બંને દુઃખ સુખની વાતો કરી રૂપાંની દેરાણી નિંદ્રાવશ થઇ ત્યારે થોડીવારે પોતાના ધણીનો સંશય મટાડવાને પોતે તથા દેરાણી જે ઓરડામાં સુતાં હતાં ત્યાં તેડી જઇ કહેવા લાગી કે મારી ભાભી ભરનિંદ્રામાં છે માટે તમારે જે પારખુ કરવુ હોય તે જાગવીને જોઇને કરી લ્યો, એટલે રૂડા પટેલે ધીરે રહી ચોરની માફકજ રૂપાંએ બતાવ્યા પ્રમાણે તપાસ કરતાં રૂડા પટલને ખાત્રી થઇ કે આમાં કાંઇ કપટ નથી. આ મારા મનને ખોટો વીચાર આવ્યો. મારી સ્ત્રી પતિવ્રતા છે આમ રૂડા પટેલને નક્કી થયુ એટલે પછો બહાર જઇ સુઇ રહયો ને પ્રભાત થતાં રૂપાંની દેરાણી પાછી પોતાના ઘરમાં ગઇ. ત્યાર પછી રૂપાંએ પોતાના યાર નાથાને જે ઓરડામાં સ્ત્રી વેશે સંતાડયો હતો તે ઓરડામાંથી બહાર કાઢયો ને રૂડાને કહેવા લાગી કે, મારી ભાભી તેને ઘેર જવા રજા માગે છે. ઘણુ કર્યું પણ રહેતી નથી. એમ કહી પોતાની ભાભી થએલ યારને આગળ કરી પોતે પાછળ વળાવવા ચાલી ને રૂડો પણ થોડે સુધી વળાવવા ગયો ને સામસામા રામ રામ કરી આનંદથી બંને જણ ઘેર આવ્યાં.

રાજા સાહિત અને રાણી ચપળાક્ષી.

पियवंदाचंपकहेमवर्णी । हारावलीमंडितनाभिदेशा ॥
संभोगशीकारमिवाननयेन । वृथागतंतस्यनरस्यजीवितम् ॥

અર્થઃ—જેનું શરીર સુવર્ણમય છે, વાણી જેની મધુર, રાગ

અબળાને લજ્જા પમાડનાર છે, નાભિ તટ સુધી ફુલના ગુચ્છથી હાર આવી રહ્યા છે, પુષ્પકચુકી પેહેરેલી છે, એ સ્ત્રી જેણે ક્રમક્રીડા કરી નથી, તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

કુશમાવતી કરીને એક શેહેર હતું. તેમાં સાહિત નામનો રાજા રાજ્ય કરતો હતો. તેને હીરણાક્ષી અને ચપળાક્ષી નામે બે રાણીઓ હતી. તેમાં હીરણાક્ષી માનીતી હતી, ને ચપળાક્ષીને પરણી તરતજ ત્યાગ કર્યોહતો તેને બાર વર્ષ થયાં ત્યારે તેને નવયૌવનાને લીધે કામ દેવ પીડવા લાગ્યો કે જેમ કોઇ છત્રીસ વર્ષની તરૂણ નાયકા મહા તોફાન ખાઇ દરિયાવમાં ઘસડાઇ ગએલી એકાદ અરાબા ઉપર ફસાઇ જઇ શાન્તપણે પડી રહે છે, તેવી રીતે ઝુરાઇ ઝુરાઇ તેની સાથે ઉભેલી એક દાસીની સાથે વાત કરી નિચે મુજબ કહે છે;—

દુહો—લાવે સખી ઓરશિયો, ચંદન ઘશિયે જેમ
પંજરમાંનું પારેવડું, લાહ્ય ઓલવીયે તેમ.

કુમતિ (દાસી) મનમાં તો સમજી ગઇ પણ બહારથીમુર્ખ જેવી બનીને બે ઘડી ટોળને સાર તેણે લાવી ઓરશિઓ મ્હોં આગળ મેલ્યો. બાઇ ! ગભરાશોમાં આ ચાલી સુખડ લાવી રગડીનાખું છું પછી તમને મર્દન કરતાં તે વાર કેટલી ? તે બોલતાં બોલતાં ચાલી નીકળી. રાણી ચપળાક્ષી આ કુભારજા સાથે મારૂં પનારૂં પડયું છે. સર્વે પાંતીએ એ સદ્‌ગુણી છે પણ મને બળતીને બળવામાં તે મોજ માને છે, એ બહુ ખોટું કરે છે; હવે તો એનો કે મારો છુટકો થાય તો સારૂં વિધિ બ્રહ્મા ખરેખરો બેલ તે બેલજ એનામાં કોઇ કહેશે અક્કલ છે પણ તેમ નથી, જુઓ એની કરણીમાં ચતુરાઇ કેવી શોભી નીકળે છે ? સવર્ણ આતું અનુપમ બનાવ્યું તો તેમાં સુગંધજ મળે નહીં. આવી ખુશબોદાર કસ્તુરી ઉપજાવી ત્યારે તેમાં રંગનાંજ ઠેકાણાં નહિ ગુલાબના ફુલને રંગ અને ખુશબો બન્ને બક્ષી, ત્યારે તેની પછવાડે કાંટા ! કીત્રા ! તેની રીતે મને રંગીલી બનાવી અને મારો બહાર ફુટયો, ત્યારે કાંઇ ભમરનુંજ ઠેકાણું ના મળે ? વળી આ કંટક (દાસી) ને મારી કેડે લગાડયું. હવે એ ઝાંખરાને હું શું કરૂં ? એને ટાળ ને મારે બળાપો ! ખમી ખમીને ખાએશ કયાં સુધી કરૂં ? એટલામાં દાસીને સુખડ લેઇને આવતી જોઇને—

દુહો—મેં જાણ્યું દાસી જાણ છે, પણ થઇને અજાણ,
મંગાવ્યો મેં અંગરશીયો લાવી દાખવ્યો પથાર.

કુમતિ (દાસી) દેવી ! તમે જે અંગરશિયો માગ્યો તે આ હું ઉતારીને લાવી હવે એના લેપનથી તમને શાંતી વળશે.

એટલે ચપળાક્ષી રાણી વચમાં ચિડાઇને બોલી મેર, મેર તું અંગરખિયાની લાવવા વાળી ! હજુ તું મુરખની મુરખજ રહી, સમજ કહ્યું તો સમજતીજ નથી. તું જા તારૂં કાળું કર ! અરે ! કોઇ બીજી ચતુરા છે ?—ત્યારે અજયમતી દોડી આવે છે તેને નીચેનો દુહો કહે છે.

દુહો—દાસી જા એનું ચોતરે, તારૂં મન કરી સુજાણ;
નવતોરાં દશ આંગળો શોધી લાવ નર પ્રમાણ

અજયમતી એટલે એક ઉદ્ધત દોડી ગઇ. તેના ગયા કેડે રાણી ચપળાક્ષીએ અંગરશીયો લઇ ચંદન અંગે ચર્ચ્યું સૃંગાર સજીને બની ઠનીને તૈયાર થઇ સેજ ઉપર બેઠી છે. અર્ધ ઘડી વીતી કે ચતુરમાં ખપતી દાસી અજયમતી બહારથી કોઇ બુઢાને સાથે લઇ ને સામી આવી ઉભી. બુઢો મલકાતો સેજ પાસે અવે છે, કે રાણી ચપળાક્ષી કર્મે હાથ દઇને બોલી—

દુહો—લમણું ગ.ડા નેન ચુને વળ્યો મ્લ;
છ,સઠ ઉપર ચાર ગયાં તોયે છેલ ૧૧ છેલ

આટલું કહીને તેને વિદાય થવાનો હાથ કર્યો ત્યારે એક જુવાન દાસી માલતી કરીને હતી તે તેની બાઇને જોઇને કહે છે,:

દુહો—વિદેશી પચુ ધન જોકેલી બેઠી મેહુલામાંય;
તડતડ ફાટે કંચવો તેને સ્વેહ ખેંચ્યો નવ જાય

આ બોલવું સંભળીને રાણી ચપળાક્ષીએ તેના સામુ ફરીને આમાં કાંઇ પાણી જણાય છે. બાકીની તો દૈવની વેઠ વળગી છે, ત્યારે તેના હાથમાં પાનનાં બીડાં આપીને કહે છે—

દુહો—પાંચ બીડાં દીયાં પાનનાં તું દેને રશિયા હાથ
ચતુર હશે ને સમજશે આવશે તોરી સાથ

દાસી માલતી ત્યાંથી ચાલી ચાલી સુખડીયાના હાટમાં આવી આમ તેમ જુએ છે. એટલે કોઇક મહા સ્વરૂપવાન કામકુંવર સરખો તેની નજરે મિઠાઇનાં પડીકાં વળાવતો પડયો ત્યાંથી તંબોળીની દુકાને જઇ કપુરવેલનાં પાકાં પાનનાં બીડાં બંધાવ્યાં. ત્યારે વિચાર્યું કે એ રશિયો છે કે મોજી તેની પ્રથમ મારી ખાત્રી કરૂં પછી એને મેહેલમાં લેઇ જાઉં, નહિ તો જેમ બે ફજેત થઇ, તેમજ હું ત્રીજી થઇશ પછી તે પછવાડે પછવાડે તેની ચરચા જોતી ચાલી તો તેણે સરૈયાની દુકાનેથી અત્તર અબીલ વિગેરે જોઇ તપાશીને લીધું અને છેલ્લે માળીની દુકાને આવી ફુલના હાર, ગજરા તોરા વિગેરે લઇને પોતાના

વીગેરે લઈને પોતાના ઘરની વાટ પકડી દાસીએ જોયું કે આ રંગીલો ખરો; એટલે પાછળ દોડી વાણીઆના હાથમાં પાનનાં બીડાં આપી ઝટ ખસી ગઈ ત્યારે તેણે તરત ફરીને દાસી માલતીના મ્હો સામુ જોઇ બોલ્યો-તું કાંઈ મ્હોટાની દાસી જણાય છે તને કદાચ ખબર હશે કે નગરશેઠના છોકરાએ બાર બાર વર્ષે ગામમાં અને ઘરમાં આજજ પહેલ વહેલો પગ મુક્યો છે. (જરા હસીને) દાસી ! હવે તું બોલ કે તે ચતુરશાહ આજે તારી સાથે કેમ આવી શકે ? આજે તેના ઘરમાં ઓચ્છવ થઇ રહયો છે શેઠ શાહુકારો તેને ત્યાં મળવાને આવે છે માટે તારી સાથે કાલે આવવાનું આ કોલ આપુ છું (હાથ ઉચક્યો) ને મારી વતી તારી બાઇને જઇ વીનવજે કે હુ એવો મુઢ નથી. કે તેની અમર્યાદ કરૂં (દાસી હાથ આપતી નથી, તેથી હાથ પાછો ખેંચીને) તું શાણી દેખાય છે એ અક્ષરમાં સમજીશ, એથી ઉલટી મારી ફજેતી ને તમારી હાંશી થશે.

દાસી માલતી—વાણીયા ! તને ખબર નથી કે હુ કોને ત્યાંથી આવી છું, પણ તેં મને એટલી તો ઓળખી કે હું કોઇ મ્હોટાની દાસી છું. આવ્યા સીવાય તારે બીજો આરો નથી. માટે મારૂ કહ્યું માન અને તારૂં ભલું ઇચ્છતો હોય તો મારી કેડે ચાલ્યો આવ ખાલી નવનું તેર શું કરવા વેતરે છે ? એટલું કહી દાસીએ પગલાં ભર્યાં.

વાણીયો—(હવે મનના કોડ મનમાં રહેવાના આતો ચાલી) અલી ઊભી રહે !-કરી તેને થોભાવીને ખીસામાં એક કોથળી મહોરોની ભરેલી કાઢી દાસીના હાથમાં આપે છે. આ લે અને મને જવા દે, અમો વાણીઆ ભાઇનું કામ નથી, માટે તું તારાં ગળગળીયાં કરની, અને મને છોડ ? એમાં તારૂ જાય છે શું ? કોઇ બીજાને શોધીને લેઇ ગયાં કયાં મારા ઉપરજ છાપ મરાવીને લાવી છું.

(દાસી માલતી તો અસરફી સામું જોતી પણ નથી ને કહે છે)—ડાહી માના દીકરા વાણીયા કહેવાય છે. પણ જરા કાલાઘેલા ખરાજ; તું આવીશ તોયે અવાશે નહિ આવીશ તોયે અવાશે, માટે હવે તારા આ વેલછાવેડા મેલી દે (એટલું કહી તેનો હાથ છંછેડે છે) જે કોઇ ભલી ભલાઇએ માનતા નથી તો સરજોરીયે એની મેળે ઠેકાણે આવે છે, માટે નકામી વાંકી આંગળી વળાવાશમાં તુ ખાત્રી રાખજે કે ત્યાં તારો વાંકો વાળ થવાનો નથી. તને ઉન્હો વા સરખો વાય નહિ-તેનો આ મારો કોલ લે. ? અમસ્થો શાને બીહી મરે છે.

પછી બન્ને આગળ પાછળ ચાલ્યાં જાય છે (દાસી) માલતી

ખાસ્સુ ઊગાડાને અંદર લેઇ ગઇ મેડીપર એક સેજ ઉપર ફુલની ચા-દર બીછાવી હતી, ત્યાં લેઇ જઇને વાણીઆને બેસાડયો. ત્યાં તેજનાની ઝુમખો બેહકી રહી છે. ખડકીમાંથી પવન ફડ ફડ આવે છે, અને ચાંદરણી છટકી રહી છે; એવામાં રાણી ચપળાક્ષી સોળે સંગાર સજીને ઝમઝુમ કરતી તેની સોડમાં આવીને બેઠી, એટલે દાસી માલતી ઉઠી મેડીથી નીચે ઉતરી ઓશરીમાં માંચી માંડીને બેઠી દાસી માલતીના ગયા કેડે બન્ને કસુંબો કાઢીને પીધો, મીઠાઇઓ ખાધી, બીડાં આ-પીને મુખવાસ કીધો, ને ચોરસ બાજી માંડી રમવા બેઠાં, રમતાં રમતાં ખુબ મસ્તાન થયાં ત્યારે બન્ને સેજ પાસે એક બીજાને સાચવતાં આવ્યાં, શય્યા એવી સપાટ બીછાવી હતી કે કયાંઇ ઢોળાવજ નહોતો, તેથી માથું કયાં ને પાંગથ કયાં તે દીસતુંજ નહોતું. વાણીયાએ વિ-ચાર્યું કે મારી પરિક્ષા વાસ્તે કર્યું છે તેથી ઝટ ગુંજામાંથી એક લીંબુ કહાડીને ફેંકયુ, તે ગબડી ગયું કે તેમના પગ કરીને બેઠો. ત્યારે રાણી ચપળાક્ષી ખોળામાં આવીને પડી. આમન સામન છાપા મારીને વાણીયે મર્યાદા તોડી. રંગભોગમાં કેટલી રાત ગઇ તે જણાઇ નહિ, અને તેઓ થાકયાં પાકયાં સુઇ ગયાં.

તે દિવસે રાજા સાહિત દોસ્તદાર ભાઇબંધોને સાથે લઇ બહાર ગોઠ કરવાને ગયો હતો, ત્યાંથી અમલમાં ઘેલો બની ઝુમમાં ને ઝુમમાં તે કયાં જાય છે તેનું ભાન નથી. માર્ગ બહુ લાંબો તેને દેખાવા લાગ્યો, ચાલતાં ચાલતાં અણમાનીતીના ને માનીતીના સામસામા બે મહેલ આવ્યા, અણમાનીતીના મહેલમાં કોઇ રાત્રીયે દીવો દીસતો નહોતો, ને આજ તે ઝગઝગાટ જોઇને ઘોડો તે તરફ વાળ્યો; ત્યારે પાસવાન બોલ્યો—મહારાજ ! આતો નવલખા બાગમાં અણમાનીતી રાણી ચપળાક્ષી રહે છે. રાજા સાહિત બોલ્યો—આજની રાત અહિંયાંજ ગા-ળીશું. એમ કહી ઘોડાને ફેરવી દરવાજામાં પેઠો. પેલી માલતી જે ઓશરીમાં બેઠી બેઠી ચોકી કરતી હતી, તે રાજા સાહીતને જોઇ ગભરાઇ ઉઠી. હાય હાય ! “ બાર વર્ષે વિવાહ તે હૈયા હોળી ” એટલે આજે બાર વર્ષે રાણીને પુરૂષ મલ્યો તે સુખમાં પણ સળો ? હાય ! હાય ! બાપડી હીણ કર્મીનો પડીયો કાણો, તો ખરેખર તેવોજ નીકળ્યો. સુળથી દુહાગણ તો છે તેમાં હવે શી વલે થશે ? રાણી ચપળાક્ષીની સોડમાં સોદાગર પડેલો છે ને રાજા ઉપર ધસ્યો જશે ત્યારે કેરજ થશે; તો હવે સરવેનો બચાવ કરવો મારે હાથ છે. એક પણ નકામી ખોઇ તો મહેલમાં સરવનું આવી બન્યું.

માલતી—ખમા ! ખમા ! બોલતી ઝટ રાજાની પાસે દોડી આ-

ની કહેવા લાગી, અહિં બિરાજો. એક આંખારૂં અને બીજો રાજાની આંખમાં નીરો, તેથી આ અવાજ રાજાના કાનમાં પડતાંને વાર તેણે આંખો ફાડીને સામું જોયું, હવે દાસી દીવો ટપકાવી આવીને બોલી ખમ્મા ! ધણી ! પૃથ્વીનાથ આપની જો આજ્ઞા હોય તો મેહેલપર જઇને મારી બાઇને જગાડું.

રાજા સાહિત—અહીં કોણ છે છોડી ?

દાસી માલતી—આતો નવ લખો મ્હેલ છે, અને માનીતી નો મ્હેલ તો એ રહ્યો.

રાજા સાહિત—આજ તો અહિંજ વાસો રહીશું.

દાસીમાલતી—(હાથ જોડીને) આપ અહિ કોઇ દિવસ પધાર્યાં નથી, અને આજ બાર બાર વર્ષ વિતી ગયાં તો તે દિવસનો મારી બાઇએ શૃંગાર કોઇ દિવસ પહેર્યાં નથી ને હજી પણ વસ્ત્ર અળગાં મેલી સુઇ ગયાં છે ને નિદ્રાવશમાં કેવા સુતાં હશે તે દેખી આપ તેના સામું પણ જોશો નહિ, ઘડી આપ થંભો તો મારી બાઇને દુહો કહીને જગાડું.

રાજા સાહિત—અરે છોડી ! સાચી વાત કહે હું ઘોડા સાહિત ત્યાં ઉભો તારો દુહો સાંભળું છું કે તું કેવો કહે છે.

એક પગ હેઠો અને બીજો પેગડામાં મેલ્યો. એક હાથે હોકો ધરી બીજા હાથ વડે માથું ટેકીને રાજા ત્યાંજ ઉભો રહયો. ને દાસી માલતી મોટા સ્વરથી બોલી:—

કડી ખટકી લગામની હણહણ્યો; કેકાણ
ચોકમાં મોજડી ચમકી સખી આવ્યા નાવ સુજાણ

રાજા સાહિત બોલ્યો—વાહ ! દાસી વાહ ? બડી ચતુર ને ! પછી તો સરીણુની ઝુમ લાગી તેમાં અરધી કલાક ગઇ ! રાજા ઉતર્યો, ત્યારે મહેલના દાદરા ઉપર ચડવા માંડયું ત્યારે (દાસી) માલતી ગભરાઇ કરીને બોલી.

દુહો——એક **કળી તેને દો ભમર દોનુકું લાગી પ્રીત,**
શી **વીતી ને શી વીતશે પગતરે ચડયો ખચીત**

પછી રાજાને રોકી કહ્યું પૃથ્વીનાથ ! મારી બાઇ હજી જાગતાં નહીં હુકમ હોય તો હું જગાડી સૃંગાર સજાવું, પછી આપ પધારવા લાજમ છો, રાણી સુતાં હોય ને રાજા જાય એ કાંઇ રાજાનો ધરમ નહિ, રાજા રાજવંશી રીતી પ્રમાણે પાછો રોકાયો ને માલતીને ઉપર જવાની રજા આપી.

આણીગમ રાજા સાહિતનું નામ સાંભળતા વારનેજ (રાણી)

ચપળાક્ષી ઝબકીને ઉઠી ને વાણિયાને ઉઠાડ્યો કે -રાજા પધાર્યા ? વાણિયાના તો ટાંગા ટુટવા માંડ્યા—કે મારી મારીને રાજાના ઘરમાંજ મેં પગ નાંખ્યો, ત્યારે જીવી જીવીને તે જીવવાનું કેટલું ? મોત મા થે ફેરા મારતું જણાય છે. તેના મ્હોં ઉપર રંગ છવાઇ ગયો, ઢંગતો બગડી ગયો, અને બાવરો બની મેલછા કરવા લાગ્યો રાણી ચપળાક્ષીએ વાણિયાને ધમકાવ્યો કે ખબરદાર ! તેં તરી વાત જાણી ! ને કાઇ બોહિનો તો ! (તેને તરવાર દેખાડીને)–હવે રાણી ચપળાક્ષીની સજ્યા ઉપરથી રોજ સવામણ ફુલ ઉતરતાં હતાં તેનો ઢગલો પડેલો છે, તેમાં વાણિયાને ઢાંકી ઢબોરાને ચુપચુપ પડી રહેવા કહ્યું. પછી રાણી ચપળાક્ષી સોળે શ્રંગાર સજીને બની ઠણીને સર્વે ઠેકાણે ઝાકઝમાળ કરી મેલ્યું પલંગના કસણ તાણ્યા ને રાજા સાહિતને તેડી લાવવાની દાસી માલતીને આજ્ઞા કરી.

(દાસી) માલતી હાથમાં મસાલ લઇને આગળ ચાલીને રાજા સાહિત પાછળથી ચડે છે, રાજા સાહિત માંહે આવીને પલંગ ઉપર બેઠો, રાણી ચપળાક્ષીએ તેની અર્ધ પાદ્ય પુજા કરી ચંદન ચર્ચ્યું; ફુલના હાર ગજરા પહેરાવ્યા. રાજા સાહિતના પાદ પ્રક્ષાલી ચર્ણોદક લેઇ માથે ચડાવીને પીધું પછી તેની આરતી ઉતારી મોતીએ વધાવ્યો. ત્યાર બાદ રાણી ચપળાક્ષીએ કસુંબો કહાડી પોતાને હાથે રાજા સાહિતને પાયો. તે ઉપર બરફી પેંડા મિઠાઇ આદિનો રંગ કર્યો. છેલ્લે તંબોળ આપીને પોતે પંખો લેઇને બાજુથી વાઢોળવાને ઉભી. રાણી ચપળાક્ષીની આટલી બધી સ્વામી સેવા જોઇને રાજા સાહિત ખુશ થઇ ગયો વળી આ માનીતી હીરણાક્ષીના મેહેલમાં કોઇ વેળા તેનો સારો સત્કાર થયેલો યાદ હતો નહિ. તેમ તે આના જેવી મર્યાદાશીલ અને ભાવિક નથી, એવી પુર્ણ તેની ખાતરી થઇ;તેથી તેને પોતાની ભૂલનો પસ્તાવો પ્રાપ્ત થયો. નિશાયે કરીને રાજા સાહિતનાડોળા લાલ ચોળ સરખા થઇ રહ્યા છે, તે ઝુકતે ઝુકતે બોલ્યો, અરે દાસી ચોસર બાજી લાવ ! ખેલીયે ! દેખીયે આજ રાણી ચપળાક્ષિની ચતુરાઇ ?

દાસી માલતીએ ત્યાં એક મ્હોટો વેલ બુટ્ટાનો બસરાઇ ગાલીચો બિછાવ્યો. સમી ગોઠવીને ત્યાં બાજી માંડી

હવે રાજા સાહિત હેઠે ઉતરી મસને ઓઠીગણ દઇનેબેઠા રાણી ચપળાક્ષી સામે આવીને બેઠી પણ તેના પેટમાં ડગડગો પેઠો કે રાજા સાહિતની નજર વાણીયાની સામે છે, તે રાજા સોગઠી મારશે ત્યારે તે ધ્રુજશે તો પછી અંતરપાટ ઉઘડી જશે. માટે પ્રથમથી કાંઇ યુક્તિ

કરતા ચાર રાણી ચપળાક્ષી હાથ જોડી લાવણ્યતા સાથે બોલી પ્રાણ-વલ્લભ ! મારા પ્રાણ પ્યારા-આપની હાથ મિલાવણી થયા પછી રકુ-ક્કિરીને બાર વરસમાં આજે ઇશ્વરની કૃપાથી સંસારનો લહાવો મળશે, આપ બેલતટ ખેલવા બેઠા છો સહી, પણ દાસીના દીલમાં એક અંદેશો આવે છે તે આપની આજ્ઞા હોય તો કહું.

રાજા સાહિત—તું બહુ શાણી છે, ચતુર છે, તારા દીલનો અંદેશો કહે ?

રાણી ચપળાક્ષી—પૃથ્વીનાથ ! આપની કુભ રાસ, તો આપની જન્મરાશ ચંદ્રમા છે ને આપ તેને પીઠ રાખી બેઠા છો, જોગણી સન્મૂખ છે, તો મને આપ જીતશો નહીં. પ્રથમ આજે આપ મહેલમાં પધાર્યા છો તો આપનો જય ને મારી હાર થાય તો સારી વાત.

રાજા સાહિત—(હસીને) રાણીજી ! શું તું ટીપણું ભણી છે તે રાણી ચપળાક્ષીએ કહ્યું કે હા. ત્યારે રાજા કહે કે એવી વાતમાં આટલી ગ્લાની શું કરે છે ? આટલું બોલી રાજા બેઠે ભાવે ઉઠીને સાંમેની બાજુએ આવી બેઠા, તેને ઓઠીગણને વાસ્તે રાણી ચપળાક્ષીએ મશરૂનો તકીયો લાવી મેલ્યો. પછી રાણી ચપળાક્ષી તેના ચરિત્રમાં નિર્વિઘ્ને પાર પડી. તેથી મનમાં ખુશી થઇને રાજા સાહિતની સામે વાણિયાની તરફ મ્હોં રાખીને બેઠી. રમત ચાલી તેમાં રાજા સાહિતના દાવ ઉપર દાવ પડે છે રાણી ચપળાક્ષીની સોગઠી મારતાં રાજા સાહિત ઉપરાચાપરી-મારી ! મારી ! કરી પોકારી ઉઠે છે. રાત ભાગી થઇ છે, ને વળી ફરતી બાહાર આવી રહી છે. તેમાં પડઘા ગાજી રહ્યા છે, તેથી એનો વાણીયો ફુલમાં સીકડાઇને બેઠા હતો તે બીહીને સણુ-સણવાથી ધ્રુજવા લાગ્યો, તેથી ફુલો ખરી નીચે પડયાં; તે જોઇને રાણી ચપળાક્ષી (મનમાં) આજે તો ગજબ કર્યો ને ! રખેને કાંઇ ફેર થાય ! એને ધીરજ આપવી જોઇએ: પણ બોલાય કેમ ! વારૂ સમસ્યામાં સમજાવું:—

દુહો—ભમર કાચી કળીમાં લપટાયો, હવે થરથર કંપે કાં;
અમૃતનો રસ ભોગવી, મરણું ભાગો ડરે કાં ?

રાણી ચપળાક્ષીની વાણી સાંભળી સોદાગર સમજીને પાછો છા-નોમાનો બેસી રહયો. રાજા સાહીતને આનો મર્મ નહી સમજાયાથી તેને વહેમ પડયો તેથી બોલ્યો જે રાણીજી આ ધાવ શું કારણ ઉપરકહો

ચપળાક્ષી રાણી—પૃથ્વીનાથ (ગળામાંનો હાર દેખાડીને) મારા કોટમાં હાર છે, ઉદરમાં કમળ છે, ને કમાનમાં ભમર છે. એ આ

છાતી ઉપર આવ્યો તે કંપી ઉઠયો કે જ્યારે રાજા રાણીની છાતી ઉપર હાથ નાંખશે, ત્યારે મરી જઇશ, પછી ચતુરાઇ વાપરીને આગળ બોલે છે જે તે ભમર મારી છાતી ઉપર રહી મહાદેવની પ્રાર્થના કરે છે કે અંતને સમયે મારૂ રક્ષણ કરે. તેને અભય આપીને મહાદેવે મસ્તકે ચઢાવી ઠેઠ ગંગાદ્વારે સ્થાપ્યો છે. આવા અચળ આસનપર તેનાથી નિરાંતે બેસાતુ નથી, તેથી તે ત્યાં ધુન્ચ્યા કરે છે, કારણ કે રાજા સાહિતના હસ્ત કમળની પૂજા મહાદેવને ચડશે, ત્યારે તે બિચારાની મહેનત ધોવાઇ જશે,

અર્થાત મારા સ્તનરૂપી મહાદેવના ઉપર તે આવી ગયો છે. અને બહાર નીકળવા સારૂ તે ફુલમાં રહી સણુસણાટ અને ગુંજારવા કરે છે, તથા પ્રાર્થના કરે છેકે હવે આ બંધથી છોડાવે. સ્તનને મથાળે ફરતું કાળું ધાબું તે મહાદેવની જટા, ને તે ઉપર દુધ નીકળવાની દિંટડી તે ગંગાદ્વાર. રાજા ભક્ત થઇને આવ્યો છે એટલે રાજા સાહિતને અંગેઅંગ કામ વ્યાપી રહયો છે, તે સ્તન મર્દન કરશે, તેથી છાતીએ ચોપડેલુ ચંદન ઉખડી જવાનું અને ફુલ દબાણમાં આવેથી ચોળાઇ જવાનું—તેમાં ભમરો મરશેજ.

રાજા સાહિતના લક્ષમાં આનો છાંયો કાંઇક પડવાથી તેણે કહ્યું કે હારને દુર કર. ત્યારે રાણીએ હાર કાહાડીને ખીંટીએ લટકાવ્યો પછી હસ્તી હસ્તી આવી, રાજાની સોડમાં વૃક્ષવેલીની માફક બેઠી. આલિંગન દેઇ ચુંબન કરતામાં રાજાની નજર રાણીના ગાલ ઉપર પડી, તેથી તરછોડીને ક્રોધ કરી મિયાનમાંથી તરવાર કાઢીને " કુતી ! આ ન્હોર ક્યાં પાડી આવી છે ? " રાજાનો નિશો પણ ઉતરીને સુમારે આવ્યોછે તેથી રાણી ચપળાક્ષી આગળ ને રાજા સાહિત તરવાર લેઇને વાંસે દોટયો, એટલે ચતુર દાસી માલતી (મનમાં) આણે તો ઘર ઘાલ્યું તો—એવું વિચારીને વચમાં પડીને બોલી:—

માર માર સાર તો મરે, મુજ વારતાં ગઇતી પરે;
નાના કરતાં આવી ધસી, ને કમળ લેતે ભમરે ડસી.

હે રાજા સાહિત ? આજે ઉકળાટ બહુ થતો હતો (તેથી ફુલના ઢગલા તરફ હાથ લાંબો કરીને) પરામાં સરોવર કાંઠે દેવી સ્નાન કરવા ગયાં, ત્યાં કમળ ઉગેલાં જોઇને રાણી ચપળાક્ષીએ મને ફુલ તોડવા કહ્યું. મેં ના કહી કે બાઇ ? ભમર નીકળે તો કરડી ખાય ત્યારે પોતે જઇને નલિનમાંથી ફુલ તોડયાં, તે મે ઘણું એ વાર્યા પણ સાંભળેજ શેનાં ? તેટલામાં ભમરો ઉડતો ઉડતો આવી રાણીના ગાલને કમળ સમજી તેનાપર જઇને બેઠો. રાણીએ ઓટનાદી મુખમો-

દાર ઔષધથી મર્દન કરીહતી, તેની પ્રેમળમાં તેણે ભેળવાઇને ડંખમાર્યો માટે રાણીનેહસારી પેડે મારો તો ફરીને મારૂં વાર્યું માનશે.

દાસીની આવી મનોરંજક વાત સાંભળીને રાજા ખુશી થઇને ઓશિયાળો થઇ ઉભો ને રાણી ખડખડ હશી પડી. રાજાએ પોતાના હાથનાં પોંચી સાંકળા વિગેરે ઉતારી દાસીને શિરપાવમાં આપ્યાં, તે લઇને દાસી ચાલી ગઇ. ને રાજા રાણીએ બાકી રહેલી રાત પ્રેમયુદ્ધથી સજ્યાસુખમાં પૂરી કીધી !

અણમાનીતી ચપળાક્ષીના નવલખા મેહેલમાં શું શું દુહા બોલાયા તે પેલી માનિતી હીરણાક્ષીએ સર્વે સાંભળ્યા, અને ત્યાંનો સઘળો ઓચ્છવ જોયો તે તેનાથી ખમી શકાયું નહિ, તેથી પરોઢિયે બારીએ બેઠી બેઠી બોલે છે. બારે વર્ષે ગોદાવરી આવી તેમાં શી મલકાતી હસે હેમ અગાડીના દિવસ વીસારી મૂક્યા કે ? ઝુરી ઝુરીને કષ્ટવત થઇ ગયેલી હાડમાળીને તો ઝંખતી નથી. આજે રાજા મધપાનના આવેશમાં માર્ગ ભૂલ્યો, તો ને મહેલમાં ગયો નહિ તો મારે ત્યાંજ આવનાર હતો—એમ મનસુ વાત કરીને દુહો બોલી:—

દુહો—આંબો ફુળે પરવાર થકી, મવડ ફુળે પત્ત ખોઇ,
રસ જે કો પિયે ઉસમેં, અક્કલ કહાંસે હોય.

શોકનાં કંઠાર વેણ સાંભળી રાણીની છાતી ભરાઇ આવી આંખમાં આંસુ લાવી ડુસકાં ખાતી બોલી કે પૃથ્વીનાથ ! શોક્યનાં મેણાં ખાવાં પડે છે તે સાંભળ્યાં ? પોતે ગર્વ કરી આંબો બની છે અને મને તુચ્છ મહુડો ગણી કહાડે છે અને તમે જે હમારો રસ પિવો તેને મૂર્ખને તોલે ઠરાવે છે. કહો તો જવાબ આપું પછી વગતે દુહો બોલી—

દુહો—હું બલિહારી ઉન રૂંખડા, જેને ફુળે દીવા બલંત;
પાને ઘેબર નીપજે, મને મારો રૂડો નાવ મિલંત.

રાણી ચપળાક્ષીનું ડહાપણ અને તેનો ભાવ જોઇને રાજા તેના ઉપર મોહિત થઇ ગયો, ને તેને છાતી સરસી ચાંપી ગોદમાં લઇને તેનું સમાધાન કર્યું.

હવે રાત્રીને દિસે પેલા વાણીઆએ બજારમાં ખરીદ કરેલો સામાન વાણોતર સાથે મોકલાવ્યો. તેણે ઘેર જઇ સ્ત્રી પ્રેમમતીને સોંપીને કહ્યું કે શેઠ જરા ચોકમાં ગયા છે. તે હમણાં આવતાં હશે, શેઠાણી પ્રેમમતીએ સપાટા સાથે બત્રીશી રસોઇ બનાવી, તેત્રીસાં શાક વઘાર્યાં. ઘણે વર્ષે તેનો વર મુસાફરી કરીને તે દહાડે આવ્યો છે. નહાવાને

સાર ઉન્હાં પાણી મૂક્યાં છે રસોઇના ઘરમાં રંગોળી ચિત્રી છે અગરબતિયો સળગાવી છે; ખાને ખાને સુશોભિત રંગેલા પાટલા મૂક્યા છે. તેની પાસે લહેજતદાર થંડા પાણી ભરી લોટા લોટી ઉપરા છાપરી ગોઠવ્યા છે. તેની સામે બાજઠપર રૂપાની થાળમાં પકવાનાદિ પીરશી તૈયાર કરી મોકલ્યાં છે કે રખેને ધણી આવે ને વાર લાગે. ઘણીવાર થઇને ધણી આવ્યો નહિ, ત્યારે ઉચ્ચાટ કરતી ઘડીએ તે બહાર આવી અટારીએથી જુવે છે, અને પાછી ઘરમાં જાય છે. કારણ કે ચૂલા ઉપર કાંઇ બળી જાય નહિ. આમ ફેરાઆંટા ખાતાં ખાતાં તેના હાથ પગ થાકી ગયા ચૌટામાં ખબર કાઢવાને માણસો મોકલ્યાં હતાં, તેઓ પણ નિરાશ થઇને પાછા આવ્યા. અમારો શેઠ-તમારો ધણી, ઇશ્વર જાણે કયાં ગૂમ થઇ ગયા છે ! અમે શોધી શોધીને સઘળે થાકયા. બારે વર્ષે શેઠ આવ્યા, તેથી રખેને રસ્તો ભૂલ્યા હોય ! તેથી ફરી વળ્યામાં હમે કશી બાકી રાખી નથી. અંતે રસ્તામાં લોકોની આવજા બંધ પડી, કોઇ હરતું ફરતું દેખાતું નથી, રાત પાછલી પહોર રહી પણ શેઠ આવ્યા નહિ અને આવવાની આશા પણ પળે પળે ઓછી થઇ ત્યારે સર્વના મનમાં કુતર્ક ઉત્પન્ન થવા લાગ્યા. આખરે અબળા તે અબળાજ ! આ બધું સાંભળીને અને જોઇને તેની છાતિએ ધીરજ તુટી ગઇ ને એકદમ પોક મેલી રડી ઉઠી કલ્પાંત કરવા લાગી અંતે વાણું વાયું, ત્યારે તેને સુઝ્યું કે આની ખબર રાજા સાહિતને કરવી અને તે મારે જાતેજ જઇને કરવી જોઇએ. મને અબળા જાણીને તેના મનમાં રહેમ આવશે તો ધાવ પહોંચાડશે. એવું વીચારી પંડે મહા પોકાર કરતી ભોંય ઉપર શરીર પછાડતી રાજાના મહેલ આગળ આવી તે વેળા રાજા સાહિત એ ટલેએસીને દંતધાવન કરતો હતો. અને રાણી અને રાણી ચપળાક્ષી તેની પાસ ઉભી રહીને પાણી આપતી હતી. તેની નજર પેલી હાય પીટ કરતી આવતી તરૂણીપર પડી કે રાણીએ તરત ઓળખી લીધી-જે રખે આ વાણીઆની સ્ત્રી હોય ! તેના ધણીનો આખી રાતનો વિયોગ પડયાથી એણે પાંપણ પણ મેળવી નથી, પણ એ ચતુર નારી જણાય છે, તેથી હવે એને સમસ્યામાં ચેતાવું. જેથી તે પોતાનો સઘળો શોક મૂકીને પછી ઘેર જાય. અને કદાચ રાજા પુછે તો એને જે કહેવાનું હોય તે ફેરવી નાંખે:—

દુહો—હે ભમરી તું કાં રૂદન કરે, તારો મધુકર મુવો ન જાણ
મોહ ફાટે પગરણ ભયે તેરા મધુકર મિલેગા આણ

અર્થાત્ કે:—બાઇ તું કાં રૂએ છે ? તારો ધણી મુવો ન જા

છુ; પણ પહોર દિવસ પછી જ્યારે રાજા સાહિત કચેરીમાં જશે, ત્યાર પછી છોડી મેલીશ તે તારે ઘેર આવશે.

રાણી ચપળાક્ષીની વાણી સાંભળીને તે પાછી ગઇ કે પાણી અહીંજ મુવાં છે. મારી શોક રાણીએજ મારા ધણીને ઘાલેલા છે. હવે ચિંતા નથી. હું એમની એમ પાછી જાઉં એ ઠીક નહિ. રાણીએ શું જાણે કે વાણીયાં પણ કેવાં હોય છે. માટે બે શુકન કહેવાં તો ખરાં. પછી પ્રેમમતી બોલી:-

દુહો—ન માર્યો હોય તો મારજે, એ નર એંડા શવાય;
જીન ઘર કસ્તુરી નિપજે, એનું મન ધંતુરે જાય.

અર્થાત—હે રાણી ! જો એને તેં ના માર્યો હોય તો મારજે કારણ જેને ઘેર હું કસ્તુરી જેવી છું, તેનો ધણી તારા જેવી ધંતુરાને સુંઘવા કેમ ગયો ?

રાજા સાહિત આ તમાસો જોઇને કહે છે:- રાણી શું કહ્યું ? તમે એને ને એ તમને શું કહેતી ગઇ, પણ આમાં કાંઇ ભેદ છે, એ સ્ત્રી રડતી આવિતી તેણે શુ કહ્યું અને પછી કેમ ગઇ ?

ત્યારે રાણી ચપળાક્ષી હસીને બોલી કે મારે તેને કહેવાનું હાયશુ ? કોઇકનું સબંધી મરી ગયું હોય ને રડે તેમાં મને શુ હોય ! પણ મેં તો કાલે જે ભમરો મારા હાથમાં ગુંથાયો છે, તેની આ ભમરી તમારા માથાપર ભમ્યા કરે છે, તેને કહ્યું કે હવે તુ શાને બણબણતી રૂદન કરે છે ! તારો ધણી ભમરો મુઓ નથી પણ કમળમાં કેદ પડેલો છે તે હમણાં સુરજ ઊગશે ને કમળ ખીલશે, ત્યારે છુટીને આપોઆપ તને આવી મળશે.

રાજા સાહિત તો આ રાણી ચપળાક્ષીની વાત સાંભળીને સમજ્યો કે રાણી બડિ રંગીલી અને ખબરદાર છે, કે હરેક જંતુને પણ સલાહ અને સુખ આપે છે. પછી તે નીત્ય નીયમ કરીને સમય થયો, ત્યારે દરબારમાં જવા નીકળ્યો તે વેળા રાણી ચપળાક્ષિ આવી છેડો પકડિ બોલિ—હમણાં હુ જવા નહિ દઊં ! દઇવ જોગે પારસ હાથે આવ્યો તેને હુ હવે વહીલો મુકનાર નથી રાણી ચપળાક્ષિનો આવો અપુર્વ પ્રેમ જોઇને રાજાએ નિત તેના મેહેલમાં આવવાનો કોલ આપ્યો એટલુજ નહિ, પણ ખજાનાનિ કુચીઓ વગેરે મંગાવિને તેને સોંપી.

રાજા સાહિતના ગયા કેડે રાણી ચપળાક્ષિએ વ્હેવારિયાને બહાર કાઢ્યો. આખી રાત ફુલમાં પડિ રહેવાથી તેના હાથ પગ વળી

ગયેલા જોઇ તેને તેલ ફુલેલાદિ ચોળિ નવરાવિ ધોવરાવિ—નવાં વસ્ત્રાભુષણ આપી નીચે સુધિ વળાવિને કહ્યું કે—મ્હેહારીયાજી હવેથી આ મ્હેલ તરફ કોઇ દિવસ જોશો નહિ ને જે વાત બની તે યાદ કરશો નહી.

ઠાકોર પ્રેમસિંહ અને સજીવન કરેલી તેની સ્ત્રી રૂપસુંદરિ.

चलत्कटिनिपुरगंजुघोषा । नासाढग्रमुक्तानयनाभिरामा ॥
नसोवितोयेनलुंजरावेणी । वृथागततंस्यनरस्यजीवितम् ॥

અર્થ—જેની પાતળી કમર છે, પગનાં ઝાંઝરનો ઝણકાર થઇ રહયો છે, નેત્રાભિરામ તથા નાકે મોતિની વાળી નથની સાથે સોભા આપી રહી છે, માથાના કેસ જાણે ફણીધર (પન્નગ) શીરપર ઝુલતો હોયની! એવી પ્રિયા જેણે સેવી નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

એક નાના સરખા સાહિતપુર ગામમાં પ્રેમસિંહ કરીને એક ઠાકોર રહેતો હતો, તેને તેની સ્ત્રી રૂપસુંદરી વચ્ચે ઘણો પ્રેમ હતો. તેઓને એના સીવાય દુનિયામાં ત્રીજા કોઈ પણ સાથે સંસર્ગ નહી હતો ઠાકોર પ્રેમસીંહ પોતાની સ્ત્રી રૂપસુંદરીને એટલો તો ચાહતો હતો કે તેને પોતાના દીવાનખાનામાંથી અળગી કરી જરા પણ વિયોગે સ્વાધીન થઇ શકતો નહી. તે પોતાના જાન કરતાં પણ પ્યારીને વધારે ગણતો. જેમકે:—

સારંગે સારંગ અહયો, સારંગ આયો ધાય;
મનકો સારંગ મેં રહું દિલમાં સારંગ જાય.

પણ તેમની પ્રીતિ ઝાઝા દીવસ સુધી વિશેષ રહી નહિ. તેમના સુખમાં ઇશ્વરે એક મ્હોટો દુઃખનો પહાડ નાંખ્યો. અને રજપુતાણી રૂપસુદરી બીમાર પડીને સ્વર્ગ સ્વાધીન થઇ. પોતાની પ્યારી સ્ત્રી રૂપસુદરીના મરણનો જખમ ઠાકોર પ્રેમસિહના દિલમાં એવો વાગ્યો કે તે ઘડી સુધી બેશુદ્ધ રહગો. લોકો પોક મેલતા આસપાસથી ભરાયા અને રૂપસુદરીને બાળી નાખવાને લેઇ જવાના ઇરાદાથી વાંસ દુણી વગેરે મગાવ્યાં. ત્યારે ઠાકોર પ્રેમસિહના મનમાં જૂદા જૂદા તર્ક થવા લાગ્યા કે હાય ! હાય ! શું મારી વહાલી રૂપસુંદરીને બાળી નાંખશે ! પછી તેણે પોતાની સ્ત્રી રૂપસુદરીને એકદમ ખાંધ ઉપર ઉઠાવી અને રૂપાટાબંધ દોટ મુકી, તેથી થોડી

વારમાં તે ક્યાં ગયો તેની કોઇને ખબર પડી નહી. તે રાતની મો-
ટી ઝડી વટાવીને બેભાનમાંજ એક મ્હોટા પહાડ ઉપર ચડી ગયો,
અને એક શીખર આગળ આખાના વસ્ત્ર હેઠે રૂપસુંદરીનું મડદું વિ-
સામી તે સાથે પોતે બળી મરવાનો વીચાર કર્યો, તેના આખા મ્હોં
ઉપર દિલગીરી છવાઇ રહી. તેની લાલ આંખો ઇશ્વરના અકાશી વાદ
ળાં તરફ ક્રોધથી ફરકતી હતી. આ વખતે તેની ખુબસુરતીએ પો-
તાનુ રૂપ ફેરવી તેને ભયંકર રાક્ષસ જેવો બનાવી દીધો હતો. તેણે
બળી મરવાનાજ ઇરાદે પહાડ ઉપરથી સુકાં સુકાંલાકડાં વીણી લા-
વી ખડકલો કર્યો, અને તેની ચિતા ખડકી પછી પોતાની સ્ત્રી રૂપ
સુંદરીને લઇને પોતે અંદર સુઇને જેવો દેવતા સળગાવે છે એટલામાં
" હાં—હાં " એમ મોટો અવાજ તેને કાને પડ્યો; ત્યારે તે ફરી
ચમક્યો કે પાછુ અહીં કોણ અટકાવવા સારૂ આ શું છે ? તે આસ
પાસ જોવા લાગ્યો તો તેની સરત એક મ્હોટા દીગંબર જોગીરાજની
સામે પડી. જોગીરાજે પાસે આવી પુછ્યું છે ! કે બચ્ચા ક્યા કર-
તાહૈ ! ઠાકોર પ્રેમસિંહ કહે—મહારાજ બળી મરૂ છુ. જોગી કહે ક્યા
સબબ ? પછી પ્રેમસિંહ ચોધારે રૂદન કરીને પોતાની સઘળી વાત
કહી; તે સાંભળી જોગી બોલ્યો—બચ્ચા તેરા સચ્ચા પ્રેમ હૈ કે કુચ્છ
જો સચ્ચા પ્રેમ હોવે તો યે પાણીકી અંજલી ઉસકેઉપર છાંટ; ઓર
તેરી આધી ઉમ્મર ઉસકુ બક્ષીસ કર.

વાંચનાર ! જે પોતાની સ્ત્રીના મરણથી એકાએક ગાંડો થઇ
આ દુનીયાનું સઘળું સુખ ત્યાગ કરી તેની સાથે બળી મરવાનો ઇરા
દો કરતો હતો, તેને પોતાની મૃત સ્ત્રી સજીવન થાય એવો ઉપચાર
અચાનક હાથમાં આવ્યો, ત્યારે તેને કેટલી ખુશી ઉત્પન્ન થવી
જોઇએ ! તે એકદમ ચીતામાંથી ઉઠયો અને જટાધારીને પગે પડ્યો.
બાવાએ મંત્રીને તેના હાથમાં એક ખોબો પાણી આપ્યુ અને
તેના ઉપર છાંટવાને કહી પોતે અદ્રશ્ય થયો. જ્યાં તેણે પાણી છાંટયું.
કે પેલીસ્ત્રી રૂપસુંદરી અખંડ જોતની મિશાલે ઉઠીને બેઠી થઇ
અને પોતાની નાગના જેવી વીખરાએલી વીશાળ વેણી હાથ
માં લઇને પુછેછે જે સ્વામીનાથ ? હું અહીં ક્યાંથી? તમે કોઇપણ
દીવસ મને તમારા દીવાનખાનાની બહાર સુર્યનુ કીરણ સરખું જોવા
દીધું નથી અને આજે આ ભયંકર પહાડ ઉપર ખુલ્લા આશમાન-
ની વચ્ચે કેમ આણી છે? પ્રેમસીંહ બોલ્યો —પ્યારી માથુ દુઃખુ. ગભ-
રાઇશ નહી; હીમ્મત પકડ, હમણાં હું તને જે વાત કહીશ તે તારા

માનવામાં નહી આવે. પ્યારી ! તું તો મરી ગઇ હતી, અને બાળી નાખવા લઇ જવાને સગાંઓ વીચાર કરતા હતા, એટલામાં હુ તાર મડદુ લઇને જુસ્સાભેર અહીં નાસી આવ્યો ને તારા પ્રેમની ખાતર તારી સાથેજ મેં અહીં બળી મરવાનો ઠરાવ કર્યો જે મેં આ લાકડાં ખડકયાં છે (લાકડાં તરફ આંગળી કરીને) તે તેટલાજ માટે હતાં. પણ એટલામાં એક મહા પ્રતાપી અવધુત જોગીએ મને અટકાવ્યો અને એક પાણીની અંજળી ભરી આપી તારા ઉપર છાંટવાને કહ્યુ ને પોતે અલોપ થઇ ગયો. મે તે પ્રમાણે કરયુ કે તુ બેઠી થઇશ્રુ પ્યારી ! મે તારા પ્યારને ખાતર બાવાના કહેવાથી મારી અરધી ઉમર તને બક્ષીસ કરી છે. ઠાકોર પ્રેમસીંહની વાત રૂપસુદરીને સઘળી રીતુર જેવી લાગી ને પોતે નિદ્રામાંથી જાગૃત થઇ હોય તેમ જાણ્યુ. પણ પતી તેને શા ઇરાદાથી અહી લાવ્યો હશે તે વીશે જૂદા જુદા તર્ક કરવા લાગી. અને તેમાં તેની બુદ્ધી ફરી. તેનુ મન જે આજ દીન સુધી તેનેજ ચહાતુ હતુ. તે તેણે બીજી તરફ ઉછાળા મારવા મંડયા અને તેને ધણી ધણો જુદો ને પાખંડી દીસવા લાગ્યો. પણ ભોળો પતી જે તેના પ્રેમમાં ડુબેલો હતો તેને તેની કાંઇ ખબર પડી નહી, તેણે પોતાની સ્ત્રી રૂપસુદરીને કહ્યુ પ્યારી ! હુ શ્રમથી થાકી ગયો છુ, માટે મને તારા ખોળાના સુખાસનમાં જરા શીર મુકી આરામ કરવા દે. એમ કહી તે તેના ખોળામાં સુતો, અને શ્રમથી થાકિ ગયેલો હોવાથી અને પોતાનીજ પ્યારી રૂપસુદરીના ખોળામાં સુવાના સુખની ઓરાજ લહેજતથી તેને તરત નિદ્રા આવી. રૂપસુદરીને બાળવા લેઇ જવાને માટે તેને એક ઝીણુ મલમલનુ કપડુ પહેરાવ્યુ હતુ, તથા તેના નાગરૂપી ચોટલામાં થોડાંક છુટાં છુટાં ફુલ ગુથ્યાં હતાં, તેની સુગંધથી ભમરોનુ ટોળુ કમળ ઉપર જતુ ભુલાઇને તેના માથા ઉપર છત્ર કરીને બણબણવા લાગ્યુ. તેથી તે તેમના તરફ હપીને જુવેછે, એટલામાં તેના દાડમના દાણા જેવાં દાંત જરા જરા બહાર દેખાયા. તે દેખીને એક પોપટ ઠગાયો, અને તેના હોઠઉપર દાડમ જાણીને ચંચ મારી ગયો તે રૂપે કરીને પહાડનાં ઉપર સુંદર વનદેવીના જેવી વીરાજતી હતી. એટલામાં કોઇ સુલતાનબેગ કરીને શાહ્જાદો શિકાર રમવાને નીકળેલો તે ત્યાં આવી ચઢયો. તેની અને રૂપસુંદરીની નજર એક થઇ. સુલતાનબેગ જાતેચતુર હતો તોપણુ આને કોઇ રંભા હશે,કે મૃત્યુલોકની સ્ત્રીહશે, એમપારખવાને તેને કાંઈપણ સાધન જડયુ નહી. તેણે શીઘ્રરતે આગળ જવા દીધો

અને પુતળાની માફક પેલી સ્ત્રીના સન્મુખ ઉભો રહ્યો. જે કામદેવને કવીઓ કહે છે કે પેલા સ્મશાનવાસી મહાદેવે બાળી નાખ્યો છે- તેઆ વખતે સજીવન થયો. શાહજાદો હરણને મારવા માટે પોતાની પાસે જે બાણ હતું તે વાપરવું ભુલી ગયે; પણ હીરણાક્ષીને મારવાને પોતાનું નેણરૂપી વક્ર બાણ છોડયું. રજપૂતાણીએ પોતાની પ્રેમરૂપી ઢાલથી તે ઝાલી લીધું, અને આશકને મળવાને જે સ્ત્રી આતુર હોય ને જેને કવીઓ મુદીતા નાયકા કહે છે. તે રૂપ તેનામાં પ્રગટ થયું શરમથી અને પેલો સુતેલો માણસ સાંભળે તેથી તેઓ મ્હોડેથી તો ચુપ રહ્યા, પણ તેમના હાથ ને નેત્ર ચુપ રહ્યાં નહી. સુલતાન બેગે સાન કરી કે તેણે પોતાના પતિનું માથું જાળવીને એક પત્થરની શીલા ઉપર અડાડી દીધું, અને સુલતાનબેગ સાથે ઘોડાઉપર બેસી તેના શહેરમાં રવાનેથઇ.

પતિ પાસું ફેરવવા ગયો કે પેલી શીલાનો કકડો ગગડી હેઠો પડયો, તેથી તેનું માથું નીચે પછડાઇ તેમાંથી લોહી નીકળ્યું તે જાગી ઉઠયો, ને જુવે છે તો પોતાની સ્ત્રી રૂપસુંદરી મળે નહીં ! તેથી વી લાપ કરવા લાગ્યો ! પછી તે પોતાની સ્ત્રી રૂપસુંદરીની શોધ કરવાને ચાલ્યો. તે ફરતો ફરતો બે વર્ષે જે શાહજાદો સુલતાનબેગ તેની સ્ત્રી રૂપસુંદરીની હરણ કરી ગયો હતો ત્યાં ગયો, ત્યાં તેને ખબર થઇ કે શાહજાદો સુલતાનબેગ કોઇ ખુબસુરત રૂપસુંદરી નામની સ્ત્રી દપટાવી લાવ્યો છે. તે પોતાનીજ હશે એમ તેને લાગવાથી તેણે અજીતબેગ બાદશાહ પાસે જઇ ફરીયાદ કરી. અજીતબેગ બાદશાહે સુલતાનબેગ શાહજાદાને બોલાવ્યો. ત્યારે સુલતાનબેગ શાહજાદાએ તેના પતીને હસી કહાડયો, જે પ્રેમ વીના પ્યારી થાય નહિ. આની સુરત જુવો (તેનું રૂપ વિયોગથી બળી ગયું હતું) ને પછી એની જુવો. તે એની સ્ત્રી રૂપસુંદરી કયાંથી ? તેતો ઇંદ્રની રંભાના જેવી રૂપવાન છે. તેને આવા પુરૂષને માટે ઇશ્વરે ઘડી હોય એમ તમે દરિઆફ્ કરશો તો તે સૃષ્ટિ નિયમથી પણઉલટું થશે. તેને મેં મારી પટરાણી કરીને સ્થાપી છે ને મહેલમાં દાખલ કરી છે, ત્યાંથી મર્યાદ તોડીને બાહેર બોલાવાય નહિ । તે સાંભળી પેલા પ્રેમસિંહ દુખીયા રજપુતે ઘણી તકરાર કરી પણ તે બધુ ઘુળ ઉપર લીંપણની પેઠે વૃથા ગયું. ત્યારે અંતે મ્હોટો ઘાંટો કાઢીને કહ્યું—અજીતબેગ પાદશાહ તમે ખરેજ ન્યાયી હો. તો મને બાયડી જોઇતી નથી. પણ મેં જે તેને મારી અમૂલ્ય અર્ધ ઉમ્મર બક્ષી છે તે પાછી અપાવો ! આ સાંભળીને બધા હસ્યા, પણ પેલાએ

તો જકજ લીધી. ત્યારે સુલતાનબેગ શાહજાદો કહે—ભાઇ ! તારી એક પણ ચીજ હમારે હરામ છે. દુખિયો કહે મારે તેની કે તમારી સાથે કાંઇ વેર નથી, પણ તે મારી સ્ત્રી રૂપસુંદરી સાથે સહાયના છુટા છેડા થતી વખતે મને એક વારજ તેણે મેળો કરવા દો, ને એટલુંજ તેને બોલાવો કે " જે તેં મને તારી અર્ધી ઉમ્મર બક્ષી છે તે જા પાછી આપી " તો બસ છે. અને પછીથી તમારા રાજ્યમાં એક પળવાર પણ ઉભો રહી તમને તસ્દી આપીશ નહીં તે સાંભળી અજીતબેગ બાદશાને તેના વચનથી કેટલીક અસર થઇ, અને તેની યોગ્ય સરત ન્યાયના આધારે કબુલ કરવી પડી. તેણે શાહજાદા સુલતાનબેગવાળી સ્ત્રીને મેહેલમાંથી બોલાવી. તે મોરની બીશાલે આવી હસતી હસતી બોલી કે હે પરદેશી તું કોણ છે, તે હું જાણુતી નથી. છતાં તું બીજાની સ્ત્રીનું ચીત્ત વેધરૂપ સાંભળી ગાંડો થયો છે શું ? પ્રેમસીંહ ઠાકોર તેના બોલવાના વચન ઉપરથી જાણ્યું કે સ્ત્રી મારી તો ખરી પણ, વંઠી ગઇ છે. તેને ઉમ્મર પાછી આપવાનું કહ્યું. તેવીજ તે બોલી કે મૂરખ ઉમ્મરતે કયાંઇ અપાવી હશે પણ તું ગાંડો થયો છે તારા જેવા કુતરાઓની તો હું પરવા કરતી નથી, તો પણ જ્યારે અજીતબેગ બાદશાહનો તારે આગ્રહ છે તો કહું છું કે ' તેં મને તારી અર્ધી ઉમ્મર બક્ષી હોય તો તે પાછી લે ! તેટલું સાંભળી તેના પતી ચાલતો થયો પણ પેલી સ્ત્રી રૂપસુંદરી ખમ લેઇ મુડદુ થઇને પડી ! ! તે વખતે ભરાએલી સઘળી સભા વિસ્મય થઇ, પણ પેલા દુખી પતીએ આ દેખાવ જોયો નહીં; કારણ કે તે ત્યાંથી નીકળી ગયો હતો તેમની ખબર રાજાને મળીજ નહીં,

આ દેખાવ જોઇને પેલા સુલતાનબેગ શાહજાદાની આંખમાંથી લોહીના આંસુ પડયાં. જેને બે વરસથી પોતાની પ્યારી અને ઇમાનદાર સ્ત્રી ગણુતો તેની બેવફાઇ ઉપર તિરસ્કાર છુટયાથી તે તેના મડદા તરફ હવે નજર પણ કર્યા સીવાય ચાલ્યો ગયો ને અજીતબેગ પાદશાહે તેની લાશ ઢોર ઉચકનારાઓ પાસે ફેંકાવી દીધી.

ઉકલો કાળી અને તેની સ્ત્રી રૂડકી.

તાંબુલરાગૈઃકુસુમપ્રકર્ષૈ સુગંધતૈલનચવાસિતાયાઃ ।
નોપર્દિતૌયેનકુચૌનિશાયાં । દ્યાગતંતસ્યનરસ્યજીવિતમ્ ॥

અર્થ—પાનબીડી ખાધાથી અધર જેના હિંગલોકીયા થઇ ગ

એલ છે, શીશ ઉપર ફુલની વેણી આવી રહી છે, વળી અંગે અંગ વિષે અત્તરની ખુશબો મઝા દેખાડે છે, એવી વીલાસણીના કુચનું જેણે રાત્રીએ મર્દન કર્યું નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે,

પાટણ શહેરમાં કોળીઓની વસ્તીમાં ઉકો અને તેની બાઇડી રૂડકી રહેતાં હતાં. આ બન્ને માટી બઇથર ખેતીનો ધંધો કરતાં ઉકલો દારૂડીયો અને રૂડકી છિનાળ, એટલે તે બન્નેને હરરોજ લડાલડી ચાલે તેમાં શું પુછવું ? એક દિવસ સાંજે બન્ને ખેતરમાંથી ઘેર જતાં હતાં તેવામાં રસ્તામાંથી આવતો એક બાવો તેને ભેળો થયો, અને પુછવા લાગ્યો કે, આ શહેરમાં હું કોઇને ઓળખતો નથી, માટે મારે રાતની રાત રહેવું છે તો આપને ઘેર જરા જગ્યા આપો તો તમને ઘણું પુન્ય થશે. તેણે કહ્યું કે સાંજની વેળાએ જે આવે તેની બરદાસ ચાકરી કરે તે મુવા પછી દેવતાનું સ્વરૂપ પામે છે. ઉકલો તે સાંભળી તેની સ્ત્રી રૂડકીને કહે છે, અરે તુ આ પરોણાને ગેર તેડી જા, ને સીધુ સામાન આપજે. હુ આપણે માટે દારૂ અને માંસ લેવા જાઉં છું, માટે બે ઘડી વાર લાગશે, તે સ્ત્રી છિનાળ હતી એટલે તેને મન ગમતી વાત થઇ, પછી બાવાને સાથે લઇને હસતી હસતી ગેર જાય છે. કહ્યુ કે જે સ્ત્રી છિનાળ છે, અંધારી રાત, એકાંત સ્થળ ને ધણી બહાર ગએલો જોઇને હરખ પામે છે. જે સ્ત્રી વ્યભીચાર કરવાપારકા પુરૂષ પાસે જાય છે તેને પલંગપર સુવુ, નરમ બિછાનુ ને પોતાનો સ્વામી એ સઘળાં વાનાં ગમતાં નથી. જેનુ વ્યભીચાર ઉપર ચીત લાગ્યુ તે સ્ત્રી પોતાના કુળની લાજ, લોકો ભુંડુ કહે છે, પોતના શરીરને ધકકો લાગશે વિગેરે કાંઇ જોતી નથી. કેમકે(कामांधेनैवपरश्यता) પછી રૂડકી બાવાને લઇને ગેર ગઇ અને આરામ આપી બાવાજીને કહ્યું કે મહારાજ ! હોંશીયારીથી રહેજો. મારે કાંઇ કામ છે તે તરત જઇ આવુછું. એમ કહી ઘરમાં ગઇ, સોળે સૃંગાર સજી બની ઠણીને પોતાના યારને મળવા બહાર નીકળી, એવામાં દારૂ પીને ઝુલતો ને લડથડીયાં ખાતો ખાતો રસ્તામાંથી પોતાનો ધણી સામો આવે છે તેને જોઇને નાસતી નાસતી પાછી ઘર આવી, અને સૃગાર ઉતારી નિરાંતે બેઠી. ઉકલે તેને રસ્તામાંથી નાસતી જોઇ તે વારે તેને ભારે ક્રોધ ચડયો અને ઘર આવતાં વેંતજ તેને પુછેછે કે રાંડ કયાં ગઇ હતી, કયા માટી પાસે ગઇ હતી તે સાચે સાચું કહી દે. તે બોલી કે અરે પીટયા હુ કયાંય નથી ગઇ, તુ દારૂ પીને એ શુ બકે છે, માતો નથી ! છાકટો થઇ લડથડીયાં ખાતો ભાન વગર બકયા કરે છે. એમ એક બીજાને ઘણી

ઘણી લડાલડી ચાલી, એટલેથી પણ બંધ ન વળતાં છેવટ મારામારી પર આવ્યાં તેમાં ઉકલે દારૂના આવેશમાં ૨-૪ લાકડી એવા તો જોરથી મારી કે સ્ત્રી નરમ પડી તેમ તેમ ઉકલો જોશમાં આવ્યો ને છેવટ ઓટલાના થાભલા સાથે બાંધી મુકીને પછે પોતે સુવા ગયો. કેટલીક રાત ગયા પછી તેના રોજના નીયમ પ્રમાણે જઇ શકાયુ નહીં- પણ જવા માટે અનેક પ્રકારની ગોઠવણ કરી જાઉ તોજ ખરી, એવો વિચાર કરે છે. બીજી બાજુ તેનો વરાલો યાર મોડી રાત સુધી રાહ જોઇ બેઠો છે, અને છેવટ તે નજ આવી ત્યારે તેની બેનપણી વાળંદા ણી કુટણીને તેડવા મોકલી. તે આવી સંકેતથી કહેછે. કે બેન તેં એ શુ કરયુ યાર તારી વાટ જોતો ક્યારનો બેઠો છે. તો હવે તરત ચાલ એટલે તે બોલી. રે બેન મારી તો આ દશા છે. હુ ઘણી ક્યારની આવવા વિચાર ગોઠવુ છુ, પણ પીટયાએ મારીને મારાં હાડકાં ભાગી નાંખ્યાં છે; એવી વેદનામાં કંઇ સુઝતુ નહોતુ. હવે તુ આવી એટલે બધી પંચાયત મટી હવે તુ કહે તેમ કર, પણ મારા રડયાને ટુકડા કરી નાંખ્યો. પછે બીજી વાત કરજે એટલે કુટણી બોલી કે, એમ તેનુ કામ કાઢી નાખવા તારો વિચાર હશે તો તેમ કરતાં કેટલી વાર જોતો તે આ વખત નહી, કેમકે રાત ઘણી ગઇ છે. વળી યાર તારી વાટ જોતો ઘણી વારથી બેઠો છે; એટલે હુ કહુ તેમ કર. તને છોડી તારે ઠેકાણે મને બાંધી તુ યાર પાસે સુખે જઇ રંગ રમી યારને રાજી કરી આવ પછે તેણે તેમ કરયુ, અને રૂડકી યાર પાસે ગઇ, ઘડી બે ઘડી થઇ એટલે ઉકલો ઉઠયો, અને બઇરીને કહે છે અરે રાંડ ! તુ આજ પછી જો બહાર નહીં જશે ને સામુ બોલી કજીયો નહીં કરે તો તને છોડીશ. તે સાંભળી વાળંદાણી કંઇ બોલી નહીં કે રખે મારો શબ્દ સાંભળશે તો ઓળખાશે, ઉકલો તેને ફરી ફરીને વારંવાર પુછે છે, પણ સ્ત્રી કાંઇજ નથી બોલતી. તે વારે વળી ફરી વીનવી બોલાવે છે તો પણ તે એકની બે ન થઇ. તે વારે તેને ઘણી રીસ ચડી ને ક્રોધના આવેશમાં છરી લઇ તેનુ નાક કાપી નાખ્યું, ને વળી પાછો સુવા ગયો. રૂડકી તેના માનીતા યાર પાસેથી હરખભેર પાછી આવી પોતાની બેનપણી વાળંદાણીને પુછે છે કે બેન તને સુખસાતા છે ! તે બોલી નાક વગર સઘળુ સારૂં છે. હવે મને અહીંયાંથી છોડ, કે હુ મારે ઘેર જાઉં, નહીતર બીજું કાંઇ ખોઇશ. પછી કાગળુ રૂડકીએ તેની આસનાવાસના કરી દીલગીરી બતાવી તેને છોડીને પોતે બંધાણી. થોડીવાર પછી રૂડકી કાગળુ કલ્પાંત કરી પોતાના ધ-

ણીને હાંક મારી કહે છે કે, અરે મુર્ખ. તને ધીકાર છે. જે તું હું સરખી પતીવ્રતાને પણ છોડવા ચુક્યો નહીં. પણ યાદ રાખજે કે હું જો ખરી છું તો આ વખત તને પારખું બતાવું છું. ઓ ઇશ્વર જગતકર્તા દેવતાઓ, સુર્યનારાયણ, આપની સાક્ષીએ જો મેં પારકો પુરૂષ મનમાં લાવી તેનાથી ભાષણ કરેલ હોય તો મને બાળી ભસ્મ કરો નહિ તો મારૂ નાક જે આ મારા દુષ્ટ પતીએ કાપ્યું છે તે પાછું તેમનું તેમ થાઓ. એમ મોટા જોરથી બોલી ઇશ્વરની પ્રાર્થના કરવા લાગી હોય તેમ ઢોંગ કરી ઉકલાને કહે છે કે, અરે પાપી! હવે જો મારૂ નાક તેમનુ તેમ થયુ કે નહીં. તું મનમાં શું જાણે છે. અરે દુષ્ટ હું ચાહીશ તો તને એક પલકમાં બાળી ભસ્મ કરૂ એવુ મારૂ પતિવ્રતાપણાનુ સત્ય છે, તે વારે ઉકલો દીવો લેઈને જુવે છે તો તેનું નાક પેહેલાં સરખું દીઠું. ત્યારે અચરત પામ્યો, અને તેને છોડીને પગે પડયો ને ઘણી આજીજી કરી માફી માગી બોલે છે કે, અરે તું સતી ખરી, મને કાંઇ ભ્રાંતી રહી નહીં. તને મેં નાહક દુખ દીધું તેને માટે મારો ગુન્હો માફ કરજે. ફરીથી તારી વાત કોઇ દીવસ નહી કરૂં ને તને છોડીશ નહીં. તારી મરજી પડે તેમ કરજે.

આ સઘળી બીના પેલો બાવો જે એક રાત માટે પરોણો થઇ આવ્યો તેણે આ બધો તમાસો જોઇ કહે છે કે સ્ત્રીનાં ચિત્રો અપાર છે. એને કોઇ કળી શકે નહીં. માટે સ્ત્રીઓ સાથે ઘણો સ્નેહ રાખવો નહીં. ઘણી સત્તા આપવી નહીં, તેના ભરોંસાપર કાંઇ કામ કરવું નહીં. જે પુરૂષ સ્ત્રીના વિશ્વાસથી રહે છે તે સ્ત્રી લંપટ થાયછે તેની શોભા તે પાછી રહેતી નથી. સીંહ સરખા વિક્રાળને હાથી સરખા મહોટા તેવા જે મોટી બુદ્ધિના પુરૂષોને પણ સ્ત્રીએ હલકા ગણ્યા છે. એવો એકો એકો વિચાર કરે છે. આણીગમ પેલી વાળંદણી કુટણી પોતાને ઘેર ગઇ અને વીચાર કરવા લાગી કે, હવે શું કરવું ને મારા ધણીને શું કહીને મોંઢું દેખાડું; એ કાંઇ છુપું રહેશે નહીં, એવો વિચાર કરે છે તેટલામાં મળસકું થયું, ને તેનો ધણી વાળંદ ઉઠી ઝાડે જંગલ જઇ આવી દાંતણ પાણી કરે છે તેટલામાં હજામત કરાવનારા બે ચાર ગ્રાહકો તેડવા આવ્યા કે વાળંદ લુગડાં પહેરી બારણા આગળથી પોતાની બઇરીને કહ્યું કે, અરે સાંભળસ કે મારી કોથળી લાવ. મારે કામે જવું છે, તે સાંભળી વાળંદીએ એક અસ્તરો લાવી આપ્યો તે જોઇ તેને ઘણી રીસ ચડી અને અસ્તરો તેના અંગ ઉપર ફેંકી દઇ બોલ્યો કે, અરે રાંડ! મેં

કોથળી માગીને અસ્તરો લાવી આપ્યો એથી શું તારું નાક કાપું-એ વેળાએ વાળંદાણી ઘરમાંથી પોકાર કરતી બહાર નીકળી અને લોકોને કહે છે કે, અરે જુવો, જુવો, આ પાપી પીટયાએ મારૂં નાક કાપ્યું. હાય, હય ! હવે હું શું કરૂં ! મને તમે એના હાથથી છોડાવો નહીં તો એ મારો જીવ લેશે. તે સાંભળી તે લોકો દોડયા ને મોટો ઘોંઘાટ થતાં ઘણાં માણસો ભરાયાં ને સરકારી માણસ પણ આવ્યાં. તેઓએ તે વાળંદને પહેલાં તો સારી પેઠે સોટ્ટા બાજી કરી પછી બાંધીને રાજા પાસે લઇ ગયા તે વારે રાજાની સભાને બેસનાર અમીર ઉમરાવ અને મુત્સદીઓ તેને પુછે છે. રે મુર્ખ દુષ્ટ, તેં વગર ગુન્હે આ સ્ત્રીનું નાક શા માટે કાપ્યું વાળંદે આ ગુન્હો કર્યો નહોતો. અને તેની ઉપર અકસ્માત તોહોમત આવતાં ગભરાટમાં વિચાર કરવા લાગ્યો કે હવે શો ઉતર આપવો. એમ વીચારમાં મુઢ જેવો બની ગયો છે કાંઇ બોલતો નથી. તેટલામાં સભાસદો કહેવા લાગ્યા કે સાહેબ એ ગુન્હેગાર છે માટે તેને શિક્ષા આપવી જોઇએ. આથી તે નીરપરાધીને લાંબી મુદત કેદ તથા દંડની બન્ને શીક્ષા ફરમાવી આ બધી બીના કાજીને ત્યાં બનેલી અને પેલે બાવે જોએલી તેથી તે નીરપરાધી વાળંદની ઉપર ગુજરેલા જુલમની દયા ખાતર રાજાની સભામાં સવીસ્તર હકીકત જાહેર કરી, જેથી રાજ્યસભાએ તેના પુરતા પુરાવાથી નીર્દોષ વાળંદને છોડી દીધો, અને તેની સ્ત્રી કુટણી વાળંદાણીને ગુન્હેગાર ઠરાવી બીજી શીક્ષા નહીં કરતાં માત્ર ગામમાંથી કાઢી મુકી.

જયદેવ અને તેની સ્ત્રી જારમતી.

कस्तुरिकाकुंमचंदनैश्च । सुच चिंतायाङगुरुधुपितांऽवरा ॥
उरःस्थलेनोलुठितानिशायां । वृथागतंतस्यनरस्यजीवितम् ॥

અર્થ—કસ્તુરી, અગર, ચંદન, કંકુ એવી ચીજોનો જેણે લેપ કરેલો છે અને સુગંધને માટે અગરથી ચીરને ધુપ દીધેલો છે એવી ચતુર સ્ત્રીની છાતી જેણે રાત્રીએ દાબી નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

કનોજમાં કેશરીસીંહ ને જયદેવ નામના બે ગરીબ રજપુત ભાઇઓ રહેતા હતા. જયદેવનું સાસરૂં મણીપુરમાં હતું, તેની સ્ત્રીને હજુ આણું કર્યું નહોતું. તેના મોટા ભાઇ કેશરીની સ્ત્રી ઘેર રહેતી હતી, તેથી રસોઇ પાણી તેજ કરતી, એક દિવસ બન્ને ભાઇઓ

જમવાને બેઠા હતા, તે વખતે કેશરીની સ્ત્રી કાંતિમતી કઢી પીરસવા આવી તેને જોઇ જયદેવે કહ્યું–ભાભી! આજ કઇ કઢી સારી થઇ નથી. ભાભીએ છણકો કરી કરડાકીમાં કહ્યું–દીયેરજી? સારી કઢી મારી દેરાણીજી છમકારીને મૂકશે! જયદેવને ભાભીનું મ્હેણું પગથી તે માથા સુધી લાગ્યું. તે તરતજ હાથ ધોઇને ઉભો થયો અને પોતાના ભાઇના વાર્યા છતાં એકદમ ઘોડો પલાંણી ચાલી ગયો કેશરીએ તેની સ્ત્રી કાંતીમતીને ઘણોજ ઠપકો દીધો અને પોતાના ભાઇની પાછળ દોડયો પણ જયદેવ તો ગયો તે ગયોજ;—

> જયે દેવંત પલાણુયા, સાસરે તેડવા જાય.
>
> ઝટપટ વહેલા પધાર્યા મને ખરી વમાસણ થાય.

જયદેવ ઘોડેસ્વાર થઇ પોતાના સસરાના શહેરમાં ગયો સસરાને ખબર પડી કે જમાઇ આવે છે તેવોજ તે સામો તેડવા આવ્યો, અને ઘણા આદરસત્કારથી પોતાને ઘેરતેડી ગયો જમાઇને એક પોતાના અલાયદા દીવાનખાનામાં ઉતારો આપ્યો અને કસુંબા પાણી વિગેરે પાઇને જમાઇની ખુબ ખાતરી કરી તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે આજ જમાઇ પધાર્યા છે, માટે રસોઇની તાકીદ કર. સાસુએ તરતજ બત્રીસે રસોઇ અને તેત્રીસ શાક કર્યાં. રાંકોડ જમ્યો અને રાત પડી કે પોતે મેડી ઉપર સુવા ગયો. તેની પછવાડે તેની સ્ત્રી જારમતી આવી ને તેના પલંગ ઉપર બેઠી જયદેવ જાગતો હતો. પણ સ્ત્રીની પરીક્ષા જોવાને સારૂ પોતાના મ્હો ઉપરલુગડું ઢાંકી કપટનિંદ્રા કરીને સુઇરહયો જારમતીએ તેના ઉપરથી પછેડી કાહાડી નાખી ને જોયું તો પોતાના પતી જયદેવનાં નસ્કોરાં બોલતાં માલમ પડયાં સ્ત્રીને વ્યભીચારનો ચડસ ઘણો હતો તે કોઇ લકડનાથ બાવાની સાથે તન્મય થઇ રહી હતી પોતાના પતીના આવવાને લીધે અસુર સુધી તે તેની પાસે જઇ શકી નહોતી તેથી તેનું મન ઘણુંજ આકુળ વ્યાકુળ થઇ ગયું હતું જ્યારે તેણે જાણ્યું કે ઠાંકાર જયદેવ ઉંઘે છે ત્યારે તેણે ચુપચુપ બાવાજી લકડનાથને મળી આવવાનો ઠરાવ કર્યો કેમકે જો હું આજ નહીં મળીશ તો કાલે મારે સાસરે જવું પડશે તો બાવા લકડનાથનો વીજોગ રહી જશે. એમ વિચાર કરી તેણે વીરકચ્છ વાળ્યો, અને એક ખુણે પોતાના પીતા હમીરસીંહની ઢાલ તરવાર હતી તે હાથમાં લીધી ને સરરર લેતી નીચે ઉતરી અને કરરર કરી દરવાજાની સાંકળ ઉઘાડી મહેલ બહાર નીકળી જયદેવ જાગતો હતો તેણે મનમાં ક્યાસ કર્યો કે હું જોઉં તો ખરો જે એ ક્યાં જાય છે! અને તે સ્ત્રી શું કરે છે! એવા

એવા વીચારથી તેણે પણ પોતાની બુકાની બાંધી દીધી, અને કમ્મરે કસી હાથમાં ઢાલ તરવાર લઇને તેની પાછળ પડયો. રાત્રી અંધારી હતી. સ્ત્રી ચાલીને નગ્ર બહાર નીકળી તે એક વગડામાં આવી. ત્યાં આસપાસ તમારાં અને કંસારિયોના ભયંકર અવાજ નીકળી અવાજ નીકળી રહ્યા હતા, કોઇ કોઇ વખત પવન આવતો તેને લીધે ઝાડના પાંદડાં ખડખડતાં હતાં. ને સાંભળી કાચા પોચાના મનને તરત ભુતની અસર થયા સીવાય રહે નહી. એવુ ભયભીત વેરાન વટાવી તે સ્ત્રી આગળ ચાલી સ્ત્રીની હીમ્મતને માટે તેના ધણીના મનમાં ઘણા ઘણા વીચાર થતા હતા અને તેણે પણ તે જ્યાં જાય ત્યાં જવાનો મનસુબો કર્યો આગળ જતાં એક મ્હોટા વીસાળ વડ આગળ આવી ત્યાં આગળ નવ ચોર બેઠા હતા, તેમણે જાણ્યું કે આ કોઇક આપણું ભક્ષ આવ્યું છે, તેથી તરત તેના સામા આવ્યા ઠાકોરે વેગળેથી ચોરને દીઠા તેવો તે છુપાતો કયાસ કરવા લાગ્યો કે રાંડ કયાં જવાનીજ છે-હવે તેની આબરૂ વેરાઇ જશે કાંતો તેને ચોર હરણ કરી જશે કે કાંતો તેનાં લુગડાં લતાં લઇ કહાડી મુકશે. જોઇએ છીએ હવે એ શો પેચ લગાવે છે. એટલામાં પેલા ચોર આવી જારમતીને કહેવા લાગ્યા કે તારૂં ઘરેણું વાગેરે ઉતારીને અમને આપ નહીતો આ તરવારનો ભોગ થા। જારમતીએ કહ્યું-ધીરા રહો, હું મારૂં ઘરેણું આપું છું એમ કહી તેણે પોતાનું સઘળું ઘરેણું કાઢી આપ્યું તેણે જરીયાનનો ચરણીયો પહેર્યો હતો તે ઉપર ચોરની સુરત પડી અને બોલ્યો જે આ ઘઘરો કોના સારૂ રાખ્યો છે-કહાડી આપ ! તે બોલી વીરા ! હું અબળાનો અવતાર છું માટે તમે આડું જોઇને ઉભા રહો તો કહાડી આપું. તે સાંભળી ચોરો પૂંઠ કરીને ઉભા કે તેણે તરવાર કહાડી નવેનાં માથાં ઉડાડી દીધાં તે જોઇ પેલો ઠાકોર જયદેવ કંપવા લાગ્યો કે આ સ્ત્રી શું ન કરે.

ચોરોને મારીને પેલી સ્ત્રી જારમતી પાછું પોતાનું ઘરેણું સજીને આગળ ચાલી તો એક સાંકડી નેળ આવી તેની અંદર વચ્ચોવચ મોટો વાઘ બેઠો હતો. ઠાકોરે જાણ્યું કેહવે રાંડનો સપાટો નીકળી જવાનો છે. અને તેને તેના પાપની શીક્ષા કરવાને ઇશ્વરે આ વીક્રાળ તેના કાળને પ્રેર્યો છે; હમણાં વાઘ મારી નાખશે તો ટાઢે પાણીએ ખસ જશે. શું તેનો પીર આવે તો પણ તે ઉગરે કે ! એમ વીચાર કરે છે, એટલામાં સ્ત્રીએ તરવાર ખેંચીને બીજા હાથપર રૂમાલ વીંટીને વાઘને હાંકાટયો, હટ કુતરા રસ્તો દે ! વાઘ તાં તાં કરતો ઉપર ધસ્યો, તેવોજ સ્ત્રીએ તેને એકજ તરવારના ઘાથી પૂરો કરી નાંખ્યો. ઠાકોર જયદેવ અજાયબ

વખતે બોલ્યો, અરે રાંડો અહીંયાં પણ ના મરી ! પછી તેણે નિશાની રાખવા વાઘના કાન કાપી લઇ પોતાની ઢાલના ભંડારીયામાં મુક્યા. ને પાછળ પાછળ ચાલ્યો.

આવી બહાદુરીથી વાઘને ઠેર કરીને રજપુતાણી આગળ ચાલી. ત્યાં મઢી નદી ચારે કાંઠે ભરાઈ છે. બાવા લકડનાથની મઢી સામે કાંઠે છે તેથી નદીમાં ચડતું પુર જોઇને તે જારમતી વીચાર કરતી ઉભી. તેના ધણી જયદેવે જોયુ કે હવે તેની હીંમત રહેવાની નથી, આટલી વખત તો તેણે હીંમત વાપરી. પણ આ ઠેકાણે તેનુ કાંઇ ચાલી શકે તેમ લાગતું નથી પણ એટલામાં તો સ્ત્રીએ તરવારને પોતાના દાંતમાં ધાલી અને ઢાલને એક હાથમાં ઝાલી, જયસની કરીને નદીમાં પડતું મુક્યું, અને સડેડાટ તરીને સામે કાંઠે ચાલી ગઇ, જયદેવ તેની પાછળ બીજે જ્યાં ઉતાર હતો ત્યાંથી નદી ઉતરી ચાલ્યો, અને ઝટપટ તે સ્ત્રી કને જઇ પહોંચ્યો, નદી પાર ખેતરના ઉપર બાવા લકડનાથની મઢી હતી, ત્યાં પેલી સ્ત્રી આવી અને ઝાંપી ઉઘાડવા ધાંટા કહાડયા- બાવા લકડનાથે કહ્યું રાંડ અભીઆઇ ! જારમતી બોલી મહારાજ મારો ધણી મને આણું કરવા આવ્યો છે તેથી વાર થઇ બાવા લકડનાથે કહ્યુ કુછ ફીકર નહી ભાંગ ઘુંટ. ઔર મેરેકુ પા. પછી તેણે ભાંગ ઘુટીને બાવાજીને પાઇ. અને ગાંજો પણ ચલમ ભરીને પાયો પછી બન્ને જણાં રંગભોગ રમી વાતો કરતાં પલંગમાં સુઇ રહ્યાં ઠાકોર જયદેવ જેવી સ્ત્રી પેઠી તેવોજ વાંસે વાંસે ગુપચુપ મઢીમાં દાખલ થયો અને બાવા લકડનાથની ખાટલી નીચે ધીરે રહી લાંબો થઇ ભરાઇ બેઠો જ્યારે તેણે જાણ્યું કે બન્ને જણ ભર ઉંઘમાં પડયાં છે, ત્યારે તે તરવાર ખુલ્લી કરી સાચવીને ઉભો થયો. અને બન્નેને ઝટકાવવાનો ઇરાદો કર્યો પણ પછી સ્ત્રી હત્યા કરવાનો વીચાર આવ્યો, તેથી ધીરે રહીને બાવાનું માથુ કાપી નાંખી નજીકમાં એક તાડનું ઝાડ હતુ તેની ટોચ ઉપર જઇ બેઠો, થોડીવારમાં બાવાના લોહીના વહેવાથી સ્ત્રી જારમતી જાગી ઉઠી ને આસપાસ જોવા જાય છે તો કોઇ મળે નહિ. તે ચારે દીશાએ ચાર ચાર કોશ સુધી મારનારને ખોળવા ફરી વળી. કોઇ ન દીઠુ ત્યારે તે નીરાશ થઇ અને નદીમાંથી હાથમાં જળ લઇને બોલી—હે બાવા લકડનાથ ! ચારે ચૌદે જે વખતે તને મારનારો મને મળે, તે વારે તારૂ વેર ન લેઊં તો હુ રજપુતાણી નહીં. !

ઝીણુ કાંતુ હેણાં હર્યાં, ઝીણુ ઝીણી કેહ;
પત રાખુ પરિયાતણું શીશ કાપુ સમશેર.

પછી કૃતસંકલ્પ કરીને—હોહા ! કરી ચોગરદમ તરવાર ફેરવવા માંડી એટલામાં તે તરવાર એક નીચેના ઝાડના ડાળાને અથડાઇ તેથી તેનો એ તસુ કકડો ઉડીને ઠાકોર જયદેવ જ્યાં તાડ પર બેઠો હતો તેનો તાડછામાં ભરાઇ ગયો. પછી બાવાને લેઇને દાટવા ગઇ ત્યારે રજપુતે પેલી તરવારની કરવચ કહાડીને પોતાની ઢાલના ભંપારીયામાં મુકી છાનો માનો ત્યાંથી સ્ત્રીના આગમચ નદી ઉપર આવ્યો. તેણે પોતાની તરવાર ધોઇ નાખી અને ઘર આગળ આવી તાપ કરી હાથ અને પગ તપાડીને પાછો ઢોલીઆમાં ઉંઘવાની મીષે સુઇ રહ્યો. થોડીકવાર કેડે સ્ત્રી આવી, અને તેને શક પડયો કે વખતે ધણિએતો નહીં માર્યો હોય ! તેથી જારમતીએ પીછોડી ઊંચકી તેનું અંગ તપાસ્યું તો ઉનું દીઠું, જેથી તેને કાંઇ પણ શંકા રહી નહીં. પછી જારમતી પણ તેની સાથે સુઇ રહી, બીજે દીવશે સવારમાં જયદેવ એકદમ સ્ત્રીને લીધા વીના પોતાને ઘેર ચાલ્યો ગયો ઘેર આવ્યો ત્યારે કાંતિમની ભાભીએ પુછ્યું કે મારી દેરાણી કયાં છે ? ત્યારે જયદેવે કહ્યું કે ભાભીજી એ સ્ત્રી કશા કામની નથી. ભાભી કહે કેમ કામની નથી ? તેનો વાંક હશે કની ! કે કોંઇ તેમાં ખોડ ખાંપણ જોઇ ? તે સાંભળી જયદેવ પોતના બળતા પેટે બોલ્યો:—

એ ભાભી ના દીઠી ખોડ, કે ના ખાપણ જાણ.
એ સ્ત્રી ઘેર લાવીએ; નીશ્ચે ઉપજે હાણ.

તે સાભળી ભાભી સમજી તો ખરી; પણ તેના મોઢે અથથી તે ઇતી સુધી કહેવરાવવા પુછ્યું કે શું થયું તેતો કહો પછી મર્મમાં બોલજો હું તો તમારા મર્મમાં સમજતી નથી. ત્યારે ઠાકોરે અથથી તે ઇતી સુધી સ્ત્રીની સઘળી વાત કહી સંભળાવી, ભાભીએ કહ્યું કે હશે હોય ! ફીકર નહી તેને ઘર આગળ તેડી લાવો તેના પેટથી જે પુત્ર થશે તે બાદશાહથી તરવાર બાંધે એવો જોરાવર થશે.

હરામી ગાય કો બછેરા, છીનાલ રાણ્કા પુત,
ઓ બેટા અવતરે તો બાદશાહ શુ કરે જુધ.

જયદેવે ભાભી કાંતિમતીનુ કહેવુ અંગીકાર કર્યું, અને ત્યાંથી સાસરે જઇ જારમતીને આણુ કરી પોતાને ઘેર તેડી લાવ્યો. તેમણે ઘરસુત્ર માંડયુ. કેટલીક એક મુદત પછી તેને પેટે જયદેવના ત્રણ પુત્ર

થયા, તેમનાં અજીત વીજય ને જોરાવર એવાં નામ પાડયાં. એમ કરતાં ઠાકોર જયદેવ પંચાવન વર્ષના ને ઠકરાણી જારમતી પચાસ વર્ષનાં થયાં, ત્યારે એક દીવસ ઠાકોર જયદેવ નહાવાને બેઠા તે વખતે તેણે પોતાની સ્ત્રી જારમતીને કહ્યુ કે જરા પેલા ઓરડામાં મારૂં થેપાડુ છે તે આપોને ! સ્ત્રી ઓરત ઓરડામાં લેવા ગઇ તો કોડીયોના ગળાની વચગાળે એક બીલાડી અંધારે બેઠી હતી તે પોતાની ચુનીયોના જેવા ડોળા ડમમગાવતી હતી. તે જોઇ સ્ત્રી એકદમ બીની—“ બાધીરે મારા બાપ ! એમ રાડ મેલતી પાછી ફરી સ્ત્રીચરિત્ર કરી ઓશરીમાં ધબ લઇને પડી ! જયદેવને આ વખતે તેના અગાઉના શુરાતનનું સ્મરણુ થયુ અને તે એકદમ ખડખડાટ હસી પડયો. તે બોલ્યો કે શું આ સ્ત્રીચરીત્ર શાં કરો છો ! રજપુતાણી બોલી–હુ તો ઓરડામાં જનાર નથી. મને બીલાડી કરડે છે અને બીક લાગે છે, એમ જ્યારે સ્ત્રીએ વધારે નાજુકાઇ દેખાડવા માંડી ત્યારે તેનાથી રહેવાયુ નહી અને તે એકદમ ગુસ્સામાં બોલી ઉઠયો—

દુહો—વાઘ વડારણુ જળ તરણુ, નવ શીશ કાટયાં જેણુ;
આજ માઝારે બીવરાવ્યાં, વડુ વીમાસણુ તેણ.

તે સાંભળી જારમતી ચેતી ગઇ, તે ભુંડી તો પડી, પણુ હિમ્મત ધરીને બોલી—સ્વામીનાથ ! તમે શું કહો છો ! મને સમજણુ પડતી નથી; તમે કહો છો તે વાત તદ્દન ખોટી છે જયદેવે કહ્યું કે ખોટી હોય તો મેડા ઉપર તે દીવસની ઢાલ ને તરવાર મેલી છાંડી છે તે લાવ અને ભંડારીયામાં જો વાઘનો કાન અને તરવાનો કકડો પડયો છે કે નહી ? સ્ત્રી ઊંપર ગઇ અને જોયુ તો ભંડારીયામા વાઘનો કાન અને તરવારનો કકડો બંન્ને દીઠા. તે જોઇ તેને હાડોહાડ વ્યાપી ગઇ કે મારા ભોગી લકડનાથનું ખુન તેણેજ કરયુ. માટે હવે એને માર્યા સિ[illegible], છોડવો નહિ. એમ કહી એજ તરવારે તે ચંડાળણીયે પોતાનો પતિ પુંઠ ફેરવીને ધોતીયું પહેરતો હતો તેવામાં તેનુ માથું ઉડાવી દઇ પોતે બુમ પાડી–કોઇ આવોરે આવો ! ” હાય ! હાય ! મને તો ભીખ માગતી કરીરે મારા ! ” તે સાંભળી લોકો ભરાઇ ગયા, ત્યારે તે બોલી કે હવે તો મારે જીવવાનું કામ નથી. જ્યાં મારો પતિ, ત્યાં હું. માટે એની ચીત્તા ખડકો તેના ભેગી હું બળી મરીશ સતીને જોવાને આખું નગર ભરાયું, અને તે પોતાના ધણીને ખોળામાં લઇ ચેહ ખડકી બળી મુઈ.

પ્રેમચંદ અને ધોળીવહુ.

**कठोर पिनस्तनभारनम्रां । सुमध्यमांमाचंचकलंजनाक्षीं ॥
हेमंतकालेरमितानयेन । वृथागतंतस्यजीवितम् ॥**

અર્થ—અતિશય સ્તનની કઠોરતા ભારે હોવાથી સ્ત્રી વાંકી થઇ ગઇ છે. અણીદાર કમળ નયનમાં અંજન કરેલું છે, કમાનદાર ભમર છે, ચાલમાં હંસને લાજ પમાડનારી છે, એવી સ્ત્રી જેણે હેમંત રૂતુમાં ભોગવી નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

સજ્જન નગરીમાં વેલચંદ નામે મહા ધનાઢય વાણીઓ રહેતો હતો. તેને પ્રેમચંદ નામનો એકનો એક દીકરો હતો. તેને પોતાના જેવાજ શાહુકારને ત્યાં પરણાવ્યો હતો, તેથી તેની વહુ પણ ઘેર હતી. તેની વહુનું નામ ધોળીવહુ હતું. બાપ દીકરાને રહેવાને જુદાં જુદાં પાસેજ ઘરો હતા. પ્રેમચંદ અને ધોળી વહુ બન્ને ભર જોબનમાં હતાં તેઓ બન્ને વચ્ચે ઘણી સારી પ્રીતી હતી. તેમાં ધોળીવહુનું વિશેષ પ્રાધાન્ય હતું તેણે પોતાના ધણી પ્રેમચંદને વશ કરી લીધો હતો. તે એટલે સુધી કે, વહુ જે કહે તે ઘણુંજ ખોટું હોય પણ તે પ્રેમચંદને કરવું પડે. આથી ધોળીવહુ સ્વતંત્રપણે વર્તતી હતી.

એક વખતે બન્ને બાપ દીકરો વેપાર સબંધી ઘણા જરૂરી કામ પ્રસંગે વીદેશ ગયા. પાછળ ધોળી વહુ અને તેની સાસુ એકલાં રહ્યાં ધોળી વહુ નીરંકુશપણે પોતાના માનીતા યારને દરરોજ ઘરમાં બોલાવી જાર કર્મ કરતી હતી, એ ક્રમ તેની સાસુના જાણવામાં આવતાં પોતાની વહુની હલકી ચાલને ધિકારવા અવગણના કરવા લાગી અને ઘણોજ ઠપકો આપ્યો, વહુએ તે ન ગણકારતાં ઉલટી કહેવા લાગી કે, જેવાં છો તેવાંજ બીજાને પણ જાણો છો, આ પ્રમાણે કેટલા એક અપશબ્દો પોતાની સાસુને કહી ઘણીજ ધમકાવી જેથી સાસુને રોષ થયો, અને ક્રોધના આવેશમાં બોલી કે,—એ કભારજા વહુને તેના યાર સહીત પકડી તેનુ નાક ચોટલો કપાવી ડામ દેવરાવી કાઢી મુકાવુ તોજ હુ ખરી. એમ તેના અંત:કરણમાં ઠસી આવ્યુ, એથી તે દરરોજ લાગ જોવા લાગી. આણી તરફ ધોળીવહુ પોતાનું પરાક્રમ બતાવવા ગોઠવણ કરવા લાગી. આ વાતને થોડા દીવસ વીત્યા બાદ ધોળીવહુ લુગડાં ધોવા નદીએ ગઇ, ત્યાં કોઇ છેલ પુરૂષ મુસાફર મળ્યો, તેની સાથે હાવભાવથી પ્રીતી કરી તેને પોતાને ઘેર તેડી ગઇ ને તેની સાથે ખુબ રંગ રમી રાત્રી નીર્ગ-

એમ કરી આ વાતની તેની સાસુને મોડી રાતે ખબર થતાં પણ પોતાના આડોસીપાડોસી વિગેરે ઘણા લોકોને એકઠા કરી કહ્યું છે, આ કુભારજા વહુએ પોતાના યારને ઘરમાં ઘાલ્યો છે માટે પુરતો તપાસ કરી એ કુભારજા વહુની વલે કરવી, અને તેના યારને પકડી સરકાર સ્વાધીન કરીએ. એમ વીચારી એકમેકને પુછે છે. આ કોલાહલ બહાર થતો જોઇ ધોળી વહુએ પોતાના યાર પાસે ઝટ બે કાગળ લખાવ્યા. તેમાં એકમાં પરદેશ ગએલા બાપ દીકરો વહાણ સમુદ્રમાં ડુબતાં મરણ પામ્યો પણ દીકરો બચી કુશળ છે તે થોડા દીવસમાં આવશે. એ પ્રમાણે કપટની બને કાળાખડી રચી પેલા યારને આપી તેની સાથે શીખવ્યું કે, ભાઇ દીકરાના મરણનો કાગળો બહાર લોકો ભેળાં થયાં છે ત્યાં મારી સાસુને આપજે, ને કહેજે કે હું કાસદ છુ નેઆ કાળાખડી લઇ આવ્યો છું. એમ કહી તેના હાથમાં એકાગળ આપજે અને પછી બે કલાકે પાછો દીકરો કુશળ છે પણ બાપ મરી ગયો એવો બીજો કાગળ છે તે વેશ બદલો કરી તરકટ જણાય નહિ તેમ પહોંચાડજે. એમ કહી યારને ફાટેલાં લુગડાં પહેરાવી કાસદને વેષે કાગળ હાથમાં લઇ બહાર નીકળ્યો કે લોકોએ પકડયો, પેલે યારે કાગળ બતાવી કહ્યુ કે હું કાસદ છું ને કાગળ લઇને આવ્યો છું તે તતો વાંચો આ પ્રમાણે કહી કાળાખડીનો કાગળ આપવાથી લોકો ધીમા થયા, પણ કાગળ વાંચી જોતાં બાપ દીકરો બન્ને સમુદ્રમાં ડુબી ગયાના માઠા સમાચાર જાણી તે ભેળી થએલા લોકો ત્રાહ ત્રાહ કરી કલ્પાંત કરવા લાગ્યા અને ઘણી દીલગીરીથી કહેવા લાગ્યા કે, હાય હાય ! ડોસીને અને ધોળી વહુને રખડાવ્યાં, બહુ ભુડું થયું ? ડોસીએ તથા ધોળી વહુએ હાયપીટ કરી મુકી, ચોટલાના વાળ હાથેથી ઉખેડવા લાગ્યાં. આ વખતનો દેખાવ ઘણો કમકમાટ ભરેલો હતો ભેળાં થએલાં સર્વ લોકો શોકાતુર ચહેરે દીલગીરી કરતાં ઉભાં છે તેની સમક્ષમાં ધોળી વહુએ જાહેર કર્યું કે, મારે મારા ધણીની પાછળ બળી મરી સતી થવું છે, હવે મારે જીવવું એ ધિક્કાર છે, વહુ સતી થવાનું કહે છે તે સાંભળી સાસુએ કહ્યુ કે મારે પણ જીવીને શું કરવું છે, માટે ચીતા ખડકી બળી મરૂં આ સાંભળી લોકોમાં ભારે શોક પેદા થયો. તેઓ આ સાસુ વહુને વારવા લાગ્યાં પણ શુદ્ધ સતી ધોળી વહુ એકની બે ન થઇ ને ત્રાહ ત્રાહ કરી સ્મશાનમાં જે અંબે કરતાં ચાલ્યાં. સ્મ

આનમાં એચીતા ખડકની તેમાં પ્રથમની ચિતામાં સાસુએ બેસી અગ્ની દઇ દેવરાવ્યો, ને ઘેળીવહુ ચીતામાં પડવા જાય છે કે તેના પ્રથમના કાવતરાંના સંકેત પ્રમાણે કાસદ કાગળ લઇ હાજર થયો ને તે વાંચી જોતાં જણાયું કે બાપ બુડી ગયો. પણ દીકરો પ્રેમચંદ બચી કુશળ છે તે થોડા દીવસમાં ઘર તરફ આવશે. આ સમાચારથી લોકો રાજી થયા ને કહેવા લાગ્યા કે વેલચંદ શેઠનું બહુ થયું પણ દીકરો પ્રેમચંદ બચ્યો એટલે તેનો બાપ તથા મા નસીબદાર ગણાય આ કાગળથી ઘોળીવહુ કે જે પતીવ્રતા હતી તેને બળતી અટકાવી અને તેની સાસુ બળી મુઇ ડોસી બળી મરવાથી ઘોળી વહુને તેના તરફનું સાલ ગયું એટલે વળી તે નવા નવા યાર સાથે ઇશક માણી મોજ ભોગવવા લાગી એવામાં થોડા દીવસમાં વેલચંદ તથા પ્રેમચંદ બન્ને બાપ દીકરો પર દેશથી કમાઇ પોતાને ઘેર આવ્યા આ બન્નેને હયાત દેખી લોકો આશ્ચર્ય થયા ને કહેવા લાગ્યા. કે તમે બન્ને દરીયામાં બુડી ગુજરી જવાના માઠા ખબરનો કાગળ આંહી આવવાથી ઘોળી વહુ તથા તેની સાસુ બન્ને બળી મરી સતી થવા તૈયાર થઇ હતી. તેવામાં બીજો કાગળ આવ્યો તેમાં પ્રેમચંદ કુશળ છે એવો કાગળ અહીં આવવાથી તેની સ્ત્રી ઘોળીવહુ જીવતી રહી ને તેની સાસુ પ્રેમચંદની મા બળી સતી થઇ સ્વર્ગમાં ગઇ આ સાંભળી બન્ને બાપ દીકરો ઘણા દીલગીર થયા પણ શું કરે નસીબની વાત; પરમેશ્વરના ઘર આગળ કોઇનો ઉપાય નથી એમ કહેવા લાગ્યા કોઇ દુસ્મને આવી રીતે ખોટું તરકટ કરી કાગળ લખ્યા એમ માન્યું.

વ્યભિચાર કરીને ચતુરાઇ કરનારી કુમતિ,

सुलक्षणामानवतागुणाऽऽढ्या । प्रसन्नवक्त्रामृदुभाषिणीया
नोचुंबितायेनमुनाभिदेशे । वृथागतंतस्यनरस्यजीवितम् ॥

અર્થ—જેનાં લક્ષણ સારાં છે, સુંદર છે, માનવંતી છે. મુખારવીંદ સદાય પ્રસન્ન રહે છે, શોક સમુહ જેણે દુર કરેલો છે, મૃદુ ભાષણ ભાખનારી તેવી સ્ત્રીનું જેણે નાભિ-તટ ચુંબન નથી કર્યું તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

જગોશા ને વગોશા બે વાણિયા હતા તેઓ ઘણી દુર્દશામાં હતા તેમને રહેવાને ન્હાની સરખી પર્ણકુટી હતી. જેથી બન્નેને પોતાની સ્ત્રીઓ સાથે રહેવું અનુકુળ આવતું નહોતું તેથી નાનો

ભાઈ વગોશા રાતના પરવારી દુકાન ઉપર સુવા જતો હતો, અને મ્હો-ટો ભાઈ જગોશા પોતાના ઘરમાં પડી રહેતો હતો નહ'ના ભાઈવગોશાની સ્ત્રી કુમતી પતીયે વાળુ કરી ગયા પછી પોતે જમી ચુલા અબોટ કરી વાસણકુસણુ માંજી દુકાનપર સુવા જતી. ત્યારે ઘરમાંથી નીકળીને યારને ત્યાં ઘડી બે ઘડી રહી વીલાસ કરીને દુકાન પર મોડેથી સુવા જતી ! એમ ઘણા દીવસ સુધી ચાલ્યું, કેટલાએક દીવસ તો તેનો પતી વગોશા બોલ્યો નહીં. પણ તેને કાંઇ શક પડ્યો ત્યારે સ્ત્રીને ધ-મકાવીને કહ્યું કે રાંડ આટલી બધી મોડી કેમ આવે છે? સ્ત્રીએ કહ્યું મારો શો વાંક ? જ્યારે વાસણકુસણ માંજીને પરવારૂં, ત્યારે આવું કની ? ઘરનું સઘળુ કામ મારે કરવું પડે છે, ભાભીજી કાંઇ ઓછોજ આડો હાથ દે છે ? તે સાંભળી ધણીને ભાભી ઉપર ક્રોધ ચઢ્યો; અને બીજે દીવસે જ્યારે સ્ત્રી ન હતી ત્યારે ભાભીને કહ્યું કે તમે મારી બાયડીને કેમ કનડો છો ! અને એકલી પાસેજ કામ કરવો છો? શું એણે ચોરી કરી છે કે અર્ધી રાત્રી સુધી રોકો છો ? ભાભીએ કહ્યું કે કદી હું તો જીઠું બોલતી હઈશ એમ તમને લાગશે પણ માને પુછો કે એ તો એનીજ થાળી માંજીને જમ્યા પછી તમારી પ-છવાડેજ ચાલી આવે છે ને કામ તો સઘળુ હુ કરૂ છુ, પછી તો ગમે ત્યાં ભટકવા જાઓ. તેની અમને શી ખબર ? ડોશીએ પણ તેજ પ્ર-માણે કહ્યું ત્યારે ધણીને ખાત્રી થઇ, ને કહ્યું કે જો એમજ હશે તો હું કમાડ ઊઘાડનાર નથી—એમ કહી દુકાને ગયો. રાત્રે જમવા આવ્યો ને જમીને દુકાને સુઇ રહયો, પણ અગીઆર વાગ્યા સુધી સ્ત્રી કુમતી આવી નહી, ત્યારે તેને ખાત્રી થઇ કે રાંડ ભટકવા જાય છે પણ હુંજ ખરો ? એમ કહી સાંકળી અટકાવીને પેઠો બાર વાગ્યાને સ્ત્રી કુમતી કમાડ ખખડાવવા લાગી. ધણીએ કહ્યુ રાંડ ! હવે ઊઘાડનાર નથી આટલા દીવસનુ તારૂ કપટ આજ પકડાયું છે. માટે હવ તો તને બ-હારે રાખીશ ને સવારે બધાયને ભેગા કરીને તારૂં નાક અને ચોટલો કપાવી ગધેડા પર બેસાડીને કાઢી મુકીશ સ્ત્રી કુમતીએ કરગરીને કહ્યું આટલો ગુન્હો માફ કરો, એકવારતો સરકાર પણ માફ કરે છે ને હવેથી હું નહી કરૂ પણ ધણીએ માન્યું નહિ. ત્યારે તેણે ધમકી આપી કહ્યુ કે જો નહી ઊઘાડો તો હું કુવામાં પડી આપઘાત કરીશ તો તને સ્ત્રી હત્યા લાગશે, એમ કહી પાસેજ કુવો હતો તેમાં એક મ્હોટો પથરો ઉંચકીને નાંખ્યો ને અંધારે કમાડ આગળ ઊભી રહી, પથરાનો ધબાકો ધણીએ સાંભળ્યો, તેનો તેનો તે ગભરાયો હાય ! હાય ઘર ઘાલ્યું; હું

તેની પુઠે પડયો. અને કમાડ ઉઘાડયું નહી, તેથી તેણે આબર માટે કુવો પુર્યો હવે સરકારનો ગુન્હેગાર થઈશ. એમ કહી કમાડ ઉઘાડી બહાર આવ્યો કે ગુપચુપ માંહી બેસી ગઈ, અને બારણું વાશી સાંકળ અટકાવી દીધી પીટયા હવે જો સવારમાં તને ફજેત કરૂ છુ તે ! તેવુજ ધણીએ જાણ્યુ કે આતો રાંડ કપટ કરીને મને છેતર્યો તો ત્યારે તેણે તેના કાલાવાલા કરી કહ્યુ કે સ્ત્રી દયા ડાકણને ખાય છે, અને તું આવી અધર્મી થય છે, તું ઉલટી બહાર ગઈ ને હું તારા સારા માટે તારી અમસ્તી સેજસાજ મશ્કરી કરતો હતો, એટલામાં તે મને કહ્યુ કે હું કુવામાં પડુ છુ, તે તારો ધબાકો સાંભળી હું તારી દયા ખાતર બાહાર આવ્યો કે રખેને તારા જાનને નુકશાન લાગે પણ તું આવુ કરે છે. તે તને છાજતું નથી. આથી તારા ઉપર ઇશ્વરનો કેટલો કોપ થશે. એનો વીચાર કર. અને તું ઉઘાડ. હવેથી હુ કોઈને વાત કહેનાર નથી. પણ આ કુમતી મનમાં કકાંઇ અસર થઇ નહી તે હસાને તેના પર ગાળોનો થોક પાડી કહેવા લાગી કે હુ બહાર ગઇ ને મારૂ માગી પણ તેં ઉઘાડયુ નહી, તો તારૂં લાગ્યુ તુજ ભોગવ તુ રોજ મારા પર આરોપ મુકે છે, કે હુ બાહાર જાઉં છું; પણ સવારે સગળા લોકો ભેગા થશે ત્યારે ખબર પડશે કે કોણ બહાર જાયછે. એમ કહી સુઇ રહી અને ધણી બીચારો વગોશા ટાઢે હુઠવાતો બહાર બેસી રહયો. સવારે લોકો ઉઠયા ત્યારે સ્ત્રી કુમતી ફરીયાદ કરી કહેવા લાગી કે જુઓ ભાઇ ! રોજ મને કહે છે કે તુ ફરતી ફરે છે, પણ મારા સુતા પછી રોજ આથડવા જાય છે તેથી મેં કમાડ વાશી રાખ્યુ છે હવે એને શીખામણ દો કે ફરીને એવુ કામ ન કરે નહી તો તેને હું સંઘરીશ નહી, તે સાંભળી વગેશા શરમાઇ ગયો. ને તે દીવસથી તેનુ કાળુ મ્હો કરી સ્ત્રી કુમતીને કાંઇ પણ બોલ્યો નહિ ને જે થાય તે તે મુગે મ્હોડે જોયા કરે અને સ્ત્રી નવા નવા યાર શોધ્યા કરે.

મોટી નાની બે બ્હેનો.

विशाल वेणी नयनाऽभिरामा । कंदर्पसंपूर्ण निधान रूपा ॥
मुक्ता न ये नैव वसंत काले । वृथा गतं तद्यत्नरत्नोक्तम ॥

અર્થ—જેના કેશ વીશાળ આંખોને સુખ આપે તેવા છે, સુ-

સૌંદર્યમય જેની દેહ છે, એવી સ્ત્રી જેણે વસંતઋતુ વખતે ભોગવી નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

નવરંગપુર શહેરમાં ગુલાબચંદશા કરીને એક મોટો ધનાઢ્ય વેપારી હતો. તે ઘણો પૈસાદાર હતો, તેની સ્ત્રીનું નામ સુકુમારી હતું. સુકુમારીને એક પુત્ર પ્રસવ્યો, તેનું નામ ઉજ્જરંગલાલ પાડ્યું. તે ત્રણ વર્ષનો થયો એટલે તેના પીતાએ એક બીજા સોદાગરની પુત્રી ચંપકામતી વેરે તેની સગાઇ કરી, અને તેને જે ઘરાણું ચડાવ્યું તેમાં એક અમુલ્ય ઝાલ હતી, તે ઝાલ પોલી હતી, તેમાં પોતાનો ખજાનો ક્યાં દાટ્યો છે તેની ચીઠી કરીને અંદર ઘાલેલી હતી. વર્ષ બે એક પછી તે સોદાગરે ઉજ્જરંગલાલનું લગ્ન કર્યું. જ્યારે તે છોકરો આશરે છ સાત વર્ષનો થયો, ત્યારે તેના દુર્ભાગ્યને લીધે તેનો પિતા ગુલાબશા કોઇ બુરા મરણને લીધે સ્વર્ગવાસી થયો. તેના મરણ પછી તેના મુનીમો અને મહેતાઓની દાનત પાક રહી નહી. છોકરો નહાનો અને કોઇ બાબતમાં જાણે નહી. તેથી તેણે લાખો બલકે કરોડો રૂપૈયાની રકમો ઉચાપત કીધી; અને એ પ્રમાણે થોડી મુદતમાં શેઠની સઘળી મીલકતનો નાશ કર્યો. સઘળું દ્રવ્ય ખુટી ગયું, અને સોદાગર ગુલાબચંદશાની સ્ત્રીની માઠી અવસ્થા થઇ. આ વખતે છોકરો આશરે દશેક વર્ષની ઉમ્મરનો થયો હતો. સુકુમારી સુતર વીગેરે કાંતી પોતાના ઘરનો નિર્વાહ કરતી હતી. છોકરો જ્યારે પુખ્ત ઉમ્મરનો થયો ત્યરે તેને કોઇ પણ રીતનો હુન્નર કરવાને તેના મનમાં ચીંતા પેઠી, જેથી તેણે કોઇ બહાર ગામ નીકળી જવાનો ઠરાવ કર્યો. જ્યારે તેણે પોતાની માની રજા માગી, ત્યારે તેની મા બોલી કે બેટા? તું આંધળાની આંખ અને પાંગળાનો પગ છું. હું તારા વીયોગે કેમ રહી શકીશ? મેં તને મારી નજર આગળથી કોઇ પણ દીવસ કહાડ્યો નથી. તેથી મારા મ્હોડે તને જા એવું કોઇ પણ દીવસ કહેવાશે નહી. એમ કહી આંખમાં આંસુ લાવી રોઇ પડી. છોકરે દીલાસો આપી કહ્યું મા! તું જાણે છે કે હવે આપણી કેવી દુર્દશા થઇ છે, ઇશ્વરે આપણા ઉપર કેવો કોપ કર્યો છે? તો હવે ઉદ્યમ કર્યા વીના છુટકો નથી. છોકરાનો જ્યારે અત્યાગ્રહ દીઠો, ત્યારે તેની માને તેને રજા આપવાની ફરજ પડી. છોકરો માની રજા લેઇ મુસાફરી કરવાને ચાલ્યો જ્યાં રાત પડતી ત્યાં વાસો રહેતો અને દિવસે તે પ્રયાણ કરતો, કેટલેક દીવસે અનાયાસે તે પોતાના સસરાના શહેરમાં આવ્યો, તેની સ્ત્રી ચંપકામતી ઉમ્મર લાયક થઇ હતી તેને

પોતાને સાસરેથી આણું આવ્યું ન્હોતું. તેથી યુવાવસ્થામાં તેની વૃત્તિ વ્યભીચાર ઉપર દોડી: તેણે એક કઠીઆરા માનસીંહ સાથે મહોબત બાંધી અને હમેશ છાનામાના તેને ઘેર જવા માંડ્યું.

ઉછરંગલાલ રંતરે થાકયો પાકયો જઇને ભોગજોગે તેના સસરાને જ પરસાળે સુઇ રહયો. આસરે અર્ધી રાતરે તેની સ્ત્રી ચપળમતી પેલા કઠીયારા માનસિંહને ત્યાં જવાને માટે પોતાના હાથમાં ફાનસ લેઇને બહાર નીકળી. ત્યાં તેણે પોતાના ભરથાર ઉછરંગલાલને સુતેલો જોયો; પણ તેની આંખે કામદેવનો અંધારો પડદો ફરી વળ્યો હતો, તેથી તે ઓળખી શકી નહી. ને તેને કોઇ વટેમાર્ગુ જાણી પોતાના હાથનું ફાનસ બતાવી તેને કહ્યું-કે અલ્યા, જો તું આ ફાનસ લેઇ મારી સાથે આવીશ તો તને બે રૂપૈયા આપીશ. ઉછરંગલાલે તેના સામું જોયું કે ફાનસના પ્રકાશથી તેને ઝટ લઇને ઓળખી તોપણ તે છતો થયો નહી. હવે હું જાઉં તો ખરો કે એ કયાં જાય છે, અને ઉલટા બે રૂપૈયા મળશે. એવા વિચારથી તે તેની જોડે ચાલ્યો અને પોતાના હાથમાં ફાનસ લઇ જ્યારે તેના આશક પેલા માનસીંહ કઠીયારાનું ઘર આવ્યું, ત્યારે પેલી ચપળામતી સ્ત્રીએ તેના અજાણ્યા ધણી ઉછરંગલાલને જણાવ્યું કે આ ઓટલા ઉપર બેસ; હું તને પછીથી રૂપીઆ આપીશ. ઉછરંગલાલે દીનતાથી કહ્યું કે બાઇ ! તમે અંદર જશો કે તમારૂં ચીત્ત કામમાં લાગશે. જેથી મારા રૂપીઆ આપવા તમને સાંભળશે નહી; માટે મહેરબાની કરી મને હમણાંજ આપો તો ઠીક. પણ ચપળામતી પાસે રોકડા રૂપીઆ નહી હતા, તેથી પેલી પોતાના કાનની ઝાલ કહાડી તેને આપીને બોલી. કે જ્યારે હું અંદરથી આવીશ, ત્યારે તને બે રૂપીઆ આપી આ ઝાલ પાછી લેઇશ. એમ કહી જેવી તે કઠિયારા માનસીંહના ઘરની અંદર ગઇ કે ઉછરંગલાલે ઝાલ લઇને પોતાના દેશ તરફ નીકળી ગયો. અને તેની સ્ત્રી ચપળામતીની હકીકત પોતાની મા સુકુમારને યથાસ્થીત કહી. પેલી ઝાલ તેના હાથમાં આપી. માએ કહ્યું કે બેટા ! એ વેચીને તું રૂપીઆ લેઇ આવે કે જે જેથી આપણને વાપરવાના ઉપયોગમાં આવે. છોકરો તે ઝાલ લેઇ નાણાવટીની દુકાને ગયો. ત્યાં કીમ્મત કરતાં તેણે વાંધો લીધો કે ઝાલ ભાંગી તેમાં કાગળ છે લાખ છે તે મારે તપાસવું જોઇએ પછી છોકરાએ રજા આપી, એટલે નાણાવટીએ ભાગી તો તેના અંદરથી એક ચીઠી નીકળી. છોકરાએ આ ચીઠી લેઇને વાંચ્યા વગર ખેસે બાંધી અને જે, ઝાલના રૂપીઆ આવ્યા તે લેઇને પોતાના ઘેર આવ્યો.

તેણે એરી બંધેલી ચીઠી નકામી જાણી પોતાની એક બારીમાં નાંખી મેલી. તેણે કેટલાએક દિવસ સુધી તો પેલા ઝાલના આવેલા રૂપીયા કરકસુરથી વાપર્યા પણ જ્યારે થઇ રહ્યા, ત્યરે તેણે કાંઇ સોધવાને મશે પેલી બારી ઉઘાડી તો તેને ઝાલની અંદરની ચીઠી હાથમાં આવી આ ચીઠી તેણે વાંચી તો પોતાની દોલતનું તેને ઠેકાણું મળ્યું તેણે અમુક અમુક જગ્યાએ ખોદયું ત્યરે પાર વિનાનું તેને દ્રવ્ય જડયું તે ઉપરથી તે તેણે પાછો બાપના જેવો વેપાર શરૂ કર્યો તેજ પ્રમાણે મહેતા મુનીમ વગેરે લોકોને રાખ્યા બાપનો સરસામાન જે વેચાતો આપ્યો હતો તે તેણે તેના વ્યાજ સાથે આપી પોતે પાછો ખરીદ કર્યો આ વીશેની ખબર તેના સસરાને પણ મળી.

તેની મા સુકુમારિ તેની સ્ત્રી ચપળામતીને બોલાવવા જવાનું કહ્યું ત્યારે તેણે કહ્યું કે હું તો જવાનો નથી અને તેની સ્ત્રીને કદી સંભરનાર નથી. માએ કહ્યું સપુત બાપના બેટા શેને કહે છે મોટું મન રાખીયે કોઇ વખત બાળક છે ને ભુલ્યું તો શું થઇ ગયું ? કોઇ કુંભારના ઘરનું હાંડલું છે કે બદલાવીયે ? માનુ વચન માન્ય કરી છોકરો વહુને આણું કરવા ગયો તેના સસરાને ખબર થઇ કે તે તેને ઘણુજ માન સાથે સામો તેડવા આવ્યો. તેની સાળી મણી કરીને હતી તે તેની બેનનાં સઘળા ચરિત્રથી વાકેફ હતી કેમકે તે બન્નેના ઓરડા પાસે હતા તે જાતે પવીત્ર હતી તેણે આજે નિશ્ચય કર્યો કે મારી બેન હવે તેના ધણીથી કેવી રીતે વર્તે છે તે મારે જોવું એવા વિચારથી તે તેના ઓરડા સામે નજર ઠેરાવીને બેઠી.

સોદાગર ગુલાબચંદશાનો છોકરો તેની સ્ત્રી ચપળામની સાથે ક્રિડા કરતો હતો તેથી ઘણી રાત ગઇ પણ સ્ત્રી ચપળામતી પેલા કઠિયારા માનાસકને ત્યાં જવાનો તલપાપડ થઇ રહી તેના મનમાં એવો વિચાર હતો કે જો મારો પતિ ઉંઘી જાય તો આશકને જઇ ને મળી આવું તેથી તેણે પોતાના ભરથારને ઉંઘાડવાને અનેક ઉપાય યોજ્યા. તે જોઇ તેની બહેન જે સઘળું જોયા કરતી હતી તે બબાપો કરી તેની આસ બિક્ષારવા લાગી ઉજ્ર ગલ્લાસે પોતાની સ્ત્રી ચપળામતિ સાથે ચોસર માંડી કે જો હુ હારૂં તો તને અટલા રૂપીઆ આપું કેટલી એક વારે તે હાર્યો ત્યારે તેણે સ્ત્રી ચપળામતીને સતના રૂપીયા આપ્યા. સ્ત્રી ચપળામતી ગસીને બોલી. સ્વામીનાથ! બે ઓછા શા સારૂ આપો છો? તેના ધણીએ કહ્યું ઓછા કયાં છે? હું તારી પાસે બે રૂપીઆ માગતો હતો

તેના મેં વાળી રાખ્યા બીએ કહ્યુંકે તમે શાના માગો છો? ઉછરંગલાલે કહ્યું કે ફલાણે દિવસે તારા આગળથી હું તને ફાનસ લઇ કઠિયારા માનસિંહને ઘેર મેલવા આવ્યો હતો તેના ? આમ સાંભળતાંજ તે સ્ત્રી ચપળામતિ ફીકી પડી. તેની બહેને ખ્યાલ કર્યો કે રાંડનાં લક્ષણ તો અગાઉથીજ રહી. અને પોતાનો પતિ ક્યારે ઊંઘે એમ રાહ જોતી બેઠી ઘોડી વારમાં તેનો પતિ ઉંઘી ગયો કે તરતજ તે પોતાને હાથે પોતાનાજ ગળામાં છરી ખોશી મર્ણ પામી. એ સઘળો બનાવ તેની બહેને દીઠો હતો સવારમાં સોદાગર ગુલાબચંદશાનો પુત્ર ઉછરંગલાલ જાગી ઉઠયો અને જુવે છે તો પોતાની સ્ત્રી ચપળમતીએ આપઘાત કરેલો માલમ પડયો, તે ખબર લાગલી પોતાના સસરાને કરી. સસરાએ જાણ્યું કે તેડવાને બહાને તે જમાઇએ મારી છોડી ને મારી નાખી મારે ઠેઠ પહોચાડું, પેલી બ્હેને વિચાર કર્યો કે આ અમસ્તો નાહક માર્યો જશે. તેથી તેણે યથાસ્થિત હકીકત હતી તે સઘળી કહી દીધી જે સાંભળી તેનો બાપ મુંગો થયો, ત્યાં તેની સ્ત્રી ચપળામતીનો દહાડો પાણી થયા પછી તેણે પોતાના સસરની રજા માગી. ત્યારે તેનો સસરાએ કહ્યું કે આ મારી બીજી છોડી છે તેને પરણીને લેઇ જાઓ પેલાએ કહ્યું મારે તો તમારી કોઇ છોડી જોઇતીજ નથી. તે વખતે મણીએ તેને સમજાવ્યો ને કહ્યું કે "તું મને પરણી જા—હું તને કરી બતાવીશ" તે સાંભળી પેલા ઉછરંગલાલને સંદેહ પેઠો કે એ મને શું કરી બતાવવાની છે હું જોઉં તો ખરો ? પછી વિચાર ફેરવી તેને પરણી પોતાને ઘેર લેઇ ગયો અને પોતાની માને સઘળી વાતથી વાકેફ કરી.

પછી તેણે માલ ભરીને સફર કરવા જવાનો ઠરાવ કર્યો પોતે ભીખારીઓ વગેરે નેહુગડાં આપ્યા અને જવાના દિવસે પોતાની સ્ત્રી મણીની સાડીપર લખી ગયો કે તું મને કરી બતાવવાની છે તે આટલાંવાનાં કરી દાખવ—૧, એક સ્ત્રી કરી પુત્ર જણવો; ૨ આપણું શહેરથી ૨૦ કોશમાં મારા આવવાના રસ્તામાં જે ઠેકાણે પાણી ન હોય ત્યાં વાવ ખોદાવ; અને ૩ બીજી કોઇ જગાએ એક બાગ બનાવ; જે આવતી વખતે મને જોવાને બને ! પતિના પરદેશ ગયાપછી આશરે પાંચ-સાત દિવસ પછી સ્ત્રીની સરત સાડી ઉપર પડી અને વાંચીને ધ્યાનમાં લીધું કે મારી ચતુરાઇ જોવાને આમ લખેલું છે વાવ અને કુવો વગેરે બાંધવાને પાસે પુરતાં પૈસા ન્હોતાં

તેથી તેણે પોતાના ઘરમાંથી એક હાલો પથ્થરાતરો કહાડ્યો અને તેની અંદર પથ્થર વીગેરે ભરી બોજદાર કરીને તે પોતાના ધણીના એક ગુણવંતશા મીત્રને ત્યાં લેઇ જઇ કહ્યું કે આ પેટીની અંદર ઝવેર છે, તેની કુચી એમની પાસે છે: માટે તે તમે રાખીને મને જમણા રૂપૈઆ જોઇએ છે તે આપો. પેટી લઇને તેના મીત્ર તેણે જેટલા રૂપૈઆ માગ્યા તેટલા આપ્યા ! તે લેઇને પોતાની સાસુ પાસે આવી અને કહ્યું કે હું થોડા દહાડા મારા પીયરમાં જઇ આવું એમ કહી ડાગલો લેઇ આગળ ચાલી જ્યાં પાણીની તંગી હતી તે ગામમાં પટેલ પાસે આવી કહ્યું કે અહીંઆં મારે વાવ ખોદાવવી છે તે કામ તમે શરૂ કરો. તેનુ ખર્ચ વીગેરે હું આપીશ. પછી તેને ખર્ચ વીગેરે આપી તે કામ શરૂ કરાવી આગળ વધી. આગળ જતાં એક બીજું ઉતશાહપુર નામે ગામ આવ્યું, તે ઘણું સરસ હતું; પણ ત્યાં બાગ નહોતો, તેથી ત્યાંના મજમુંદાર લાલશંકર પાસે બાગ અને કુવો બનાવવાની ગોઠવણ કરી તેને રૂપૈયા વીગેરેનો બંદોબસ્ત કર્યો. ત્યાંથી તે ચાલતી ચાલતી કોઇ મ્હોટા હરીપુરનામે શહેર આગળ આવી. તેણે મરદનો સ્વાંગ લીધો હતો. જેથી તેને કોઇ એમ નહી ધારી શકતું કે આ સ્ત્રી છે, ગામમાં એક સોદાગરને ત્યાં તે ઉતરી. વાતચીત કરતાં સોદાગરની અને તેની બંન્નેની એકજ ન્યાત નીકળી સોદાગર તેની બોલવાની છટા, રૂપ અને ચતુરાઇ ઉપરથી સમજ્યો કે આ કોઇ હુશીઆર આદમી છે, તેથી તેણે પોતાની એક શુંદરમતી દીકરી હતી તે તેને પરણાવી. તેને સાથે લેઇને પોતાના ધણીના મુલક તરફ ગઈ, ત્યાં તે શુંદરમતી સ્ત્રીને પોતાની સઘળી વાતથી વાકિફ કરી. અને તેને પણ મરદનો પોશાક પહેરાવ્યો તે શહેરમાં એક રૂપાં ભરવાડણ રહેતી હતી, તેને ત્યાં ખાનદાન લોકો દુધ લેઇ જતા હતા તેને ત્યાં તેમણે ઉતારો કર્યો. થોડી વાર પછી રૂપાં ભરવાડણને તેમણે સઘળી વાત જણાવિ અને પોતે પાછો સ્ત્રીઓનો સ્વાંગ લીધો સાંજે ઉછરંગશાહનો સિપાઇ ખાનબેગ તેને ત્યાં દુધ લેવાને આવ્યો તે વખતે રૂપાં ભરવાડણે પેલી સ્ત્રીને ચેતાવી કે આ સીપાઇ તારા ધણીના ઘરનો છે રૂપાં ભરવાડણે કહ્યું કે તારા શેઠને જઈને કહેજે કે મારે ત્યાં કોઈ ખુબશુરત સ્ત્રીયો આવીછે જે બીજે દીવસે સીપાઇ જ્યારે દુધ લેવા આવ્યો ત્યારે સ્ત્રીયે સાકર વગેરે તેજાના નાખી સીપાઇને દુધ દોહીને આપ્યુ સીપાઇએ શેઠને પાયુ કે તેના સ્વાદથી ખુશી થયો તેણે સીપાઇને પુછ્યુ કે દુધ કયાંથી લાવ્યો ?

તે વખતે તેણે ભરવાડણને ઘેર બે સ્ત્રીઓ આવ્યાની વાત કરી તે સાં ભળી ઉછરંગલાલનું મન લલચાયું અને દુધનો હીસાબ કરવાનું બ્હાનું કાઢી તેને ઘેર ગયો ઉછરંગલાલ સોદાગર પેલી સ્ત્રીઓ જોઇ ખુશી થયો અને તેનું નામઠામ વીગેરે પૂછી પરણાવવાની ખુશી બતાવી જવાબમાં પોતાનાં નામ ઠામ તેમણે અવળી રીતે કહ્યાં જેથી સોદાગર ઓળખી શકયો નહિ પછી તેમણે લગનની વાત કબુલ કરી ત્યાંથી સોદાગર ઘરઆગળ ગયા, ને પોતાની સ્ત્રી માગીને તેડવાને પાલખી મોકલી પણ તેણે ન જતાં પેલી નવોઢા સુંદરમતીને શીખવીને વીદાય કરી એમ આવજા કરવાથી લાંબી મુદત થઇ અને સોદાગર ઉછરંગલાલના પેટના પેલી નવી સુંદરમતીને દીવસ રહ્યા આશરે સાતેક મહીના થયા. એટલે તેણે પાલખીને પાછી વાળવા માંડી તે નવી સ્ત્રીને ન મોકલી જણાવ્યું કે હવે અમે અમારે દેશ જઇએ છીએ તે સાંભળી ઉછરંગલાલે ફરીથી પાલખી મોકલી તેને બોલાવી કહ્યું કે તારા ઉપર મારો ઘણો પ્યારો છે, અને હવે તું જો તારે દેશ જાય છે તો તારી જે ખુશી હોય તે મારી પાસે માગી લે તેણે કહ્યું કે મારી પાસે સઘળી દોલત દુનિયા છે પણ જો વખતે આપવાનું ધારત હો તો ફક્ત આપનો રૂમાલ વીંટી, અને કોટની મોતીની માળા તે મને યાદગીરીમાં આપના જાઓ શેઠે તે સઘળું તેને સ્વાધીન કરી પોતાના ઘણો હર્ષ બતાવ્યો તે તેની રજા લઇ રૂપાં ભરવાડણને ત્યાં આવી અને ત્યાંથી બન્ને જણીઓ રૂપાં ભરવાડણને સંતુષ્ટ કરી વીદાય થયાં તેમણે પાછો મરદનો પોશાક પહેરી લીધો પેલી શુંદરમતી સ્ત્રીના બાપનું નગ્ર હરીપુર આવ્યુ ત્યાં તેને સ્ત્રીનો પહેરવેશ પહેરાવી તેના બાપને સ્વાધીન કરી કહ્યું કે એને પુત્ર પ્રસવશે. ત્યારે હુ તેડવા આવીશ, એમ કહી ત્યાંથી પોતે નીકળી આગળ આવી તો વાડી ને વાવ તૈયાર થઇ હતી તે જોઇને ગામમાં પેઠી, પેલી બીજી સ્ત્રી શુંદરમતીએ છોકરાને જન્મ આપ્યો ત્યાંથી તેને બોલાવી મંગાવ્યો, અને છાનો માનો એક ભોંયરામાં રાખી તેને પાંચ વરસનો કર્યો, કેટલાએક દીવસ પછી સોદાગર ઉછરંગલાલ આવ્યો, તેણે રસ્તામાં વાવ ને બાગ જોઇ તેના ઉપર સ્ત્રિનું નામ કોતરેલું હતું તે વાંચી પોતે ખુશી થયો, ને ઘર અગળ આવ્યો. ત્યાં તેના મિત્રો વગેરેએ ભેટ લીધી. જ્યારે તે મહેલમાં એકાંતે બેઠો, ત્યારે તેની સ્ત્રી મણી એ છોકરાને બ્હાર કાઢી તેને રૂમાલ ઓઢાડી, આંગળીએ વીંટી પહેરાવી કોટમાં માળા ઘાલી, તેના ખોળામાં બેસાડયો. સોદાગર

જણ થયોને પુછ્યું કે એ કોનો છોકરો ? સ્ત્રી બોલી કે જેનો હશે તે પોતાની મેળે ઓળખસે, જ્યારે તેણે નીશાનીયો જોઈ, ત્યારે તેને શરતમાં આવ્યું કે મેં પરદેશ જાતાં સડી ઉપર લખ્યું હતું તે પ્રમાણે તેણે કર્યું છે તેણે સ્ત્રી મણીને કહ્યું કે છેકલ્યાં સુધી તું કેમ આવી? સ્ત્રી મણી બોલી—આવી તો શું થયું? હું તમારી સાથે બગડી છું? એમ કહી પેલી સ્ત્રી સુંદરમતીની વાત જાહેર કરી. ધણી તેની બુદ્ધી ઉપર ખુશી થયો, તેણે પુછ્યું કેતુ ખર્ચવાને રૂપૈયા કયાથી લાવી? સ્ત્રીએ તે બાબત પોતેજે ચતુરાઈ લગાવી હતી તેનો ખુલાસો કર્યો. તેનું પારખું જોવા તેમિત્ર ગુણવંતશાને ત્યાં ગયો અને જોયું તો પેટી અંદર પથરા દીઠા, તેથી તેને પકકો ભરૂસો પડયો. પછી તેણે પેલી સુંદરમતી સ્ત્રીને પણ તેના પતીના ગાંમથી બોલાવી મંગાવી બન્ને ઉપર ઘણો પ્યાર રાખવા લાગ્યો.

ગુણસુંદરી બાઈનો કપાટ.

समस्त श्रृंगार विनोद शीला । लिलावती कोकिलकंठ नाल
विलासितानो नवयोवनेन । वृथागतंतस्यनरस्यजीवितम ॥

અર્થ—લીલા કરવા વાળી કંઠમાં કોઈલાને લજજા પમાડવા વાળી સોળે શણગાર સજેલી વીનોદ કરવાવાળી, સમસ્ત રાગ જાણવા વાળી તેવી સ્ત્રી જો તરૂણ પુરૂષે અતીશય પ્રીતની સાથે ભોગવી નથી, તો તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

એક મકનન્માર નામના નગરમાં કોઈ માણેકચંદશા વાણીયો રહેતો હતો તે વેપારમાં ઘણો કુશળહતો તેને એક ગુણસુંદરી નામની રતીની કાંતીને ઝાંખી પાડે એવી સુંદર સ્ત્રી હતી, તે બન્નેનુ જોડુ સારસ પેઠે સુખમાં દીવસ નીર્ગમન કરતું હતું તેમને અન્યોઅન્ય ઘણી પ્રીતી હતી સ્ત્રી ઘણી ભણેલી હતી, તેથી પોતાના સ્વામી પ્રત્યે શું શું ધર્મ છે, તે સઘળુ પોતે જાણતી હતી એટલે તેના પ્રતીવ્રતમાં કોઈ પણ તરેહની અડચણ નડવાનો સંભવ નહોતો, જેથી ગુણસુંદરી શીળ હતી, તેવોજ માણેકચંદશા પણ પત્નિભકત હતો. શેઠની ઉમ્મર આશરે ત્રીશેક વર્ષની હતી, અને શેઠાણીની વીસેકની લગભગ હતી, તેમને હજી સંતતી સુખ પ્રાપ્ત થયુ નહોતું. એક વખતે શેઠ માણેકચંદશાને કોઈ ગામ જવાની જરૂર પડી, ત્યારે તે પોતાની સ્ત્રીની ભરજુવાની તથા ખુબસુરતી જોઈ ભારે ફીકરમાં પડયો, અને તેને એ-

કુલી મુકી જતાં તેના મનમાં વારંવાર વીચારનાં મોજાં ઉછળવા માંડ્યાં. તેણે પોતાની સ્ત્રી ગુણસુંદરીને બોલાવિને કહ્યું કે- અલી સાંભળે છે? ગુણસુંદરીએ કહ્યું સ્વામીનાથ ! શું કહો છો? શેઠે કહ્યું કે મારા ઉપર ઉતાવળનો કાગળ આવ્યો છે. તેથી મારે ગામ જવુ પડે છે. સ્ત્રી ચતુર હતી તે શેઠના મનનિ વૃત્તિ સમજી ગઇ. તેણે જાણ્યુ કે મારો સ્વામિ મારી તરૂણાવસ્થાનિ ફીકર કરે છે તેથી બોલિ–કૃપાનાથ ! સુખેથી જોયો, મારા વીશે ફીકર રાખશો નહી, અને નિર્ભય રહેજો. પણ મને આપના વીના કેમ ગમશે, તમારા વિના એક પળ સો ભવ જેવિ જશે, માટે તમે જેમ બને તેમ જલદીથી આવજો, ઇશ્વર મારી લાજ રાખશે. અને તમારા ઘરનિ કીર્તિને લાંછન લાગશે નહિ, શેઠે કહ્યુ પ્યારી ! હુ તારિ સઘળી વાતથી વાકેફગાર છું. તારી ચાલને માટે તારૂં પવિતર ગુણસુંદરી નામ યોગ્યજ છે. તુ સઘળી નિતીથી પ્રવિણ છે, તો પણ હુ મારો ધર્મ સમજી એ શીખામણના બોલ કહુ છું તે ધ્યાનમાં રાખ્ય, તુ હરરોજ ઘરથી બાહેર જઇશ નહિ. મેં ઘરમાં અનાજ વિગેરે જે કાંઇ જોઇએ તે સઘળુ ભરી રાખ્યુ છે, જેથી તને પાંચ વર્ષ સુધિ કોઇ પણ તરેહનિ અડચણ પડે તેમ નથી. ગુણ-સુંદરીએ કહ્યું ઠિક, પણ આપ જ્યાં હો ત્યાંથી કુશળતાનો પત્ર મોકલતા રહેજો, જેથી મારા વિરહથી તપેલા અને અધિરા જીવને નિરાંત વળે પછી ગુણસુંદરીએ શેઠને માટે કંસાર કર્યો, અને તેમને ઘણા હર્ષથી પોતાનિ સાથે જમાડી હાવભાવથિ હેત બતાવિ વિદાય કર્યા.

શેઠના ગયા પછી ગુણશુંદરી પોતે બહાર નીકળતી ન્હોતી જેવું તે બોલતી હતી તેવુંજ તેનું મન ખરેખરૂં સ્વચ્છ હતું, બાર મહીના વીત્યા પછી તેણે વીચાર કર્યો કે મેં બાર મહીના સુધી કાંઇ પણ ધર્મ કે વ્રત નિયમ કર્યો નથી તેવી આજ પર્વણીનો દહાડો છે માટે ગોરજીને જમવાનું કહી આવું એમ વીચારથી પોતે અપાસ-રામાં ગઇ અને ત્યાં ઘરડા ગોરજીને જમવાનું નોતરૂં દેઇ આવી ઘર આગળ પોતે રસોઇ તઇયાર કરી બેઠી છે, એટલામાં ગોરજીએ તો પોતે ન આવતાં પોતાના ત્રણ ચેલામાંથી એકને જવાને હુકમ કર્યો. જમવા જનાર ચેલો જુવાન હતો જો કે તે ગોરજી થયો હતો. તોપણ તે પો-તાનું મન કબજે કરી શક્યો નહોતો તે ગુણસુંદરીના ઘર આગળ જમવા આવ્યો ગુણસુંદરીએ સતકાર કરી એક પાટલા ઉપર બેસાડ્યો અને સઘળી રસોઇ એક થાળીમાં પુરી તેને પીરશી પણ ચેલાનું ચિત્ત

તે જમવાના વીવીધ પકવાનો તરફ નહીં હતું તેની આંખો પેલી ખુબસુરત ગુણસુંદરીની નાજુકાઇ ઉપર ઉલટી રહી, તેથી તે પોતાનું ભાન ભુલી ગયો હોય એમ દીસવા લાગ્યું. ગુણસુંદરી ચેતી ગઇ કે મારી સામે આ ટશે ટશે જોઇ રહ્યોછે. તેથી આ પીટયાની નજર મારા ઉપર બીગડી છે, અને હું ઘરની અંદર એકલી છું. તેથી રખેને મારી આબરૂનો ભંગ કરે! પછી તેણે હીમ્મતથી ગોરજીને કહ્યું કે મહારાજ! આમ બેબાકળા કેમ થઇ ગયા છો, અને જમતા કેમ નથી? ગોરજીએ કહ્યું હે ચંદ્રમુખી! તારી કાન્તી જોવાથીજ મારી ભુખ શાન્ત થઇ છે, હવે મને જમવા ઉપર જરા પણ રૂચી નથી, મને આશા છે કે જે તેં મને મોહ ઉપજાવ્યો છે તેનું શું સાર્થક કરીશ, આમ સાંભળી ગુણસુંદરીના પેટમાં મોટો ધ્રાસકો પડયો. તેનાં પગ થરથર ધ્રુજવા લાગ્યા. શું કરવું તે તેને સુજે નહીં. તેણે અનુમાન કર્યું કે આ એકાન્ત સ્થળે મુવો જો મારી લાજ લેશે તો ઇશ્વર સિવાય મારૂં કોઇ સાહ્ય નથી. માટે આજે જેમ તેમ કરી તેને સમજાવી વીદાય કરવો. એવા વીચારથી તે બોલી કે ઠીક છે મહારાજ ! એજ કની ! તમે રાત્રે બરાબર સાત વાગે અહીંયાં આવજો. એટલે આપણે ગમ્મત કરી શું જુવો ! તમે સમજુ છો એટલે કાંઇ કહેવું પડે એમ નથી. હું ઘરમાં એકલી છું. અને ધોળો દહાડો છે, તેથી કોઇને વહેમ પડે ને ઘરની અંદર આવી ચઢે તો તમારી અને અમારી બેની આબરૂના કાંકરા થાય માટે બેલાશક રાત્રે આવશો તો આખી રાત આપણી છે. તેનાં અમૃત જેવાં વચનો ગોરજીનું પેટ જે જરા અધરૂં રહ્યું હતું તે ભરાઇ ગયું ! તેના મનમાં ખુશીનો પાર રહ્યો નહીં, અને ગાંડો ઘેલો થઇ ગયો ! !

ગુણસુંદરીએ તેને વિદાય કરયો, અને પોતાનાં કમાડ વાશી વીચારવા લાગી કે હવે રોયો રાતરે આવશે તો કેડ છોડશે નહી અને જબરાઇથી મારૂં પતીવ્રત ભંગાવશે, પણ તેની પ્રથમથી એવી વેતરાણકરી રાખુ કે ફરીને ખો ભુલી જાય, એમ ધારી તે ગામના નગરશેઠ ધનવતશાને ત્યાં ફરીયાદ કરવા આવી, ધનવંતશા શેઠે વેગળેથી જોઇને તેમને આદરમાન સાથે બોલવ્યાં—આવો આવો ગુણસુંદરી વહુ ! તમે તો જણાતા પણ નથી. હાલમાં માણેકચંદ શેઠ ગામ ગયાછે, તેથી જે કાંઇ જોઇતું કરતું હોય, તે અમને કહેવું, અને શરમાવું નહી. આતો તમા

રૂં ઘર છે. એમ સમજજો; પણુ મને નવાઇ લાગે છે કે કોઇ દીવસ નહી ને આજ અહીંયાં ક્યાંથી તમે ભુલાં પડ્યાં? તે સાંભળી ગુણસુંદરીએ કહ્યું કે શેઠ મારે તો એક મોટું દુ:ખ આવી પડયુ છે, તેથી આપની પાસે વીનંતી કરવા આવી છું એમ કહી પેલા ગોરજીના ચેલા દેવચંદજીની સઘળી વાત પ્રકાશ કરી.

તે સાંભળતાંજ શેઠ ધનવંતશાના ડોળા તપી ગયા અને બો લ્યા—જો સાળો લુચ્ચો ગોરજી થયો છે ! હવે હું તેની વેતરણુ કરું છું તેની તયારે ફીકર રાખવી નહીં (પછી થોડીવારે) પણુ ગુણુ શુંદરી મારી તારા ઉપર મરજી છે તારી ઉમરમાં એટલું તો સંભાર ણું કરીશ ! એમ કહી આંખમાં અણુસારા કરવા લાગ્યો ગુણુશુંદરી એ જાણ્યું કે આતો ઘરનાં ઉઠયા વનમાં અને વનમાં ઉઠી લાય, એવું થયું પણુ ફીકર નહીં તેની પણુ વલે કરીશ ગુણુશુંદરી શેઠ ધનવંતશાને આઠ વાગે આવવાનો વાયદો કરી રસ્તે પડી અને કોટવાલ શુલેમાન પાસે જઇ જાહેર કર્યું કે હુ આજરોજ ધનવંતશા પાસે ગઇ હતી, ત્યાં તેણે મારા ઉપર નજર બગાડી છે માટે તે મારી આબરૂનો ભંગ ન કરે એવો બદોબસ્ત કરવો જો ઇએ કોટવાળ શુલેમાન તે વાણીયણુની કોમળતા જોઇને પોતે મોહી ગયો અને તે બોલ્યો કે વાણીયણુ એ શેઠને તો હું તારા માટે સારી શીક્ષા કરીશ પણુ હું કોટવાળની જો આજની રાત મરજી સાચવીશ તો તને હુ ઉપયોગી થઇ પડીસ. તે સાંભળી ગુણુશુંદરીએ વીચાર્યું જે હું જ્યાં જ્યાં જાઉં છું ત્યાં ત્યાં બકરૂં કાઢતાં ઉંટ પેસે છે; પણુ હવે હીમ્મત હારવી નહીં અને ઇશ્વર ઇચ્છાએ મનુષ્ય પ્રયત્ન કરી જે થાય તે જોયા કરવું તેણે કોટવાળ સુલેમાનને નવ વાગ્યાનો વાયદો કર્યો.

કોટવાળનું થીકરૂં ફોડવા તેણે દીવાન અમૃતલાલ પાસે જવાનું ઠરાવ્યું તે એમ નહોતી જાણુતી કે કર્મનો કહાડયો દીવાન પણુ એવો હશે પણુ તેને તો ફાંસ કાઢતાં કાઢતાં સાલ પેસવા માંડયા જ્યારે તે દીવાન અમૃતલાલ પાસે ગઇ ત્યારે તેની ખુબસુરતતી જોઇ દીવાન અમૃતલાલની નયન ઠરી, તેથી તેને દીલાસો દેઇ કોટવાળ સુલેમાનને યોગ્ય શીક્ષાએ પહોંચાડવા વચન આપીને બોલ્યો કે ગુ ણુસુંદરી શું તું મારૂં એક કામ નહી કરીશ ? ગુણુસુંદરી ચેતી ગઇ કે દીવાન પણુ બરો પહોંચેલો દેખાય છે તેણે તેને કહ્યું આજની રાત તું મારી મરજી સાચવીશ? ગુણુસુંદરીએ કહ્યું ઠીક છે. અનેરાત્રેદશ

આવ્યાને વાયદો કરી આગળ વધી, અને તેની ફરીયાદ કરવાને મનસુબે રાજદ્વારમાં ગઇ. રાજા સુરસિંહ ઝરૂખે બેઠો હતો તેણે તેને વીજળીની પેઠ ઝળુકતી જોઇ કે જાસુસને હુકમ કર્યો જે એ બાઇને અહિંયાં ઉપર લેઇ આવો. જાસુસ બાઇ પાસે આવ્યો, અને દરબારની હજુરમાં લેઇ ગયો રાજાએ કહ્યું હે કમળવદની ! તે અહીં પધારવાને કેમ પરીશ્રમ લીધો છે ? શું તારા ચરણ આવી કઠણ જમીનમાં આવવા લાયક છે ? તે બોલી, કૃપાનાથ ! આપને વીનંતી કરવા આવવાની જરૂર હોય તો પછી કેમ કરવું ? રાજા સુરસિંહ કહે, બોલ ત્યારે શી વીનંતી છે ? તારી સઘળી મુરાદ હાંસલ કરીશ. તે બોલી, આજરોજ હું આપના દીવાનજી અમૃતલાલ પાસે કાંઇ કામસર ગઇ હતી; તેમણે મારો પતીવ્રત તોડવાનો નીશ્ચય કર્યો છે. માટે એમનો બંદોબસ્ત કરવો જોઇએ, કે કોઇ દીવસ કોઇની આબરૂ નહીં પાડે તે સાંભળી રાજા સુરસિંહ ગુસ્સો કરી બોલ્યો કે જો તું કહે છે તે પ્રમાણે હોય તો મારે તે દીવાનનો ખપ નથી, હું તેનો બરોબર તપાસ કરી યોગ્ય શીક્ષા આપીશ. પણ મને આશા છે કે મારૂં વચન તુંકબુલ કરીશ; અને એક રાત તારા પ્રેમનો રસ પાઇશ ગુણસુંદરીએ જાણ્યું કે મને તો અહીં પણ દૈવે ફસાવી તો પણ તે હિમ્મત હારવી નહીં. તેણે તેને રાત્રે અગીયાર વાગતે આવવાનો વાયદો કર્યો અને પોતાના ઘર તરફ પાછી વળી.

તે રસ્તામાં વીચારવા લાગી કે હવે ઇશ્વર સીવાય મારી કોઇ પણ લાજ રાખી શકે એમ નથી. તે ગમે એવી હિમ્મતવાન હતી, તોપણતે આ વખતે ગભરાઇ ગઇ, અને શું કરવું તે વીચાર તેને સૂઝે નહિ, વારે વારે તે પરમેશ્વરની પ્રાર્થના કરવા લાગી. ઘડીયે ઘડીએ પોતાનું પતીવ્રત જળવાય તેને માટે તે દેવીની માનતા માનવા લાગી એવા સોચમાં તે ઘર આગળ આવી ત્યાં તેને એક વીચાર સુજી આવ્યો તેવીજ તેણે હિમત પકડી તેણે પોતાના ઓરડામાં એક મ્હોટો કપાટ ખાનાવાળો હતો તે બહારના ખંડમાં કહાડી અને બાજે સઘળે સ્થળે તાળાં દેઇ આગળના ખંડમાં બીછાના વગેરે પાથરી સજ થઇને બેઠી. થોડીવાર થઇને સાંઝ પડી કે તેણે દીવો પ્રગટાવ્યો. એટલામાં સાત વાગે જે પેલા ગોરજીના ચેલા દેવચંદજીને વાયદો કર્યો હતો તેણે આવીને કમાડ ઠોક્યાં ગુણસુંદરીએ તરતજ બારણું ઉઘાડયું અને અંદર લાવી પલંગપર બેસાડયો અને પાનસોપારી વીગેરે આપ્યા. ગોરજી થોડીવાર પછી કામાતુર થયો, અને બોલ્યો કે ગુણસુંદરી કેમ છે ? ગુણસુંદરીએ કહ્યું મહારાજ

એટલા ઉતાવળા કેમ થાઓ છો ? જરાધીરા પડો, આખી રાત આપણી છે. એમ વાતો કરે છે ? એટલામાં આઠ વાગ્યા ને ધનવંતશા શેઠ આવ્યો ને તેણે કમાડ ઠોક્યું તે સાંભળી ગોરજી ગભરાયો અને બોલ્યો કે ગુણસુંદરી એ કોણ છે? ગુણસુંદરી કહે એ તો ધનવંતશા શેઠ છે, ગોરજીએ કહ્યું, અરે ! તે અહિંયાં ક્યાંથી ગુણસુંદરી બોલી મહારાજ તેમને તો મારે ઘેર હમેશાં આવવાનો નીયમ છે ! તે સાંભળી ગોરજીનાં તો હાઝાં નરમ થઇ ગયાં તેનું શરીર ધ્રુજવા લાગ્યું અને જાણ્યું કે જો તે મને દેખશે તો મારા ગુરૂને કહી મને વરણાંથી કહાડી નાખશે તેથી તે દયામણે ચહેરે હાથ જોડીને બોલ્યો કે ગુણસુંદરી જો તું મને જીવાડવા ચહાતી હોય તો મને ક્યાંક સંતાડ નહીં તો મને બચવાનો કાંઇ પણ આરે નથી. ગુણસુંદરીએ કહ્યું મહારાજ ! તમે જુવો છો કે મારો ધણી બધે તાળાં વાસી ગામ ગયો છે. અને ક્યાંય જગ્યા નથી; તેમ છતાં એક આ કપાટ પડયો છે, એમાં પેસો તો ઘાલું ગોરજીએ કહ્યું કપાટમાં તો પછુ ગમે ત્યાં સંતાડને નકી. તો હું દાંત દાબીને મરી જઇશ. તો તેની હત્યા તને લાગશે પછી ગુણસું‌દરીએ તેને પેલા કપાટનું એક ખાનુ ઉઘાડી અંદર ઘાલ્યો અને તળુ વાસી દીધું. પછી કમાડ ઉઘાડી ધનવંતશા શેઠને ઘરની અંદર બોલાવ્યા. તેમને પાનની બીડી આપી હસી ખુશીથી વાતો કરે છે, એટલામાં એક કલાક વીતી ગયો અને કોટવાળે આવીને કમાડ હડસેલ્યાં ! શેઠ ભડક્યા અને બોલ્યો ગુણસુંદરી જોતો અત્યારે કમાડ કોણ ઠોકે છે તે કોઇ આવ્યું કે શું ! ગુણસુંદરી કહે હા એતો શુલેમાન કોટવાળ સાહેબ છે તે રોજ આ વખતે આવે છે વાણીએ જાણ્યું કે મારા તો ભોગ મળ્યા ! મને જાણશે તો અહીંને અહીં કાટલું કાઢી નાખશે. એના વીચારથી તેનું પોતીયું પલળી ગયું; અને હાથ જોડી ગુણસુંદરીને કરગરવા લાગ્યો કે હવે મને સંતાડ ગુણસુંદરીએ કહ્યું શેઠ ! તમે જુવો છો ! તો ખરા કે મારો ધણી સઘળે તાળાં વાસી ગયો છે ફક્ત આ બહારનો ખંડ ઉઘાડો છે, હું તમને ક્યાં સંતાડુ ? જેમ જેમ વાર થતી ગઇ તેમ શેઠનું મન બહુ લીલાં કર્યાં. શેઠે કહ્યું તું જો આ વખતે મને સંતાડીને ઉગારીશ તો હું તને ખુશી કરીશ. ગુણસુંદરીએ કહ્યું કે ફક્ત મારા ઘરમાં આ કપાટ છે એની અંદર કહો તો ઘાલું શેઠે તે ઘણી ખુશીથી કબુલ કર્યું. એટલે તેને બીજું ખાનું ઉઘાડી અંદર પૂર્યો ને તાળુ વાસી દીધું પછી તેણે કમાડ ઉઘાડી કોટવાળને અંદર બોલાવ્યો અને પાનસોપારી આપી

દુધની ફેણ જેવી સફેત ચળકતી સજ્યા ઊપર બેસાડયો. કોટવાલ સુલેમાન કહે પ્યારી ! હવે કેટલી વાર છે. ? ગુણસુંદરી બોલી હજુ આવ્યા છો તો હમણાં ને આવા અધીરા કેમ થઇ જાઓ છો ? આ ઉપરથી તમે કોકશાસ્ત્ર કે નીતીશાસ્ત્ર શીખ્યા નથી, એમ સીદ્ધ થાય છે. બેસો આપણે વાત ચીત કરીએ, પછી તે તો છેજ. એમ રકઝકમાં આશરે કલાકેક વીતી ગયો. એટલે દીવાન સાહેબ આવી એનું બારણું ઠોકયું, ને કહ્યું કે ઉઘાડો ! કોટવાલ સુલેમાન તેનો અવાજ સાંભળી એક બકરી જેવો થઇ ગયો. તેણે જાણ્યું કે આ સ્વર અમૃતલાલ દીવાનનો છે, પણ તેણે વધારે ખાત્રી કરવા પુછ્યું કે ગુણસુંદરી એ કોણ બોલે છે ? ગુણસુંદરીએ કહ્યું કે એતો દીવાનજી સાહેબ છે, કોટવાલ બોલ્યો અરે ! હાય હાય ! મારી કયાં કમબખ્તી આવી કે હું આવા તાપમાં પાડયો. તું ખરેખરં બોલી દે કે તે અત્યારે અહીં કયાંથી ? ગુણસુંદરીએ કહ્યું તેમને દરરોજ અહીંયાં આવવાનો દસ્તુર છે; કોટવાળે પોતાને સંતાડવાને ઘણી આજીજી કરી, ત્યારે તેને પણ પેલા કપાટમાં એક ખાનાને હવાલે કર્યો અને તાળું વાસી દીધું, પછી ઘણા હર્ષથી દીવાનજી સાહેબને તેડી લાવી વીનોદ વાતો કરવા લાગી, તણે તેને મુખ મલકાવીને પાંનની બીડી આપી કે કામ પ્રદીપ્ત થયો; અને ગુણસુંદરીને આલીંગન દેવા ગયો ગુણસુંદરીએ કહ્યું—આમ આવ્યા એટલામાં શું ગાંડા થઇ જાઓ છો ? જરા ભાન રાખો ! એમ કહી તેને પાન સોપારી વિગેરે આપી એક ઊંચી જાતનો શરાબ (દારૂ) પાયો, અને આડી ટેઢી વાતમાં એક કલાક કહાડી, એટલે રાજા સુરસીંહ સોળે આયુધ બાંધીને હાથમાં ઢાલ લેઇ કપાડ ઠોકી ઉભો રહ્યો. દીવાને કહ્યુ કોણ છે, ? ગુણસુંદરીએ કહ્યુ ધીરે બોલો. નહી તો તમારૂં ને મારૂં બંન્નેનું માથું જુદું કરશે. એતો રાજા સુરસીંહ છે, આ વખતે દિવાન અમૃતલાલના મ્હો ઉપરથી લોહી ઊડી ગયું અને ફીકુ ફસ થઇ ગયું તેણે સ્રીને હાથ જોડીને કહ્યુ કે તું હવે મને કાંઇ પણ રસ્તો બતાવીશ; નહી તો મારૂં નક્કી મોત થશે; ગુણસુંદરીએ કહ્યુ હુ શો રસ્તો બતાવું જ્યાં રસ્તો છે ત્યાં રાજા ઊભો છે; દીવાન કહે મને તું ગમે ત્યાં સંતાડ ગુણસુંદરી બોલી અરે બાપ ? એજ પંચાત છે નો આખા ઘરમાં બધે તાળાં દેઇ ગયા છે કહો તો આ કપાટની અંદર આપને સંતાડું દીવાન કહે કે એમાં તો એમાં પણ હવે વાર કર નહીં. નહી તો મારૂં ને તારૂં બન્નેનુ આવી બનશે દીવાન અમૃતલાલે જ્યારે ઘણી આજીજી કરી ત્યારે તેને પણ પેલા

કપાટના એક ખાનામાં ઘાલ્યો અને તાળુ બંધ કરી કમાડ ઉઘાડી રાજાને હસતી હસતી પોતાના ઘરમાં લાવી અને પલંગ પર બેસાડી તેની સાથે બાજી સોગટાં રમવા લાગી તે ચતુર સ્ત્રીએ મનમાં ક્યાસ કર્યો કે ચાર જણને તો પેટીની અંદર ઘાલ્યા છે, પણ આનું શું કરીશું ? પછી તે રાજાને કહેવા લાગી કે આપ જરા બેસો હું નીચે જઇ આવું, એમ કરી તે તરત હેઠળ જઇ બે કાગળ જુદા જુદા અક્ષરથી લખ્યા, તેમાં જાણે એક પોતાના ધણીના હાથનો ખુશીનો અને બીજો કોઇ બીજાના નામનો પોતાના ધણીની અશુભતાનો લખાવ્યો અને ધીમે રહી બારણું ઉઘાડી પોતાની પડોશમાં એક ડોશી રહેતી હતી તેની પાસે પેલા કાગળ આપી કહ્યુ કે અરે મા એક કાગળ અશુભ નો અને બીજો શુભનો છે. તેમાંથી આશરે પા કલાક પછી મારા ઘરમાં અશુભનો કાગળ આપી જજે અને જ્યાં સ્મશાનમાં ચીતા ખડકીને હું બેશીશ, ત્યારે શુભનો આપી જજે. એમ સમજાવી રાજા પાસે આવી એટલે કમાડ ખુબ ઠોક્યાં ને કહ્યુ કે ગુણસુંદરી લે આ તારો કાગળ છે, તું બપોરની ક્યાં ગઇ હતી હુ તો બે ચાર ધકા ખાઇ ગયો, પણ તું મળી નહીં. એવા શા કામમાં ફરે છે ? ગુણસુંદરી જેવી બારણું ઉઘાડવા ગઇ કે રાજાએ કહ્યું જે મને સંતાડ નહી તો મારી આબરૂ જશે ને મરવું પડશે, ગુણસુંદરીએ તેને તરતજ પેલા ખાલી રહેલા પાંચમા ખાનામાં ઘાલી દીધો, અને તાળુ વાસી દેઇ કાગળ અંદર લાવી ઉપર જોવા લાગી તો મેલો દીઠો, તેથી તે રડવા લાગી કે હાય ! હાય ! આ કોની ખોટી ખબરનો કાગળ હશે ? એમ કહી ઉકેલીને વાંચ્યો તો માંહીથી નીકળ્યુ કે ફલાણે દીવસે માણેકચંદ દેવલોક પામ્યો છે, ! એ શબ્દ વાંચતાંજ તેણે મોટી કીકીયારી પાડી અને છાતીમાં લઇ મ્હોં વાળ્યું તે સાંભળી આસ-પાસથી મહેલાના લોક ભરાઈ ગયા અને કહેવા લાગ્યા કે હાય ! હાય ! બીચારી ગુણસુંદરીનો વર મરી ગયો, ! તે બીચારી બાળરાંડ થઇ ! કેટલાએક કહેવા લાગ્યા કે અરે ! બીચારીને એક છોકરૂ હોતતો પણ સારૂ ! હવે તે ગરીબ અબળાનો દીવસ કેમ જશે ? તેની કેટ-લીએક બેનપણીયો કહેવા લાગી જે અરે ! હવેથી તેની કાળ જેવી રાત કેમ ખુટશે ? એમ અરસપરસ લોકો વાતો કરે છે અને ટોળે ટોળાં ભરાઇ તેના ઉપર દયાની નજરે જુવે છે. ધીરે ધીરે તેના સગાઓને અને નાતવાળાઓને ખબર થઇ તેઓ પણ ખુખલો મુકતા આવ્યા ગુણસુંદરીએ પોતે સુર ચઢાવ્યુ અને કહ્યું કે મારે તો હવે મારા ધણીની પાઘડી લેઇ બળી મરવું છે, અને તે સાંભળી લોકો જરા

અરે ! જય અરે કરવા લાગ્યા; કેટલાએક તો વારવા લાગ્યા. તેમને તમામને પોતાની નજર આગળથી કહાડી મેલ્યા, તેણે એવો તો વેશ ભજાવ્યો કે કોઇના મનમાં જુઠું જરાપણ કળવામાં આવે નહિ, જે કોઇ તેને વારવા આવતું, તેને તે કહેતી કે હવે મારે જીવીને શું કરવું છે ! મારા સુખનો સમુદ્ર જ્યારે એકદમ સુકાઇ ગયો, ત્યારે મારે જીવીને શું સુખ ભોગવવાનું છે ! હું સતી થઇ સ્વર્ગમાં મારા વિયોગી ધણીને મળીશ. પછી તેણે પોતાનું ઘર પોતાની નાતનો કૃષ્ણાર્પણમાં આપી દીધું, અને લોકોને પેલા કપાટ તરફ આંગળી કરી કહ્યું કે એમાં મારાં સારાં સારાં આભૂષણો અને વસ્ત્રો છે તેને પણ સ્મશાનમાં લો. પછી તે કપાટ ઉચકાવી પોતાના ઘરમાં એક ધણીની પાઘડી પડી હતી. તે લઇને સ્મશાનમાં ચાલી. તેની પછાડી જોવાને હજારો લોક ઉલટયું અને ગામમાં કોઈ ચકલું નામ પણ રહ્યું નહિ, તે સ્મશાનમાં ચિતા ખડકાવીને બોલી કે મારી પછાડી આ પેટીને પણ ચિતામાં હોમજો !

તે સાંભળી અંદર પડેલા પાંચે માણસોના જીવ ઉડી ગયા. અને છેલ્લી વખતનું ઇશ્વર સ્મરણ કરવા લાગ્યા. તેમણે નકી ધાર્યું કે હવે આપણે જીવીયે તેમ નથી. પણ ચોરની મા કોઠીમાં મ્હો ઘાલીને રૂવે, તેની પેઠે અંતકાળની વખત ઉપર પણ તેઓ એક અવાજ કરી શક્યા નહીં. ગુણસુંદરીએ તો તે કપાટ મુકવાનો વિચાર કર્યો. પણ તેને ફરી વીચાર આવ્યો કે બીજાઓને તો મારે પાપ નથી પણ રાજા હજારેના પાળકને મારવો એ કામ ઘટિત નહિ. પછી પોતે પલાંઠી વાળી ચીતામાં બેઠી, અને તેને સળગાવવાની આજ્ઞા કરે છે, તેવામાં પેલી ડોસી દોડતી ધાતી આવી તેના શુભ સમાચારનો કાગળ તેના હાથમાં આપ્યો કે એ તો ખુશી આનંદમાં છે ? અને એમના કોઇ દુસ્મને આ પ્રમાણે ગપ ઉડાવી છે તે કાગળ સતીએ લઇને ફોડીને બોલી જે આ મણેકચંદના હાથનોજ કાગળ છે. પછી વાંચ્યું કે અમે ખુશી આનંદમાં છીએ, અમારી ફીકર ચિન્તા કરશો નહીં, તે વાંચી સઘળા લોકોને હર્ષ થયો અને ગુણસુંદરીએ બળવાનું બંધ કર્યું લોકો પોતપોતાને ઘેર વેરાઇ ગયા. ગુણસુંદરીએ કહ્યું કે હવે મેં જે ઘર કૃષ્ણાર્પણ કરયું છે તેમાં તો હું હરરોજ રહેવાની નહીં, માટે હું હુ તો મારા ધણીની પાસે જઇશ. એમ કહી પેલો કપાટ દરબારને મૂકવા ચલી. તેણે દરબારમાં રાણી મણીગૌરી પાસે જઇને પુછ્યું કે રાજા સુરસિંહ ક્યાં છે ? તે વખતે દરબારમાં ફક્ત ગુણસુંદરી અને

રાણી મણીગૌરી સીવાય કોઇ હતું નહી. રાણીએ કહ્યું કોણ જાણે રાતના ક્યાં ગયા છે. તે હજુ સુધી આવ્યા નથી. ગુણસુંદરીએ કહ્યું બાઇ સાહેબ ! રાજાજી કાંઇ રમણે તો ચડ્યા નથી! રાણીએ કહ્યુ—એમ કદી બને નહિ, એ રાજા જુદા અને મારો રાજા સુરસિંહ જુદો માટે ગુણસુદરી આજ પછી કોઇ દીવસ મુખમાંથી એવો શકુન કહાડીશ નહીં. ગુણસુંદરીએ કહ્યું—કદી એમ હોય, તો પછી તમારે શું કરવું! રાણીએ કહ્યુ, એમ હોયજ ક્યાંથી ! જો એમ હોય તો બીજા જેવી હું નહીં કે સાંખી રહું. પછી તો હુ તને મારા મહેલમાંજ પેસવા ન દેઉ ! એવી રાણી મણીગૌરીની બડાઇઓની વાતો સાંભળી ગુણસુદરીએ રાજાવાળું કપાટ ઉઘાડી તેને બહાર કહાડ્યો, તેને રાણી મણીગૌરીએ હદથી જાદે ઠપકો દીધો, રાજા સુરસિંહ તેને એક પણ ઉતર આપી શક્યો નહી અને શરમાઇને સ્તબ્ધ થઇ ઉભો રહયો. પછી ગુણસુંદરીએ રાજા શુરસિંહને કહ્યું કે વારૂ તમે એવા, પણ તમારા વજીર પણ એવાજ કે ! રાજા બોલ્યો—એ તો હુ ફસાયો પણ મારો વજીર અમૃતલાલ ઘણો ડાહયો ને વીદ્વાન છે, તે કોઇ દીવસ એવો હોય નહીં. જો તેમ મારા જાણવામાં આવે તો તેને તરત શીક્ષા કરૂં તે વખતે બીજુ ખાનું ઉઘાડી વજીરને કહાડ્યો. તે પણ સ્તબ્ધ થઇ ગયો અને પોતાનું ડોકું નીચું નમાવી ઉભો રહયો. રાજા આજદીન શુધી વજીરને ઘણો નીતીવાન અને ઠરેલ માણસ સમજતો. તેના કળવામાં વજીરનું સઘળુ પોગળ આવી ગયું. તેથી તેનો દશહજાર રૂપૈઆ દંડ કરી. તેમાંથી પાંચ હજાર દરબાર ખાતે રાખી પાંચ હજાર ગુણસુદરીને આપ્યા, રાજા પણ કપાટમાં સપડાયો હતો. તે વજીર જાણે છે પણ મોટાને કેમ હુકારો કરાય ? તેથી તેણે મુગે મ્હોડે દંડ ભર્યો. ગુણસુદરીએ કહ્યુ કે તમારા તો વજીર એવા અને કોટવાળ પણ એવા છે ! રાજાએ કહ્યું, કદાપી તેમ હોય નહિ, મારો કોટવાળ શુલેમાન ઘણો દાનો છે, તે એવા તુચ્છ કામમાં ફસે નહિ, તે સાંભળી લાગલુજ ખાનું ઉઘાડી કોટવાળ ભાઇને બહાર કાઢ્યા ને કહ્યુ કે જુવો રાજાજી ! આ કોણ છે ? રાજાએ તેની પણ પાંચ હજાર દંડ કરી અડધા ગુણશુદરીને આપ્યા. પછી તેમણે પુછ્યું કે તમારો નગરશેઠ કેવો હશે ? રાજા કહે કે નગરશેઠ તો ધર્મનો અવતાર છે, એવુ રાજાનુ બોલવુ થયુ કે તેને પણ ખાનાની અદરથી કહાડ્યો. એટલે તેનો પણ બે હજાર દંડ કરી અને અર્ધ

રૂપૈયા પવિત્ર ગુણસુંદરીને સ્વાધીન કર્યા. આખરે ગોરજી દેવચંદજી ઢા-ળીને કહાડયો તેના ઉપર રાજા સુરસીંહ ઘણો ગુસ્સો કરી બોલ્યો કે અમે તો સંસારી છીએ, તે વખતે ભુલીએ પણ તમે સંસાર ત્યાગ કરવાનો ઢોંગ બતાવી આવાં કામ કેમ કરો છો તેથી તમને જે શીક્ષા થાય તે થોડી વાર છે એમ કહી તેનો અપાસરો મુળમાંનો ખોદી નંખા-વ્યો પછી ગુણસુંદરી પેલા રૂપૈયા લેઇ રાણી મગુગૌરીની રજા માગી પોતાનો ધણી હતો ત્યાં જઇને રહી.

ઘણીજ સ્ત્રી સાથે વ્યભીચાર કરનારો પુરૂષ તથા સ્ત્રી કપટસુંદરીનું ચરીત્ર.

बिल्वस्तनीकोमलितासुशीला सुगंधकुंतालुलिताचगौरा ॥
नाऽऽश्लोपतापेनचकंठदेशे वृथागतंतस्यनरस्यजीवितम ॥

અર્થ—બીલીફળ બરોબર જેના સ્તન છે. કોમળ અને સુ-શીલ છે. સમસ્ત પ્રકારની સુગંધી સાથે અલક ગૌર અને લલીતા ઓપી રહી છે. તેવી સ્ત્રીના ગળામાં જેણે બાથ ભરી અલીંગી નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

કોઇ શાહુકારણી કપટસુંદરીનું રૂપ જોઇ તેના પર એક ઉદય શંકર કરીને બ્રાહ્મણ આશક પડ્યો પણ તેને કેઇ રીતે મળવું એવા-વિચારથી ને માળણ રંગીલીને ત્યાં ગયો ને તેની સાથે મસલત કરી. માળણ તેને દિલાશો દેઇ જ્યારે શેઠ નહી હતા ત્યારે શેઠાણી કપટસુંદરી પાસે જઇ અને મીઠાં વચનથી તેને વશ કરી સેઠાણીએ ખુશી થઇને તેના વચન પ્રમાણે ચાલવાનું કબુલ કર્યું ત્યારે માળણે તે દિવસે પોતાના ઘેર આવવાનું સૂચવ્યું કે એક બ્રાહ્મણ તારા ઉપર આશક પડ્યો છે તે મારે ઘેર છે, ત્યાં જો તું નહી આવીશ તો તે મરી જશે. શેઠાણી કપટસુંદરીએ કહ્યું કે હું આજ રાત્રે આવીશ ત્યારે માળણ ઘેર ગઇ શેઠના ગયા પછી સાંજરે શેઠાણી કપટસુંદરીએ સૃંગાર પહેરી માળણ રંગીલીને ત્યાં ગઇ ત્યાં બ્રાહ્મણ ઉદયશંકરને અને શેઠાણી બન્નેને મુલાકાત થઇ શેઠાણી કપટસુંદરીએ કહ્યું કે મીઠાઇ જોઇએ ત્યારે બ્રાહ્મણ ઉદયશંકર ગુંજામાંથી બે રૂપીઆ લેઇ મિઠાઇ લેવા ગયો શેઠાણીએ પણ એક રૂપીઓ તેને આપ્યો

બજારમાં કંદોઇની દુકાન આગળ આવ્યો તેણે બે ત્રણ દુકાનો જોઇ પણ મીઠાઇ તેને ગમી નહીં તેથી આગળ ચાલ્યો ને ભાવ પુછવા લાગ્યો તેને એક સુખડીએ કહ્યું કે અલ્યા ! દરબારમાં એક

પુછવા લાગ્યો તેને એ સુખડીએ કહ્યું કે અલ્યા ! દરબારમાં એકેક રૂપૈયા દક્ષણા આપે છે ને તું કેમ અહીં ઉભો રહ્યો છે ! બ્રાહ્મણે કહ્યું આજે મારે કામ છે સુખડીએ કહ્યું—ભલા આદમી રૂપૈઓ કેમ ખુવે છે ? લાવીશ તો બરફી લેવાના કામમાં આવશે બ્રાહ્મણે કહ્યું—તું તારી મેળે હમણાં બરફી આપને—પછી હું જાઉં છું—કંદોઇએ કહ્યુ,—પછીથી શું ત્હારૂં કપાળ જાઇશ ? દક્ષણા વહેંચાઇ જશે ત્યારે ? માટે પહેલો જા ને રૂપીઓ લાવીને મીઠાઇ લેજે. તે સાંભળી બ્રાહ્મણ ઉદયશંકર દરબારમાં ગયો ત્યાં દક્ષણા અડધાઓને વહેંચાઇને અડધા રહ્યા ત્યારે રાજાને વિચાર આવ્યો કે રાત પડી છે માટે જે રહ્યા હોય તેમને અંદર પૂરી મૂકી સવારે દક્ષણા આપીશું તેથી જેઓ રહી ગયા તેના ભેગો બ્રાહ્મણને પણ પુર્યો ! મા ળણ રંગીલીને ત્યાં શેઠાણી કપટસુંદરી વાટ જોઇ રહી કે હજુ તે આવ્યો નહિ. અડધીક રાત જતાં તેને અનંગ વ્યાપ્યો, ને માળણને કહ્યું કે એ તો હજી સુધી આવ્યો નહિ. માટે હવે તું ગમે તેને બોલાવી લાવ. માળણ પાનવાળાની દુકાને આવી ત્યાં દૈવયોગે તેનોજ વર પાન લેતો હતો તેને વીના ઓળખે લલચાવીને માળણ ઘેર તેડી લાવી મેડાઉપર સ્ત્રી બેઠી હતી તેણે શેઠનો પગ વર્તીને જાણ્યું કે—આતો મારો પતિ આવ્યો—હાય ! હાય ! હવે શું કરૂં ? પછી પોતે બીછાના પર સુઇ લુગડું ઓઢી લોટપોટ થઇ માળણ પુરૂષને લઇ ઉપર આવીને કહ્યું કે આ તારે માટે પુરૂષ લાવી ! શેઠે કહ્યુ કે મ્હોં કેમ ઉઘાડતી નથી. ? પણ પેલી કપટસુંદરી કાંઇ બોલી નહી, ત્યારે માળણ સમજતી નથી, તેથી તેને પુછવા લાગી—ઉઠને ! અડતલાં શું કરે છે ? તારે કાંઇ જોઇએ છે, ? શેઠાણીએ ધાટો બદલી કહ્યું હા, વીંટી આપે તો હું વાતચીત કરૂ, ત્યારે શેઠે આંગળીએથી વીંટી કાઢી આપી તો પણ તેણે પડદો ખોલ્યો નહીં ત્યારે કહ્યુ કે—હવે તો ખોલ ? બીજુ કાંઇ જોઇએ છે, ? ત્યારે કહ્યું કે હવે કંઠી આપે તો મેળાપ કરૂ તે પણ કામાતુર શેઠે આપી. તે સ્ત્રી ગુસ્સો કરી બોલી ઉઠી—લુચ્ચા ! તુ મને હમેશાં કહે છે, કે તારા સીવાય મને કોઇ પણ વહાલું નથી, પણ તેની પરીક્ષા જોવાને સારૂં હું અહી આવુ છું ને મેં આજ જોયું કે તારામાં કેટલુ સત્ય છે આ પ્રમાણે તું હમેશાં દ્રવ્ય ઉડાવે છે તે કેટલા દીવસ ચાલશે ? તે સાંભળી ધણી ભુઠો પડ્યો ને જાણ્યુ કે મારી સ્ત્રીમાં કોઇ રીતનો બગાડ નથી પછીથી તે તેનો વિશ્વાસ કરવા લાગ્યો. અને સ્ત્રી કપટસુંદરી સત્યનો ફાંકો રાખી હમેશાં જારી રમવા લાગી.

મહેસિંહ રાઠોડ અને મનોહરશાહ તથા તેની સ્ત્રી ચપળામતીનું ચરીત્ર.

आनंदकंदर्पनिधानरुपा झगत्कणत्कंकणनुपुराऽढया ॥
नाऽस्वादितायेनमुखाऽधरस्यात्तथागतंतस्यनरस्यजीवितम् ॥

અર્થ—રતુરાજની બરાબર રૂપ જેનું સાર શોભાયમાન છે. પગમાં ઝાંઝરનો ઝમકાર ખખડી રહ્યો છે તેવી સ્ત્રીના હોઠનો જેણે મીઠો સ્વાદ લીધો નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે

મારવાડ મધ્યે પોકરણની પાસે શુરપુરા નામે એક ગામ છે ત્યાં ધીરસીંહ અને મહેરસીંહ નામના બે રજપૂત ભાઇઓ રહેતા હતા. એક સમે તે ગામ પર સરાઇ લોક ચડી આવીને ગામની મીરાત એડલે ઢોર ઢાંકર, વાળી ચાલતાં થયા, તેથી રૈયત બે ભાઇસોપ ફરીયાદે આવી. આ જાતે અસલ રાઠોડ હતા તેથી મેઘનાદે કરીને સિંહ તેના જંગલને ગર્જનાથી ગજાવી મેલેછે. તેવી રીતે આ બે શુરવીરો ખળભળી ઉઠયા. જોત જોતામાં તેઓનાગાં ખાડાં સજીને ચોકમાં આવી ઉભા, તેઓ ન્હાના ગામના ઠાકાર હતા તેથી તેમને સેના હોય શેની કે તેમની પછવાડે ચઢે ! પણ તેઓ જાતે કઠોર રાઠોડ રજપુતના બેટા હતા, એટલે સંખ્યાબધ શત્રુ સાથે પણ તેઓ એકલા પવનપુર સ્વાર થઈને ચાલ્યા.

આવી તેમની હિંમત ને બહાદુરીથી ગામના લોકો તેમની વારે ચઢયા, મેદાનમાં જઇને તેઓએ રણસીગડાં ફુકર્યા તેથી શત્રુને જાણુ થયુ કે કોઈ વારસો લેવાને આવ્યો છે તો હવે તેને જમને સ્વાધીન સોપવો, એટલુ બોલતામાં તો પાંચહજાર માણુસ સામે આવી ઉભુ તે જોઇને મહેસીંહ ક્રોધથી બોલ્યો કે " કોઇ રાંડ ભુંડણે આ જણતર જાણી મેલ્યું છે ! આમાં કોઇ રજપુત બચ્ચો નથી ? કાયર વણુશકર ભેળા હુવા છે.

મહેસીહની આવી કડવી ઝેર બોલી સાંભળીને પ્રતીપક્ષનો સરદાર શીરોધ ઉગામીને એકદમ ધસી આવ્યો ને જેવો ઘા કરવાને જાય છે તેવામાં તો વીરસીહના ઝટકાની સાથે તેનાજ ત્રણુ ખડ છુટા થઇને ડુડયા એટલે સામે વાળીયા લસ્કરે તેમને ઘેરીને માર માર કરવા લાગ્યા પણુ બને ભાઇઓ બાહોશ અને પુરા ખેલાડી હતા તેથી તેમને શત્રુનો એક ઝાટકો લાગ્યો નહી અને સુરજ આથમતાં પહેલાં તેઓએ સરાઇઆ (લુગરા) ની અડધી ફોજના માણુસને વિષ્ણુ લોકમાં મોકલ્યા.

આવા હિંગામમાં કોઇ એક અજળા હથીયારબંધ જમીનમાં લોટતી લોટતી છેક ધીરસીંહના પગ વચ્ચે આવી ગઈ, અને સુતા સુતાં તેણીએ એવો કારી ઘા ધીરસીંહની છાતી સરસો માર્યો કે તેનું આખું શરીર વચ્ચેથી ચીરી નાખ્યું તેથી કરીને તે લડ. ચડીયું ખાઇ નીચે પડયો. તે જોઇ મહેસીંહની આંખની ખુમારી ભરાઇ આવી ડોળા લાલચટક થઇ ગયા, અને ભાઇનું વેર લેવાને સારૂ હવે બીજે હાથે તેણે બાલો નીચે પાડી તેણીને ઝીલી લેઇ ખભે અંતરીક્ષ લટકાવી !! તે જોઇને સર્વે કોઇને ધીરજ ના રહી અને ત્યાં ભંગાણુ પડયું; તેઓ પોતાનો જાન લઇને નાઠા. પણ એવામાં ધીરસીંહ રણમાં ખપ્યા એ વાતની ખબર તેની સ્ત્રી ભટીયાણીને થઇ કે તે આવીને સતી થઇ. ત્યારે મહેસીંહને એક આંખમાં શ્રાવણ અને બીજીમાં ભાદ્રવો છુટી પડયો!

જે લોકો તેમની વાંસે વ્હારે ચઢયા હતા. તેમને સરઇયા લોકે તારાજ કર્યાથી ગામમાં મરદનું નામ દીઠામાં આવતું નહોતું. એથી કરીને મહેસીંહને બહુ કલ્પાંત થયું તેથી ગામ મેલીને ચાલી નીસર્યો કે હવે આપણું અહીં પુરૂ થવાનું નથી. તે ચાલ્યો ચાલ્યો ત્રાંબાવટી નગરીમાં આવી પહોંચ્યો. તેની પાસે પૈસો ટકો રહયો નહોતો, તેથી અહી કેમ નીર્વાહ ચલાવવો તેની સોચમાં પડયા. વટેમાર્ગુએને જોઇ મહેસીહે પુછ્યું કે આ શહેરમાં મને નોકર રાખે એવો કોણ છે? એક એ જણે કહ્યું કે તમને ચાકરી રાખી ભાખરી આપે એવો તો આ ગામનો ફકત નગ્રશેઠ ઉજમશાહ છે.

મહેસીંહ ચાલ્યો ચાલ્યો નગ્રશેઠને ઘેર આવી સલામ કરીને ઉભો. તેને જોઇ ઉજમશાહ મનમાં ઓશકાયો, પણ વાણીઆભાઇ એટલે જાતે ચતુર, તેથી ચેત્યો કે આ કોઇ મહાન પુરૂષ જણાય છે ખરો પણ વખાનો માર્યો આવેલો દીસે છે. માટે કદાચ આશ્રય માગે ને આપણે એને આપીએ તો કોઇ દીવસ કામનો છે. એવી ધારણાથી તેમણે પુછયુ. આવો ભાઇ ? તમે કીયે ગામથી આવ્યા ? તમારૂં નામ શું અને તમારે શું જોઇએ છે ?

મહેસીંહ—હું મારવાડ ધરતીનો રહેવાશી. જાતનો રાઠોડ રજપુત ને મહેસીંહ મારૂં નામ છે, અને ચાકરીના લોભે હું તમારે ઘેર આવ્યો છું

નગ્રશેઠ—(હસીને) તમારી ચાકરી કરવાનીજ મરજી છે, તો હુ તમને રાખીશ. દશ રૂપૈયાનો પગાર આપીશ ને કોઇ પણ પાંતીનુ મારે ત્યાં તમને દુઃખ રહેશે નહીં. નગ્રશેઠની આ ચાહના જોઇને

મહેસીંહ તેની ચાકરી કબુલ કરીને ત્યાં રહ્યો. હવે શેઠને મનોહરશાહ નામે એકનો એક છોકરો હતો, તે દુર દેશાવર પરણ્યો હતો અને તેની વહુ આણાજોગ થઈ હતી. પણ માર્ગમાં ભો બહુ હોવાને લીધે આણું વાળવાને ત્યાં જવાતું નહી હતું, તેથી કરીને હવે પોતાના દીકરા સાથે આ નવા રાખેલા રજપુત શીપાઈને વહુને તેડવાને મોકલ્યો.

તે કેટલેએક દીવસે ડુંગરપુર વાસુવાળે આવ્યા. ત્યાંથી ખેપીયા સાથે વધાઇ વીજયપુર પાટણ મોકલી. પછાળથી તેઓ પણ જઇ પહોંચ્યા. મનોહરશાહનો સસરો તારાચંદશાશેઠ સામૈયુ કાઢીને વાજતે ગાજતે ગામને પાદરે આવ્યા. ત્યાં તેઓનો મેળાપ થયો, પછી તે બળતી મશાલે બડી ધામધુમથી ગામમાં આવ્યા, સાજન માજન આવીને હીરાચંદશા શેઠને આગળે ઉતર્યા તેણે સર્વનો યથાયોગ્ય સત્કાર કરી ફુલ, સોપારી, પાન શ્રીફળ વીગેરે, આપીને વીદાય કર્યા. પછી જમાઇની તેણે આસનાવાસના કરી સારી પરણાગત કીધી અને એક જુદી એલાયદી મેડીએ ઉતારો આપ્યો. ત્યાં મહેતા, ગુમાસ્તા દાસ, દાસીયો વિગેરેને તેની સેવામાં સોપ્યાં, હવેલીમાં દીવા ઝાકઝમાળ બળી રહ્યા છે, કોઇ પાંતીની ન્યુનતા જણાતી નથી જે જોઇએ તે હાજરજ છે. તે જોઇને બધાએ બહુ ખુશી થયા. એમ કરતાં આનંદમાં બે પ્રહર રાત ગુજરી ગઇ તેના સસરે જમાઇને થાકયા પાકયા જાણી હવે જલદીજ સુઇ રહેવાની મેડી બતાવી. ત્યારે મહેસિંહ શેઠની વાંસે ચાલ્યો, તેને કહે તું કયાં જાય છે, ? તો કહે. મારા શેઠને જુદા મેલાય નહિ. એ જ્યાં સુએ તેની ઓશરીમાં મારો ઢોલીયો ઢાળો, નહીં તો શેઠને હું એકલો મુકતો નથી. ત્યારે તો બંન્નેના ઢોલીયા પાસે નંખાવી આપ્યા.

શેઠની સજ્યાપર ફુલની ઝાલર ઝુલી હતી, સુગંધી બહેકતી હતી, પાન સોપારીની તબક હાજર હતી, શેઠ બીછાના પર જઇને સુતો ને એક બે દાસીઓ આવીને તેની પગ ચંપી કરવા માંડી, એટલે બેરખી શેઠાણી ચપળમતી સંગાર સજીને રમઝુમ કરતાં નેન નચાવતાં ઓરડામાં આવ્યાં. તેણે પ્રથમ શેઠની સોના નાંણે નોછાવર (લુંણ) ઉતારી દાસીને આપી વીદાય કરી પછી અગર ચંદનની અર્ચા કરી, ફુલના હાર, ગજરા પહેરાવી આરતી ઉતારીને શેઠની પગચંપી કરતી પલંગપર બેઠી.

આવે સમયે રસ્તાના થાકને લીધે અને શેઠાણીનું નુર તથા ચપળમતીનાં નખરાં જોઇને શેઠ તો છકજ થઇ રહ્યા, તેમજ શેઠાણી

પણ ચાનમાં એકકે બોલ બોલ્યાં નહી. તેથી શેઠની આંખ મીંચાઇ ગઇ અને ઘોરવા માંડ્યું પણ અહીં આગળ મેહેસીંહ જાગતોજ પડીરહ્યો. શેઠનાં નસકોરાં બોલતાં સાંભળીને એક બે વાર શેઠાણીએ ઢંઢોળ્યા પણ કાંઇ જવાબ આપ્યો નહી એટલે તે પલંગ પરથી નીચે ઉતરીને સંગાર વગે કીધો ઘાઘરાનો કછોટો માર્યો, અને પટોળાથી કમ્મર કસીને ઓરડામાં ગઇ, મહિંથી ઢાલ તરવાર લઇને બહાર આવી કમાડ વાશીને નીચે ઉતરી, મેહેસીંહ ચુપચુપ તેની પાછળ થયો ને જોયું તો શેઠાણી ગામ બહાર એક મોતીશા ફકીરના તકીઆ આગળ આવી ધંડકો ઠોકયો.

એટલે માંહેથી પુછયું—કયું બે રંડી ! આજ ઇતની દેર કયું લગાઈ ? જા ઇદરસે કુછ તેરા કામ નહી હે !

ત્યારે બહારથી શેઠાણીએ બહુ બહુ કાલાવાલા કરીને દરવાજો ઉઘડાવી અંદર જઇ કહ્યું કે મેં કયા કરૂં ? મેરા ખાવીંદ આજ રોજ આણા કરનેકુ આયાહે—સો દેર લગી. તે સાંભળતાંનેજ વાર ફકીરની આંખમાં ઝેર ભરાયું. અને તેનાં રૂંવેરૂંવાં ઉભાં થયાં. પછી તે ક્રોધ કરી બોલ્યો " જા તેરા ખાવીંદકા શીર ઉતારકે મેરી પાસ લા, તો આ. નહિ તો મીજે તેરા કુછ કામ નહી હે " શેઠાણી ચપળમતી વીચાર કરતી ઉભી રહી, ત્યારે ફકીરે ફરી ધમકાવીને કહ્યું કે " જા બે રંડી કયું ખડી રહી હે ? એટલે શેઠાણી ઉઠીને ચાલી.

શેઠાણી ચપળમતી ઉઠી કે મહેસીંહ ચેત્યો કે રાંડ ખચીત શેઠને મારશે. તેથી શેઠાણી જેવી બહાર નીકળી તેવો પોતે ફકીર પાશે જઇ પહોંચ્યો ને એક ઝટકાથી સાંઇને પુરો કરી તેની લાસની ગાંસડી પોતાની પીઠ પર બાંધી લઇ શેઠાણી પહેલાં શેઠ મનોહરશાહની પાસે આવી પહોંચ્યો ને શેઠને જગાડ્યો—" શેઠ ! ઉઠ, ઉઠ ! " શેઠ કહે, શેઠાણી છતાં તું કેમ ,અહીં આવ્યો, ? ત્યારે રજપુત કહે " મૂર્ખ ઉઠ ! શેઠાણી તારી સોડમાં કયાં છે. ? ઉઠ ! નહી તો હમણા જીવથી માર્યો જશે. " શેઠ જીવ જવાના ડરથી તુરત ઉઠયો, કે તેને રજપુતે પોતાના ખાટલામાં સવાડ્યો ને ફકીરની લાસ શેઠના પલંગમાં નાંખી રજાઇ ઓઢાડીને દીવો બુજાવી પોતે સંતાઇ બેઠો, શેઠાણી ચપળમતી આવી પોતાનો પતી જાણી ફકીરના ગળા પર ઝટકો માર્યો તેનું માથુ તો કાપેલુંજ હતું તે તરત છુટું થઇ ભોંય પર ગબડી પડ્યું તે લેઇ અંધારે અંધારે મોતીશા ફકીરને તકીએ આવી ધ્રુકો ઠોકયો. પણ કોઇએ જવાબ આપ્યો નહી. તેથી અંતે ધકો (તકીઆનો દરવાજો) ઠેલી અંદર ગઇ તો

ધણીને દીઠા નહીં તે મહા દુઃખ પામી. થોડી વાર ત્યાં રહી જોઇને ખાતર સમજી કે ધણીને હું મારવા ગઇ, તેથી હવે કરીને બિહીને નાસી ગયો છે, તેથી નીરાશ થઇને પોતાને ઘેર આવી એકદમ ચીસ પાડીને રડી ઉઠી માથાના વાળ પીંખી છાતી કુટવા લાગી. તે ગડબડાટ નો પોકાર સાંભળીને આસપાસથી તેનાં સગાંવહાલાં દોડી આવ્યાં, પણ ઓરડામાં અંધારૂં તેથી કાંઈ નજરે પડે નહીં. સહુએ જેમ તેને વીલાપ કરીને રડવાનું કારણ પુછયું તેમ તેમ તે વધારે બરાડા પાડીને રડવા લાગી, અને તેના ધણી મનોહરશાહના નામનો છેડો વાળ્યો.

એ સાંભળીને હીરાચંદશા અને તેની સ્ત્રી છોકરીને રંડાએલી જાણી પોક મેલી રડી ઉઠયાં. બેરખી શેઠાણી ચપળામતીએ વીલાપ કરતાં રજપુતનું નામ દીધું કે એ હરામખોરે મારી ઉપર કુનજર કરીને શેઠનું ખુન કર્યું છે? લોકોએ જાણ્યુ કે જમાઇએ હોંશથી પોતાની પાસે રીપાઇને સુવાડયો તેથી શેઠાણી નજરે પડયાં તે સાલએ જમાઇને મારી નાંખ્યો છે. પછી તેની રાજા ચતુરસાગર પાસે જઇને ફરીયાદ કીધી.

રાજાએ મેહેરસીહને બાંધી તેની હજુર બોલાવી સર્વના દેખતાં પૂછયું કે તેં શેને સારૂ શેઠના જમાઇને મારી નાંખ્યો ?

મેહેરસંહ—મેં માર્યો નથી શેઠના જમાઇને સારૂં તેના બાપે સાથે મોકલ્યો છે તે હુંજ એને કેમ કરીને મારૂં ?

રાજા—સર્વ તારૂં નામ દે છે અને તું ના કહે છે, એ મનાય કેમ ?

મેહેરસિંહ—કદાચ મારી હશે તો કટારી, પણ તરવાર મારી પાસે છેજ ક્યાં ?

ત્યારે રાજાએ કહ્યુ કે લાવો ક્યાં લાસ, આપણે જોઇએ કે શેનો ઘા છે ? વાણીયા દોડી ગયા ને જોયા વગર પલંગનો પલંગ ઉપાડી લાવ્યા ઉપરથી પીછોડી ખેંચી લીધી ત્યારે મુડદુ તો કોઇ મઢી વાળા ફકીરનું નીકળ્યું, રાજાએ અચંબો પામીને હીરાચંદ શેઠને પુછયું કે આજ તમારો જમાઇ કે ? તે જોઇ બધા વીચારમાં પડયા, કોઇ મશ્કરીમાં કહે કે હા, કોઇ કહે કે ના ! એવું કેટલીક વાર પીંજણ ચાલ્યું. કચેરીમાં સર્વે જણા જોઇ રહ્યા. તેમાંથી એક જણ બોલી ઉઠયો કે આતો ગામ બહાર ગાંડો ફકીર મોતીશા હતો, તેની લોથ જણાય છે, તે સાંભળીને વાણીઆઓ એક બીજાના મ્હોં જોવા લાગ્યાં અને તેમનાં જડબાંજ બંધ થઇ ગયાં.

રાજા—શેઠ ! આજ આપનો જબાબ ?

વાણીયા તો ફીકા ધોળુ જેવા થઇ ગયા, જુઠા પડ્યા અને લાખ ટકાની સાખ ગુમાવી, તેથી આકુંઠીત થઇ એકપણ જવાબ આપી શકતા નથી-

રાજા—મહેસીંહ ! આ છે શું એનો ભેદ તું બોલ ?

મેહેસીંહ—હુ નીચે ઓશરીમાં સુનો હતો તે શું જાણું ? એ વાતની ખબર શેઠાણી ચપળમતી જાણે.

રાજાએ કહ્યું જે ખરીવાત—બોલાવો શેઠાણીને ! પછી શેઠાણીને તેડાવી પુછ્યું કે બોલ આમાં શો ભેદ છે ? આ ફકીર તારી સોડમાં કેમ આવીને સુતો અને કોણે માર્યો, તારો ખાવીંદ પ્રથમ તારી સેજમાં સુતો હતો તેનું શું થયું. ?

શેઠાણી ચપળામતીયે તેના યારને મારેલો જોઇને તેનાં કાળજાં કોગઇ ગયાં અને ભર કચેરીમાં તેની આવી ફજેતી થઇ, તેથી અવાચક થઇ નીચુ જોઇને ઉભી.

ત્યારે રાજાએ પાછું મહેસીંહને પુછ્યું કે, હવે તારા સીવાય આ બધા ભેદનો પડદો કોઇ ખોલી શકે તેમ નથી. માટે તુંજ ખોલી દે કે એ થયુ કેમ ?

હવે મહેસીંહે સર્વના સાંભળતાં કહ્યું કે કાલે સાંજના આ હીરચંદશા શેઠ અમને બડી ધામધુમથી તમારા શહેરમાં લાવ્યા અને તેની મેડીમાં ઊતાર્યો. અમારી પરણાગત કરવામાં એણે કશી બાકી રાખી નથી સર્વેના સુતા પછી મધ્યરાત્રીને સુમારે આ એ- રખી શેઠાણી ચપળમતી કછોટ મારી કમ્મર કશીને ઢાલ તરવાર સાથે મારા બીછાના આગળ થઇને મહેલ બહાર નીકળ્યાં, જેથી મને અચરજ લાગ્યુ. એટલે હું પણ મારાં હથીયાર સજીને તેને પગલે ચાલ્યો ચાલતાં ચાલતાં ગામ બહાર આ ફકીરને તકીયે આવી શેઠાણીએ ફડકા ઠોકયાં ત્યારે ફકીરે આટલી મોડી આવવાનું કારણ પુછ્યુ તેથી શેઠાણી ચપળમતીએ પોતાના ખાવીંદ આવ્યાના સમાચાર કહ્યા, જેથી તેણે અદેખાઇથી તેનું માથું કાપી મંગાવ્યું. તે લેવાને શેઠાણી ત્યાંથી ચાલ્યાં એટલે મેં પાછળથી ફકીરનો ઘડોલાડવો કરીને, ઘેર શેઠાણીની અગાડી જઇ પહોચ્યો. શેઠની જગાએ આ ફકીરને સુવાડ્યો, એટલે શેઠાણીએ આવી તલવારના ઝટકા સાથે માથુ છુટું પાડી તે લઇ પાછાં ચાલ્યાં પણ ફકીર મળ્યો નહીં તેથી નીરાશ થઇ પાછાં ઘેર આવીને આ રીતુર ઉંઠાવ્યું ને બાકીનું તમને રોશન છે.

રાજા—મહેસિંહ ધન્ય છે તને અને તારી હીમ્મતને ! તું સાચે સાચું બોલ્યો, પણ તારો શેઠ જીવતો છે તો એ મંડળીમાં તે કેમ દીસતો નથી ! તેને તેં ક્યાં અને કેમ છુપાવ્યો ?

મહેસિંહ—આ બધી બદમાસી અને બદનામીના ગંધથી મેં તેને બચાવી રાખેલો છે, તમારે ખાતરી કરવી હોય તો ફલાણો અપાશરો છે તેમાં તે બેઠો છે. ત્યાંથી કોઇ દરબારીને મોકલી તેડી મંગાવો.

રાજાએ તરતજ તેને તેડવાને સારૂ ચોપદાર મોકલ્યો.

રાજા—મહેસિંહ તેં એને સંતાડી મેલવાનું કારણ કહ્યું નહિ?

મહેસિંહ—રાજા ચતુરસાગર ! હવે એટલેથીજ આટલો વધારે સાંભળવામાં માલ નથી. પણ રાજાના આગ્રહને લીધે તે બોલ્યો કે ખરૂં પુછાવો તો તેનું કારણ તમે કેવો ન્યાય કરો છો કે મારો શેઠ જીવતાં છતાં વાણીયાઓના કહેવા ઉપરથી મને ફાંસી દો છો કે શું ! તે જોવાની મને ઇચ્છા થઇ, તેથી મેં મારા શેઠને લપાવી રાખ્યો.

પછી રાજાએ બેરખી સેઠાણી ચપળમતીના નાક કાન કાપીને ગામ બહાર કાઢી મેલી. તેનો બાપ, સગાં-વહાલાં અને વાણીયાની ન્યાત જે ત્યાં આવી હતી તેમને તેમની બેટીઓ બહુ મોટી કર્યાથી તેમને યારના સંગની કેવી બ્યાધી થાય છે, તથા તેનાથી કેટલાં પરિણામ નીપજે છે તે સુચવીને તેને કહાડી મેલ્યા. મહેસિંહની ચતુરાઇ તથા બહાદુરી જોઇને રાજાએ તેને પોતાની પાસે રાખ્યો ને પછીથી પોતાની કુંવરી પ્રિયસુંદરી પણ પરણાવી તેના સેઠ મનોહરશાહને પણ ગામની બીજી કન્યા ઉદયમતી પરણાવી, તેને દાસ દાસી, હાથી, ઘોડા વીગેરે આપીને વીદાય કર્યો.

પીતા પુત્ર બન્ને એકજ સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર શેઠાણી કપટમતી.

चंद्राऽननासुंदरगौरवर्णा । व्यक्तस्तनीभोगविलासदक्षा ॥
नाऽऽलिंगिता येन शयनेषु यत्न । वृथागतं तस्य नरस्य जीवितम् ॥

અર્થ—ચંદ્ર સમાન જેનું મુખ છે, દેહ ગૌર છે, વ્યક્તસ્તની અતીશય ભોગની ઇચ્છામાં મશહુર છે; તેવી સ્ત્રી લઇ જેણે પલંગ ઉપર શયન કર્યું નથી તેણે આ જગતમાં વૃથા જનમારો ગુમાવ્યો છે.

કોઇ કપટમતી શેઠાણીને એક કોટવાલ સાથે દોસ્તી હતી તેથી કોટવાળ હમેશાં જ્યારે તેનો ધણી બહાર જાય ત્યારે લાગ જોઇને

તેના ઘરમાં આવતો જતો હવો. કોટવાળને એક છોકરો હતો. તે ઘણો ખુબસુરત હતો, તેને પણ તે સ્ત્રી સાથે દોસ્તી થઇ, ત્યારે બન્ને બાપ દીકરો જુદે જુદે વખતે લાગ જોઇ આવવા લાગ્યા. એક દીવસ છોકરો શેઠાણી કપટમતીના ઘરમાં આવ્યો ને વાતચીત કરે છે એટલામાં કોટવાલ ત્યાં ફરતો ફરતો આવી ચઢ્યો અને બારણું ઠોક્યું ત્યારે છોકરો બાપ આવ્યો જાણી ગભરાયો અને સ્રીને સંતાડવા માટે આજીજી કરી. તેને એક ઓરડીમાં ઘાલી શેઠાણીએ બારણાં ઉઘાડ્યાં ને કોટવાલને આદરમાન દઇ અંદર લીધો. તેને પાનની બીડી ખવડાવે છે, ને ગપાટા ચાલે છે, એટલામાં તેનો ધણી આવી પહોચ્યો ને કમાડ ખખડાવ્યાં તેવોજ કોટવાલ થરથર ધ્રુજવા લાગ્યો કે હાય ! હાય ! હવે મારી આબરૂ કોડીની થશે ! શેઠાણી કપટમતીએ કહ્યું ગભરાઇશ નહી. હું કહું તેમ કર ! આ એક હાથમાં મ્હોટો ધોકો લે અને આંખો લાલ કરીને ગુસ્સાભેર મ્હોટે બોલતો બોલતો દરવાજા આગળ જા કે માદરબખ્ત ! જો મારા હાથમાં આવે તો માથુંજ ભાંગી નાંખું એમ કડકાટ કરી બે ચાર ગાળો દેઇ કમાડ ઉઘાડી બેધડક ચાલ્યો જા ! તને કોઇ પુછે તો તેનો ઉત્તર દેઇશ નહી અને બડબડતો ચાલ્યો જજે. કોટવાલે શેઠાણીના શીખવ્યા પ્રમાણે કર્યું તે જોઇ ઘરધણી ગભરાટમાં પડ્યો અને સ્રીને પુછ્યું કે શું કે કોટવાલ આપણા ઘરમાંથી ગાળો દેતો દેતો બહાર નીકળ્યો ! સ્રીએ તેને કહ્યું—અરે ! એના છોકરાએ કાંઇ ગુન્હો કર્યો હશે, તેથી તે નાશીને આપણા ઘરમાં આવ્યો છે, મેં તેને આપણા પેલા ઓરડામાં સંતાડ્યો છે, તેની ખબર પડી હશે તેથી અહીં ખબર કાઢવા આવ્યો હતો, પણ જડ્યો નહી તેથી બડબડાટ કરતો ચાલ્યો ગયો. માટે હવે ઓરડામાંથી એ છોકરાને સમજાવીને કહાડી મુકો ! ! તે સાંભળી તેના ધણીએ છોકરાને વીદાય કર્યો.

મચડો સોની તથા તેની સ્રી ગુલાબવંતી.

आनंदरुपातरुणीनतांगा । सद्धर्मसंसाधनसाहिरुपा ॥

कामर्थदायस्यगृहेननारी । वृथागतंतस्यनरस्यजीवितम् ॥

અર્થ—આનંદમાં ને આનંદમાં તરુણ સ્રી નમનતાઇથી ચાલનારી છે, સુધર્મ સાધન અને જગમાં જેની કીર્તિ જામેલી છે એવી સ્રી જેના ઘરમાં કામના અર્થે નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

ચંદ્રકાન્ત શહેરમાં કોઇ એક મહા ધનાઢ્ય મઘડા નામનો સોની વસતો હતો. તેને ત્યાં સેંકડો કારીગરો કામે લાગતા હતા, લોકોમાં તેની આબરૂ તથા વહેવાર સારો હતો, જેવો તે પોતાના હુન્નર અને કળામાં કુશળ હતો તેવોજ સામુદ્રીક વીદ્યામાં અચ્છી માહીતગારી મેળવી નીપુણ થયો હતો સંસારમાં ઉત્તમ પ્રકારનુ સુખ મેળવવાના હેતુથી તેણે એ વીષયના અભ્યાસ પછવાડે પોતાની અડધી દોલત ખરચી નાંખી હતી. ચૌદ વર્ષની ખીલતી જુવાનીના બહારમાં તે દુનીયાના રાહ ઘાટમાં પડયો હતો. તેણે મહેતાબ જેવી ખુબસુરત અને પરી ચેહેરાની એક કુલીન સ્ત્રી સાથે ધામધુમથી લગ્ન કર્યા. અરસપરસ તેઓનો સ્નેહ ના પુછવા જેવો હતો. પણ માણસની ધારેલી આચળ તેનો સેતારો તેની અદેખાઇ કરે છે, જેમ ઇ ધનુષનો પડછાયો પાણીમાં ઝાઝીવાર દેખાતો નથી, તેમ થોડા વખતમાં આ સકોમળ પદમની ઉપર બીજા આશકનો મોહ થયો, તેઓ પોતાના કર્તુકમાં ફતેહ પામ્યા નહી; પણ તેથી કરીને ગરીબ બીચારી અબળાનું મન ધીમે ધીમે ફેરવાયુ. સોનીને તેની વીદ્યાના જોરથી માશુકને વ્યભીચારણી થએલી માલમ પડી, તેજ વખતે તે છુટા છેડા કરી બીજી સ્ત્રી પરણી લાવ્યો તે પણ તેવીજ માલમ પડયાથી તેની શોકને મળવાને તેને પણ મોકલી, એ પ્રમાણે મઘડા સોનીએ પોતાની ત્રીસ વર્ષની વયમાં ઉપરાચાપરી પંદર સ્ત્રીયો પરણીને કાઢી મેલી ! એમ કરતાં તે છેક કંટાળી ગયો, ત્યારે વીચાર કરવા લાગ્યો કે મોટી કન્યાને પરણવું એમાંજ મારી મુર્ખાઇ છે, કેમકે તેઓ પીયરમાં દુરાચાર શીખી મોટી થઇને આવે છે; પછી પીશાચણીએ બહાર વૈભવ સોધેછે. હવે કોઇ નહાની છોકરી સાથે લગન કરવા કે જેને દુનીયાંનો પવન પણ લાગેલો ના હોય, વળી તેના ખાવા પીવા વગેરેની સર્વે પરવસ્તી મારે હાથેજ રાખી તે કોઇની સમાગમ થવા દઉં નહિ. તો જોઇએ પછી કેમ તે પતીભક્તી ભુલી જશે. મનમાં એવો દ્રઢતા કરીને પોતાની નાતમાંથી એક સાત વર્ષની છોકરી ગુલાબવંતીને તે પરણી લાવ્યો. છોકરીને લાવીને તેણે સાતમી મેડીએ ઘાલી મેલી, દુકાનના કામ કાજમાંથી ફુરસદ મેળવીને તે ઉપર જઇ સઘળો વખત આ બાળાને કેળવવામાં ગાળતો હતો- એ પ્રમાણે કેટલેક કાળે તેને તરૂણ વયના ચીન્હો પ્રાપ્ત થવા માંડયાં. તે જોઇને મઘડો સોની પણ મગનમાં રહેવા લાગ્યો કે આનાથી આપણી મહેનતનું ફળ સરશે ખરૂં.

એક દીવસ નવી મુગ્ધા ગુલાબવંતી બારીએ બેઠી બેઠી નીચે જુએ છે તેવામાં એક ગાડી તેને દરવાજે આવીને અટકી. તેમાંથી ચાલીસ વર્ષના સુમારે વયની એક સ્ત્રી વસ્ત્રાલંકાર પેહેરી નીચે ઉતરીને હસ્તી હસ્તી તેની દુકાનમાં પેઠી અને કેટલીકવાર પછી તેજ સ્ત્રી રડતી કકળતી પાછી નીકળી તે જોઇને તેણે ઉપરથી પુછ્યું-બાઇ તું હસ્તી હસ્તી આવી અને રડતી રડતી કેમ પાછી જાય છે.

એવો અવાજ સાંભળીને ઉંચે જોઇ કહેછે—બાઈ! તારે કાજે રડું છું; કેમકે હું તારી નણુંદ થાઉં છું, તું બગડે નહી માટે તાર ઉપર આટલો બધો જાપતો રાખેલો છે તે મારાથી જોઇ શકાતું નથી. એટલું બોલીને તે ચાલી ગઇ,

નણુંદનાં વચનો આ મુગ્ધ ગુલાબવંતીના હૃદયમાં બાણુના જેવાં સુંસરાં પડયાં તેથી તે એકદમ ગુસ્સામાં આવી જઇ બોલી અહો! આજ પર્યંત મને ખબર નહીં, એતો મને જાપતામાં રાખતો દેખાય છે તો હું પણ ખરી કયારે કે એને એના જાપતાની ખબર પાડું. તેવામાં તેના ધણીને આવતાં દાદરામાં પગલાં વાગતાં સાંભળીને મુંગી થઇ છાની માની બેઠી કે જાણે કાંઇ વાતની તેને ખબરેજ ન હોય? મોરના ઇંડાને ચીતરવું પડતું નથી. તે પ્રમાણે સોનીને અંદર આવેલો જોઇને બોલી—સ્વામીનાથ! તમે કહો, ના કહો પણ આજ તમારૂં મ્હોં ઉતરી ગયલું જણાય છે. એવું શું તમારા ઉપર આવી પડયું છે, જે દુઃખથી તમે આવા દીલગીર થયા છો? કેમ કોઇ અસામી માલ લઇ ન્હાસી ગયો છે કે, કોઇએ તમારી મજુરી ડુબાવી?

સોની—ના પ્યારી! એમાંનું કાંઇ નથી.

સોનારણ—ત્યારે છે શું? તમે માનો ના માનો; પણ કોઈની સાથે તમારે કંકાસ થએલો જણુય છે.

સોની—ખરી વાત! (આંખમાં ઝળઝળીયાં ભરાઇ આવે છે; પણ તેનાથી બોલી શકાતું નથી.)

સોનારણ—એવી શું વાત છે, કે તમે બોલતા નથી અને રડો છો? તમને કોણ દુભાવનાર એવું કઠોર મળ્યું કે જેણે તમારા જેવા કઠોર સોનારને ગાળી પાણી પાણી જેવા કરી નાંખ્યા.

સોની—મારે એકની એક માની જણી બેહેન કસ્તુર છે તેણે મ્હોટપણે આજે એકનો એક છોકરો કપુરચંદ પરણાવવા માંડયો છે તે આજે નોતરૂં દેવા આવી હતી.

સોનારણ—અહો એતો બહુ સારૂં, ચાલો આપણે પણ મ-

હાલવાનું મળશે ! પણ બોલો પછી શું થયું !

સોની—તેણે બધાને નોતરૂં દીધું ત્યરે મેં કહ્યું કે એક લો આવીશ ને વહુને ખાવાનું ઘરમાં લાવીને ખવડાવીશ તેથી મારી જોડે લડીને રીસાઇ ગઇ ! હવે એ મારૂં મોસાળું સરખું સુઝનાર નથી.

સોનારણ—મને તમારી આગ્ના હોય તો હમણાં હું મારી નણંદી કસ્તુરબાઇને મનાવી આવું એ પાગરણ માંડીને બેઠાં છે ત્યાં આપણે પણ જઇશું એમાં શું મ્હોટી પચાત.

સોની—ખરી પંચાત એજ છે તો ? પછી સોની સોનારણ ગુલાબવંતીને ખવડાવી પીવરાવીને બાપનાથી દરવાજો બંધ કરીને ગયો. સોનારણ ગુલાબવંતીને તેના ધણીની વર્ણણુકથી અતી તીરસ્કાર છુટયો તે મનથી બોલી જોને હજી કાળા મ્હોડાનો ધણી સીધું બોલતો નથી. મટે હું પણ ખરી કે એને ઠગું એવા એવા અનેક કુતર્ક બાંધતી તે ઝરખે બેઠી છે, તેવામાં ચંદ્રકાન્તપુરના કોઇ પટાવતનો ગોરો ગભરૂ જેવો છે.કરો જુસબખાં ઝરખા નીચે આવતો તેની નજરે પડયો કે વારેવડાંએ આંખો લુંછ્યાથી તેનો પાલવ ભીજાઇ ગયો હતો, તે ઝટ ફાડી તેનું કુંડાળું કરી તેના માથા ઉપર ફેંકયો.

રસ્તે ચાલતાં પેલા જુસબખાં ગભરૂએ તેના માથે ઉપરથી કાંઇ આવી પડયું હોય એવું સમજીને હાથ માથે ફેરવ્યો તો એક દડો તેને હાથ આવ્યો તેવોજ ત્યાં અટકી પોતે ઉભેરી જુએ છે. તો તે આસુથી ભિજાએલો તેને માલમ પડયો તેથી મનમાં વીચાર કરવા લાગ્યો કે અહીંયાં કોઇ દુઃખી જણાય છે અને મારી સાલ લાગે છે તેણે આકું અગળું ઉંચું નીચું ચોતરફ જોયું પણ કાંઇ તેની નજરે પડયું નહીં, તેથી મનમાં વીચાર્યું કે આ નાંખનારને હું દેખતો નથી પણ તે મને ખચીત દેખે છે, માટે મારે તેનો જવાબ આપવો જોઇએ નહી તો મુરખમાં ગણી કાહાડશે, એવી ધારણાથી તેણે પેલું કપડું આંખે લગાડી માથે ઢાંકયું. પાછું કાહાડીને તેનો ગોટો વાળી ઝાલી લીધો પછી તેને ફાડી કડકે કડકા કરી વેરી નાંખીને ચલતો થયો !

તે ગામમાં મોતી નામની એક પ્રસિદ્ધ દુતી રહેતી હતી, તેને ઘેર આ જુસબખાં પટાવતે જઇ કહ્યું કે હમેશાં તું મારા ઉપર બહુ મમતા દેખાડે છે પણ તે અજમાવવાનો મને આજ સમય

આવ્યો છે. હવે તારી ચતુરાઇ જોઇએ છીએ-લે તારી મહેનતના આ સો રૂપીઆ,

મોતી—હું તારી તાબેદાર છું તારા ચરણની સાથે આ માથું બાંધેલું સમજજે બોલ ! તારી મરજી હોય તો ઇંદ્રની અપ્સરાને ને કહેતો ખુદ ઇંદ્રાણીને તારા મ્હોં આગળ આણી હાજર કરૂં.

પટાવત—મારે તારી અપ્સરા કે ઇંદ્રાણીની ગરજ નથી. મધક સોનીની બૈરી ગુલાબવંતીના મેળાપની ઇચ્છા છે તને તેની વાત તો માલમજ હશે કે તેણે કેવો જાપ્તો રાખેલો છે, તોપણ મને તેનો ગમે તેમ કરીને મેલાપ કરી આપ્યાનો જે ખરચ થાય તે લે.

મોતી—એ કામ તો જરા કપરૂં જણાય છે, મેં કોઇ દહાડો નજરે દીઠી નથી. તેણે એવી રીતે સાતમી મેડીએ પુરી મેલી છે, કે ત્યાં માણસની તો શું પણ પક્ષી સરખાની નજરે તે આજ સુધી પડી નથી પણ કાંઇ ચિન્તા નથી તું કાલે તારે ઘેરથી ૧૦ હજારના ભાગેલા તુટેલા દાગીના હોય તે મારે ત્યાં લાવજે.

મોતીના કહ્યા પ્રમાણે બીજે દીવસે જુસબખાં પટાવતે પોતાને ઘેરથી ૫-૧૦ હજારના દાગીના લીધા ને તેને ઘેર આપ્યા મોતીએ તે તથા બીજા પોતાના ઘરના દસેક હજારના દાગીના ઉમેરી એક મોટા પોટલામાં બાંધી સોની મધકને ઘેર આવી કહેવા લાગી કે ભાઇ મારા છોકરાનાં ઘડીયાં લગન લેવાયાં છે, વહુને કાલે દાગીના ચઢાવવાના છે. માટે મારે ઘેર બેસીને દાગીના જલદીથી તૈયાર કરી આપ-મજુરી મનમાની લેજે ! એટલું બોલી એક ૫૦૦ રૂપૈયાની થેલી તેના તરફ ફેંકીને કહ્યું લે આ તારી મજુરીને માટે અગાઉથી આપું છું અને બાકીનું તને લગન કેડે ચુકવી આપીશ ! આજનો દહાડો તારી દુકાન બંધ રાખ અને મારે ઘેર તું ને તારા કારીગર અત્યારે ચાલો. જો આવવું હોય તો ઝટ લેઇ તારો સામાન ઉપડાવ મારે તો ઘડીયે ઘુંટ ભરાય છે હું તો આ ચાલી—(એટલું કહીને ચાલવા માંડે છે.)

સોની મધકનું મન પેલી કોથળી જોઇને લલચાઇ ગયું પણ જાય તો તેના ઘરમાં પોતાની બૈરીને ખવરાવે પીવરાવે કોણ ? તેથી મોતીને સમજાવીને કહે છે. તમે આમ ગાભરાં ના પડો જરા મારી વાત સાંભળો ! તાંબાની તોલડી તેર વાના માગે માટે હું શું શું લાવું ને શું શું ના લાવું ? વળી તમારે ત્યાં સામાન લાવતાં કરતાં અને ઓરડી કામ કારમાં પાડતાં બપોર તો સહેજમાં થઇ જાય તેમાં કાંઇ ભુલ્યા તો અહીં સુધીનો ધર્મ ધક્કો ! એટલે ઉલટી ખોટી વધારે થશે. તમે કામ ઉતાવળનું બતાવો છો માટે તમે મારૂં કહ્યું માનો તો અહીં તમને કોઇ જાતની અડચણ નડશે

નહી અને જોઇશે તે સઘળું અહીં હાજરજ ! આટલાં વર્ષ સુધી પરમેશ્વરને આપણી દાનત સાફ રખી છે, તો થોડાને સારૂ તમારામાંથી ચોરીને હું પોતાને ડાઘ લગાડનાર નથી. માટે જો તમને મારો વિશ્વાસ હોય તો સોનુ અહિંયાં લેઇ આવો અને તમારાં એક બે માણસને મારી પાસે બેસાડો નહી તો આ પડ્યા તમારા રૂપૈયા પાછા લેઇ જાઓ.

મોતી—(મ્હોં ચઢાવીને) એહો હાલે છોકરે કાકા કહ્યા ને બાપ હડી નાગા થયા ! જુઓ, બાઇનું કામ પડ્યુ ત્યારે બાઇ છાપરે ચઢી બેઠા ગામમાં સોનીની ધાડ પડેલી સમજે છે કેમ આવ્યા ! મન માનીતી મજુરી આપતાં જુવો કેવા ગાંડ ગુમર્યાં કરે છે તો દામ ખરચતાંએ કામ કરનારા મળતા નથી. એમજ તારા મનમાં સમજતો હસે કે કેમ ! તુજ દાગીના નહી ઘડી આપે તો મારો છોકરો કુંવારો રહેવા ધારે છે નહી ! એટલું કહી થેલી ઉપાડી ચાલવા માંડે છે

સોનીનાં લોભે લક્ષણ ગયાં તેથી તેણે સાદ માંરીને અધવચથી અટકાવીને કહ્યું કે મેં તમને શું ખોટું કહ્યું કે મારા ઉપર આટલી રીસ કાઢી તમે મારા ગરીબનું કહ્યુ માનો બહાર તમારૂં કામ થવાનું નથી અને તમે નકામાં રખડી પાછાં આવસો ને તમારૂં કામ ચુકસો. મારે ઉંબરેથી કોઇ પાછું ફર્યું નથી, ને તમે પાછાં જાઓ એ મને દુરસ્ત લાગતું નથી. તમારે ઘેર આવવાને મારે કાંઇ અડચણ નથી; પણ ત્યાં આવવામાં મને પાલવતું નથી. મારી દુકાને પચાસ કારીગર બેસે છે, તેમને એક એક દાગીનો સોંપીશ તો સાંજલોરા તમારા પચીસ દાગીના તૈયાર થસે. (એ પ્રમાણે સમજાવ્યાથી મોતી સોનું આણી આપવાને કબુલ થઇ.)

મોતીએ ઘેર આવી પટાવત જુસબખાંને સર્વે વૃતાંત કહી સંભળાવ્યું. પછી તેને બૈરીનાં લુગડાં પહેરાવીને સોનીની દુકાને સાથે તેડી ગઇ. ત્યાં સોના રૂપાની લગડીઓ સોનીને જોખીને સોંપી અને પોતે પાસે બેઠી.

ત્યારે સોનીયે પુછ્યું, આ બાઇ બહુ શરમાય છે, ને કોઇ બાહાર ગામથી આવેલી દેખાય છે. એ તમારાં શું સગાં થાય છે ! જુવોને કેવી લાજ કાહાડી ચુપચુપ બેઠી છે; કે જાણે એના મહોમાં દાંત નથી !

મોતી—જયપુરથી મારી માશીના છોકરાની વહુ આવી છે, હું કહી કહીને થાકી પણ ઘરમાંએ એતો આમનું આમ કરે છે, હમણાં

થોડી થોડી લાજ મેલાવી છે. ખાવા બેસે ત્યારે તમે જોવુ હોય તો ચોપટના જેટલુ પણ શરમની મારી ખાતી નથી;

સોની—ત્યારે એમના મુલકમાં લાજ કહાડવાનો બહુજ ચાલ હશે!

મોતી—ના પુછો વાત! પગની પાની સરખી તો દેખાયજ કેવી? કોઇ મરદ તો શુ પણ ઘરમાં આસુ વગેરે કોઇ મારાં જેવાં ડાબાં હોય તો પણ ભાગ્યેજ વહુનુ મ્હો જોવા પામે.

સોની—અંઃ એમ છે! એતો અજેજ આપણે નવાઇની વાત સાંભળી અમને અહીંયાં ઉઘાડા બેઠા બેઠા એટલો પરસેવો છુટે છે તો એતો બીચારી ક્યારની ગભરાઇ ગઇ હશે, અને તાપથી મુઝાઇ મરતી હશે, માટે મેડી ઉપર વહુ એકલી બેઠી છે તેની પાસે બેસાડી આવો ત્યાં સરખે સરખાં બેઉ બેઠાં બેઠાં વાતો કરશે હવે અમારે ભઠી ચલાવવી છે તેથી તમે વહેલા પાછાં આવો.

મોતી—(મનમાં તો ગમતું હતુ પણ મ્હેડેથી માન કરેછે. ના, ના, બાઇ! એ એવી તો શરમાળ છે કે કોઇ અજાણ્યા સાથે તો બોલેજ શાની? એને તો અહીંજ ઠીક છે.

સોની—હજુ તો ભઠ્ઠી સળગાવી નથી, છતાં આવાં અકળાઇએ છીએ, તો સળગાવ્યા પછી ઉભુ રહેવું મસ્કેલ પડસે માટે તમે એને ઉપર મેલી આવો.

મોતી સોનીનો બહુ આગ્રહ જોઇને પટાવત જુસબખાંને લેઇ મેડી ઉપર ગઇ ને સોનારણને સોંપી પાછી નીચે આવી. બપોરનો જમવાનો વખત થયો ત્યારે મઘડાએ મોતીને કહ્યું કે આજે તમે અમારે ઘેર જમજો અને સાંજના આ દાગીના તૈયાર થાય તે લેઇને ઘેર જજો એટલે તો કાંઇ ફીકર નથી. તે વાત મહા મહેનત કરતાં તેણે કબુલ કરાવી. પછી મોતીને ત્રણે જણુ જેટલું પીંસારવીને ઉપર મોકલી રાતના સર્વે દાગીના તૈયાર થયા તે લઇને મોતી પટાવત જુસબખાંની સાથે પોતાને ઘેર ગઇ.

સર્વેના ગયા પછી દુકાન વધાવીને મઘડો સોની મેડા ઉપર સુવાને ચાલ્યો. તેના પગલા સાંભળીને તેની વહુ ઝુલાવવંતીએ શરીર ધુણાંવવા માંડયું તે જોતાંજ સોની હબકી ગયો અને ગભરાવવા લાગ્યો ત્યારે કેટલીક વારે લાગ જોઇને તે બોલી—હવે હું મેલનાર નથી બેઉના ભોગ લેઇશ પેલી રાંડ આવી હતી, તેણે મને આઠ પહોરની રક્ષા (કાર) કીધી છે તે વીતી કે જીવ લેઇશ. એમ બોલતામાં તે ધબ દેઇને પડી અને મુડદા જેવી સ્તબ્ધ થઇ હાથ પસારી લાંબી થઇને પડી તેણે આંખો મીચી દીધી શ્વા-

ચમચ કરી નાખ્યો, વાળ વીખરાઇ ગયા, ને મ્હોડે ફીણ આવા માંડી, ને જોઇ સોનીના હોશ ને કોશ ઉડી ગયા.

સોનીની પાસે એક સંજીવન બુટ્ટી હતી તે ઘાસીને ઝટ તેણે સ્ત્રીની આંખમાં આંજી, તોપણ કાંઇ અસર નહી થએલી જોઇ નિરાશ થઇ અતે " ઓ મારી બાયડી રે ! એવી મોટી પોક મેલી રડવા બેઠા ત્યારે જાણે પાછો જીવ આવ્યો હોય એવી રીતે પડખું બદલ્યું. પછી ધીરે ધીરે આંખો ઉઘાડી હાથ પગ હલાવ્યા. ત્યારબાદ કેટલીક વારે ઝીણે સાદે પાણી માંગ્યું. તે સાંભળી સોનીએ બહુ ખુશી થઇને ઝટ પાણી પાયું. પછે બૈરીને ત્યાંથી ઉપાડીને તેણે બીછાનામાં સુવાડી, ઘરમાંનાં ગરમ ગરમ ઓસડ વગેરે પાયાં જ્યારે રાત્ર વીતી ગઇ અને પરોઢનો વખત થયો, તે વેળાએ તે બોલી કે. મારો વાંસો બહુ ફાટે છે; ને મને કાંઇ ચેન પડતું નથી. ત્યારે સોનીએ પુછ્યું તને શું થયું છે ? અને આવી નિર્બળતા કેમ દેખાય છે ? સોનારણ બોલી—ઇશ્વર જાણે આજે બપોરના અમે ત્રણ જણ જમી ઉઠયા પછી વાતો કરતાં સાથે બેઠા હતાં. તેવામાં એકાએક મારી છાતી ઉપર કોઇ આવીને બેઠું ! પણ ને વખત પેલી મોતીબાઇ જો હાજર ના હોત તો મને ક્યારનાએ તમે બાળી આવ્યા હોત ! તેણે તરતજ પાણી મંત્રીને મને ચોકમાં લેઇ ન્હવાડી એટલે હું હોંશીઆર થઇ તે કહેતી હતી કે એ તો આડાનું છે. તેનો લગ્ન થયા કેડે હું બંદોબસ્ત કરી આપીશ. કદાચ વચમાં પાછું આવે તો મને ચેતાવજે ! માટે તમો હમણું'ને હમણાં જઇને મોતીબાઇને તેડી લેઇ આવો નહી તો કદાચને હવે પાછી આવી મને જીવતી છોડનાર : નથી. તે મારો જીવ લેઇને જશે એમ કહીને રડી અને તેના ધણીની કોટે બાઝીપડી.

પછી સોની તેની આસનાવાસના કરીને તેનો બીબવો (ડચુરો) ઉતરી ગયા પછી મોતીને ઘેર જવાને તઇયાર થયો. પણ તેની સ્ત્રી ત્યાંથી તેને ખસવા દેતી નથી—તમે જાઓ એટલામાં વળગણ આવે તો હું એકલી મરી જઇશ ! તેથી રાત તો જેમની તેમ ગઇ, બે ઘડી દીવસ ચઢયો, ત્યારે સોની મોતીને ઘેર ગયો, તેને ત્યાં એવો ઢોંગ મચાવ્યો છે કે આંગણે ઢોલ, શરણાઇ, વીગેરે ગડગડી રહ્યા છે, બૈરીઓ નવાં નવાં વસ્ત્રાભુષણ સજીને પરસાળમાં બેઠાં બેઠાં ગાણું ગાઇ રહ્યાં છે. પાછળ ઓશરીમાં ઘીના દીવા બની રહ્યા છે, ધુપ પણ સળગી રહ્યો છે, એક માટલામાં પદ્માવત ભુસભખાનને ઘાલી ઉપર ઢાકણું દેઇ તેને ગંગાજળથી ભરી એક

મારે મુશ્કેલ છે. તેથી પડખે બેસીને મોતી બાળણો પાસે પુજા કરાવે છે ? ત્યાં સોની આવીને બોલ્યો—મોતી ! મોતી ! તમે જરા મારે ઘેર આવી જાઓ, સોનારણ ગુભાગવંતી મરવા પડી છે. તમારા આવ્યા વગર તે છુટે તેમ નથી, તેથી ગમે તેમ કરીને જરા તમે આવી જાઓ તો ઠીક.

મોતી—મેર મારા પીટયા, ? તું જોતો નથી, હું પુજા કરૂં છું તે, હમણાં તે અવાય ! અર્થી પોતાનો દોષ વીચારે નહી, જા હું કાલે આવીશ, આજે મારે, ઘેર બધા નાતીલા આવે છે, અને હું બહાર રઝળવા જાઉં એ કાંઈ સારૂ દેખાય ? ગામમાંથી કોઇ ગુણીને લેઇ જા—તારી વહુને આડાનું છે તે ઘણું કપરૂ છે ઝટ કાંઇ આખડી લે કે બચશે.

સોનીએ તેને બહુ કાલાવાલા કર્યા અને ત્યાં બેઠેલા લોકો પણ તેની વતીથી બોલ્યા ત્યારે મોતીએ કહ્યું ! જો તારી સાથે આવુ તો ખરી, પણ આ કુળદેવીને મારાથી એક ક્ષણભર પણ વ્હીલી મેલાય નહી તે તું માથે ઉપાડીને તારે ઘેર લેઇ ચાલે ને હું પાછી આવુ ત્યારે પાછું લાવે તો મારાથી અવાય.

સોની—એમ છે તો એક ઘટ્ટ શું પણ કહે તો બે ઘટ્ટ ઉપાડીને આવુ ને જાઉ. પણ ફોઈમા ! તુ જરા રહેમ નજર કરીને મારી સોનારણની સંભાળ કર નહી તો તે ઘડી અઘઘડીમાં મરી જશે ને મારૂ ઘર ભાગી જશે—મારા બાપ !

મોતી—ફક્ત તારી ખાતરને માટે મારી કુળદેવીને તારે ઘેર પધરાવુ છું પણ દેવીને સંભળાવજે કે વચકો વસમો પડે નહી મારે લગ્ન ફેરવવાં પડશે. એમ કહી સોનીને માથે ઘટ્ટ ચઢાવ્યો, અને પોતે હાથમાં દીવો તથા ધુપદાની લીધી, પછી બૈરાંઓને ગીત ગાતાં સાથે લેઇને મોતી વાજતે ગાજતે સોનીને ઘેર ચાલી ત્યાં મેડી ઉપર એક ઓરડામાં તેની સ્થાપના કરી, પુજા પત્રી ચઢાવી. પછી સર્વને વીદાય કરી સોનીની સાથે પોતે તેની બૈરી પાસે ગઇ તો તે બે શુદ્ધિમાં પડેલી તેમની નજરે પડી, જ્યારે સોની બહુ કરગરીને વીનતી કરવા લાગ્યો ત્યારે તેને ત્યાં ઉભો રાખીને મોતી આતાના ઓરડામાંથી કાંઇ લેઇ આવી ત્યાં બેસી પાણીનું એક કુંડાળુ કરીને સોનીને માંહ્ય બેસાડીને કહ્યું કે તું બીહીતો નહી અને ગમે તે થાય તોપણ તું આની માંહીથી ખસતો નહી પછી તેણીએ પાણીની આડ કરીને ધુપણ દીધું ને બે દાણા અડદના નાખ્યા. તેજ

વેણાએ બાયડી ઉઠીને બેઠી થઇ, કૃતાંત (કાળ) સરખી આંખો ફાડીને તે બોલી–હવે તું મારે હાથે ચઢી છે, તો જોજે મારા સપાટા, ! આમાંથી કોઇને મેલનાર નથી, સર્વેને ખાઇશ ! એટલું બોલીને તેના ધણીની તરફ દોડી તે જોઇ સોની બહુ થરથરવા લાગ્યો.

થોડી વાર પછી મોતીએ પાછા અડદાના દાણા નાખ્યા.

સોનારણુ–(મોતીની તરફ ફરી) હાકણુ ! પાછી તું આવી છે પણ સાંભળજે—હવે તહીંથી જવા દેનાર નથી, એવામાં મોતીએ પાણીની અંજળી છાંટ્યાથી તે એક દમ બેસી ગઇ અને ધુણવા લાગી.

ત્યારે મોતી હોઠ ફફડાવી (મંત્ર ભણ્યાનો ઢોંગ કરી) એક બે, ત્રણ, ચાર, એ પ્રમાણે ઉપરા ઉપર પાણીની અંજળીઓ છાંટવા માંડી

સોનારણુ—(ધુમરાણુ કરીને) બળી બળાર, ? હવે હું જાઉં છું પાછી કોઇ દીવસ નહી આવુ મારો કેડો છોડ,

મોતી—કહે જાય છે કયાં ? રાંડ તું કોણુ છે, અને અહીં કેમ આવી છે ? અને આ બીચારી ગરીબડી સોનારણુને સંતાપે છે, એણે તારૂં શું બગાડયું છે ? તે ઝટ લેઇને કહી દે.

સોનારણુ—હું મધુડા સોનીની સાસુ થાઉં છું મારી દીકરી. સાથે એણે લગ્ન કરી તેને બહું દુઃખ દઇ; ખોટાં ખોટાં આળ ચઢાવી કહાડી મેલી હતી, જેથી તેણે દુઃખમાં ને દુઃખમાં પોતાની દેહ પાડી છે, માટે હવે તેનું વેર લેવાને આવી છું તે એની બૈરીનો જયારે જીવ લેઇશ ત્યારે જઇશ, તે સાંભળી સોની તો દીગમુંઢ સરખો ઉભો રહયો.

મોતી—સોનીને વહુઓ તો બહુએ થઇ છે. તેમાથી તું કઇ વારની અને કોની મા થાય છે.

મોતી—ચોથી વારની ઝવેર મારી દીકરી થાય, ને મારૂ નામ વાલુ છે તેને એ પીટાએ બહુ સંતાપી છે. (પછીથી મોતીએ પાછો તેના ઉપર અંજળીનો વર્ષાદ વરસાવ્યો.)

સોનારણુ—શું કરૂં ? હમણાં પ્રથમતા રોજ કોળીઓ કરી નાખુ પણ તારે માથે સમર્થ દેવી ગર્જે છે. તેથી મારો ઉપાય નથી. પણ આટલું ૭–૮ દીવસ સુધી એને પેર પાછું જવી કે હુ આવીને પાછી વળગીશ. એટલું બોલતાં બોલતાં તે મોટાં ધબકાની સાથે જમીન ઉપર પડી ગઇ.

મોતી—ચતુર ! ચતુર ! પણ તે તો ગઇ પછી કેટલીએક વારે સોનારણ સાવધ થઇ કે તેને નવડાવી ધોવડાવીને દેવીના ઓરડામાં લેઇ જઇને પુજા કરાવી અને તેના હાથે નાડુ બાંધ્યું.

મધડો કહે જે મોતી ફઇ ! તમારૂં માટલું આઠ દીવસ મારે ઘેર રાખી જાઓ મોતી કહે—મુર્ખા મારી ગોત્ર દેવી, ને મારે ઘેર લગ્ન માટે હવે ઝટ ઉઠાવ ને ચાલ મારે ઘેર; ત્યારે તો બહુ તાણમતાણ થઇ, પછી તે સોનીને કહેવા લાગી કે હુ લગ્ન ફેરવું ને તારી વહુને એક માસની દીક્ષા આપું પણ સાંભળ ! તે સાચવવું બહુજ કઠણ કામ છે. એક મહીના સુધી નજરે તો શું, પણ સ્ત્રીને પુરૂષનો ઓળો ના પડવો જોઇએ કેમ તારાથી બનશે ? નહી તો કામ વીફરી જશે!

સોની—સ્ત્રી જહાનથી જાય તેના કરતા એક માસનો વીયોગ કાલ વહી જશે એવું ધારીને મોતીનુ કહેલુ સર્વે માન રાખુ પછી સોનારણને પુછ્યુ ત્યારે તેણે પ્રથમ તો આનાકાની કીધી, પણ તેના ધણીના આગ્રહથી તે પણ કબુલ થઇ.

પછી મોતીએ સોનીને કહ્યું એક માસ સુધી દેવીને નૈવેદ્ય અને તારી બૈરીને ખાવા સારૂ જે કાંઇ જોઇએ તે સીકીએ કરીને ઉપર પહોંચડાવું આ દેવીનો પરતો પ્રત્યક્ષ છે માટે કાંઇ વચકો પડે નહી તે સાચવવું મુશ્કેલ છે; સુલટું કરતાં ઉલટું નહી થાય. માટે સાવધ રહેજે, પછી તેણે સામગ્રીની ટીપ ઉતરાવીને કહ્યું કે એ પ્રમાણે નીત્ય આઠ વાગતાની અંદર છાબ સાંજરે સીકીયાં મેલી તારી મેળે ચાલ્યા જવું ઉપર જવું નહી હો !

તે દીવસે ખાનપાનની સામગ્રી તરત મંગાવી સોનીને ત્યાંથી રૂખસદ કર્યો પછી સોનારણ ગુલાબવંતી સાથે પેલા પટાવત ખુસબખાને મેળવી હવે બેહુ જણે નીશ્ચીતપણે એશઆરામ કરવાને કહીને સાતમા માળથી દરવાજા દાદર, બારી વગેરે બધ કરી પોતાના સાથેજ કુંચી માર ી મારતો મોતી નીચે આવી ! ત્યાં દુકાનમાં સોની બેઠો હતો તેને કહ્યું કે હવે તારે કાઇ પાંતીની ચીન્તા રાખવી નહી આ બધી ખટપટ તારીજ ખાતર કરી છે, પણ દેવી સૌ સારાં વાનાં કરશે એટલું કહીને ચાલતી થઇ,

સોની હરરોજ વેઢા ગણ્યા કરતો હતો તે માસ પૂરો થયો એટલે સવારના પહોરમાંજ ઉઠીને મોતીને ઘેર ગયો;

દુતી—હજી આજેજ મહીનો પુરો થાય છે એટલામાં તું કેમ આવ્યો ! પણ ઠીક થયું દેવીએજ તને મોકલાવ્યો ને ફેરા ટાળ્યો.

અને દેવીનાં વધામણાં કરવાં પડશે, ત્યાં પાંચસેં ગોરણી (સૌ સવાસણ સ્ત્રીઓ) અને બસેં બટુક (કુંવારાં છોકરાં) જમાડજે. તેમને એકેકું લુગડું અને દક્ષણા તારી સંપત પ્રમાણે આપજે. રાતનાં હું આવીને દેવીને વીદાય કરાવી પધરાવી લાવીશ.

બીજે દીવસે સાંજરે મોતી સોનીને ઘેર આવી સોનારણ ગુલાબવંતીની પાસે ગઇ, ત્યાં પટાવત જુસબખાનિ અગાઉના માટલામાં બેસાડી તેનું મોહોં બંધ કરીને તેના ઉપર ફુલના હાર કંકુ આદીથી છાંટીને સોનીને બોલાવ્યો–ઉપાડ મારી દેવીને ! લેઇ ચાલ મારે ઘેર !

સોનીને માથે માટલું ચડાવી તેની તેને ઘેર ચાલી. રાત ઘણી અંધારી, તેથી માર્ગમાં કોઇ સામું આવતું દેખાતું નથી. તેઓ એક સાંકડી ગલીની અંદર થઇને ચાલ્યાં જાય છે, તેવામાં એક સાંઢડો સામે આવ્યો, તેનો સોનીને ધકો લાગ્યાથી માથા ઉપરનો ઘટ સાંઢડાં ઉપર જઇને પડ્યો તેથી ઘભરાઇને જોર જ્યાં દોડવા જાય છે, એટલામાં પાછળથી દુતી આંહાં ! હાં હાં કહેતાંને પાછો ફર્યો, માટલું જમીન ઉપર પડતાં ફુટી ગયું, ત્યારે ન્હાસી જતાં બીચારો સોની પટાવત અને દુતી એ બેની ચોટમાં ફસાઇ જઇ પગ નીચે ખુંદાઇ ગયો. પટાવત જુસબખાં ઝટ સાવધ થતાં સોનીની છાતી ઉપર ચડી બેઠો ને બોલ્યો કમબખ્ત સસુર ! દેખતા નહિ ! કયા મેરી છાતીમેં ગીરાયા ? અબ તો તેરા જાન લુંગા ! એટલું કહી તેની છાતી પર ચીપીયા (ચુટી) દેવા માંડ્યા !

સોની તેથી ત્રાસ પામી કરગરી કાલાવાલા કરે છે એટલામાં પેલી દુતી સોનીને બાંડતી અને ગાળો દેતી આવી–હાય ! મારી ગોત્ર દેવીનું માટલું ફોડ્યું ને માંહ્યથી ભૈરવ નીકળ્યો ! !

સોની દુતીને જોઇને–મોતી ફુઇ ! આ મારી છાતી ઉપર કોઇ બેઠું છે તેને તું ઉઠાડી દે. નહી તો મુકરર મારો જીવ જશે. જો તું મારો જીવ ઉગારીશ તો હું તારો ઉપકારી થઇશ. તેમ તેમ પેલો તેને વધારે ચીપીયા દેવા (ચુંટીયો ખણવા) લાગ્યો, તેથી સોનીએ કળાહલ કરી મુક્યો, એટલે લોક જમા થવા માંડ્યું ત્યારે દુતી તેને ગાળો દેવી બંધ કરી પેલાને ઉઠી જવાનો અણુસારો કર્યો કે ત્યાંથી પલાયન કરી જતો રહ્યો. જ્યારે છાતી ઉપરથી ભાર ઓછો થયો, ત્યાર તે ધીમે ધીમે સાસ લેવા લાગ્યો. પછી દુતીનો હાથ ઝાલીને ઉઠી ઉભો થઇ પોતાને ઘેર ગયો ! ! !

લેણુદાર સાથે છીનાળું કરનાર સ્ત્રી મોહમતી.

क्षामोदरीहंसगतिर्ममा । सौंदर्यसौभाग्यवतीमलोका ॥
निश्पीडितायैनातौयथेच्छं । वृथागतंतस्यनरस्यजीवितम् ॥

અર્થ—હંસના સમાન જેનું ગમન છે, સુક્ષમ જેનું પેટ છે, સૌભાગ્ય, સુશીળ, સુંદર તેમજ ચંચળ જેનું ચીત્ત છે, તેવી સ્ત્રી તેણે યથાસ્થિત (બરોબર) રીતે ભોગવી નથી તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે.

એક જણની બૈરી બીજા સાથે છીનાળું કરતી હતી, તે મરદનું તેના ધણીને દેવું હતું. બૈરીનાં ફેલ વીશે ધણીએ બહારથી સાંભળ્યુ, ત્યારે તેણે સચું કે જુઠું જોવા સારૂં પોતાની સ્ત્રીને કહ્યું કે હું ગામ જાઉછુ ને પોતે માલમ ન પડે તેમ ખાટલા નીચે સંતાઇ રહયો. રાત્રે સ્ત્રી મોહમતી પોતાના યારને તેડી આવી, તે ધણીએ જોયું કે એકાએક પલંગ નીચેથી નીકળીને સ્ત્રીનો અંબોડો ઝાલ્યો, ત્યારે કુશાગ્ર બુદ્ધિ ચલાવી બોલી મેં તને કહ્યું હતું કે મારો વર પરદેશ ગયો છે તે આવ્યા પછી આપીશ, એમ છતાં તું મારી પછવાડે આવ્યો તો ભગવાનની કૃપાથી મારો વર પણ આવ્યો. હવે તારા રૂપૈઆ માગી લે. એમ કહી પછવાડે ફરીને ધણીએ કહ્યુ, કે સ્વામી એનું શું માગણું છે તે આપો ! વારે ઘડીએ ઇજ્જત લે એ ઠીક નહી તે સાંભળી ધણીએ અંબોડો છોડયો, અને પેલા જારને થોડા રૂપૈયા આપીને વીદાય કર્યો !

છબીલ ભટ તથા તેની સ્ત્રી શુદ્ધ સુંદરી.

सुगंधैःसुपुश्पैःसुशयासुकांता । वसंतारुतःपूर्णिमापूर्णचंद्राः
यदानाऽस्तिपुंस्त्वंनरस्यमभूर्तवतःकिंततःकिंततःकिंततःकिं॥

અર્થ—જેની સય્યા સુગંધયુક્ત ફુલોથી શૃંગારેલી હોય તેના ઉપર નવયૌવના સ્ત્રી પડેલી હોય, તેમાં વળી વસંત રૂતુ ખીલેલી છે અને પુનમના ચંદ્રનું પુર્ણ બીંબ ઝમકારા મારી રહ્યું છે, આવું સ્થળ જોઇને જે પુરૂષને પુરૂષાતન ન પ્રગટયું તો પછી શું ! પછી તો તેણે આ જગતમાં વૃથા જન્મારો ગુમાવ્યો છે !

શુસિલપુર નગ્રમાં એક છેલભટ કરીને બ્રાહ્મણ રહેતો હતો, તે ઘણોજ પવિત્ર હતો. તે રોજ પાઠ, પુજા સંધ્યા, તર્પણ, એ સીવાય બીજામાં ધ્યાન આપતો નહિ. પોતે ભિક્ષા માગી લાવી

ગુજરાન ચલાવતો અને સંતોષ માનતો. તેની સ્ત્રી પણ તેવીજ પવીત્ર હતી. તેને એક છબીલભટ નામનો પુત્ર હતો. છબીલભટ જ્યારે બાર વર્ષનો થયો, ત્યારે છેલભટ, કે જે તેનો પીતા કોઇ રોગમાં આજારીથી મર્ણ પામયો, તેથી ઘરનું ખર્ચ તેને માથે આવી પડયું તે બીલકુલ ભણ્યો નહોતો, તેથી તેણે નીર્વાહ કરવાના ઉપાય શોધવા માંડયા. પછી તેના કેટલાએક પડોશીએ વારેવારે ટોકીને તેને ભણવાની સમજુતી આપી. તેનું લગ્ન તેના પીતાએ મુળથીજ કરી રાખ્યું હતું. છોકરાએ પરદેશ ભણવા જવાનો નીશ્ચય કર્યો અને સગાં વિગેરેની રજા લેઇ વીદેશનો રસ્તો પકડયો. કેટલેએક દીવસે તે ઉમયાપુર નામના શહેરમાં આવી ચડયો, ત્યાં એક પંડીત સોમેશ્વર નીશાળ ભણાવતો હતો, તેની પાસે આવી પુછયું જે હું બ્રાહ્મણનો દીકરો છું આપ મને ભણાવશો ? પંડીતજીએ તેનું નામ ઠામ, જાત વીગેરે પુછી, તો દૈવ યોગે તે તેનો જમાઇ નીકળ્યો. તેઓ એક એકને ઓળખતા નથી તેનું કારણ, તેમનો બહુ વય પર સંબંધ થએલો હતો, પંડીતે જાણ્યું કે જો હું જાહેર પડાશ તો તે મારે ઘેર ભણશે નહીં, માટે એને અજાણમાંજ રાખવો. તેથી તેણે પોતાના ઘરમાં પણ કોઇને વાત કહી નહીં. પણ તે ઓળખાય નહીં તેની જુકતી કરી પંડીતે કહ્યું કે તારું, તારા ગામનું, અને તારા બાપનું નામ ફેરવીને આ ગામમાં રહે તો હું તને ભણાવું. તે ગરજુ વીદાર્થીએ કબુલ કર્યું. પછી પોતે ગુરુ થઇને, તેને વિદ્યા ભણાવવા માંડી. પંડીત સોમેસ્વરની જે પુત્રી સગુણસુંદરી હતી તે પણ ભણતી હતી. બન્ને જણા થોડી મુદતમાં ભણીને તૈયાર થયાં, છબીલભટ જે પ્રથમ મુર્ખ હતો અને કાના માત્રાનું ઠીકરું નહોતો જાણતો, તે આ વખતે મોટા પંડીતોની સાથે વિવાદ કરે એવો પરાક્રમી થયો. તે શાસ્ત્રમાં અન્વય કરવા લાગ્યો.

ગુરુ રાજા કીસોરસીંહ પાસે રોજ કથા વાંચવા જતો હતો. એક વખતે તે ગામડે જવાને તૈયાર થયો, ત્યારે તેણે વીચાર્યું કે રાજા કીસોરસીંહને ત્યાં હું કથા વાંચવા કોને મોકલીશ ? પછી તેને યાદ આવ્યુ કે હવે મારો જમાઇ છબીલભટ શકતીવાન થયો છે, તેને મોકલીશ. પછી તેને રાજ્ય સભામાં કથા વાંચવાનું ભળાવી પોતે પરદેશ ગયો, છબીલભટ બીજે દીવસે કથા વાંચવા ગયો. તેની સ્ત્રી પંડીત સોમેશ્વરની છોકરી સગુણસુંદરી પણ કથા સાંભળવા દરબારમાં ગઇ. છબીલભટ કથા કરતો હતો તે વખતે તેની વીદ્વતા જોઇ પંડીત સોમેસ્વરની પુત્રી સગુણસુંદરીનું ધ્યાન તેના ઉપરજ

કરી રહ્યું હતુ, તેથી તે બન્નેની યુવાનસ્થા જોઇ રાજા કીશોરસીંહને શક આવ્યો કે આ બન્નેમાં કાંઇ લાગવટ છે; પણ ખરૂં જોતાં તેઓ બન્નેનાં મન સ્વચ્છ ગંગાજળ જેવાં નિર્મળ હતાં. કુકર્મ એ શી ચીજ છે, તેનો તેમના મનમાં ભાસ પણ નહોતો રાજા કીશોરસીંહને જ્યારે આમ લાગ્યું, ત્યારે તેણે પંડીત સોમેશ્વરની પુત્રી સગુણસુંદરીને બોલાવવાનો ઇરાદો કર્યો. તે જેવી ભણેલી હતી તેવી ખુબસુરત પણ હતી. તે દીવસે છબીલભટ કથા વાંચીને ગયો. ત્યારે પેલી છોકરી સગુણસુંદરી પણ તેની સાથે ઘેર ગઈ. બીજે દીવસે છબીલભટે પાછા આવીને કથા શરૂ કરી તે વખતે પણ તેની મદુ પાણી સાંભળવાને છોકરી હાજરજ હતી. રાજા કીશોરસીંહનું ધ્યાન કથા ઉપર બીલકુલ નહીં હતું, પણ કુકર્મ કથા ઉપર લાગેલું હતું, જ્યાં કથા વંચાઇ રહ્યા બાદ પંડીતપુત્રી સગુણસુદરી માહારાજની વાંસેજ જવા લાગી, ત્યારે રાજા કીશોરસીંહને કામદેવે સતાવ્યો, તેણે પોતાની ખાનગી દાસીને ચેતવી કે તેને રાત્રે અહીં આવવાની સુચના કરે. દાસીએ પડીત સોમેશ્વરની પુત્રી સગુણસુદરીને જણાવ્યું. ત્યારે તેના મનમાં તરેહવાર તર્ક ઉત્પન થયા, અને ઘણો શોક કરવા લાગી તેણે ધાર્યું જે રાજા કીશોરસીંહની દાનત બગડી જણાય છે તેથી જો હુ જઇશ તો જરૂર મારી આબરૂ બચાવવી મુસ્કેલ પડશે, નહી જાઉં તો પણ ઉલટો ગુસ્સે થશે, અને રાજા છે તે ચાહે તેમ કરશે. શું કરવું તે તેને સુઝે નહીં, ત્યારે તે પોતાની એક ચતુર પ્રિયકર સખી ચંચળમતી હતી તેને ગેર ગઇ, અને તેને અથથી તે ઇતી સુધી માંડીને સઘળી વાતથી વાકેફ કરી; સખી ચંચળમતી તેને હીમત આપી બોલી, બહેન ! તું જરા પણ હરબડીશ નહી, તે પાટયો શું કરનાર છે ? હું તને એક નિશાવાળી દવા આપુ છું, તે તુ પાનમાં ઘાલી તેને ખવરાવજે કે, તે પછી લકુજ બની જશે અને તેને કોઇ પણ વાતનું ભાન રહેશે નહીં. તે સાંભળી પંડીતપુત્રી સગુણસુદરી પ્રસન્ન થઇ અને સખી ચચળમતીએ દવા આપી, તે લઈને ઘર અગળ આવી તે દીવસે સાંજરે પંડીતજી સોમેશ્વર પણ ઘર આગળ આવ્યા. જમયાબાદ સંધયાકાળે છોકરીએ વીચાર્યું જે મારા બાપને કહુ એમાં પણ માલ નહીં પણ હું રાજા કીશોરસીંહને ત્યાં જાઉં ત્યાંનીર્દોષ થઇ પાછી આવુ તેનો સાક્ષી કોણ ? માટે કોઇની સાક્ષી તરીકે સાથે લેઇ જાઉં તો ઠીક એવો વીચાર કરી પોતાના પીતા સોમેશ્વરને કહેવા લાગી, પીતાજી મારે અત્યારે મહાલક્ષમીની પુજા કરવા જવું છે; માટે

વિદ્યાને મારી સાથે મોકલો. તેનો બાપ ઘણો સમજુ અને અક્કલવાન હતો, તેણે વિચાર્યું જે છોકરી ઉમ્મરલાયક થઇ છે; માટે તેની જોડે કોઇ વિદ્યાર્થીને મોકલું તે ઠીક નહી, પણ આપણા જમાઇ છબીલભટનેજ મોકલું એટલે દોષ નહીં, એવા વીચારથી તેણે છબીલભટને તેની સાથે જવા હુકમ કર્યો. છબીલભટ તેની સાથે ગયો પણ જે રસ્તે મંદીર હતું તે રસ્તો મુકી તે બીજે રસ્તે ચાલી છબીલભટના મનમા અનેર તુરંગ આવવા લાગ્યા કે મંદિર તો પેલી તરફ રહ્યું ને આ આમ ક્યાં જાય છે ? પણ કદાચ વખતે બીજે ક્યાં કામ હશે ત્યાં થઇને જવાની હશે, એમ વીચાર કરે છે, એટલામાં છોડીએ રાજ્યમહેલનો રસ્તો પકડયો. ત્યારે તો તેને શક પડ્યો કે સ્ત્રીચરિત્ર કેવાં છે ? મહાલક્ષ્મીનું નામ દઇ રાજ્યમહેલમાં જાય છે ! પણ ખેર આપણા ગુરની પુત્રી છે તેથી બોલવું નહીં. જે થાય તે જોયા કરવું. છોકરી તેને ઉપર લેઇ અને નિસરણી આગળ ઉભી રહી કહ્યું—જે તું અહીં ઉભો રહેજે અને ઉપર શું શું થાય છે તે જોતો રહેજે બ્રાહ્મણપુત્રી ઉપર ગઇ ત્યાં રાજા કીશોરસીંહ તેની વાટજ જોતો ઉભો થયો અને સન્મુખ આવ્યો. છોકરીએ મીથ્યા હાવભાવ કરીને પેલું નીશાવાળું પાનનું બીડું તેને આપ્યું. તે રાજા કિશોરસીંહ ઘણા હર્ષથી ખાઇ ગયો અને તેનો આતુરતાથી હાથ ઝાલવા આવ્યો બાઇએ છણકાથી કહ્યું મહારાજ ! આકળા શું થાઓ છો ? ધીમા પડો આખી રાત તમારી છે એમ કરતાં રાજા કીશોરસીંહને નીશા ચઢી અને ધબ દઇ પલંગમાં પડ્યો ! તેવીજ પંડીતની પુત્રી સગુણસુંદરી દાદર ઉપર આવીને જુવે છે તો નીસરણીમાં વીદ્યાર્થી ઉંઘી ગયો છો ! સગુણસુંદરીએ રાજા કીસોરસીંહને બીડું આપ્યું; તે જોયું; પણ તે પછી છબીલભટને ઝોકું આવ્યું ને ઉંઘી ગયો પેલી સગુણસુંદરીએ આવીને હાક પાડી કે મહારાજ ઉઠો છો કે શું ? તેવોજ તે ઝબકીને જાગી ઉઠયો અને આસપાસ જોવા લાગ્યો નીદ્રાગત થયા પછી સાવચેત થઇને તે સગુણસુંદરીની સાથે ઘેર આવ્યો તેણે રસ્તામાં આવતાં વીચાર કર્યો કે આ છોકરી રાજા કીસોરસીંહની સાથે બગડેલી છે પણ આપણા ગુરની પુત્રી છે, માટે તે વાત જાહેર પાડવી નહીં. હું કાંઇ બોલીશ તોપણ બાપ તે પુત્રીનુંજ તાણશે ને હું ફજેત થઇશ એમ જાની સમજતા પુરૂષ માફક તે મુંગો રહ્યો.

કેટલાએક દિવસ વિત્યા પછી પંડીતે વીચાર્યું કે હવે આપણો જમાઇ છબીલભટ ભણીગણીને હુંશીયાર થયો છે, માટે તેને વીદાય

કરતો પછી તેણે તેને બોલાવ્યો અને કહ્યું. મહારાજ ! હવે તમે હુંશીયાર થયા માટે તમારા ગામમાં જઇ સગાં વહાલાનાં ભેગા થાઓ (હજુ સુધી તેને પોતાનું સગપણુ બતાવ્યું નહી.) જમાઇ ગુરૂ શોમેશ્વરને વંદન કરી તેમની આજ્ઞા લેઇ પોતાના સ્વપુરમાં ગયો તે ઘણે વર્ષે આવ્યો તેથી તેને સગાંવાહાલાં આડોશી પાડોશી વીગેરે મળવા આવ્યાં અને ગામમાં વાત ચાલી કે ભઇ છેલભટનો છોકરો ભણી ગણી હુંશીયાર થઇને આવ્યો છે પછી તેનાં પાડોશીયો વીગેરે કહેવા લાગ્યાં જે હવે તો તમારી સ્ત્રી તેડવા જાઓ–છબીલભટ કહે આવ્યા તો હમણાં ને હજુ સ્ત્રી શી ? પછી બે ચાર મહીના કેડે મહારાજ પોતાના એક બે સગાં સાથે લઇને સાસરે પોતાની વહુને આણું વાળવાને ગયા અને જે ગામમાં પોતે ભણવા ગયા હતા ત્યાંજ આવ્યા ત્યારે તેને વીચાર થયો કે અલ્યા ! આ ગામમાંજ જ્યારે આપણું સાસરૂં છે ત્યારે આટલા દિવસ આથડ્યા પણ ત્યાં ફરક્યાજ નહીં. જ્યારે ગાંડી પંડિત " શોમેશ્વરના " ફળીયામાં આવી ત્યારે તેને વિચાર પડ્યો કે પંડિત શોમેશ્વરને ઘેર તો મારૂં સાસરૂં નહી હોય ? કેમકે એ શેરીમાં કોઇ બીજી જાતનું રહેતું નથી એટલામાં પંડિત શોમેશ્વરને ખબર થઇ કે તેઓ બધાં સામાં લેવા આવ્યા; ત્યારે છબીલભટને ખાતરી થઇ કે એજ મારૂં સાસરૂં છે. પણ તેના મનમાં હર્ષને બદલે દિલગીરી પેદા થઇ; કેમકે આ વખતે તેને પેલા રાજા કીશોરસીંહની વાતનું સ્મરણ આવ્યું અને જાણ્યું કે એ રંડા તો મહા લુચ્ચી છે, તે રંડીબાજ પાછળ ભટકીયાં મારશે ને ખુણાં શોધતી ફરશે ! એટલામાં બન્નેની અરસપરસ આંખ એકઠી થઇ, તે જોઇ છોકરી નખે ભોંય ખોતરવા લાગી. તે વિચારે છે જે હાય ? હાય ? હું એનેજ સાથે લેઇને રાજા કીશોરસીંહને ઘેર ગઇ હતી, તે તે કેમ ભુલ્યો હશે ? ઇશ્વરે તો ત્યાં મારો ધર્મ રાખ્યો, પણ કદાચ મારા ઉપર વાદળું આવી પડ્યું હોત તો મારી શી વલે થાત ? એમ બંન્નેના મનમાં ઉલટ સુલટ વીચારો થવા લાગ્યા. પંડીત જમાઇ છબીલભટનો ઘણો સત્કાર કર્યો અને બે ચાર દિવસ રાખીને પોતાની દીકરી સગુણસુંદરીને આણું વાળી વળાવી. પોતાની સ્ત્રી સગુણસુંદરી ઉપર વ્યભિચારના દેખાવનું ઝેર આ મહારાજની આંખમાં હતું તે તે સ્ત્રીને કદી જોડે લઇ જાત નહિ, પણ પોતાનો સસરો સોમેશ્વર ગુરૂ છે એ ગુણ તેને યાદ આવ્યો અને તેજ શરમે લાચારીએ તે પોતાની સ્ત્રી સગુણસુંદરીને સાથે લઇ ગયો સ્ત્રી પોતાને સાસરે આવી હમેશાં પતિની આજ્ઞામાં રહી; અને એ

વાર થયે પુજા ઇત્યાદી જે પોતાનો નીત્ય નીયમ હોય તે કરતી. તે જોઇ છબીલ ભટનું ચીત હમેશાં ચીડાઇ જતું. કેમકે રાજા કીશોરસીંહની વાતથી તેના ઉપરનો તેનો ભરોસો ઉઠી ગયો હતો તેણે તેના આવા ઢોંગ જોઇ મર્મમાં તેનું નામ “ શુદ્ધશુંદરી ” પાડયુ અને જ્યારે જ્યારે બોલાવવી પડે ત્યારે તેજ નામ વાપરવવા લાગ્યો ! સ્ત્રી ઘણી ચતુર હતી તેને આ મર્મકીત સમજતાં વાર લાગી નહી તેણે તરતજ ધાર્યું કે પેલી વાતથી મારા ધણીના મનમાં વહેમ પેશી ગયો છે તે મારે કોઇ પણ પ્રકારે મુકત કરવો જોઇએ એ જાણે છે. કે રાજા કીશોરસિંહ જાર કરનારીને બોલાવે છે તેમ મને પણ બોલાવી હશે, ને હું પરગમનના કોડથી ગઇ હઇશ ? એમને સમજાવતાં એ સમજશે નહી માટે કોઇ યુકિત પ્રયુકતીથી હવે એમનો ગર્વ ઉતારીને સમજાવવા જોઇએ.

સગુણ સુંદરીએ બે ચાર દીવસ વીત્યા કેડે ચરીત્ર કરી પોતાના સ્વામી છબીલભટને કહ્યું જે મારા પીયરથી સંદેશો આવ્યો છે અને મારા પીતાએ મને તેડાવી છે, માટે આપની રજા હોય તો જાઉં બ્રાહ્મણ તો તેને જોઇનેજ કાયર હતો અને તેને તો જોઇતુ હતુ પણ એટલુજ તેથી તે બોલ્યો જે સુંદરી સુખેથી જાઓ, મને કશી હરકત નથી. તમારા ધ્યાનમાં આવે એમ કરો એમ કહ્યું કે સ્ત્રીએ ઉઠીને પોતાનાં બે લુગડાં જે લેવા હતાં તે લીધાં અને દરવાજા બહાર નીકળી બીજે દરવાજે થઇ પાછી શહેરમાં આવી અને કોઇ વાણીયાને ગેર જઇ પોતાનાં કડલાં ઘરેણે મુકી તેને ત્યાંથી રૂપૈયા પચાસ ઉપાડયા, તેણે એક ઘર ભાડે લીધું અને પોતાની હજુરમાં બે દાસીયો રાખી અને કોઇ બ્રાહ્મણને ગેરથી શ્રીમદ્‌ભાગવતનું પુસ્તક લેઇ આવી. પોતે સફેત વસ્ત્ર પહેરી ભસ્ત્ર અને રૂદ્રાક્ષ ધારણ કરી કોઇ અબધુત યોગણી બગી કેશ પાસ છુટા મેલી રાત્રીને સમયે ઓટલા ઉપર કથા વાચવા લાગી જેમ જેમ લોકોને ખબર પડતી ગઇ તેમ તેમ હજારો માણસ આવવ લાગ્યું આખા શહેરમાં વાત ચાલી કે ભાઇ ! કોઇ અબધુત ગુણી જોગણી આવી છે. તે રાત્રે કથા કરે છે અને દીવસના ઘર બંધ કરી અંદર પડી રહે છે, તેની કથા કરવાની છટા એવી તો છે કે તે સાંભળતાં વૈરાગ ઉપજ્યા શીવાઇ રહે નહી. એવી વાતો સાંભળી દીવશે દીવશે લોકોનો વધારો થવા લાગ્યો. તે વાત તેના પતીએ પણ સાંભળી અને પોતે કથા સાભળવાને મસે ત્યાં આવ્યો, અને વેગળો જઇ સાંભળવા બેઠો જોગણી સગુણસુંદરીએ દી

હા જે મારો સ્વામી આવ્યો ખરો ત્યારે તો વિદ્વતાની વધારે ચપળતા ચલાવવા લાગી અને પુસ્તકમાંથી બીજે ક્યાંય નજર બહાર કાઢીજ નહી છબીલભટ વિદ્વાન તો તેણે જાણ્યુ કે આ કોઇ પુર્ણ વિદ્વાન છે તે ધીરે ધીરે ખસતો ખસતો જોગણી સગુણસુંદરીની પાસે આવ્યો અને હાથ જોડી બોલ્યો કે હું પણ આપની કૃપાથી થોડોજ વિદ્વાન છુ માટે જો વાદ કરવાને આપની એકાંતમાં આવવા દેશો તો ઉપકાર થશે, જોગણી સગુણસુંદરી બોલી—હું પરપુરૂષનો સંગ રાખતી નથી, તેમ તેના સાથે એકાંતમાં વાત પણ કરતી નથી—છબીલભટે કરગરીને કહ્યું કે આપ મારી થોડી વિદ્વતા તો જુઓ ? જોગણીએ કહ્યું કે ઠીક કાલે આવજો કથા થઇ રહ્યા પછી સાકરનો પ્રસાદ વેહેચ્યો અને લાગલીજ ઘરમાંજ જઇ કમાડ વાશી દીધાં પંડીતે તેની ચીકીત્સા જોઇ ખ્યાલ કર્યો કે નકકી આ કોઇ મહા પ્રતાપી જોગણી છે; બીજે દીવસે પોતે બનીઠનીને પંડીત જોગણી સગુણસુંદરીના ઉતારા પર ગયો. કમાડ ઠોકયાં એટલે દાસીએ ઉઘાડીને અંદર લીધો પછી વંદન કરીને પોતે બેઠો. જોગણી સગુણસુંદરી વાતચીત કર્યા પછી બોલી—મહારાજ ! મારે અહીયાં રોજ એક બ્રાહ્મણ જમાડવાનો નીત્ય નીયમ છે, માટે આપ પ્રસાદ લેશો કે બ્રાહ્મણ બોલ્યો—પ્રસાદ શું છે નહિ લઇએ ! અમારો તો ધર્મજ છે ને તે આપ જાણો છો. તે સાંભળી જોગણી સગુણસુંદરીએ એક વાસણમાં ચોખા ઘાલી તેમને આપ્યા અનેતેને કહ્યું કે આ ચોખા છે તે તમે રંધો એટલેહું તમને દુધ સાકર આપું છું તે જમજો બ્રાહ્મણ કહે ઠીક પછી પોતે ચોખા લેઇને રાંધ્યા; એટલે જોગણી સગુણસુંદરીએ દુધ ને સાકરની તાંસળીયો આપી દાસીએ માંજીને પાણીનો ગ્લાસ ભરી આપ્યો મહારાજ જ્યાં જમવા બેસે છે, તેવી જોગણી બોલી મહારાજ ! ઉભા રહો પ્રથમ મારા હાથના બે કોળીયા જમો પછી તમારે જમવું હોય તો જમજો મહારાજ ચમકીને બોલ્યા કે એમ શું ગાંડું ગાંડું બોલો છો ? તમારા હાથનું તે જમાય ? તમે જોગીને અમે બ્રાહ્મણ માટે એમ ન બને જોગણી હાવભાવ કરી બોલી— ત્યારે તો તમે વિદ્વાનજ નથી અને મેં તમારી પરિક્ષા જોઇ વેદમાં શું કહ્યું છે એનો વીચાર કરો એમાં તો સર્વ જગત સુરખું ગ એવું છે સુર્ખ હોય તેપણ ભિન્નાભિન્તાનો વીચાર રાખે છે માટે તમે વિદ્વાન છતાં ડરો છો શુ ? બ્રાહ્મણ તેના આંખના અનુસારથી અને હાવભાવનાં અમૃતમય વેણથી લોભાઇ ગયો અને તેના ઉપર

આશક પડયો તેણે બીજા કાર્યની આશાએ તેના હાથનુ પણ જમવું કબુલ કર્યું અને પોતાનું મ્હોં ફાડયું તેણે વિચાર્યું કે અહી કોણ જોવા ફતાવે છે. ! વિષયવાસની લાલચે બ્રાહ્મણને ભ્રષ્ટ કર્યો પોતે આડુ ટેળુ જોઇને જોઇને જોગણી ગુણસુંદરીએ બે ચાર કોળીયા ખવરા વ્યા તે ખાઇ ગયો અને પછી બાકીનો ભાત પોતાને હાથે જમ્યો. જોગણી સુગુણસુંદરીએ દાસીને સાન કરી રાખી કે બ્રાહ્મણ જમી રહે એટલે તેને દક્ષણા આપીને એકદમ કહાડી મેલજે, છબીલભટ જમી રહ્યા અને લુગડાં પહેરી બેસવાનું કરે છે, કે દાસી આવી તેણે તેમના હાથમાં રૂપઇઓ ૧ તથા પાન સોપારી આપી કહ્યું કે મહારાજ ! હવે આપને રજા છે, મહારાજે જાણ્યું કે બે ઘડી સુધી જોગણી સાથે મોજ કરીશું તે વીચારથી બોલ્યા જઇએ છીએ જરા બ્રાહ્મણ અકળાય છે તેને તો બેસવા દે દાસી કહે મહારાજ ! ઘેર બેસજો. બાઇને સુવાની વખત થઇ છે,–વીચાર હશે નહી ! એમ કરી ધક્કો મારી વીદાય ગીરી આપીને બારણાં વાશી દીધાં મહારાજ રસ્તામાં પસ્તાવા લાગ્યા કે રંડિ છેતર્યાં વટલાયા અને કાર્ય તોં કશુ બન્યુ નહિ ! ! !

એ ચાર દીવસ વીત્યા પછી જોગણી સગુણસુંદરીએ પોતાનો ઢોંગ છોડી દીધો અને પ્રથમનાં જે વસ્ત્ર હતાં તે પહેરીને બીજે દર-વાજે થઇ શહેરમાં પોતાને ઘેર આવી બ્રાહ્મણે વેગળેથી પોતાની સ્ત્રીને આવતી જોઇ તવો તે ચીડીને કરડાકી બોલ્યો આવો આવો શુદ્ધસુંદરી ! તો પણ સ્ત્રી કાંઇ બોલી નહી; જાણે કે જાણતીજ નથી. બીજે દીવસ પાણી ભરવા ગઇ, ત્યાંથી આવી ઉંબરા વચ્ચે ઘડો પછાડી બોલી—બળ્યો મારો અવતાર ! અને ફુટયું મારૂં નશીબ ! મારો તે અવતાર છે ? કોણ જાણે પૂર્વે શાંએ પાપ કર્યાં હશે. તે આ પતીની સાથે પનારૂ પડયું છે હું તો સૂકી ભઠ બળી જાઉં છું ને જો ધરતી માર્ગ આપે તો એમને એમ અંદર સમાઇ જાઉં ! તે સાંભળી ધણી ચકિત થયો અને કરડાકી કરી પુછવા લાગ્યો કે શુદ્ધસુંદરી છે શુ જરા કહો તો ખરાં તેમ તેમ સ્ત્રી વધારે કોપીને બોલવા લાગી અને ગુસ્સો કરીને બોલી તમને તે લાજ હશે કે નહી ? અને વરણમાં રહેવુ છે કે નીકળી જવુ છે ? હું દશ દીવસ મારા પીયરમાં જઇ આવી એટલામાં તમે સો ગ-જબ કર્યો ! હાય ! હાય ! આચાર વીચાર કયાં ગયો ? હવે આ મુજી શેના આધારે રહેવાની છે ? હું કુવા ઉપર ગઇ ત્યાં મને તો લોકાએ વીખી ખાધી છે અને ગામમાં હો હો થઇ રહી છે. આ-

પણુ તો બ્રાહ્મણનો અવતાર તે ઘેર ઘેર ભીક્ષા માગવા જવુ પડે તે હવે તમને લઇ ઘરમાં પગ મુકવા દે એવું છે ? બ્રાહ્મણ ગભરાઇને બોલ્યો—શુદ્ધસુંદરી કહે તો ખરાં ધીરાં પડો—ગભરાઓ છો શું કરવા ! મેં ગજબ શો કર્યો ! સગુણસુંદરી કહે આથી તે ગજબ કેવો કરવો હતો (જરા ધાંટો કાઢી) પેલી તરકડી જોગણી થઇ થોથાં વાંચી લોકોને સમજાવતી ફરે છે, તેના હાથથી જમી આવ્યા ? તે સાંભળી મહારાજ બોલ્યા ધીરી રહે ધીરી ! ઘરમાં આવીને કહે કોઇ સાંભળશે શુદ્ધસુંદરી કહે હજુ તો સાંભળવાનું બાકી રાખેલું દેખાય છે ! ધર્મ તો ન રાખ્યો તો દીસ્તો રહયો પણ જરા લોકની તો લાજ રાખવી હતી એ તે તમને ઊંધી મતી કયાંથી સુઝી ! તે વખતે તમારૂ જ્ઞાન કયાં ગોતુ ખાઇ ગયુ ! ગામના ને ન્યાતના લોક ફટ ફટ કરે છે અને ન્યાતના પટેલોએ તો નીશ્ચય કર્યો છે કે ન્યાત બહાર મેલવા માટે જો કાંઇ પામે હોય તો ઝખ મારીને સમજાવી આવું છબીલભટનો નાદ ઉતરી ગયો ને તે બીચારો આભો બની જઇને બોલ્યો—હા હા તું કહે છે એ ખરી વાત છે પણ એનું કરવું કેમ ! લે આ પચાસ રૂપૈયા અને ન્યાત પટેલને સમજાવી આવ કે આડું તેડું વેતરે નહી, સ્ત્રી રૂપૈયા લેઇને ચાલી ને જેને ઘેર કડલાં મુકયાં હતાં, ત્યાં આવી. અને રૂપઇયા આપી કડલા લેઇ ઘર તરફ પાછી વળી પછી તેના ધણીને સમજાવ્યુ કે હુ શેઠ પટેલ પાસે જઈ આવીને રૂપૈયા દાબી આવી, તે તો એટલા લેતા નહોતા, પણ મારા પીયરના સગા નીકળ્યા, તેમને શરમાવીને કહ્યું ત્યારે પત્યું, હવે ફરીથી તે આપનું નામ નહિ દે, પણ મારા આગળ પાણી લોયું હવે ફરીને એવે ઠેકાણે જશો નહી. મહારાજે તે પ્રમાણે કબુલ કર્યું અને સમ ખાધા કે કોઇ પણ દીવસ હવે હુ એવા ઠેકાણા ઉપર જઇશ નહી ત્યારે સ્ત્રીએ કહ્યું કે હવેથી હું તમારો છેડો લેવાની નહીં તે દીવસથી છબીલભટ્ટ સ્ત્રી શુદ્ધસુંદરીને બીજા ત્રીજા ચાળા ચટકા કરવા ભુલી ગયો, અને ઊલટો તેને હમેશ દબાએલો રહેવા લાગ્યો સ્ત્રીએ કેટલાકએક દીવસ પોતાની પવીત્રાઇ દેખાડવાને પોતાની ગોળી જુદી રાખી પણ બ્રાહ્મણની આજીજીથી તે કામ બંધ કરયુ કેટલાકએક દીવસ વીત્યા પછી તેણે પોતાના પતી આગળ પડદો ખોલી કહ્યુ—સ્વામીનાથ ! જે જોગણી થઇ ધોળાં વસ્ત્ર પહેરી કથા વાંચતી હતી તે હુંજ હતી અને તમે મારાજ હાથનું જમી ગયા હતા ત્યાં તમારો અર્થ જેવો સર્યો તેવો પણ રાજકેશરીસીંહના સર્યો હશે જો મારો બગાડવાનો વિચાર હોત તો હું તેમને નીસસરણીમાં ઉભા શુ કરવા રાખત !

છેલસીંહરાજા અને રાણી છબીલસુંદરી.

कनककमलकान्तैराननैःपाण्डुगण्डै ।

उपरिनिहितहारैश्चन्दनार्द्रैःस्तनान्तै ॥

मदजनितविलासैर्दृष्टिपातैर्मुनीन्द्रान् ।

स्तनभरनतनार्यःकामयन्तिप्रशान्तान् ॥

અર્થ:—સ્તનના ભારથી નમેલી નારીઓ, સ્વચ્છ સુવર્ણ કમળ ધોળાં ને રાતાં એવાં પોતાનાં મુખોથી. ચંદનથી ભીનાં કરેલાં હારવાળાં પોતાનાં સ્તનોથી અને કામથી જેમાં વિલાસ ઉત્પન્ન થયો છે એવા તેના કટાક્ષથી અત્યંત શાંત ગુણવાળા મુનીદ્રોને પણ કામ ઉપજાવે છે.

કોઈ એક છેલસીંહ કરીને રાજા હતો, તે એક દિવસ કચેરી ભરીને બેઠો છે, એવામાં ત્યાં કોઇ કવી આવી ઉભો તેને રાજાએ પુછયું તું કોણ છું ?.

કવી—હું કેવી છું.

રાજા—તું કવી હોઈ તો કહેવત બોલ. કવી—બોલ્યાના રૂપૈયા બેસે છે. રાજા—કેટલા ? કવી—એક કહેવતના એક હજાર. રાજા—એક હજાર લે ને બોલ? કવી—પછી એક હજાર રૂપૈયા રાજા પાસેથી લઇને બોલ્યા, હે રાજા મારે ત્રણુજ શબ્દ કહેવા છે.

“ ઊંઘનેસે જાગના ભલા. ”

એ બોલીને ગયો કે બીજો કવી આવી ઉભો, ત્યારે રાજાએ તેને પુછયું તું કોણ છું? કવી – હું કવી છું. રાજા—કવી હોય તો કહેવત બોલ? કવી—કહેવતના રૂપીયા બેસે છે. રાજા—કેટલા? કવી—બે હજાર રાજા—બે હજાર તો બે હજાર પણ બોલ? ત્યારે કવી રાજા છેલસીંહ પાસેથી રૂપીયા બે હજાર લઇ બોલ્યો—

“ જાગનેસે હરતા ફરતા ભલા, ”

આવી રીતે રાજા રૂપૈયા ખરચીને બે કહેવતો શીખ્યો.

હવે એક દીવસને સમે રાજા રાતે કાંઇ કામ સારૂ ઉઠયો છે ત્યારે પોતાને પેલી કવીએ કહેલી કહેવતો યાદ આવી કે સુવા કરતાં જાગવું સારૂં છે. પણ જાગવા કરતાં હરવું ફરવું બહેતર છે, એવું વીચારીને પોતે ફરવા નીકળ્યો. તેવામાં પોતાને ૩૬૦ સ્ત્રી છે તેમાંની એક સ્ત્રી પઠાણના છોકરાને લેઇને બન્ને જણ સાલ ઓઢી લપટાઇને સુતેલાં છે. આવો બનાવ જોઇ વિચાર્યું કે વાહ ! કવીઓની કહેવત ખરી પડી ને રૂપીયા આપ્યા તે એક વખતમાંજ વળી ગયા. પછી

મન સાથે વીચર્યું કે આ વખત એમને મારે મારવાં નહીં પણ પણ પેલી સાલ ઉગને રહીને રાજાએ ખેંચી લીધી ને પોતાનો દુપટો હતો તે ઓઢાડ્યો. હવે જ્યારે વહાણું વાયું ને પેલાં બન્ને જાગ્યાં ને જોયું તો નક્કી સતરાનાશ વળ્યું; કારણ રાણીએ રાજા છેલસીંહનો દુપટો ઓળખ્યો ને સમજી કે વાત રાજા છેલસીંહના જાણવામાં આવી ને બન્નેને મારી નાંખશે તેથી એક જીવ બચાવવા ખાતર પઠાણના છોક-રાને કહ્યું કે તું અહીંથી નાસી જા; કે તે ત્યાંથી નાશી ગયો. સવાર-માં પઠાણનો છોકરો તો ન મળ્યો એટલે રાજાએ નવરંગમતીને બોલાવી તેનું માથુ કાપી ચઉતરા આગળ મૂકવાનો હુકમ કર્યો, ને તે પાસે પોતાના કારકુનો બેસાડ્યા. કે જેટલા ત્યાં જોવાને વાસ્તે આવે તેમાંથી જે જે કાંઇ બોલે તે લખી લે.

હવે શહેરમાં એક મહમુદ કાજીની ચાર છોકરીઓ છે, તેઓએ વીચાર કર્યો કે આપણે રાજાએ નવરંગમતીને મારી નાંખી છે તે જોવાને જઇએ. એટલે ચારે જણી રથમાં બેસીને આવી. જોઇને એક બોલી કે બાઇ, મારી નાંખી છે તો ખરી; પણ કાંઇ પારખ્યું ? ત્યારે બીજીઓ બોલી કે શું પારખવાનું ? સર્વ જોઇએજ છીએ તો ? એટલે પેલી બોલી, જે બેહેન એને મશીનો શોખ વધારે હતો. બીજી બોલી કે એને પાનનો શોખ વધારે હતો, ત્રીજી કહે કે એને ફુલેલ તેલનો શોખ વધારે હતો. ત્યારે ચોથીએ કહ્યું કે એને કાજળનો જુદી જુદી નીશાનીઓ બતલાવી. પછી ન્હાની છબીલસુંદરી હતી તે ફરી બોલી કે મૂઇ રાંડ આ અડગાં કે ફરી ન જાણ્યું.

પ્રીત કરી પણ કરી ન જાણી, કાચી પ્રીતે રાંડ વગોવાણી
પ્રીત કરીએ તો એસી કરીએ, કંથ વગાવા સાથે મરીએ-

કાજી મહમુદની આ છોકરીઓનું કહેવું પેલા કારકુને લખી લેઇ રાજા પાસે મુક્યું. બીજા કોઇનું કહેવું પસંદ નહિ કરતાં રાજાએ કાજીની છોકરીઓનું પસંદ કરીને ચારે જણીઓને દરબારમાં બોલાવી પછી પુછ્યું તમે જે જે વાત કહી તે શી રીતે જાની ! ત્યારે મોટી બોલી—જે એની આંગળી કાળી હતી તેથી મેં જાણ્યું કે તે એને દાંતે મસી ઘસતાં કાળી થઇ હશે. પછી બીજીને પુછ્યું કે તમે શી રીતે જાણ્યું કે એને પાનનો શોખ હતો ! ત્યારે તે બોલી કે એના ગળામાં ન્હાના ન્હાના રાતા રેસાની શેરો પડી રહેલી હતી અને તેના હોઠ લાલ હતા તેથી જાણ્યું કે પાનનો શોખ હતો. રાજાએ ત્રીજીને પુછ્યું કે તમે તેલનો શોખ કેમ જાણ્યો ? તેણે જવાબ દીધો

કે એના માથાની સુગંધ ઉપર માંખીઓ ભમતી હતી તેથી મેં જાણ્યું. અને ચોથી છબીલસુંદરીને પુછ્યું ત્યારે તેણે કહ્યું કે આંખમાં કાજળ આંજેલું મેં જોયું તેથી જાણ્યું. ત્યારે રાજાએ પુછ્યું કે તું કુહે ઓલી તે ખરો કે ખોટો ? તેણે જવાબ આપ્યો કે ખરો. નીકર એ મરત નહીં. તેજ વેળા રાજા છેલસીંહ ચોથી છબીલસુંદરીને પરણ્યો; અને તેને એક ડંડીયા મહેલમાં રાખી આસપાસ ચોકી બેસાડી મેલી. એમ કરતાં કરતાં એ વાતને ૭ વરસ થયાં ને પેલીની જુવાની કમળના ફુલની માફક ખીલી રહી, પણ રાજાએ તો એને એક ડંડીયા મહેલની અંદર પુરીજ મુકી જ્યાં કોઇ પુરૂષને મળવાનો લાગ ફાવ્યો નહીં.

એમ કરતાં શહેરમાં એક નવરંગમીયાં સોદાગરને રાજા સાથે દોસ્તી હતી, તેને મહેલની નીચેથી રોજ રાજા સાથે જતાં રાણી છબીલસુંસુંદરી જોયા કરતી; પણ રાજાથી જુદો પડે તો તેને કાંઇ સાનમાં સમજાવાય કે ? એમ કરતાં એક દિવસે તે જોયો નવરંગમીયાં એકલો જતો હતો તેવો રાણી છબીલસુંદરીએ પાનના બીડામાં તું જો મને કોઇ બી પ્રકારે મળવાનો લાગ ન કરે તો તને સુવર ખાધા જેટલું પાપ સ્ત્રી હત્યા કર્યાનું પાપ વિગેરે–લખીને બારીએથી નાખ્યું સોદાગરે જેવું બીડું ફેંકયું તેવું ઉમંગભેર હાથમાં ઝીલી લીધું પણ વાંચીને બહુ વીમાસણમાં પડયો પછી તેણે પોતાના બંગલાથી તે રાણીના મહેલ સુધી ઠેઠ સળંગ જમીનમાં ખોદાવ્યું, તેથી સોદાગર નવરંગમીયાંને રાણી છબીલસુંદરી પાસે જવાનો લાગ ફાવ્યો ને બે ચાર દિવસ જા આવ કરતાં તો રાણીના ઇસકમાં પડયો. બે ત્રણ માસ એમ કાઢયા પછી બંને જણાએ વીચાર કર્યો કે આ વાત રાજા જાણતો નથી માટે ચોર ઠરે શો લાભ ? પણ એને જણાવીને સંસર્ગ રાખીએ તો તેમાં આપણી હુશીયારી !

રાજાએ તે રાણી છબીલસુંદરીને મહેલમાં પુરી મુકી ત્યારે પોતાની કટાર અને રુમાલ આપેલાં હતાં અને કહ્યું કે આ જોઇને આની સેવા મારા બદલે કર્યા કરજે. રાણીએ તે લઇને ખીંટીએ ભેરવી રાખ્યાં હતાં. તે હવે રાજાને જાણ કરવા માટે રાણીએ સોદાગર નવરંગને આપ્યાં, કે આ વાનાં લઇને તમે કચેરીમાં જાઓ. પછી પેલો સોદાગર તે લેઇને કચેરીમાં ગયો, ત્યાં આગળ રાજાએ રુમાલ અને કટારી ઓળખી સોદાગર નવરંગમીયાંને પુછ્યું કે તમે રુમાલ અને કટાર ક્યાંથી લાવ્યા ! સોદાગરે કહ્યું કે એ તો મારાં છે, ત્યારે રાજાએ વીચાર્યું કે મોટો પુરૂષ છે, કદાપી એની પાસે પણ મારા જેવી

વસ્તુઓ હોય, માટે મહેલે જઇ જોઇ આવું. તેથી કહ્યું કે તમો બેસો હું ખાઇને આવું છું, ત્યારે સોદાગરે રજા લીધી કે હું પણ મારે ઘેર જાઉં છું, ત્યારે સોદાગરની પછવાડે જાસુસો મોકલ્યા કે એ પણ મારે ઘેર જાય છે કે ક્યાંઇ બહાર ! જાસુસોએ પછવાડે લાગીને જોયું તો સોદાગર પોતાનાજ ઘર અંદર ગયો છે, જ્યારે રાજા છેલસીંહ રાણી છબીલસુંદરીના મહેલે જવાને સંચર્યો કે પેલો પણ ભોંયરામાંથી જઇને રૂમાલ અને કટાર ખુંટીએ મુકીને પાછો આવ્યો. તેથી રાજા છેલસીંહ રાણી છબીલસુંદરીના મહેલમાં જઇ જુવે છે તો રૂમાલ અને કટાર ખુંટીએ લટકાવેલાં જોયાં, એટલે તે ચુપ પાછો ફર્યો. બીજે દીવસે પેલી કટાર અને રૂમાલ શોદાગર પાસે ફરીને જોયાં. ફરી રાજા તપાસ કરવાને ગયો તો ખુંટીએ વળગાડેલાં જોયાં. ફરી રાજા તપાસ કરવાને ગયો તો ખુંટીએ વળગાડેલાં જોયાં. તેથી નકી કર્યું કે સોદાગર પણ મોટો પુરૂષ છે. માટે એની પાસે અવસ્ય મારા જેવી વસ્તુઓ છે.

આ વાતને ત્રણ મહિના થયા પછી રાણીએ શોદાગર નવરંગ મીયાંને કહ્યું કે આમ કર્યા કરતાં આપણે ક્યાંઇ નાસી જઇએ. તેને માટે તમે એક વહાણ તૈયાર કરાવો, શોદાગરે તેના કહ્યા પ્રમાણે વહાણ તૈયાર કરાવ્યું. પછી તેને રાણી છબીલસુંદરીએ રાજા છેલસીંહની રજા લેવાને મોકલ્યો, રાજાએ દીલગીર થઇને રજા આપીને પોતે તેને વહાણમા દરીયા સુધી વિદાય કરવાને ગયો. હવે રાણીએ શું કર્યું કે ઘઉંના આટાનું એક પુતળું કરી મ્હેલની આગળ બેસાડ્યું જે રાજાએ પોતાના મિત્રને વીદાય કરવા જતાં રસ્તેથી જોયું, ને રાણી ભોંયરામાંથી નીકળીને છાનીમાની વહાણમાં ચઢી પડદા નંખાવીને બેઠી રસ્તે જતાં રાજાએ રાણી છબીલસુંદરીને બારીએ જોઇ, ત્યાર વીચાર્યું કે આજે રાંડ—શરમ લાજ છોડી દઇને બારીએ આવી ઉભી છે તેથી તેને હાથેવતી અણુસારો કર્યો કે ઘરમાં જા ? પણ પેલું તો પુતળું તે જાય શેનું ? તેથી રાજાએ વિચાર્યું કે રાંડ ? હમણાં મારૂં કહ્યું કાંઇ ગણકારતી નથી. તેથી મીત્રને વિદાય કરી આવીને એને મારીનાખું. એમ ધારી સોદાગર નવરંગમીઆંની સાથે વળાવા ચાલ્યો વહાણમાં વળાવતી વખતે પોતાના મીત્રને ભેટ્યો ને આવજે કહી આદરમાન આપ્યું ને મીત્રે સલામ કરી જેવું વહાણ ઉપાડ્યું તેવી રાણી છબીલ સુંદરી પડદામાંથી બહાર આવીને બે હાથે રાજાને સલામ કરીને પાછી ગઇ તે રાજા છબીલસીંહે ઓળખી નહી ! પણ પાછાં વળતાં મહેલમાં જઇને જુએ છે તો રાણી છબીલસુંદરી મળે નહીં ને બારી આગળ

ઘઉંના લોટનું પુતળું કરેલું છે; ત્યારે તેને સાંભળ્યુંકે રાંડ સોદાગરની સાથે નાસી ગઇ ! !

પેલાઓ વહાણ હંકારી આગળ ચાલ્યાં તે કેટલેક દીવસે કીનારો આવ્યો ત્યાં ઉતર્યો કીનારા પર બકરાં પાણી પીતાં હતાં તેની સાથે માથો કરીને એક છોકરો જે બકરાં ચરાવતો હતો તે પણ બકરાંની પેઠે બે પગ ને હાથે પડીને પાણી પીતો હતો તે જોઇ સોદાગર નવરંગમીયાં વીસ્મય પામી બોલ્યો કે આ પશુ કે માણસ ! પેલીએ જવાબ દીધો કે એનામાં કેળવણી ઓછી છે. પણ માણસ જેવું કેળવીએ તેવું થાય. પેલો કહે એમાં વળી કેળવણી શાની ! એ ગાડર તે કાંઇ માણસ થતો હશે ! રાણી છબીલસુંદરી એ જવાબ આપ્યો કે એને કેળવીએ તો એજ એવો થાય કે એની જોડ તમેજ લુછી એને પહેરાવો ! આ સાંભળી સોદાગરને ગુસ્સો ચઢયો ને બોલ્યો કે જા રાંડ ! જ્યારે હું એનો જોડો લુંછીને પહેરાવું ત્યારે તારી સાથે રહીશ પેલી કહે અહો ! એમાં શું ! લાવ મારી બચકી ને હું તો મારે ચાલી: જેવો રાજાને છોડયો તેવો વળી તને પણ મારો ઘરેણાંનો દાબડો ને ખાવાનું આપ તો જાઉં, પેલાએ તે પ્રમાણે આપ્યું અને પેલી તે લઇ ચાલી ? ?

રાણી છબીલ સુંદરી ખાવાનું ને પોતાનું જરીયાન લેઇ પેલા છોકરા પાસે ગઈ તેવા છોકરો એવું રૂપ ને આભુષણ કોઇ દીવસ જોયેલું નથી તેથી ચમકયો ને નાશી ગયો પણ બીજે દીવસ પેલી છબીલસુંદરીએ તેને આવતાં જોયો તેવી એક ઝાડને સાથે લપાઇને તેની સામે લાડવો ફેકયો તે લઇને પેલો નાસી ગયો ત્રીજે દીવસ આવ્યો ત્યારે પેલીએ ફરીને લાડવો નાંખ્યો, તે પેલાએ ત્યાંજ બેસી ભાગીને ખાધો એમ ચાર પાંચ રોજ કરતાં પેલો હળી ગયો ત્યારે રાણી તેની પાછળ પાછળ તેની ઝુંપડીમાં ગઇ ત્યાં તેની ડોસી હતી, તે પણ તેને જોઇ બીની ત્યારે પેલીએ કહ્યું કે તમે શું કરવા ડરો છો ? હું પણ તમારા જેવીજ છું, ભુત નથી પ્રેત નથી પછી પેલી ડોસીની ઝુપડીમાં રહીને છોકરાને ભણાવવા માંડયું તેને વરસે બે વરસે હુશીઆર કીધો ને કહ્યું કે ભાઇ હું તારી બેહેન જેવી છું. પછી તેઓ એક મ્હોટા શેહેરમાં જઇ ત્યાં મહેલ બંધાવી વસ્યાં, ત્યાં છોકરાને એક ઘોડો અપાવીને તેની ઉપર બરાબર બેસતાં શીખવ્યો ને પછી શીકાર મારતાં શીખવ્યો તથા તેને વેપાર વણજમાં પણ પલોટયો છેલ્લે ત્યાં પેલો સોદાગર નવરંગમીયાં વેપાર કરવા જતો હતો તે શહેરમાં જઇ રહ્યાં-

ને રોજ ધક્કભેર તેને ઘેડા પર બેસાડી આખા શહેરમાં ફરવા મોકલવાં રાજા છેલસીંહની સાથે પણ ઓળખાણ થઇ પછી તો રાજા શીકાર કરવા જાય ત્યાં તેને શીકાર તેને ઘણો સારો મારતાં જોઇને રાજાએ રોજ સાથે તેડી જવાં માંડયું.

એક દીવસ પેલો માલો જ્યારે શીકાર કરવા ગયો ત્યારે તેની બેહેન તેના ઘોડાના જીનમાં પાણી ખાવાનું અત્તર વીગેરે સરવે ભરી આપ્યુ પછી પોતે ને રાજા બન્ને શીકારે ચાલ્યા ને ચાલતાં ચાલતાં બપોર થયા ને જંગલમાં આવી ચડયા ત્યાં માથા પર ગરમી પડતી હતી ને રાજા છેલસીંહ થાકી ગએલો તેથી તેને પાણીની તરસ લાગી ત્યારે તે બોલ્યો.—અરે કોઇ પછવાડે આવે છે કે ! માલો બોલ્યો—હું છું સાહેબ રાજા બોલ્યો—ભાઇ હું તમને નથી પુછતો પણ કોઇ ચાકર છે, એમ પુછું છું માલો કહે—હુજ ચાકર ત્યારે રાજા બોલ્યો તુ શું કરશે ? પાણી જોઈએ છે. તે તું ક્યાંથી લાવશે એટલે તરતજ માલાએ જીનમાંથી હુકો કાઢી આપ્યો કસુંબો ઘેળ્યો પછી ખાવાનું તથા પાણી પણ કાઢી મોં આગળ મુક્યુ તે જોઇ રાજા છેલસીંહ ઘણો ખુશી થયો ને બોલ્યો કે વાહ ! વાહ ! ધન્ય છે ! માગ માગ જે માગે તે આપુ. પેલો કહે તમે શુ આપશો ? ત્યારે રાજાએ વચન આપ્યુ કે જે માગશે તે આપીશ માલાએ કહ્યુ કે આજ નહી મારી બેન છે તેને પુછીને કાલે માંગીશ પછી ઘેર આવી પોતાની બેહેનને પુછ્યુ કે રાજા પાસે શુ માગું ! ત્યારે બેને જવાબ આપ્યો કે એટલું માગ કે દરીઆનું દાણુ મારે હાથે ચુકે માલાએ તે પ્રમાણે રાજાને કહ્યુ તે રાજાએ તેને બક્ષીસ કીધું એ વાતને પાંચ સાત વરસ વહી ગયાં ત્યારે પેલો સોદાગર નવરંગ મીયાં ત્યાં વહાણો ભરીને આવ્યો પોતાનો માલ વહાણેથી ઉતારી વેચી રહયો ને પાછો માલ ભરી લઇ જવાને માટે પરવાનો લેવા આવે છે તેને જોઈ રાણીએ તે છોકરાને શીખવી મુક્યો તેથી તેને માસ બે માસ રખડાવ્યો રોજ ધક્કા પડે છે, ને ખરચ માથે ચડે છે તેથી સોદાગર નવરંગ મીયાં કંટાળી રહયો છે. તેવામાં એક દીવસ તેને આવતો બારીએથી જોઇ સ્ત્રીએ છોકરાને સુઇ જવાને વાસ્તે કહ્યુ ને સીપાઇઓને આઘા પાછા કરી નાખ્યા, પેલો માલ ભરી જવાની ગરજથી ગરીબ થઇને પલંગ પાસે આવી બેઠા પછી થોડીક વારે દાણી જાણે ઉંઘમાંથી ઉઠતો હોત તે પ્રમાણે ઉઠયો ને બુમ પાડી કોઇ છે ! પણ કોઇએ જવાબ આપ્યો નહી, તેથી ફરી બુમ પાડી પણ સીપાઇઓને

શીખવેલા તેથી કોઇએ જવાબ આપ્યો નહિ, તેથી તે ઘણો ચીડાઇને બોલ્યો કે કોઇ જ નથી, ત્યારે પેલા મારા સામા જોડા પડેલા છે તે અહી કોણ લાવે ને જોડા પહેર્યા વગર તે શી રીતે હું ઉતરૂં ? પેલો કહે સાહેબ ! હું લાવું (કે તેથી મારૂં કામ થાય એવી મતલબ) એથી કરી જોડા ઉચકી આણી પાસે લાવ મુક્યા. ત્યારે પેલાએ કહ્યું કે ધુળવાળા છે તે શી રીતે પહેરૂં ? તે સાંભળતાંજ પેલા નવરંગભીયાંએ ખીસ્સામાંથી રૂમાલ કાઢી સાફ કરી આપ્યા, એટલે તરત છબીલસુંદરીએ પડદામાંથી આવીને સલામ કરી-કેમ મ્હોંડા ઉપર ખાસડાં પડયાં ? અને બધી વાત કહી જણાવી. તે સાંભળી સોદાગરે કાન પકડયા. પછી પેલા છોકરા માલાને શીખવી રાજા છેલસિંહને કહાવ્યું કે તમે મ્હારી બેહેન સાથે લગ્ન કરો, તે રાજાએ હા કહી ને પેલી છબીલસુંદરી મ્હેલમાં દાખલ થઇ.

રાજા પ્રેમસિંહ તથા તેની સ્ત્રી મદનમંજરી.

नखपदकुसुमवंगानूवीक्षमाणाःस्तनान्तान् ।
अधरकिसलयाग्रंदन्तभिन्नंस्पृशन्त्यः
अभिमतरतवेशनन्दयन्त्यस्तरुण्यः ॥
सवितुरुदयकालेभषयन्त्याननानि ॥

અર્થ—પતિના નખ લાગવાથી ખંડિત થએલી સ્તનની ડીંટીને જોતી, તેના દાંતથી ખંડિત થએલા અધર બિંબના અગ્ર ભાગને સ્પર્શ કરતી, અને પોતાને ગમે એવા રતી વખતે થએલાં ચીન્હથી આનંદ પામતી કેટલીક સ્ત્રીઓ સુર્યોદય સમયે પોતાના મુખને ફરીથી સુશોભિત કરે.

મનોહરમતી નગ્રીમાં અજયસિંહ નામનો રાજા રાજ કરતો હતો. તે રાજાને પ્રેમસિંહ કરીને પાટવી કુંવર હતો. કુંવર મહા ચતુર હતો, તેથી તેણે એક અડધો ધાવ લખીને બ્રાહ્મણને આપ્યો.

“ મારગ આંબો મોરીયો તે રાખ્યો કેમ જાય ”

અને કહ્યું મહારાજ ગામે ગામ જાજો ને કોઇ ચતુર કન્યાની વધાઇ લાવશો તો તમને સવાલાખનું ઇનામ આપીશ. બ્રાહ્મણ ધાવ બોલતો બોલતો ગામેગામ આથડયો, પણ કોઇ ધાવ પુરો કરે એવું મળ્યું નહિ ત્યારે ઘર તરફ પાછો ફર્યો, અને નગરથી ત્રણ ગાઉને છેટે એક ગામ હતું તેને પાદરે શોકાતુર થઇને બેઠો. તે ગામના

ગરાશીયાની મંગમંજરી નામની પુત્રી હતી, તે ઉછળતી જુવાનીએ પહોંચી હતી; તેથી તે "હવે વધારે વરસ નહિ ખમે. એવા વીચારથી તેના માબાપ તેનું સૌભાગ્ય શોધતાંજ હતાં. પણ ન્યાતમાં કોઇ ખપતો ન મળવાથી તે હજી કુંવારી સ્થિતિમાં હતી. તે પનઘટપર પાણી ભરીને જતી હતી, તેણે પુછયું, મહારાજ તમારે શું દુઃખ છે? બ્રાહ્મણ બોલ્યો—બાઇ તું ચાલી જાની ! હું આખી પૃથ્વીમાં ફર્યો હોય કોઇ મારૂં દુઃખ ભાગી શકયું નથી, ત્યારે તારો શો આસરો ? બૈરાંના ટાયલાથી મારૂં શું વળે ? ગરાશીયાણીએ ઘણી જક કરી, ત્યારે હકીકત કહી ને બ્રાહ્મણ ધાવ બોલ્યો—

" મારગ આંબો મોરીયો તે રાખ્યો કેમ જાય ? "

કન્યા બોલી—અહો એમાં શી મોટી વાત છે ? લાવ તારો ધાવ ઉભી ઉભી પુરો કરી આપું, તે તારા રાજાને જઇ દેખાડજે. ત્યારે બ્રાહ્મણ બોલ્યો—" બાઇ તું પુરો કરીશ તો મારી જન્મો જન્મની આશા પુરીશ. મારો રાજા કાંઇ ન્હાનો સુનો નથી. તેની પછવાડે બાર લાખ ફોજ ચડે છે અને તે મનોહરમતી રાજ્યનો પાટવી કુંવર છે. " નારીએ રાજાનું નામ સાંભળતાં હરખથી ધાવ પુરો કર્યો તે નીચે પ્રમાણે;

" મન આંકશને તન હાથીયો તે આપો આપ રખાય. "

પછી બ્રાહ્મણ તે સ્ત્રીનું નામ ઠામ પુછી ચાલી નીકળ્યો. રાજાના રાજમહેલમાં કુંવર હિંચોળા ઉપર હિંચકા ખાઇ છે. ત્યાં જઇ તેણે ધાવની ચબરખી નાંખી. કુંવર ધાવ વાંચીને ખુશી થયો ને પોતાના બાપને કહી, તે ગરાશીયાને તેડાવી તેની છોકરીનું માગું કર્યું. બહુ ધામધુમથી અને દેશ દેશના રાજાને તેડાવી રાજા જાન લઇ ને પોતાના કુંવર પ્રેમસિંહને પરણાવવા ગયો, ત્યાં લગન ઘણા હરખથી કર્યું અને માંડવાવાળાએ પંદર દીવસ સુધી જાનઇયાને રાખ્યા લઇને પોતે પરણીને ઘેર આવ્યો, ત્યારે આખા ડાહ્યા કુંવરે રાણીને કહ્યું કે જેવી રીતે ધાવ પુરો કર્યો તેવી રીતે તમે ચાલો—જોઉં શું થાય છે ? પછી બાઇ પાસેથી માસ છમાસ બહાર ફરવા જવાની રજા લેઇ સ્ત્રીને શહેરની બહાર વીશાળ તળાવ હતુ તેની મધ્યોમધ્યમાં એક સ્થંભો મેહેલ બાંધી તેમાં પુરીને ચાલતો થયો.

એ વાતને એમ કરતે કરતે ૭ વરસ થઇ ગયાં સ્ત્રી ભરજોબનવંતી થઇ. ને બપૈયા મેઘને સંભારે છે તેમ પોતાના સ્વામીને સંભારવા લાગી, તેમ છતાં પોતાના મનસ્વી આવેશોને ધીમો પાડી તે એવા વટથી ચાલી કે આટલા લાંબા ગાળામાં તેણીને કોઇ

પણ કહેણી આવી નહી, તોપણ રાણીએ તો તેને ફરી ગણતીમાં લેખીજ નહિ. ત્યારે તે સ્ત્રીની ચલીતવૃત્તી થઇ તેવામાં એક દીવસ હડીયા વણઝારાની પોઠ આવી, મહેલથી ગાઉ એકને છેટે પડાવ. કર્યો તેનો એકનો એક છોકરો એક દહાડો ઘોડો ખેલાવતો ખેલાવતો રાણીના મહેલ પાસે આવી પહોચ્યો, ઉનાળાનો દહાડો હતો ને એણે આ સુંદર ને સ્વચ્છ પાણી વાળુ તળાવ દીઠું, એટલે સિપાઇને કાંઇ સમજાવી તેમાં નહાવા પડ્યો. પાણીમાં તરતો તરતો તે છેક મહેલની નજીક ગયો, ત્યાં કુંવરી મદનમંજરીએ બારીએથી તેને દીઠો. એટલે કંદર્પ સરખી કાયા જોઇ તેના ઉપર મોહિત થઇ. વણઝારાએ પણ ઉંચુ જોતાં બે જણની નજર સામા સામી મળી. એટલે નારીએ—"જો તે મેહેલમાં નહી આવે તો તારે માથે સ્ત્રીહત્યા ને ગૌહત્યાનું પાપ",— એમ પાનમાં લખી કરીને તેની તરફ નાંખ્યું તે તેણે ચતુરાઇથી ઝીલી લીધું. પછી પોતે ઘેર જઇ તંબુમાં દુખીત જેવો થઇને સુઇ ગયો અને જમવાની વખત થઇ ત્યારે ઉઠ્યો નહિ, એટલે તેના બાપે પુછ્યું બેટા શું થયું છે ? તને કોઇએ આંગળી કીધી હોય તેનો પહોંચો કાપી નાંખું—તું શા માટે જમતો નથી તેનું કારણ કહે? ત્યારે છોકરે કાંઇ બોલ્યા વગર પેલું આપ્યું તે વાંચી વણઝારો બોલ્યો—ફીકર નહિ, તુંને ત્યાં મોકલાવી આપીશ ત્યારે છોકરે ઉઠીને જમી લીધું અને તેનો બાપ ઘોડે બેસીગામમાં વેહ્વાર લેકો વણઝારાને જોઇને પુછ્યું—" નાયકજી શા ફરમાસ છે ! નાયકજીએ તે લોકના પટેલ સાથે એકાંત કરીને હકીકત જણાવી કહ્યું કે મારા તંબુથી તે ગામ બહાર એકસ્થંભો મેહેલ છે ત્યાં સુધી એક માસમાં સુરંગ ખોદી આપો તો મારી પોઠનો ચોથો ભાગ આપું તે પ્રમાણે હા કહી અને બસેં જઇ વણઝારાના તંબુ આગળ આવ્યા અને પ્રથમ તંબુની આસપાસ કોટ ચણ્યો પછી ૨૭ દહાડે તળાવ સુધી સુરંગ ખોદી મહેલની અંદર બારણું મુકી બરોબર રસ્તો કરી આપ્યો પછી માંહી દીવાબત્તી કરી વણઝારાએ છોકરાને મોકલ્યો ભાઇ જા પણ સંભાળ રાખજે ? પછી છોકરો ગયો અને બારણા બહાર છાતી કાઢીને બોલ્યો,—લે કાખીની સલામ ! જો મહેલમાં આવ્યોછું ! રાણીબોલી—"ના બરોબર માંહે આવો" પછી ઓરા આવ્યો કે રાણીએ હાથ પકડી પલંગપર બેસાડ્યો પેલાએ ના પાડીત્યારે નારીએ ધમકી આપી કે જો નહિ બેશીસ તો હું બુમ મારીશ એટલે સીપાઇ પકડીને રાજા પાસે લેઇ જશે તો તને ગરદન મારશે ત્યારે પેલો ધાસ્તીનો માર્યો પલંગ પર બેઠો અને ઇશક પણ કીધો. પછી એકબી

ભનો જીવ મળ્યો ત્યારે તો રાણીના ઢોલીયા પાસેથી સુરંગને રસ્તે વણઝારાના પલંગ સુધી એક દોરડું બાંધી સોનાના ઘંટ રાખ્યા તેથી જ્યારે, એક બીજાની ચાહના કરતાં ત્યારે ઘંટ વગાડતાં એટલે બન્ને ભેગાં થઇ આનંદથી મોજ મારતાં.

હવે શહેરમાં કોઇ જોગી અખંડ ભભુત લગાવી જટાને માથે અબધુત જેવો અંબોડાવાળીને ટહેલનાંખેછે અબે સબ બંડી અબે સબ બંડી એક ના બંડી મેરી કમલતા ? બાવો શા અર્થથી ઉપલું વાક્ય બોલે છે તેની શહેરમાં કોઇને ગમ પડતી નથી કુંવરને કાને પણ બે ચાર દિવસ સુધી આ વાક્ય પડયું પણ અંકુર સમજાયો નહિ ત્યારે એક દિવસ એનો ભેદ ભાગવા કુંવર તેની પછવાડે ગયો બાવો આગળ ને રાજા પછવાડે એવી રીતે શહેરની બહાર ૩—૪ ગાઉ સુધી ગયાં ત્યાં એક ટીંબો હતો તેને ઓથે જઇ બાવો બેઠો અને જટામાંથી એક દાબડી કહાડી તેમાંથી નવજુવાન સ્ત્રી નીકળી તેણે પગે લાગીને પુછ્યું કેમ બોલાવી મહારાજ ? બાવો બોલ્યો કે રસોઇ કરવી છે ? પછી બાવાને ગાંજો ભરીએ હુકકો આપ્યો ને પોતે રસોઇ કરવા બેઠી અહીં બાવો હમેશ પ્રમાણે હુકકો પીતો પીતો ઉંઘી ગયો ને પણે સ્ત્રી રસોઇ કરી રહી ત્યારે સ્ત્રીએ પોતાના ગળામાંથી એક માદળીયું કહાડયું ને ઢાંકણું ઉઘાડયું એટલે તેમાંથી છેલ પુરૂષ નીકળી આવ્યો બન્ને જણાએ પહેલું ભોજન કર્યું તેમાં અકકેક બબ્બે લાડુ ખાધા ને પછી રંગભોગ કર્યો બે ત્રણ કલાક ગયા કે બાવાને ઉઠવાની વખત થઇ ત્યારે સ્ત્રીએ પુરૂષને સંતાડયો અને પછી બાવાને ઉઠાડયો આ બધું જોઇને રાજા તો બહુ આશ્ચર્ય પામ્યો ઓહો ઓહો ! બાવાનું બોલવું હવે સમજ્યો બાવો પોતાની બાયડીને જટામાં રાખી ફરે છે તેથી જાણે છે કે એની બાયડી વંડી નથી ! પણ ઉંટે કર્યા ઢેકડા તો માણસે બનાવ્યા કાઠડા, બાવો નારીને જટામાં રાખી ફરે છે તો નારી નારી યારને માદળીયામાં રાખે છે !" બાવાને ઉઠાડી પછી સ્ત્રીએ બે પત્રાળાં નાંખ્યાં એકમાં બે લાડુ બાવાને વાસ્તે મુકયા અને પોતાને વાસ્તે અડધો લાડુ મુકયો ત્યારે બાવે કહ્યું અડધો કાયકુ ખાતી હે ? સ્ત્રી બોલી—" મહારાજ હમ અબળાકું થોડીરીજ ભુખ હુવે !" રાજા મનમાં હસ્યો રાંડે પહેલાં બે લાડુ અડાવ્યા છે તો બીજો કયા ઘાલે એ તો ચાલે તેનાજ ભલાં !

રાજા આ તમાસો જોઇ ચાલી નીકળ્યો ને વિચાર્યું કે આ રીતે કબજે રાખતાં પણ આ સ્ત્રીને યાર છે ત્યારે મારીને પણ

કોઇ હશે. કહેવત છે કે ઘેર ઘેર માટીના ચુલા છે. પછી કુંવર બીજે દહાડે કચેરી કરી બેઠા છે અને ત્યાં થકી જોગી રોજ પ્રમાણે ટહેલ નાખતો ચાલ્યો, ત્યારે કુંવરે જોગીને બોલાવીને ફરમાવ્યું કે તમારે આજ અમારે ત્યાં જમવું. પછી હુકમ કીધો કે "હજુરીયા! કોઇ દાસીને કહો કે એક સ્થંભે માળીએ જઇને રાણીને કહે કે રાજા તમારે મહોલે પધારશે, માટે છ માણસની રસોઇ કરજો" દાસીએ વીચાર્યું કે રાજા જમનાર હશે તો જમશે, પણ મારે તો વધાઇમાં બસોની સાડી આવશે; તેથી તે ઝટપટ એક સ્થંભે માળીએ જઇને રાણીને વરધી આપી પહેરેક થયો એટલે રાજા અને જોગી મહેલમાં ગયા. રાણી જોગીને જોઇ કાંઇક વિચારમાં પડી. પછી જ્યાં બત્રીસી રસોઇ અને તેત્રીસાં શાક તઇયાર થયાં, એટલે રાજાની તથા જોગીની પત્રાવળીઓ નાંખી. ત્યાં રાજાએ બાવાને પુછ્યું, "તમારા કોઇ આશ્રાંગત હોય તેને કહાડો? બાવો બોલ્યો કે "રાજા! હમારા શીવજી બીના દુસરા કોઇ નહી." પણ રાજાએ ઘણા વાનાં કર્યાં, તેથી બાવે પોતાનો ચોટલો છોડયો અને માંહેથી તાબડી ઉઘાડીને સ્ત્રીને બહાર કાઢી! તે સ્ત્રીનું પણ જોડે પત્રાળું નંખાવ્યું. પછી તેની જોડે બીજું નાખવાનો હુકમ કરીને સ્ત્રીને કહ્યું કે 'તમારે આશ્રાંગત હોય તો કહાડો? સ્ત્રી બોલી—મારો તો બાવોજ છે પછી બાવો બોલ્યો, હમબિના લુગાઇકા આશ્રીગત દુસરા કોન હુવે? રાજાએ જોગટાને વકારી કહાડી કોરડો હાથમાં લઇ સ્ત્રીને સંજ્ઞા કરી, જો નહી કહાડો તો આનો માર પડશે. નારીએ મારની ધાસ્તીથી યારને કહાડયો. તે જોઇને બાવો ભુંડો પડયો ને ખાવાનું ભુલીને સ્ત્રીને ગાળો દેવા લાગ્યો ત્રણેને જમના કરી રાજા પોતે સામા હીંચોળા ઉપર જઈ બેઠા. તે પાસે દોરડું બાંધેલું જોઇને તે ખેંચી હીંચકા ખાવા લાગ્યો એટલે પણે ઘંટ વાગ્યો તેથી વણઝારો સમજ્યો કે મારી આજ બહુજ તારીફ છે, તેથી ભોંયરા વાટે આવી તરત બારણું ઉઘાડયુ એટલે બાવાને અને રાજાને દીઠા તેથી પાછો નાશી જવા જાય છે તેનો રાજાએ જોયો "ઉભો રહે ચોર જઇશ કયાં?" એમ કહીને તેને પકડયો ને રાણીને કહ્યું કે આ તમારો યાર છે, માટે તમારા પણ બે પત્રાળાં નાંખો વણઝારો તો બીકથી ધ્રુજવા લાગ્યો તેને રાણીએ ઇસારત કરી કે બીહીશ નહિ, તને કાંઇ થવાનું નથી સર્વે જમી રહ્યા પછી રાજાએ રાણીને બોલાવીને કહ્યું કે "તમને અમે પારખ્યાં પણ કહો હવેથી તમને અમે વહાલા કે આ રાણી એ પુરૂષ કહ્યું" રાજા ભુખ લાગે ત્યારે કોદરાનો રો-

ટકો વાસી હોય, તોય સારો લાગે છે ખાટી છાસ ઉકરડે પણ ઢો-
ળવી પડે છે, તેમ તેમ અમને પરહરી મુકી, એટલે આ પુરૂષનો
સંગ કરવો પડયો પણ વહાલાં તો તમેજ ! કુંવરે પોતાની ભુલ
જોઇ અને વણઝારાને કહ્યું કે તું આજને આજ તારી પોઠ હાંકી
જા નહીતર લુંટી લઇને તને ગરદન મારીશ, એટલે પછી વણઝારો
ત્યાંથી ચાલ્યો ગયો પછી બાવાની બાયડીને પુછયુ, " તુ બત્રીસ
લક્ષણાને મુકીને બાવા પાસે રહી શુ કરીશ, ? તેમ કહી તે સ્ત્રી
કામલતાને તેના યારને સોંપી આપી તેથી તે ખુશી થઇ બાવાનો
નાદ ઉતારીને કહાડી મેલ્યો અને એક સ્થંભા મહેલમાંથી રાણી મદન
મંજરીને શહેરમાં લઇ રાજયમહેલમા સહવાસ કર્યો.

ઠાકોર જોરાવરસસિંહ તથા તેની સ્ત્રી રૂપસુંદરી.

रातिश्रमक्षामविपाण्डुवक्त्रा प्राप्तेऽपिहर्षाभ्युदयेतरुण्यः
हसन्तिनोच्चैर्दशनाग्राभिन्नानूपीडयमानानधरानवेक्ष्य ॥

અર્થ—આ સમયમાં સંભોગ ક્રીડાએ ચડેલા થાકથી મુખ
જેતું ઝાંખુ પડી જાય છે એવી સ્ત્રીયો જો કે મનમાં પોતાને મળેલા
સુખથી હર્ષ પામે છે તો પણ પોતાના હોઠને પતીના દાંત વાગેલા
જોઇ બહુ ઉંચેથી હસતી નથી.

કોઇ કંગાળ રજપુત જોરાવરસીંહ કરીને હતો તેની સ્ત્રી રૂ-
પસુંદરી કરીને ઘણી ચતુર હતી તેનુ મન વ્યભીચાર ઉપર દોડયુ
એક દીવસ તે રજપુતાણી બહાર જતી હતી, તેવામાં તેની સરત
નગરના શેઠ ફોફળશાહના એક ખુબસુરત છોકરા ગુલાબચંદ ઉપર
પડી તે બન્નેની આંખ મળી અને તેમને દોસ્તી થઇ તે
જુવાનથી સ્ત્રીની તો નીવૃત્તિજ ખશી ગઇ અને જયારે જયારે તે રસ્તે
થઇને પોતે જતી હતી, ત્યારે સેઠની હવેલીમાં સામું પોતે ચકોર
જેમ ચંદ્ર સામું જોયે તેમ જોતી હતી તેણે એક દીવસ સાન કરી
તેને નદી ઉપર બોલાવો અને કહ્યું કે હુ તારા ઉપર આશક પડી છુ
માટે મારી સાથે દોસ્તી બાંધ છોકરો ચતુર હતો પણ વાણીઆની
જાતને લીધે તેનામાં સ્વભાવીક રીતે હીમ્મત ન હતી તે બોલ્યો કે
જો તારો પતી જાણે તો મારૂ માથુ કાપી નાંખે અને મારી સ્ત્રી
ભુ કોમળમતી રાંડે મારૂ સઘળુ દ્રવ્ય અકારજ જાય અને મારા
મા બાપ ભીખ માગે માટે એવી વાત હુ સમજતો નથી સ્ત્રી
રૂપસુંદરીએ ધીરજ આપી કહ્યું કે મારા ધણીને પરદેશ કહુ તો કેમ

પછી તમને કોઇ વાતની હરકત છે ? તે વાતે વાણીઆએ કબુલ કરી એટલે સ્ત્રી રૂપસુંદરી તેની રજા લેઇ પોતાના ઘર આગળ આવી અને પોતાના ધણી જોરાવરસીંહને પરદેશ મોકલવા વઢવા લાગી કે તમે કાંઇ ઉદ્યમ કરતા નથી તો આપણું પુરૂં શી રીતે થશે ? અગાડી પેટ વસ્તાર પડશે તો તેનાં ખર્ચ ખુટણ શી રીતે કાઢશો ધણીએ કહ્યું કે હું શું કરૂં ? કાંઇ ભણ્યો નથી કે કોઇની ગુમાસ્તી કરૂં સ્ત્રીએ કહ્યું તેની તમારે ફીકર કરવી નહીં એમ કહી થોડેક દુર એક કાગડો બેઠો હતો તેને ઝડપ લઇ પકડી આવી અને તેના પગ બાંધી તેના ધણીના હાથમાં આપ્યો ને કહ્યું કે આ તમે વેચવા જાઓ ને એના હજાર રૂપીયા કોઇ આપે તોજ આપજો વેચ્યા વગર આવો તો તમને તમારા પરિયાના સમ. એમ કહી મુરખ ધણીને જોતરાં તાણવા કાહાડ્યો કે પછી પોતે ગમે તેમ વાવટા ઉડાવે.

રજપુત જોરાવર સીંહ કાગડો લેઇ વેચવા ચાલ્યો તેણે ગામે ગામ ફરવા માંડ્યું જ્યારે કોઇ તેની કીંમત પુછતું ત્યારે તે હજાર રૂપીયા કહેતો હતો તે સાંભળી લોકો તેની મસ્કરી કરી હસતા હતા કે ભણેલા પોપટના એટલા રૂપીયા તો બહુજ થોડા છે ! ! ! એમ ઘણા ઘણા ગામમાં તે ફર્યો પણ કાગડાનો કોઇ ઘરાક થયો નહીં. જે તેની કીમ્મત સાંભળતું તે તરતજ ભડકી ઉડ્યું હતું આણી તરફ આવી રીતે રજપુત આથડતો અને પેલી તરફ રજપુતાણી રૂપસુંદરી પેલા નગરશેઠના છોકરા ગુલાબચંદથી રાત દીવસ વીલાસ કરતી હતી ગરીબ બીચારો રજપુત ઘણે દિવસે થાકીને ઉજ્જેનમાં આવ્યો તેણે બજારમાં જઇ કાગડો બતાવ્યો કે કેટલાએક લોક તેની આસપાસ વીંટાઇ વળ્યા અને મસ્કરી કરવા લાગ્યા એટલામાં ત્યાં જગીયો અને ઝવેરી ઠગ આવ્યા તેમણે દીઠો જગીયોને ઝવેરી બોલ્યા જે આ કોઇ ભલો માણસ છે તેને કોઇએ કપટ કરીને કાગડો વેચવા મોકલ્યો છે એટલે તેઓએ તેને બોલાવ્યો અને તેમણે કહ્યું કે ઠાકોર કાગડાનું શું લેશો ત્યારે તેણે કહ્યું કે હજાર રૂપૈયા ત્યારે બન્ને કહે હજારના કાકા એમ કહી તેના હાથમાંથી કાગડો લઇ ઉડાડી દીધો રજપુતે તેના ક્રોધ કરી ગાળો દીધી કે મારો કાગડો લાવ બન્ને ભાઇએ કહ્યું કે તારે રૂપૈયા લીધાથી કામ છે કે બીજુ કાંઇ ? ચાલ તને રૂપૈયા ગણી આપીયે એમ કહી તેને ઘેર તેડી જઇ હજાર રૂપૈયા ગણી આપ્યા અને ઘણો સત્કાર કરી પોતાને ત્યાં આઠ દિવસ સુધી રાખી તેની સારી બરદાસ કરી. પછી જ્યારે તેને ધીરે ધીરે વાત પુછી ત્યારે રજપુતે કબુલ કર્યું કે મને મારી સ્ત્રીએ વેચવા મોકલ્યો છે. બન્ને ભાઇએ ઠરાવ

કર્યો કે આપણે જઈને એની સ્ત્રીનાં લક્ષણ જોવાં તેથી રજપુત જ્યારે જવા માંડયું ત્યારે પેલા બે જણે કહ્યું કે અમે તમારે ત્યાં અમારી ભાભીને જોવા આવીયે કે ? રજપુત બોલ્યો—અમારાં એવા ભાગ્ય ક્યાંથી કે અમારે ઘેર આપ પધારો ? પછી જગીયો રજપુત જોરાવરસિંહની જોડે ચાલ્યો કેટલાએક દીવસે રજપુત જોરાવરસિંહ પોતાને ગામ આવ્યો, ત્યાં દિવસ આથમ્યાને ઘડીક બાકી હતી તેથી જગીયે અટકાવ્યો કે આજ ઘેર જવાનું મુહુરત નથી માટે આજની રાત ચોરામાં પડી રહો અને કાલે જઈશું તે તેણે માન્ય કર્યું પહોર રાત વીત્યા પછી જગીયો કહે હીંડ તારે ઘેર જઈએ પણ તારે ઘરમાં જવાનું મુહુર્ત નથી માટે મને પેસવા દે પછી કહું ત્યારે તું અંદર આવજે રજપુત જોરાવરસિંહને બહાર ઉભો રાખી જગંયાએ તેના ઘરનાં કમાડની ફાડમાંથી જોયું તો આડો બેઠો કોઈ પુરૂષ સુતેલો દીઠો તે જોઈ તેણે એકદમ રજપુત જોરાવરસીંહને કહ્યું કે કમાડ ઉઘડાવ. રજપુતે સ્ત્રીને સાદ પાડયો કે તેના પેટમાં ધાસકો પડયો કે હાય હવે એ આવ્યો ને શું કરવું વાણીયો પીપળના પત્રની પેઠે ધ્રુજવા લાગ્યો ને બોલ્યો કે મેં તને નહોતું કહ્યું કે તું મને વગર મોતે મારોશ ? રજપુતાણી રૂપસુંદરી કહે હવે ફીકર કરીશ નહીં એમ કહી તેને એક કોઠીની અંદર ઉતારી દીધો તે જગીયાએ દીઠું પછી સ્ત્રીએ બારણું ઉઘાડયુ એટલે તેનો ધણી અંદર આવ્યો તેની ખડકીમાં એક ફાટી તુટી ખાટલી હતી તે નાંખીને જગીયો બારણા વચ્ચો વચ્ચ પડયો ને કહ્યું કે ભાઈ હું તો અહિંજ રહીશ રજપુતાણી રૂપસુંદરીએ પુછયું કે આ કોણ છે ? રજપુતે કહ્યું મારો મીત્ર છે સ્ત્રીએ કહ્યુ કે તમારો મીત્ર છે ત્યારે માંહ્ય બોલાવો આપણે તેમની બરદાસ્ત કરીયે એમ કહી તેણે તેમને માંહ્ય બોલાવ્યો પણ તે ગયો નહીં રજપુત જોરાવરસિંહના ઉંઘ્યા પછી નગરશેઠના છોકરા ગુલાબચંદને કાઢવા સારૂં સ્ત્રીએ ઘણાં ફાંફાં માર્યા પણ જગીયા ઝવરીનો ખાટલો વચ્ચે હોવાથી તેનું કાંઈ ચાલ્યું નહિ તેણે ઘડીયે ઘડીયે ડોકીયાં કરવા માંડયાં કે જો તે ઉંઘી જાય તો તેને હું કહાડી મેલું પણ જગીયો તો આખી રાત ખાટલામા બેસી રહ્યો જ્યારે જ્યારે સ્ત્રી જોવા આવે ત્યારે ત્યારે પોતે રામ ! રામ એવા શબ્દ માહોડેથી બોલતો એમ આખી રાત બન્ને જણાં ઉંઘ્યાં નહી. ને સવાર થયું બીજે દીવસે સ્ત્રીયે તેને ખાવાનું પુછયું ત્યારે તેણે કહ્યું કે મારે તો ખાવું હરામ છે એમ ત્રણ દીવસ સુધી અપવાસ કરી પડી રહ્યો આખરે તેણે જાણ્યું અહિયાં મને ત્રણ દીવસ થયા

ને આમ હું સાત દીવસ સુધી પડી રહીશ પણ પેલાને રજપુતનું પાણી ખપતું હશે કે નહિ તેથી માંહે ને માંહે મરી જશે તોપણ તે કહાડનાર નથી તેથી તે પેચ કરી જવાને તૈયાર થયો અને રજપુત જોરાવતસીંહને કહ્યું કે ભાઇ આજ હું રજા લઉં છું માટે કોઇ મને તારી યાદ દાખલ ચીજ આપ આખા ઘરમાં ભુત ભુસકા મારે અને હનુમાન હડીઓ કાઢે તેમ હતું તે જાણી રજપુતે કહ્યુ એવી મારી પાસે શી ચીજ છે કે તને આપું હું કાંઇ એવો પૈસા દાર નથી તે તારા લાયક મારી પાસે કાંઇ હોય માટે હું ગરીબના ઘરમાં આચર કુચરમાંથી જે પસંદ કરે તે આપું જગીયો કહે હું જે માગું તે આપે એવું વચન આપ એટલે રજપુતે વચન આપ્યું તેવું તેણે કહ્યુ કે તારા ઘરમાંથી જે પેલી કોઠી છે તે તું મને આપ રજપુત જોરાવર સીંહ હસી બોલ્યો—એમાં શી વસાતછે તે વમે માગી જગીયો કહે—એ તો અમારા ગામમાં એવો ઘાટ થતો નથી માટે જો હું મારા ગામમાં લેઇ જાઉં તો મારા ભાઇબંધો વીગેરે જોવા આવે ને ખુશી થાય તેથી આપે તો એ આપ,રજપુતે કહ્યું અપની મરજી હોય તો બેલાશક લેઇ જાઓ. જગીઓ કહે ત્યારે તું તેને બહાર કાઢવાને મજુરને લેઇ આવ. તે સાભળી રજપુત જોરાંવરસીંહ મજુરને લેવા ગયો તે વખતે સ્ત્રીએ વીચાર કર્યો કે આ મુવો ચેતી ગયો છે અને મારી પાછળ પડયો છે પણ હવે એશું કરે છે તે જોઇએ છે એટલામાં રજપુત જોરાવરસીંહ મજુરને લાવ્યો તેમણે કોઠીને બહાર કહાડી પછી જગીએ કહ્યું કે કોઠી તો કહાડી; પણ મારૂં ગામ ઘણું દુર પડયું તેથી ત્યાં સુધી શી રીતે લેઇ જવાય. માટે એક ગાડું જોઇએ તે સાંભળી રજપુત ગાડું લેવા ગયો. તોપણ બાઇડી કાંઇ બોલતી નથી. ને તમાસો જોયા કરે છે રજપુત ગાડું લાવ્યો એટલે જગીએ કહ્યું કે કોઠીને ઘણે દુર સુધી લેઇ જવી તેથી મારગમાં અથડાઇને ભાગી જાય માટે એને અગ્નીમાં પકવી હોય તો સારી તેથી હવે તું છાણાં લેઇ આવ. એમ કહી તેને એક રૂપૈયો આપ્યો તે લેઇ રજપુત છાણાં લેવા ગયો અને થોડી વારમાં લાવી છાણાંનો મેટો ગંજ માર્યો તે સઘળાં છાણાં તેણે કોઠીની આસપાસ ખડકવા માંડયાં. પ્રથમ હાથભર ખડકયાં. તોપણ સ્ત્રીયે જોયા કર્યું, ત્યારે તેણે રજપુત જોરાવરસીંહને કહ્યુ કે ભાઇ ! હવે જો તારા ઘરમાં ઘાસ બાસ હોય તો લાવ એટલે તેને સળગાવું. તે સાંભળી વાણીયા ગુલાબચંદને માંહે પેશાબ થઇ ગયો પણ તેને તો ચોરની મા કોઠીમાં પેસીને રડે એવું થયું. તેણે નિશ્ચય કર્યો કે જો

હું બોલીશ તો બન્નેની લાજ જશે, માટે બળી મરીશ તો ખેર ! રજપુતે ઘાસનું પુળીયું ઉપરથી આણી આપ્યું તે દેવતાથી સળગાવી કોઠીની આસપાસ ફરી તે કહેવા લાગ્યો કે જે બાજુએ પવન આવે ત્યાંથી સળગાવું કે જલદી પાકી જાય. તે જોઇ સ્ત્રીને ધીરજ રહી નહીં, અને નીસ્ચે જાણ્યું કે હવે એને બાળી નાંખશે તો ફજેતી થશે. તેથી તે લાગલીજ દોડીને નગરશેઠ ફોફળશાને ત્યાં ગઇ, જગીયાને ફકત પુડદાજ કરીને ઘી કેળાં કરવાની દાનત હતી, તેથી સ્ત્રીને જતી જોઇ તેણે વાતે વળગી હાથમાં સળગતો પુળો ઝાલીને સળગાવવાનું બંધ રાખ્યું.

શેઠનો એકનો એક છોકરો ગુલાબચંદ હતો તે ત્રણ દીવસથી જડતો ન હતો તેથી તેનો જીવ ઉડી ગયો હતો. તેની પાસે આવી રજપુતાણી રૂપસુંદરીએ કહ્યું કે તમારા છોકરાને મારી સાથે ૭ માસની દોસ્તી હતી, પણ મારો ધણી એકાએક ગામથી આવ્યો તેથી મેં તેને કોઠીમાં સંતાડી રાખ્યો છે પણ મારા ધણી સાથે એક માણસ છે તે એ કોઠી બાળી નાંખે છે, માટે તમે જલદીથી જો એ કોઠી વેચાતી નહિં લેઇ જશો તો તમારો છોકરો બળી મરશે. તે સાંભળી શેઠ ફોફળશાના ટાંટીયા ઢીલાઢબ થઇ ગયા અને એકદમ પોતાની સાથે પાંચ દશ વાણીયાને લેઇ રજપુત જોરાવરસીંહના ઘર આગળ આવ્યો. એક પછી એક જગીયાને છાતીએ છાતી બીડીને મળ્યા—ચાલો આપણે ઘેર ! અહીં શા માટે ઉતર્યા છો ? હું નગરશેઠ ને મારે ઘેર ના ઉતરો ? ને આવા ગરીબને ઘેર ઉતરો એ શું ઠીક કહેવાય ? મારે ત્યાં આજનો દીવસ જમીને જાઓ. જગીયે કહ્યુ કે મારે તો આ શહેરનુ પાણી પીવું હરામ છે ! ને તે કોઠી પાસેથી કેમે કર્યો ખસતોજ નથી, ત્યારે શેઠે કોઠી ભણી જોઇને પુછ્યું, આ તમે શું કરો છો ? જગીયે કહ્યું કે આવી કોઠીયો અમારે ત્યાં થતી નથી, તેથી મારા દેશમાં લઇ જવા વીચાર છે, પણ રસ્તામાં વખતે ભાગી જાય માટે તેને પકાવું છું, નગરશેઠે કહ્યુ એ તો હુ તમને નહિ લેઇ જવા દેઉં. જગીયો કહે કેમ ? ત્યારે કહ્યુ જો ભાઇ ! હું નગરશેઠ કહેવાઉ ને મારા ગામમાંથી કોઠી લેઇ જવા દઉ તો મારે નીચુ જોવુ પડે અને અમને અપશુકન થાય ! જગીયે કહ્યું કે આપનાર આપેછે ને લેનાર લેછે, તેમાં તમારે શેનુ નીચુ જોવાનુ છે કે અપશુકન થશે ! નગરશેઠે કહ્યુ ના ભાઇ તેમ થવા દેનાર નથી; વખતે પાંચ રૂપીયા કહો તો અવળા કરીએ ! જગીએ કહ્યુ કે હું તમારા રૂપીયા ઉપર બેસી રહ્યો

નથી નગરશેઠે કહ્યું કે ત્યારે તમે જો અમારા કહ્યા છતાં લેઇ જશો તો અમે દરબારમાં જાહેર કરીશું ? તે સાંભળી જગીયાનો મિજાજ ગયો અને ગુસ્સો કરી બોલ્યા કે ફોફળશાહ શેઠ મારે તારી કે તારા દરબારની કોઇની પરવા નથી અલ્યા દરબાર શું કરવાનો છે ? મને ઓળખતો ન હોય તો ઓળખજે કે હું ઉજ્જેણનો જગીયો છું ત્યારે તો શેઠ ધીરા પડી કહ્યું કે તમે કહો તે આપીએ ? દસ કહો તો દસ પચીસ કહો તો પચીસ ને સો કહો તો સો આપીએ ? જગીયો કહે મારે તો રૂપૈયા જોઇતા નથી ચડતે ચડતે ફોફળશાહ શેઠે પાંચ હજાર કર્યા ત્યારે જગીયો કહે=શેઠ દશ હજાર કહો તો પણ નહિ. ત્યારે કહે કે લ્યો દશ હજાર ! જગીયો કહે વીસ કહો તો પણ નહીં. ફોફળશાહ શેઠ બોલ્યો હમારે ને તમારે વાદ પડયો તો લો ચાળીસ હજાર પણ તેણે માન્યું નહીં. ત્યાં ભેગું થએલું લોક શું જાણે છે કે શેઠ મોટા છે તેને વાદ પડી ગયો અને મમતે ચડયા છે એ પ્રમાણે કોડીની ખેંચમ ખેંચ ચાલતાં આખરે ફોફળ શાહ શેઠ લાખ રૂપીયા સુધી આવ્યો ! ત્યારે જગીએ કહ્યું કે હું તો સાવાલાખ લઇશ તે અહીંજ ગણી આપો ને પછી કોડી લેઇ જાઓ ? ફોફળશાહ શેઠે ગુમાસ્તાને હુકમ કર્યો કે જા અલ્યા આ કુંચી લઇને રૂપીયા ગાડી ભરીને લાવ તે સાંભળી ગુમાસ્તો ગયો અને રૂપીયા લેઇ આવ્યો નગરશેઠે રૂપીઆ ગણીને જગીયાને હવાલે કર્યા કે તેણે કોડી તેમને હવાલે કરી. ફોફળશાહ સેઠના ગયા પછી જગીયો રજપુતના ગરમાં આવ્યો અને હવે સારી રસોઇ કરવા સારૂં સામાન લેવાને રજપુત જોરાવરસીંહને મોકલ્યો તે દરમીયાન તેની સ્ત્રી રૂપસુંદરીને પુછ્યું કેમ ભાભીજી હવે ભાઇને બહાર કાઢશો કે ? રજપુતાણી હાથ જોડીને બોલી:—

બાંધી મુઠી લાખ લે, ઉઘાડી વા ખાય

કાગા મુસ હજારકા તે કોડી લાખ સવાય

તમે મારી ધણી તો તમને ફાયદો થયો મને છતી કરી હોત તો તમારા હાથમાં કાંઇ આવત નહિ, અને હું વરણમાંથી નીકળી ગઇ હતી જગીયાએ ઘેર જતી વખત તેમાંથી પચ્ચીસ હજાર રજપુત જોરાવરસીંહને આપી તેનું દારિદ્ર દુર કર્યું, અને તે પછી રૂપસુંદરીએ પોતાની કુટેવ છોડી દીધી.

કણબી પાંચો અને તેની સ્ત્રી માનુ.

अद्यापितांनिधुवनिमधुप.नपात्रीलाढांवरांकृशतंनुचपलायतताक्षी काश्मीरपङ्कमृगनाभिकृतांगरागांकर्पूरपुगपरिपुर्णमुखांस्मिरामि

અર્થ—સંભોગ વેળાએ મદ્યપાન કરનારી વસ્ત્ર શણગારેલી પાતળા શરીરવાળી ચપળ અને વીસ્તારવાળાં નેત્રવાળી કેશર કસ્તુરીનું લેપન કરનારી કપુંર તાંબુલ અને સોપારીથી ભરેલા મુખવાળી રંભાને અદ્યાપી સંભારૂં છું

પીપરીયા ગામમાં વણારસી નામે કણબીને પાંચ દીકરા હતા તેમાં નાનાનું નામ પાંચો અને તેની સ્ત્રીનું નામ માનું હતું એ સ્ત્રી યૌવન અવસ્થા અને વળી કણબી જાત એટલે માનેતી હોય તેમાં નવાઇ શું! આ માનુ મરજીમાં આવે તેમ પરપુરૂષથી જાર કર્મ કરતી હતી તોપણ પાંચાને કોઇ જાતનો વહેમ ન હતો અને તે બન્નેને પરસ્પર ઘણી ગાઢી પ્રીત હતી એટલે સ્ત્રી કહે તેમજ તે કરતો તે સ્ત્રી માનુને ગામના એક પસાયતા રજપુતથી લાગતું હતું તે રજપુત તેને દરરોજ ખેતરે મળતો એ રીતે કેટલાએક દીવસ વીત્યા બાદ પાંચાના બાપ વણારસી તેના બે દીકરાની સાથે પાંચાના ખેતરમાં સ્ત્રી પુરૂષ બન્ને વાતો કરતાં તેણે જોયાં એટલે જાણ્યું કે આજ પાંચો ને તેની વહુ ખેતરે ગયાં હશે એમ વીચારી ગામમાં આવ્યા ને જુવે છે તો પાંચો તો ચારે કણબીઓ સાથે ચોવટ કરતો હતો તેને જોઇ તેના બાપ વણારસીને વહેમ આવ્યો કે પાંચાની વહુ નકી વંઠી છે તેથી તેણે પાંચાને એકાંતમાં બોલાવી ખેતરમાં જોયેલી વાત કહી કહેવા લાગ્યા કે તારી વહુ નકી વંઠી છે તેથી આપણા કુળને નીચું જોવરાવી નીંદામાં નાંખશે ને નાત જાતમાં હલકા પડીશુ પાંચો બોલ્યો બાપા! એ વાત ખોટી છે ને તમને ખોટો વહેમ છે ઘડપણમાં તમારી બુદ્ધિ નાઠી તેથી એ ગરીબ અને સતી જેવી છે તેને માથે ખોટું આળ ચડાવો છો એમ કહી પોતાના બાપ તથા મોટા ભાઇઓની સાથે સ્ત્રીનું ઉપરાણું લઇ કજીઓ કરવા લાગ્યો અને કહેવા લાગ્યો કે ખરી રીતે પકડી આપો તોજ ખરૂં માનું એમ કહી ઘેર ગયો અને થોડીવારે પોતાની સ્ત્રી આવી તેને બાપ તથા ભાઇએ કહેલી સઘળી વાત કહી તેથી માનુ કુશાગ્રહથી તાડુકી બોલી કે એ ખાડયાઓનો દીજ ઉઠયો છે કે હું જેવી સતીને ઘેર આવાં કુડાં આળ ચડાવે છે? હાય હાય! હવે શું કરૂં? હું ઝેર ખાઇ મરૂં એમ થાય છે એ પીટયા આપણું સુખ દેખી શકતા નથી એટલે ત

અને જેમ ભરવા આપણ બન્ને વચમાં લડાઇ લગાડી કજીયો કર વવા ધારે છે પણ તેથી હું ડરૂં તેમ નથી; મારી પાસે કોઇને જો તો આવતો દેખો કે પકડો તે દી ઓછા ઉતરશો નહિ. પણ વગર વાંકે ખધે પડી તરકટ કરી ખોટું કઇંક નાંખતાં આંચકો ખાતા નથી ને આપણા હેતમાં તરટ નાંખે છે અને આપણું સુખ જોઇખાર કરે છે. પાંચો બોલ્યો ખરી વાત છે, તેઓ ગમે તેટલો ખાર કરે તો એ શું થયું. આપણે જો સાચા છીએ ને તું બન્ને એક છઇએ તે કોઇથી કાંઇ થનાર નથી. આવી રીતે મીઠાં વાક્ય બોલી પાંચે પોતાની સ્ત્રીનો રોષ ઉતાર્યો, આ વાત વીત્યાને થોડા દિવસ થયા કે. માનુએ પોતાનું કામ (જારી કરવા) ચાલુ. રાખ્યુ. કેટલાક દીવસ ગયા, પછી વાણારસી તેના ત્રણ દીકરા સહીત પાંચાના ખેતર પાસેથી નીકળ્યો તે જોયું તો ખેતરમાં કોઇ પુરૂષને જોયો એટલે પટેલ ને દીકરા ખેતરને સેઢે બેસી રહ્યા ને તેમાંના એક જણને પાંચાને તેડી આવવાનું કહી મોકલ્યો,

પેલાં બન્ને જણાં વિલાસ કરી રહ્યાં ને કામ પુરૂં થયું કે ખેતરની વચમાં આંબલીનું ઝાડ હતું તે ઉપર માનુ ચડી, તે એવા મતલબથી કે ખેતરની આસપાસ કોઇ ન હોય તો પેલા યારને રજપુતને કાઢી મુકું આંબલી ઉપર પોતાની ચપળ નજરથી જોતાં સેઢા ઉપર પોતાનો સસરો, જેઠ વિગેરે બેઠલા માલુમ પડયા કે પેટમાં ફાળ પડી ને કેહેવા લાગી કે હવે શું કરવું. હવે ફજેતી પુરી થશે. રજપુત બીવા લાગ્યો કે નિશ્ચે મોત આવ્યું, પકડાઇશ તો ફજેતી થશે અને કેદની શીક્ષા થશે. હવે શું કરૂં ? હાય હાય ! કહી પોતાની તરવાર મ્યાનમાંથી કાઢી આપઘાત કરવા તૈયાર થયો એટલે માનુએ તેનો હાથ ઝાલી અટકાવ્યો કે અરે મુરખ ! મરદ થઇ બાઇલાની મીસાલે એ શુ કરે છે ? તુને કાંઇ પણ હરકત આવવા નહી દઉં. એમ કહી પોતાને પહેરવાનો સાડલો ને કમખો કાઢી પોતે એક ઘાઘરા ભરજ રહી અને યારને તેનો અસલ પોશાક ઉતરાવી પોતાનો સાડલો ને કમખો પહેરાવ્યો અને ખડની ભારી બાંધી તેમાં રજપુતનાં લુગડાં તથા તરવાર નાંખી તે ભારી તેને માથે ચઢાવી મોટો ઘુમટો કઢાવી પોતાનો સસરો, જેઠ વીગેરે બેઠા હતા તેને થોડે છેટેથી ચાલી જવા અને તે પુછે તો જવાબ નહિ દેવા સુચવ્યુ. અને તેની સાથે જણાવ્યુ કે ગામની નજીક મારા વાડામાં ખડનો ઢગલો પડેલો છે ત્યાં ખડ નાંખી પેહેરેલ સાડલો ને કમખો ઉતારી ઓવલામાં ખોશી દેજે અને તારાં લુગડાં પેહેરી લેઇ કોઇ ન જાણે તેમ ગામમાં જતો રહેજે. જો તેમાં દેરફાર થશે તો મારૂ મોત સમજને. યારને એ રીત

કહી આને વેશે ભારો માથે મુકી જવાનું શીખવ્યું એટલે તે પેલાઓ બેઠા હતા ત્યાંથી સડસડાટ ચાલ્યો ગયો, ને સુચવ્યા પ્રમાણે કરી લુગડાં પેહેરી ગામમાં ગયો, વણારશી પટેલને તેના દીકરાએ જાણ્યું કે વહુ તો ભારો લઇને ગઇ હશે પેલા યારને ખેતરમાં સંતાડેલો છે માટે ચાલો તેને ગોતી કાઢીએ કહી ખેતરમાં ધસ્યા તો વહુ ઉધાડે શરીર ફકત ઘાઘરા સહીત ચતીપાટ બેશુદ્ધ પડેલી, છે તેના વાળ વિખરાઇ ગયા છે, આંખો ફાડી રહી છે, આ પ્રમાણે તેની સ્થિતી જોઇ વણારશી પટેલ ને તેના દીકરાએ તેની ઉપર પછેડી નાંખી તેનું અંગ ઢાંકયું, અને પુછવા લાગ્યા કે તને શું થએલું છે, તોય પણ બોલતી નથી એટલામાં ગાંમમાંથી પાંચો ને તેનો ભાઇ આવ્યા એ બધાએ મળી તેને બેઠી કરી તેવીજ તે ચીશ પાડી હાથ પછાડવા લાગી અને ઘણા જોસથી ધુણવાને ડોળ કરવા લાગી ને ચીશ પાડી બોલી કે હું ઘણાં વરસ થયાં બોલતો નથી, પણ હવે તમો બધાંઓને મારી જીવ લઇશ; ત્યારે બધાએ બોલ્યાં કે તમે કોણ છો, એટલે તાડુકીને બોલી કે, કોણ છો કોણ છો પુછોછો શું: તમે નથી જાણતા; હું પ્રેતનો પાતશાહ. ભુતોનો ભુપ મામોછુ. આ આમલીમાં ઘણાં કાળથી રહુંછું, તમારા વરડાઓ વરસોવરસ મારું નૈવેદ કરતા આવ્યાં છે તે તમે ઘણી મુદતથી કરતાં નથી, માટે તમો બધાને ખાઇ જઇશ. પેલાઓ બીચારા બીના ને હાથ જોડી પગમાં પડી કહેવા લાગ્યા કે અમે તમારાં નૈવેદ કરશુ, અમે તમારાં છોકરાં છઇએ માટે રક્ષા કરો, અમીનો છાંટો નાંખો. એમ કહી ફરી પગે લાગ્યાં ને પુછ્યુ કે વહુનાં લુગડાં કયાં ગયાં એટલે જવાબ આપ્યો કે મે લઇ લીધાં છે ને તે પાંચાના વાડામાં ખડના ઢગલામાં ખોશેલાં છે. તે તપાસી લેજો. એમ કહી માનુ પાછી પડી ગઇ. એક જણ વાડે લુગડાંનો તપાસ કરવા ગયો તો મળયાં. તે લઇ આવ્યો એટલામાં તે પાછી બેઠી થઇ. ને તેને ઘેરી સર્વ બેઠા હતા તેને જોઇ શરમાઇ જવાનો ડોળ બતાવવા લાગી કે લાવો સાડલો કમખો તેને પહેરવા આપી, તેના સસરો જેઠ ધણી તેને તેડી ઘેર ગયા અને ત્યા માનુએ તેના ધણીને પુછ્યુ કે તમારા બાપ ભાઇઓ શુ કરવા આવ્યા હતા. પાંચો બોલ્યો કે તુને મામો વળગ્યો તો તેથી તુ ત્યાં બેશુદ્ધ થઇ પડી હતી ને મામે બોલી નૈવેદ માગ્યાં તે આજેજ કરવાં છે. આ રીતે માનુએ સ્ત્રી ચરીત્ર કરી સસરા જેઠ વીગેરેને ઠગ્યા. તેણે ગમે એટલો કેડો લીધો તોપણ તે ફાવી શક્યા નહી ને ઉલટાં ભોળા બાપડાઓને મામાનાં નૈવેદ કરવાં પડયાં.

સમાપ્ત.

તૈયાર છે. તૈયાર છે. તૈયાર છે

નરસિંહ મહેતો નોવેલના વાર્તાનાં નીચેનાં પુસ્તકો તૈયાર છે.

રાજકઠીઆરો નોવેલ—આ નોવેલમાં કર્મબળનો ચિતાર આપેલો હોઇ વાંચવાથી મનને જ્ઞાન સાથે ગમ્મત મળે છે અને નશીબ ઉપર આસ્તા બેશી સંતોષનું પરમ સુખ પ્રાપ્ત થાય છે પુસ્તક ગદ્ય અને પદ્યમાં લખાએલું હોવાથી વાંચનના તેમજ ગાયનોના સોખીનોને એક સરખી રમુજ મળે છે. મુલ્ય દોઢ રૂપીઓ.

સતીદ્રૌપદી—આ પુસ્તક ભારત અનુસાર લખાણુંએલું હોવાથી તેમાં વીરરસ શ્રૃંગારસ અને કરૂણા રસથી ભરપુર છે નવીન રાહનાં ગાયનો તેમજ ઉત્તમ ભાષણોથી ભરપુર રસીક પુસ્તક છે આ પુસ્તક વાંચવાથી મનને જ્ઞાન સાથે પુર્ણ ગમ્મત મળે છે મુલ્ય બાર આના—

રામલીલા—આ પુસ્તક પુર્વાર્ધ રામાયણનો સાર ગદ્ય અને શયરોમાં લખાએલો હોવાથી પુર્ણ રસીક છે એકવાર વાંચવા લીધું તો તેને મુકવામન થતુ નથી મુલ્ય એક રૂપીઓ.

ભોજકુમાર—પરમાર કુળદીપક ભોજકુમાર જગ જાહેર છે ભોજકુમાર તેના કાકા મુંજના કાવતરાંમાંથી કેવી રીતે બચ્યો અને છેવટે કેરી રીતે વીજઇ થયો તે તથા તેનું બુરૂ કરનાર મુજની શી દશા થઇ તે ચિતાર આબેહુબ આપેલો છે. ગદ્ય અને પદ્યમાં લખાએલું હોઇ વાંચનારને જ્ઞાનુ માથે ગમ્મત મળે છે, મુલ્ય **બાર** આના.

વીનયચંદ્ર—નવીન નોવેલ નીતીથી પડતાં દુઃખો અને છેવટ વીજયતાનો આબેહુબ ચિતાર—મુલ્ય રૂ ૦—૧૨—૦

રમાદેવી—સત્ય પ્રેમનો આબેહુબ ચિતાર મુલ્ય રૂ ૦—૮—૦

રતીરમણ યાને જાદુઇ પ્રેમ—આ પુસ્તક વિદ્વાન વર્ગમાં પસાર થયેલું છે અને ઘણા સારા મત મળ્યા છે પુસ્તક ખાસ વાંચવા જેવું છે એક વખત ખાત્રી થશે, મુલ્ય બાર આના.

જાહેર ખબર.

નોવેલો વાંચનાર શોખીનો માટે ઉત્તમ તક.

નીચેનાં નોવેલો તૈયાર છે.

વીણાવેલી બે ભાગ રસમય નોવેલ	૧-૮-૦
સુરતીલાલ રસમય નોવેલ	૦-૧૨-૦
સુરતની સુંદરી રસમય નોવેલ	૧-૦-૦
પ્રેમની આહુતી યાને અજય લક્ષ્મી	૧-૮-૦
ઇસલામી નોવેલ કુદરતનો ખેલ	૧-૦-૦
વીરસિંહ ને લોહીનો પ્યાલો	૧-૦-૦
મરીયમ એક દુઃખી બાળાનું ચરિત્ર	૧-૦-૦
નસીરૂદીન રસીક નોવેલ	૦-૮-૦
વસંતકુમારી „	૦-૧૨-૦
કામરૂદેશની કામીની „	૧-૦-૦
કાશમીર અને કેસરી	૧-૦-૦
ચંદ્રિકા ડીટેકટીવ નોવેલ	૦-૮-૦
ગોદાવરી નોવેલ	૦-૪-૦
લટકાળી રસીક નોવેલ	૦-૪-૦
મનહર મોતી „	૦-૪-૦
ચતુર સુંદર ગરબા સંગ્રહ	૦-૪-૦

એ શીવાય બીજાં દરેક જાતનાં પુસ્તકો મળી શકશે.

બહારગામના ઓડરો ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે બહારગામનાં ગ્રાહકોને વી પી. ખર્ચ જુદુ પડશે.

મળવાનુ ઠેકાણું

બુકસેલર દલાલ જેઠાલાલ વાડીલાલ

ઠે. સારંગપુર તળીઆની પોળ—**અમદાવાદ**

જાહેર ખબર.

આગ તથા ચોરીથી થતી ખુવારીમાંથી બચવું હોયતો ખરીદો.

ફાયર પ્રુફ તીજોરી.

ભયંકર આગમાં પણ તેની અંદરની કોઇ ચીજને હરકત આવતી નથી, તેમ તે અજાણ્યા માણસથી ખુલી શકાતી નથી. નજરે જોવાથી ખાત્રી થશે.

બનાવનાર મીસ્ત્રી વલ્લભ હીરાચંદ

પાનકોરના નાકે **અમદાવાદ.**

સેકન્ડ હેન્ડ મશીનરીના દલાલ.

જેઠાલાલ વાડીલાલ શાહ.

સેકન્ડ હેન્ડ જીનીંગ ફેકટરીઓ, પંપો, વિગેરે બીજી સેકન્ડ હેન્ડ મશીનરી અમો પોસાતી કિંમતથી ગ્રાહકને અપાવીએ છીએ તેમજ વેચવાની હોય તેને વેચાવી આપીએ છીએ. હમારૂં કમીશન દર સેંકડે ટકા પાંચ પ્રમાણે લઇએ છીએ. માટે જે સાહેબોને કોઇ પણ જાતની સેકન્ડ હેન્ડ મશીનરી ખરીદ કરવી હોય અગર વેચવી હોય તેમણે નીચેના શીરનામે પત્ર લખવો. નોટ પેઇડ પત્ર લેવામાં આવશે નહી.

શીરનામું.

દલાલ જેઠાલાલ વાડીલાલ.

ઠેકાણું સારંગપુર તળીઆની પોળ.

અમદાવાદ.